# જીવનના પ્રેરક પ્રસંગો



શ્રી. એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન

# કાણાં પૂરો

એક ખેડૂતની વાત છે. શરીર લઠ્ઠ. ઘેર બે બહુ સારા બળદ રાખે. જમીન પણ સારી. સવારે વહેલો ઊઠી બળદ લઈ કૂવે જાય. આખો દિવસ કોસ હાંકે, પણ સાંજે જઈને જુએ તો ક્યારામાં પાણી જ પહોંચ્યું ન હોય ! કેમ કે કોસ કાણો હતો. બહુ દોડધામ કરે, પણ ભરેલો કોસ થાળામાં આવતાં આવતાં તો કાણાં વાટે ચૂઈ જાય. સાંજ પડતાં ખેડૂત ને બળદ થાકીને લોથપોથ થઈ જાય.

ત્યારે કરવું શું ? ખેડૂતે દોડધામ કરવી કે કાણાં પૂરવાં ? દેખીતી વાત છે કે જ્યાં સુધી કોસ કાણો હોય ત્યાં સુધી બળદને ઉતાવળા હાંકવાનો કશો જ અર્થ નથી. કાણાં પૂરવામાં આવે, તો જ કોસ ભરેલો આવે ને ખેતરમાં પાણી પહોંચે.

આજે આપણી દશા આ ખેડૂત જેવી છે. આપણી આવકનેય કાણાં પડ્યાં છે. એટલે મહેનત કરીને મેળવેલું ચા, બીડી, પાનસોપારી વગેરે વ્યસનો તથા મોજશોખમાં વ્યર્થ વપરાઈ જાય છે.

સુખી થવું હોય અને શાંતિથી જીવવું હોય, તો વ્યસનો અને મોજશોખના ખોટા ખર્ચમાંથી બચવું જોઈએ. કઈ ચીજો ખરેખર જરૂરી છે અને કઈ બિલકુલ બિનજરૂરી છે, તેનું આપણને જ્ઞાન હોવું જોઈએ. આમ થશે તો જ કાણાં પૂરાશે, અને આપણી મહેનત નાહક ઢોળાઈ જતી અટકશે. નહીં તો બળદિયાની જેમ કોસ ખેંચ્યે રાખીશું પણ પાણી ભેળા નહીં થઈએ.

**- રવિશંકર મહારાજ**

**(શ્રી દેવેન્દ્ર ત્રિવેદી સંપાદિત 'સૌભાગ્ય'માંથી)**

શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશનની
જીવનઘડતર પ્રકાશનશ્રેણીની ૩૯મી ભેટ

# જીવનના પ્રેરક પ્રસંગો

સંપાદક : ધર્મેન્દ્ર મ. માસ્તર (‘મધુરમ્’)

સ્નેહી શ્રી ..........................................................

ઉચ્ચ જીવન માટે પ્રેરણા આપે તેવું આ પુસ્તક આપનું સાથી બની રહો, તેવી અંતરની શુભ કામનાઓ સહ .....

સપ્રેમ
મંગળભાઈ પી. પટેલ
મૂકેશ એમ. પટેલ

**શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન**
૩-૪, ‘વિઠ્ઠલભાઈ ભવન’,
સરદાર પટેલ કૉલોની રેલવે ક્રૉસિંગ પાસે,
**અમદાવાદ - ૩૮૦ ૦૧૩**
ફોન નં. : ૨૭૫૫ ૧૫૬૪, ૨૭૬૮ ૨૩૧૦

શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશન
જીવનઘડતર પ્રકાશનશ્રેણીનું ઓગણચાલીસમું પુસ્તક

# જીવનના પ્રેરક પ્રસંગો

*Inspiring events of lives of great and wellknown persons*

* સંપાદક : ધર્મેન્દ્ર મ. માસ્તર ('મધુરમ્')
* પ્રકાશન-વર્ષ : ફેબ્રુઆરી, ૨૦૦૫
* પ્રકાશક : શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન વતી
  મૂકેશ એમ. પટેલ
  ૩-૪, 'વિઠલભાઈ ભવન',
  સરદાર પટેલ કૉલોની રેલવે ક્રૉસિંગ પાસે,
  અમદાવાદ - ૩૮૦ ૦૧૩
* મૂલ્ય : સદ્ભાવ-સુવાચન-સદુપયોગ
* પ્રકાશન-આયોજન : મુકુન્દ શાહ, ફોન : ૨૬૬૦ ૦૯૫૯
* આવરણ-તસવીર : મૂકેશ એમ. પટેલ, ફોન : ૨૭૫૫ ૧૫૬૪
* આવરણ મુદ્રણ : ઉમા ઑફ્સેટ, ફોન : ૨૫૬૨ ૬૩૨૪
* લેસર કંપોઝ : મીનળ ગ્રાફિક્સ, ફોન : ૨૭૯૧ ૦૫૧૮
* મુદ્રક : ઉદય ઑફ્સેટ, ફોન : ૨૫૬૨ ૧૯૬૭

# આ પુસ્તક વિશે

આદરણીય મંગળભાઈ પટેલની સદ્‌ભાવભરી ઇચ્છાથી એમ. પી. પટેલ ફાઉન્ડેશનની જીવનઘડતર પ્રકાશનશ્રેણીની પાંત્રીસમી ભેટ તરીકે ''જીવનમાંથી જડેલી વાતો'' નામક પુસ્તકમાં વિશ્વ-વિભૂતિઓના પ્રેરક પ્રસંગો માનસિક આરોગ્યપ્રદ વાનગીરૂપે અપાયા હતા. એ પુસ્તકને સારો એવો લોકપ્રિય પ્રતિભાવ સાંપડ્યાથી એ પ્રકારનું બીજું પુસ્તક તૈયાર કરી આપવાની મારી ઇચ્છાને મંગળભાઈ તરફથી ટેકો મળ્યાથી આ પુસ્તક એ જ ઢબે તૈયાર કરી રજૂ કરવામાં આવ્યું છે.

આ પુસ્તકનું પ્રકાશન કરવા બદલ પ્રસ્તુત ફાઉન્ડેશનના નિયામકમંડળનો અંતઃકરણપૂર્વક આભાર માનવાની તક લઈ વિરમું છું.

- ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

એ-૩૧, પાર્શ્વનાથ ટાવર્સ,
સુભાષચોક, ગુરુકુળ માર્ગ,
મેમનગર, અમદાવાદ - ૩૮૦ ૦૫૨.
ફોન નં. : ૨૭૪૫ ૩૩૮૨

# આવકાર

સુપ્રસિદ્ધ સર્જક ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) 'નવચેતન'ના સ્થાપક તંત્રી સ્વ. ચાંપશીભાઈના સમયથી 'નવચેતન'માં 'જીવનમાંથી જડેલી વાતો' શીર્ષક હેઠળ વિવિધ ક્ષેત્રના મહાનુભાવોના જીવનના પ્રેરક પ્રસંગો લખતા હતા. આવા પ્રેરક પ્રસંગોનું એક પુસ્તક ઑગસ્ટ ૨૦૦૨માં શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન તરફથી 'જીવનમાંથી જડેલી વાતો' પ્રગટ કરવામાં આવ્યું હતું, જેને વાચકોએ સારો આવકાર આપ્યો હતો અને એવું જ એક પુસ્તક પ્રગટ થાય તો સારું એવી ઇચ્છા દર્શાવી હતી. પરિણામે 'જીવનના પ્રેરક પ્રસંગો' પ્રગટ થઈ રહ્યું છે.

આ પુસ્તક પણ વાચકોને ગમશે જ એની મને ખાતરી છે.

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશનની જીવનઘડતર પ્રકાશનશ્રેણીમાં એનું પ્રકાશન થઈ રહ્યું છે એને હું આવકારું છું અને પ્રકાશન કરવા માટે શ્રી મંગળભાઈ પી. પટેલ અને તેમના સુપુત્ર શ્રી મૂકેશભાઈ પટેલને અભિનંદન આપું છું.

વૃદ્ધાવસ્થામાં પણ સાહિત્યસર્જનની પ્રવૃત્તિ ચાલુ રાખવા માટે શ્રી મધુરમ્‌ને ધન્યવાદ આપું છું અને આ પુસ્તકને પુનઃ આવકારું છું.

**- મુકુન્દ પી. શાહ**

**તંત્રી 'નવચેતન'**

# અનુક્રમણિકા

પૃષ્ઠ નં.


૦૧. ધર્મ - સંસ્કૃતિ ........................................ ૧૧ થી ૬૧

૦૨. સાહિત્ય ........................................ ૬૨ થી ૭૩

૦૩. શિક્ષણ અને સમાજ ........................................ ૭૪ થી ૮૨

૦૪. રાજા - મહારાજા ........................................ ૮૨ થી ૯૪

૦૫. વિજ્ઞાન-તબીબી ........................................ ૯૫ થી ૧૦૮

૦૬. રાજકારણ ........................................ ૧૦૯ થી ૧૨૧

૦૭. તત્ત્વજ્ઞાન ........................................ ૧૨૨ થી ૧૩૯

૦૮. વેપાર-ઉદ્યોગ ........................................ ૧૪૦ થી ૧૪૩

૦૯. કલા ........................................ ૧૪૪ થી ૧૫૭

૧૦. ખેલકૂદ ........................................ ૧૫૭ થી ૧૬૦

# ધર્મ-સંસ્કૃતિ


પૃષ્ઠ નં.

૦૧. યોગીજી મહારાજ ................................................ ૧૧
૦૨. સંત ઈમામ ધિઝાલી ............................................ ૧૨
૦૩. મહર્ષિ દયાનંદ સરસ્વતી........................................ ૧૨
૦૪. સંત કવિ સુરદાસ.................................................. ૧૨
૦૫. હઝરત અલી ...................................................... ૧૩
૦૬. સ્વામી રામતીર્થ.................................................... ૧૩
૦૭. ગુરુનાનક............................................................ ૧૪
૦.૮ ભગવાન બુદ્ધ....................................................... ૧૫
૦૯. ભીષ્મ પિતામહ ...................................................... ૧૭
૧૦. સ્વામી વિવેકાનંદ.................................................... ૧૮
૧૧. મા શારદામણિદેવી................................................... ૨૩
૧૨. મહાત્મા ગાંધીજી ..................................................... ૨૪
૧૩. સંત ફ્રાન્સિસ ......................................................... ૩૦
૧૪. સંત કન્ફ્યુશિયસ ..................................................... ૩૨
૧૫. ચૈતન્ય મહાપ્રભુ ...................................................... ૩૬
૧૬. ચીની ધર્મગુરુ લાઇ હત્ઝુ .............................................. ૩૭
૧૭. સૂફી સંત બાયઝીદ બસ્તાસી........................................ ૩૮
૧૮. સ્વામી રામકૃષ્ણ પરમહંસનાં માતુશ્રી ................................ ૩૮
૧૯. પ્રમુખસ્વામી મહારાજ.................................................. ૩૯
૨૦. સ્વામીનારાયણ ભગવાન ............................................ ૪૨

૨૧. આદ્ય જગદ્‌ગુરુ શંકરાચાર્ય ........ ૪૩
૨૨. સંત રંગ અવધૂતજી ........ ૪૪
૨૩. સંત જ્ઞાનેશ્વર ........ ૪૫
૨૪. જાજલિ મુનિ ........ ૪૬
૨૫. મુનિ સંતબાલ ........ ૪૮
૨૬. સ્વામી રામકૃષ્ણ પરમહંસ ........ ૫૦
૨૭. યોગી હૈડાખાની ........ ૫૦
૨૮. બુલ્લાસાહેબ ........ ૫૧
૨૯. સ્વામી ભક્તિપ્રિય કોઠારી ........ ૫૨
૩૦. સંત એકનાથ ........ ૫૩
૩૧. ભગવાન શ્રીકૃષ્ણ ........ ૫૪
૩૨. ભગવાન શ્રીરામ ........ ૫૬
૩૩. સંત હઝરત અબ્દુલ કાદિર ........ ૫૭
૩૪. સંત રાબિયા ........ ૫૮
૩૫. સંત મેઈજી ........ ૬૦
૩૬. ઈસુ ખ્રિસ્ત ........ ૬૧
૩૭. મહાત્મા રામાનુજાચાર્ય ........ ૬૧

## સાહિત્ય

૦૧. માર્ક ટ્વેન ........ ૬૨
૦૨. રેહાના 'તૈયબજી' ........ ૬૪
૦૩. રાષ્ટ્રપ્રમુખ કવિ હોમીચિલ્હ ........ ૬૫
૦૪. મુલ્કરાજ આનંદ ........ ૬૬

૦૫. કાકાસાહેબ કાલેલકર ........................................ ૬૭
૦૬. જ્યૉર્જ બનાર્ડ શૉ ........................................ ૬૯
૦૭. અર્નેસ્ટ હેમિંગ્વે ........................................ ૭૦
૦૮. જ્યોતીન્દ્ર દવે ........................................ ૭૦
૦૯. વીર નર્મદ ........................................ ૭૧
૧૦. આલ્બેર કામુ ........................................ ૭૨
૧૧. કવિ હરિવંશરાય બચ્ચન ........................................ ૭૩
૧૨. કવિ રાજેન્દ્ર શાહ ........................................ ૭૩

## શિક્ષણ અને સમાજ

૦૧. શિક્ષણશાસ્ત્રી મહર્ષિ રાનડે ........................................ ૭૪
૦૨. ધર્માનંદ કોસામ્બી ........................................ ૭૫
૦૩. પં. મદનમોહન માલવિયાજી ........................................ ૭૫
૦૪. નાનાભાઈ ભટ્ટ ........................................ ૭૬
૦૫. ડૉ. ગુણવંત શાહ ........................................ ૭૯
૦૬. માનસશાસ્ત્રી ફ્રૉઇડ ........................................ ૮૦
૦૭. આચાર્ય એન. એમ. શાહ ........................................ ૮૦
૦૮. આશાદેવી આર્યનાયકમ્ ........................................ ૮૨

## રાજા-મહારાજા

૦૧. મહારાજા રણજિતસિંહ ........................................ ૮૨
૦૨. રાજા ભર્તૃહરિ ........................................ ૮૩
૦૩. સમ્રાટ સિકંદર ........................................ ૮૪

૦૪. સમ્રાટ અશોક ............................................ ૮૫
૦૫. મહારાણી મેરી ............................................ ૮૬
૦૬. બહાદુરશાહ 'ઝફર' ............................................ ૮૭
૦૭. સુલતાનપુરના નવાબ ............................................ ૮૭
૦૮. બાદશાહ ઇબ્રાહીમ ............................................ ૮૮
૦૯. મંત્રીશ્વર વસ્તુપાલ ............................................ ૮૯
૧૦. રાજા જનક વિદેહી ............................................ ૯૦
૧૧. કાશીનરેશ ............................................ ૯૧
૧૨. રા' ખેંગાર ............................................ ૯૨
૧૩. સમ્રાટ નેપોલિયન ............................................ ૯૩
૧૪. રાજા જાનશ્રુતિ ............................................ ૯૪

## વિજ્ઞાન-તબીબી

૦૧. સર હંફ્રી ડેવી ............................................ ૯૫
૦૨. ફ્રાન્સિસ ............................................ ૯૬
૦૩. આલ્બર્ટ આઇન્સ્ટાઇન ............................................ ૯૭
૦૪. સર સી.વી. રામન ............................................ ૯૯
૦૫. સત્યેન્દ્રનાથ બોઝ ............................................ ૯૯
૦૬. ડૉ. વિશ્વેશ્વરૈયા ............................................ ૧૦૦
૦૭. ડૉ. જોસેફ ગોલ્ડ બર્ગર ............................................ ૧૦૧
૦૮. થોમસ આલ્વા એડિસન ............................................ ૧૦૨
૦૯. માઇકલ ફેરેડે ............................................ ૧૦૩
૧૦. ડૉ. મેઘનાદ જગન્નાથ સહા ............................................ ૧૦૫

૧૧. રાજા રામન્ના ........ ૧૦૬
૧૨. જયકૃષ્ણ ઇન્દ્રજી ........ ૧૦૭
૧૩. સર એલેકઝાંડર ફ્લેમિંગો ........ ૧૦૮

## રાજકારણ

૦૧. લોકમાન્ય તિલક ........ ૧૦૯
૦૨. વિન્સ્ટન ચર્ચિલ ........ ૧૧૦
૦૩. જનરલ લી ........ ૧૧૦
૦૪. લાલબહાદુર શાસ્ત્રી ........ ૧૧૧
૦૫. પં. જવાહરલાલ નહેરુ ........ ૧૧૩
૦૬. નીલમાધવ બંદોપાધ્યાય ........ ૧૧૪
૦૭. બેન્જામિન ફ્રેન્કલિન ........ ૧૧૫
૦૮. રાષ્ટ્રપ્રમુખ વિલ્સન ........ ૧૧૬
૦૯. સર પ્રભાશંકર પટ્ટણી ........ ૧૧૬
૧૦. સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ ........ ૧૧૮
૧૧. શહીદ ભગતસિંહ ........ ૧૧૯
૧૨. ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ ........ ૧૨૦
૧૩. પ્રમુખ ગ્રાન્ટ ........ ૧૨૧

## તત્ત્વજ્ઞાન

૦૧. સૉક્રેટિસ ........ ૧૨૨
૦૨. વિલિયમ એલટી ચેનિંગ ........ ૧૨૬
૦૩. હેરિગલ ........ ૧૨૭

૦૪. એકહાર્ટ ........ ૧૨૮
૦૫. નાનૂસીજી ........ ૧૨૮
૦૬. શોપનહૉવર ........ ૧૨૯
૦૭. જિનો ........ ૧૩૦
૦૮. કાકુઆ ........ ૧૩૧
૦૯. શેખ સાદી ........ ૧૩૧
૧૦. મેરી જેમ્સ બ્રૂંક ........ ૧૩૨
૧૧. સોલન ........ ૧૩૩
૧૨. ચુઆંગ-ઝુ ........ ૧૩૪
૧૩. એમર્સન ........ ૧૩૬
૧૪. એરિસ્ટોટલ ........ ૧૩૬
૧૫. ગિલ્બર્ટ મરે ........ ૧૩૭
૧૬. પ્લેટો ........ ૧૩૮
૧૭. ડેમોસ્થેનીસ ........ ૧૩૯

## વેપાર-ઉદ્યોગ

૦૧. જમશેદજી તાતા ........ ૧૪૦
૦૨. એન્ડ્રુ કાર્નેગીરૉ ........ ૧૪૦
૦૩. રૉકફેલર ........ ૧૪૧
૦૪. હેન્રી ફોર્ડ ........ ૧૪૨

# કલા

૦૧. લતા મંગેશકર ........ ૧૪૪
૦૨. સંગીતકાર પં. જસરાજ ........ ૧૪૬
૦૩. જયશંકર 'સુંદરી' ........ ૧૪૭
૦૪. પં. બિસ્મિલ્લા ખાં ........ ૧૪૯
૦૫. અભિનેત્રી રેખા ........ ૧૫૦
૦૬. અવિનાશ વ્યાસ ........ ૧૫૧
૦૭. કુંદનલાલ સાયગલ ........ ૧૫૨
૦૮. ખોડીદાસ પરમાર ........ ૧૫૪
૦૯. વ્હિસલર ........ ૧૫૬
૧૦. મૂકેશ ........ ૧૫૭

# ખેલકૂદ

૦૧. સચિન તેંડુલકર ........ ૧૫૭
૦૨. દારાસિંહ ........ ૧૫૮
૦૩. અંજુ બોબી જ્યૉર્જ ........ ૧૫૮
૦૪. લાન્સ આર્મસ્ટ્રૉંગ ........ ૧૫૯

# ધર્મ-સંસ્કૃતિ

## યોગીજી મહારાજ

સ્વામીનારાયણ સંપ્રદાયના નિજાનંદી યોગીજી મહારાજનો એક વાર આણંદમાં મુકામ હતો. તે વખતે સત્સંગ-ભજનનો કાર્યક્રમ થઈ ગયા પછી એક હરિભક્તે પોતાનો ગાંડો દીકરો સ્વામી મહારાજને સાધુ કરવા માટે અર્પણ કર્યો. તે જોઈને કોઈક ત્યારે બોલી ઊઠ્યું : "અરે, સ્વામીજી, આવો ગાંડો છોકરો આપણને શું કામ લાગશે ?"

પણ સ્વામીજીએ એ વાત ગણકાર્યા વિના એ ગાંડા છોકરાને સ્વીકારતાં કહ્યું : "કંઈ વાંધો નહિ. એ અહીં સેવા કરશે" આમ કહીને તેમણે તે છોકરાને દીક્ષા આપી અને ત્રણ મહિનામાં સ્વામીજીના સત્સંગ ને આશીર્વાદથી તે છોકરો ડાહ્યો થઈ ગયો.

તે બાબતની તેના પિતાને ખબર પડી. એટલે તે આવીને તેને પોતાને ઘેર લઈ ગયા. આમ, જીવની જડતાને સ્વામીજીરૂપી શિવે સરળતાથી પલટી નાંખી. એ ગાંડાનું સ્વામીજીએ અપાર કરુણાદૃષ્ટિથી સર્વાંગી હિત કર્યું અને સામાન્ય માણસ જેવા એ છોકરાના પિતાની કૃતઘ્નતાને ધ્યાનમાં ન લીધી.

એ સ્વામીજીનો એક વાર મુંબઈમાં એક સત્સંગીને ત્યાં ઉતારો હતો. ત્યારે લિફ્ટમાં જતી વખતે તેમને મરાઠી લિફ્ટમેન સાથે વાતો થઈ અને તેમણે ત્યારે તેને આશીર્વાદ આપ્યા. "ટૂંક સમયમાં જ તારો હાલનો સિત્તેર રૂપિયાનો પગાર સો રૂપિયા થઈ જશે."

અને ખરેખર ચાર દિવસમાં જ એમના આશીર્વાદ ફળ્યા અને એ લિફ્ટમેનનો પગાર બરાબર સો રૂપિયા થઈ જતાં તે સ્વામીજીને પગે લાગવા ગયેલો. આવો હોય છે સંતોનો પ્રભાવ.

• • •

## સંત ઈમામ ધિઝાલી

રોજ મોડી રાત સુધી દીવો બાળીને ધર્મનું તાત્ત્વિક અધ્યયન કરતા મુસ્લિમ સંત ઈમામ ધિઝાલીને એક વાર સ્વપ્નમાં ખુદાના ફિરસ્તા આવ્યા અને તેમણે જણાવ્યું : "તમે આમ મોડે સુધી રાતના વાંચવાની નિરર્થક મહેનત ન કરો. ચાલો, હું જ તમને ચપટીમાં બધી વિદ્યાઓનો ઇલમ શીખવી દઉં."

ત્યારે ઉત્તરરૂપે એ સંતે કહ્યું : "જુઓ, મહેનત કર્યા વગરની બક્ષિસ મને ન ખપે. આપને જો કંઈ આપવું જ હોય તો મારા આ દીવાથી તેજ વધારે મળ્યા કરે એવી દુવા આપો."

• • •

## મહર્ષિ દયાનંદ સરસ્વતી

એક વાર મહર્ષિ દયાનંદ સરસ્વતી પોતાના શિષ્ય સાથે કોઈ એક નદી પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે તેમને શિષ્યે અચાનક પ્રશ્ન પૂછ્યો : "ગુરુદેવ ! નદીઓનું પાણી સમુદ્રમાં જાય છે, તો પછી નદીનું પાણી મીઠું અને સમુદ્રનું પાણી ખારું કેમ હોય છે ?"

સ્વામીજીએ સ્મિત સાથે ઉત્તર આપ્યો : "ભાઈ, જુઓ, નદી સતત દાન કરતી રહે છે, જ્યારે સમુદ્ર સદાય સંગ્રહ કરતો રહે છે. જે દાન કરતો રહે છે તે મધુર બને છે. જ્યારે સંગ્રહ કરનાર ઘૃણા અને કટુતા જ આપ્યા કરે છે ને તે એને પાત્ર બને છે."

• • •

## સંત કવિ સુરદાસ

એક વાર સંત કવિ સુરદાસ સમ્રાટ અકબરના દરબારમાં નિમંત્રણ મળ્યે ગયા હતા. તે વખતે બાદશાહ અકબરે તેમને પૂછ્યું : "તમારાં અને સંત તુલસીદાસનાં કાવ્યોમાંથી કોનાં કાવ્યો વધારે

સારાં છે ?''

સુરદાસે તરત જવાબ આપ્યો : ''કાવ્યો તો મારાં જ સારાં છે.''

વળી અકબરે પૂછ્યું : ''ત્યારે તુલસીદાસનાં કેવાં ?''

સુરદાસ બોલ્યા : ''તુલસીદાસનાં કાવ્યો એ કાવ્યો નથી, પણ એ તો પવિત્ર મંત્રો છે. સંત કવિ તુલસીદાસ માત્ર કવિ જ નથી, પણ મંત્રદષ્ટા પણ છે.''

• • •

## હઝરત અલી

હઝરત અલી હંમેશા પોતાની બેઠકના બારણામાંથી હાથ નીકળી જાય એટલું કાણું રાખતા ને કોઈનું ય મોઢું જોયા વિના દાન આપતા હતા.

આમ કરવાના કારણ વિશે કોઈએ તેમને પૂછ્યું તો તેમણે જવાબ આપ્યો - ''મને જોઈને દાન લેનાર શરમાય નહિ તે માટે તથા દાન કોને આપ્યું છે તેનો મને ખ્યાલ ન આવે એટલા માટે આમ કરું છું.''

બીજા એક પ્રસંગે એક માણસે તેમને પૂછ્યું : ''મારી નમાજમાં કેટલી ને ક્યાં ક્યાં ભૂલ રહે છે તે મને કૃપા કરીને કહો.''

જવાબમાં ત્યારે તેમણે કહેલું : ''જુઓ ભાઈ, કોઈની ભૂલ જોવાની મને ટેવ નથી, પણ હું નમાજ પઢું, ત્યારે તે જોઈને તમારી ભૂલ સમજાય તો તે સમજી લેજો ને સુધારી લેજો.''

• • •

## સ્વામી રામતીર્થ

સ્વામી રામતીર્થ પાસે માત્ર જરૂરિયાત પૂરતી ચીજો તરીકે બે લંગોટી ને એક લોટો જ હોવા છતાં તેઓ પોતાની જાતને ''બાદશાહ'' તરીકે ઓળખાવતા હતા. તેઓ ભૂખ-તરસ લાગે ત્યારે કહેતા :

''બાદશાહ રાજાને તરસ લાગી છે, જરા પાણી લાવો.'' વળી, ભોજનનો સમય થાય ત્યારે તે કહેતા : ''બાદશાહ રાજાના ભોજનનો સમય થઈ ચૂક્યો છે. ભોજન આણો.''

એમણે ''બાદશાહ - રાજાના છ હુકમો'' નામનું પુસ્તક લખેલું. વળી, અમેરિકાના પ્રવાસે તે ગયેલા ત્યારે ત્યાં પણ તે પોતાની જાતને ''બાદશાહ'' તરીકે સંબોધતા હતા.

બાદશાહ પાસે તો સત્તા, વૈભવ ને સામ્રાજ્ય હોય, પણ એ પૈકી કશુંય ન હોવા છતાં તેઓ પોતાને વિચિત્ર રીતે ''બાદશાહ'' તરીકે ઓળખાવતા હતા. આ બાબતમાં તેમને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું : ''જુઓ, મારે કશી જરૂર હોતી નથી. મારી કોઈ માંગણી પણ નથી. મને કોઈ ઇચ્છા ય નથી. મને કોઈ અભાવની પીડાય નથી. હું પૂરેપૂરો સમૃદ્ધ છું. માટે જ મારી જાતને બાદશાહ કહું છું. અહીં ચોગરદમ જગતમાં જોઉં છું તો અમીરમાં અમીર માણસ પણ વધુ ને વધુ ઇચ્છે છે ને સતત તે માગ્યા જ કરતો હોય છે. એ વળી ઘણા અભાવથી પીડાય છે અને એને કોઈ પણ પ્રકારનો સંતોષ હોતો નથી, જ્યારે મને એવું કંઈ પણ નથી. એટલે તો હું મારી જાતને બાદશાહ કહું છું.''

• • •

## ગુરુનાનક

એક વાર ગુરુનાનક ભક્તો અને અનુયાયીઓના જૂથમાં બેઠા હતા. એવામાં અચાનક એમણે પીવા માટે પાણી આણવા કહ્યું, એટલે એક નવયુવક તરત હાથમાં પાણીનો પ્યાલો લઈને આવ્યો.

ગુરુનાનકે જોયું તો એ યુવકનો હાથ બહુ મુલાયમ અને કોમળ હતો. એમણે એ વિશે એ યુવકને પૂછ્યું તો તેણે જણાવ્યું : ''મારો જન્મ એક ધનવાન પરિવારમાં થયો છે, એટલે મને ક્યારેય કોઈની પણ કોઈ પણ રીતે સેવા કરવાની તક મળી નથી. એવી કોઈ આવશ્યકતા પણ

ઊભી થઈ નહોતી. આજે પહેલી વાર મને સેવા કરવાની તક મળી છે અને આપને માટે હું પાણી લઈને આવ્યો છું.''

યુવકની વાત સાંભળીને ગુરુનાનક દંગ થઈ ગયા. એમને એની વાતમાં દંભની ગંધ આવી. એટલે એમણે યુવકના હાથમાંથી પાણીનો પ્યાલો પીવા માટે લેવાનો ઇન્કાર કર્યો ને કહ્યું : ''જુઓ, હાથની સુંદરતા એની કોમળતા કે મુલાયમતામાં નથી કે નથી એને સુરક્ષિત સાચવી રાખવામાં. જે હાથ બીજાની સેવામાં વપરાતો નથી તે અપવિત્ર અને અસુંદર છે, જે વ્યક્તિ સંપૂર્ણ દૃષ્ટિથી પરમાત્માના સ્વરૂપને પ્રમાણતી નથી ને પોતાના મનની મલિનતા દૂર કરીને બીજાની સેવા પોતાના હાથોથી નથી કરતી તેનો હાથ ભલે ગમે તેટલો સુંદર હોય, પણ સાચે જ અસુંદર છે.''

• • •

## ભગવાન બુદ્ધ

એક વાર ભગવાન બુદ્ધ મગધ પ્રદેશમાં બ્રાહ્મણની વસ્તીવાળા ગામમાં ગયા અને ત્યાં ખેતી કરનાર એક બ્રાહ્મણ પાસે ભિક્ષા યાચવા તેમણે ભિક્ષાપાત્ર ધર્યું. એ સમયે તે બ્રાહ્મણના સેવકોએ ભગવાન બુદ્ધને નમસ્કાર કર્યા, પણ એ બ્રાહ્મણ ભગવાનને ગમે તેમ એલફેલ કહેવા લાગ્યો.

એ બ્રાહ્મણે ભગવાનને કહ્યું : ''હું મહેનત કરીને ખેતરમાં અનાજ પકવું છું ને ગુજરાન ચલાવું છું. તમારે પણ મહેનત કરીને તમારું ભોજન મેળવી લેવું જોઈએ.''

એ સાંભળીને ભગવાન બુદ્ધે તે ખેડૂત - બ્રાહ્મણને કહ્યું : ''જુઓ, હું પણ ખેડૂત છું. હું શ્રદ્ધાનું બીજ વાવું છું. ભક્તિના પાણીથી ખેતરનું સિંચન કરું છું. વિનમ્રતાના હળથી એને ખેડું છું. મારી શક્તિ એ મારા બળદ છે. આ બધાની મદદથી મારી ખેતી થાય છે અને એમાં જે ફસલ

થાય છે તે અમૃત કહેવાય છે.''

ગમે તેવી એલફેલ વાત કરનાર એ બ્રાહ્મણ - ખેડૂત ભગવાન બુદ્ધની આવી અનોખી વાતથી મુગ્ધ ને સ્તબ્ધ થઈ ગયો. તેણે ગમે તેવું, અસભ્ય, એલફેલ કહેવા બદલ તેમની માફી માગી ને તેમનાં ચરણોમાં એ ઝૂકી ગયો ને કહ્યું : ''આપ તો અનન્ય ને અસામાન્ય પ્રકારના કિસાન છો. અમારા જેવા સાધારણ કિસાન આપ નથી. આપ જ સાચા ખેડૂત છો.''

બીજા એક પ્રસંગે ભગવાન બુદ્ધ પાસે તેમનો પૂર્ણ નામનો એક શિષ્ય પરિવ્રાજક તરીકે અમુક પ્રદેશમાં વિહાર કરવાની અનુજ્ઞા લેવા માટે ગયો.

તે વખતે ભગવાને પૂછ્યું : ''પૂર્ણ, તું સૂનાપરાંત પ્રદેશમાં વિહાર કરવા ઇચ્છે છે, પણ ત્યાં તો બહુ ખરાબ લોકો રહે છે. તને તેઓ કઠોર શબ્દો કહેશે તો શું કરશે ?''

''ભગવાન, તો તેઓ મારા પર હાથ ઉગામતા નથી, એમ સમજી તેમને સારા ગણીશ.''

''પણ માન કે તેઓ ધૂળ ફેંકશે ને થપ્પડ મારશે તો શું કરશે ?''

''તો, ભગવાન, તેઓ મને દંડાથી મારતા નથી, એમ સમજી તેમને સારા ગણીશ.''

''ને શિષ્ય તેઓ તને દંડા મારશે તો શું કરશે ?''

''ભગવાન, તેઓ મને શસ્ત્ર મારતા નથી, એમ સમજી તેમને સારા ગણીશ. અને કદાચ શસ્ત્રથી મારી નાખશે તો ય તેમનું ભલું ઇચ્છીશ, કેમ કે આત્મહત્યાના શસ્ત્રનો તેમણે પોતાના પર ઉપયોગ કરવાને બદલે મારા પર કર્યો, એ ઇષ્ટ જ કર્યું.''

શિષ્યના ઉત્તર સાંભળીને ભગવાન બુદ્ધ પ્રસન્ન થઈ ગયા અને

તેમણે તેને વિહાર કરવા જવાની સંમતિ આપતાં કહ્યું : ''હવે તું પરિવ્રાજક તરીકે વિહાર કરવાની પૂરી યોગ્યતા ધરાવતો હોવાની મને ખાત્રી થઈ છે. સાચો સાધુ એ છે કે જે ક્યારેય પણ, કાંઈ પણ સ્થિતિમાં ય કોઈનું ય બૂરું ઇચ્છતો નથી અને જે સઘળાને ભલા માને છે તે જ સાચો પરિવ્રાજક સાધુ છે.''

• • •

## ભીષ્મ પિતામહ

મહાભારતનું ઘોર યુદ્ધ પૂરું થયા પછી સત્યનિષ્ઠ યુધિષ્ઠિર સમ્રાટ બન્યા એ વખતે ભીષ્મ પિતામહ બાણશય્યા પર પડ્યા પડ્યા સૂર્યના ઉત્તરાયણ ગમનની રાહ જોઈ રહ્યા હતા.

તે દરમિયાન એક વાર રાજા યુધિષ્ઠિર પોતાના સઘળા ભાઈઓ તથા પત્ની દ્રૌપદી સાથે ભીષ્મ પિતામહને મળવા ગયા ને તેમણે ધર્મોપદેશ કરવાની વિનંતી કરી.

એટલે વિનંતીને માન આપીને તેઓ ધર્મન્યાયનીતિનું જ્ઞાન પાંડવોને આપી રહ્યા હતા ત્યારે દ્રૌપદી હસી પડી. એ જોઈ પિતામહે ઉપદેશ આપવો તરત બંધ કરીને દ્રૌપદીને તેના હસવાનું કારણ પૂછ્યું. પણ દ્રૌપદી સંકોચવશ શરમિંદી થઈને પિતામહની હસવા બદલ ક્ષમા યાચવા માંડી. તે ટાણે પિતામહ બોલ્યા : ''બેટી, કોઈ પણ સુશીલ વહુ વડીલો તથા ગુરુજન સમક્ષ અકારણ હસતી નથી. એટલે સંકોચ વગર હસવાનું કારણ જે હોય તે બતાવો.''

ત્યારે હાથ જોડીને નમસ્કાર કરી દ્રૌપદી બોલી : ''આપની આજ્ઞા ન માનવાનો અપરાધ મારાથી ન થઈ શકે. વળી, હસવાનું કારણ ન દર્શાવવામાં ય અસભ્યતાનું લાંછન લાગે. આજે આપ ધર્મ, નીતિ ને ન્યાય પર આવું સુંદર પ્રવચન આપી રહ્યા છો, પણ જ્યારે કૌરવોની ભરીસભામાં દુઃશાસન મારાં વસ્ત્રો ખેંચીને કાઢી રહ્યો હતો ત્યારે આપનું

આ જ્ઞાન ક્યાં જતું રહ્યું હતું ? મને લાગે છે કે આપે આ બધું ધર્મજ્ઞાન એ શરમજનક ઘટના બન્યા પછી પ્રાપ્ત કર્યું હશે. બસ, આવો વિચાર મનમાં આવ્યાથી મને હસવું આવી ગયું. માટે આપની ક્ષમા ચાહું છું.''

પિતામહે ત્યારે ઉદ્ગાર કાઢ્યા : ''ક્ષમા યાચીને મને તું શરમિંદો ન બનાવ. બેટી, મને ત્યારે પણ ધર્મનીતિનું આ જ્ઞાન હતું જ અને એ આજેય છે. પણ સમય બળવાન છે. 'જેવો આહાર તેવો આચાર' એ સૂત્ર તો જાણીતું છે અને એમાં પૂરું સત્ય રહેલું છે. તે વખતે હું કૌરવોના અધિષ્ઠાતા દુર્યોધનનું અન્ન ખાતો હતો. એટલે ત્યારે ન્યાયોચિત ધર્માચરણ હું ન કરી શક્યો. પણ પછી યુદ્ધભૂમિમાં મારા શરીરનું એ દૂષિત રક્ત નીકળી ગયું હોવાથી મારી બુદ્ધિ શુદ્ધ થઈ ગઈ છે. તેથી હમણાં આપ સર્વેને ધર્મ-ન્યાયનો બોધ આપી શકું છું. જેવું અન્ન તેવું મન અને તદનુસાર તેવું જ જીવન બનતું હોય છે.''

પિતામહની આ સ્પષ્ટતા બધાને ગળે ઊતરી ગઈ.

• • •

## સ્વામી વિવેકાનંદ

બહુ જાણીતા થયા નહોતા ત્યારે સ્વામી વિવેકાનંદ એક વાર પ્રવાસ દરમિયાન એક માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. તેમને ત્યારે પાણીની ખૂબ તરસ લાગી હતી, પણ આસપાસ વસ્તી નહોતી પણ રસ્તાની એક તરફ પોતાની ઝૂંપડીની બહાર એક મોચી જોડાં બનાવવાનું કામ કરી રહ્યો હતો. તેની પાસે સ્વામીજી ગયા અને પીવા માટે પાણી માંગ્યું.

એ મોચી તો કંઈ પણ બોલ્યા વગર સ્વામીજી સામે એકીટસે જોઈ જ રહ્યો. એટલે સ્વામીજી બોલ્યા : ''તમારાથી પાણી ન અપાય તો આગળ જાઉં ને જ્યાં પણ પાણી મળે ત્યાં તરસ છિપાવું, ભાઈ.''

એ સાંભળીને મોચી બોલ્યો : ''સ્વામીજી, પાણી પીવા માટે

આપવામાં કોઈ હરકત નથી, પણ અમે અછૂત છીએ. શું આપને અમારું પાણી ખપશે?''

મોચીની આ વાત સાંભળીને સ્વામીજી તો ખડખડાટ હસી પડ્યા. એટલે તો એ મોચી બિચારો વધુ ડરી ગયો.

એવામાં સ્વામીજી બોલી ઊઠ્યા : ''ભાઈ, એ બાબત તો જોઈ શકાય છે, પણ મને એની કોઈ પરવા નથી. જો તમને હરકત ન હોય તો તમારે ત્યાં ભોજન કરવા પણ તૈયાર છું. ભાઈ, પરમેશ્વરની આ ધરતી પર કોઈ નથી અછૂત યા નાનોમોટો. કોઈ નથી નીચો ને કોઈ નથી ઉચ્ચ. આપણે બધા એક જ પરમપિતા પરમેશ્વરનાં સમાન સંતાન છીએ. એ જ પરમાત્મા સઘળા જીવોના દેહમાં આત્મારૂપે રહેલો હોય છે. જે વ્યક્તિ કોઈ પણ જીવને નાનો યા હીન-હલકો સમજે છે ને એની ઘૃણા કરે છે તે પરમાત્માનું જ અપમાન કરે છે. ભાઈ, એવો વ્યવહાર કરવો એ પાપસમાન છે.''

એ પછી સ્વામી વિવેકાનંદે તો ત્યાં પાણી પીધું ને ભોજન પણ કર્યું. એ મોચી એ જોઈને આશ્ચર્ય ને આનંદમાં ગરકાર થઈ ગયો.

આવી જ ઘટના બીજી એક વાર સ્વામીજી પરિવ્રાજક સંન્યાસી તરીકે ભારતમાં વૃંદાવન તરફ જઈ રહ્યા હતા ત્યારે બનવા પામી. એ વખતે વૃંદાવનથી બે માઈલના અંતરે તેમણે એક માણસને નિરાંતે ચલમ પીતો જોયો. એને જોઈને તેમનેય ચલમના એક-બે દમ મારવાની ઇચ્છા થઈ આવી. એટલે તેમણે તે માણસની પાસે જઈને ચલમ પીવા માટે માંગી હતી.

જવાબમાં તે માણસ દુ:ખી સ્વરે બોલ્યો : ''માઈબાપ, હું તો ભંગી છું. શી રીતે આપું ?''

એ સાંભળીને સ્વામીજી તરત જ દૂર ખસી ગયા ને આગળ

ચાલવા લાગ્યા. પણ થોડે દૂર ગયા પછી તેમને થયું : "આ મેં શું કર્યું ? મારે સંન્યાસીને વળી ઊંચ-નીચ, નાત-જાતના ભેદ કેવા ? પેલા માણસનો ભંગી શબ્દ સાંભળીને જ હું કેમ ભડકીને ભાગી ગયો ? એના હાથની ચલમ પણ ન પી શક્યો. ખરેખર, ધિક્કાર છે મને."

આવા વિચારો આવતાં તરત જ તેઓ પાછા તે માણસ પાસે ગયા ને તેના હાથમાંથી આગ્રહપૂર્વક ચલમ માંગી લઈને પીધી. એ પછી જ તેમનો અંતરાત્મા સંતોષ પામ્યો.

ત્રીજા એક પ્રસંગે જ્યારે તેઓ વિશ્વવિખ્યાત આંતરરાષ્ટ્રીય ધર્મસભામાં અમેરિકાના શિકાગો ખાતે ગયા હતા ત્યારે એક યુવકે તેમને બે પ્રશ્નો પૂછ્યા હતા - "સ્વામીજી, મારે કયો ધર્મ પાળવો ? અને હું મોક્ષ કેવી રીતે કરી શકું?"

પળભર વિચાર કરીને ત્યારે સ્વામીજીએ જવાબરૂપે કહેલું - "I work out your own religion and work out your own salvation too." ભાવાર્થ કે તમે જાતે જ તમારો ધર્મ વિચારી લ્યો અને મોક્ષ પણ. આપ મુઆ વિના સ્વર્ગે નહિ જવાય ને જાત વિનાની જાત્રા નહિ એ રીતે.

એક બીજા પ્રસંગે તેઓ રાજસ્થાનમાં આવેલ જયપુર પાસેની નાની રિયાસતમાં આઝાદી પહેલાં મુલાકાતે ગયા હતા. ત્યાંના મુકામ દરમિયાન પ્રવચન થયા બાદ તેમના વિદાયના પ્રસંગે એ નાનકડી રિયાસતના રાજાએ એક સમારંભ ગોઠવ્યો હતો અને તેમાં બનારસથી એક ગાયિકાને બોલાવી હતી.

સમારંભ શરૂ થવાની તૈયારી હતી ત્યારે તે રાજ્યના અમલદારો સ્વામીજીને તેડવા ગયા. ઉતારેથી સમારંભના સ્થળે આવતી વખતે રસ્તામાં સ્વામીજીને 'ગાયિકા' બોલાવ્યાની ખબર પડી. પણ સમારંભના સ્થળ નજીક આવ્યા પછી પાછા ન જઈ શકાય. એટલે તેઓ રાજવીનું

મન રાખવા સમારંભની બાજુમાં રખાયેલા સાજિંદાઓના તંબુમાં રોકાયા ને સમારંભના ભવનમાં ન ગયા.

સમારંભ શરૂ થતી વખતે ગાયિકાને સ્વામીજી ન આવ્યાની જાણ થઈ. એટલે એ ભોંઠી પડી ને નિરાશ થઈ ગઈ. પણ એ કલાકાર ગાયિકા હોવાથી તેણે જે ગીત ગાયું તેનો ભાવાર્થ હતો - કસાઈની છરી હોય કે દેવસેવામાં રાખેલું લોખંડનું પાત્ર હોય, પણ પારસમણિ તો કોઈ જાતના ભેદભાવ વગર બધા લોખંડને સુવર્ણ બનાવી દે છે. જો પારસમણિ હલકા સ્થળે પડેલી વસ્તુને સ્પર્શ કરવાની ના પાડે તો તેને પારસમણિ શી રીતે કહી શકાય ? અસલી પારસમણિ તો ગમે ત્યાં ને ગમે તેને સ્પર્શે તો ય તેને સુવર્ણ બનાવી દે છે. લોઢામાં ભેદભાવ રાખનાર પારસમણિ અસલી નહિ, પણ નકલી હોય.

એ ગીત સાંભળીને સ્વામીજીને ચોટ લાગી, ને તે જરા ગુસ્સે પણ થયા. તેવામાં તે ગાયિકાએ ભજન લલકાર્યું : ''પ્રભુજી, મેરે અવગુણ ચિત્ત ન ધરો.'' એ ભજન પૂરું સાંભળવાથી સ્વામીજીનો ક્રોધ શમી ગયો અને તંબુમાંથી ઊઠીને સમારંભના ભવનમાં આવીને પોતાની બેઠક પર બેસી ગયા.

સ્વામીજીના આગમનને વધાવીને ગાયિકાએ તેમને નમસ્કાર કર્યા અને ભજન આગળ વધ્યું. પૂરું થયું ત્યારે સ્વામીજીની આંખોમાં આંસુ ઝળહળવા લાગ્યાં અને ગાયિકાનો કંઠ પણ ભરાઈ ગયો.

સ્વામીજીએ ત્યારે ઉદ્ગાર કાઢ્યા - ''ભગવાં તો મેં ક્યારનાંય ધારણ કર્યાં હતાં, પણ આજે મારામાં સાચા સંન્યાસનો જન્મ થયો. દોષ ક્યાં હોય છે ? દોષ સંજોગોનો હોય છે કે દોષ માણસની દૃષ્ટિમાં હોય છે. જો દૃષ્ટિ શુદ્ધ હોય તો તે જેના ઉપર પડે તેને પાવન જ કરી નાખે છે.''

વળી, એક બીજા પ્રસંગે એક વાર સ્વામીજીએ જૂના જમાનાની સગવડ મુજબ વહાણમાં બેસીને અમેરિકા જઈ રહ્યા હતા. એ જ

વહાણમાં એક યુવાન પણ અમેરિકા જઈ રહ્યો હતો. એ ખૂબ ભણેલો-ગણેલો ને તેથી અક્કડ સ્વભાવનો હતો. તે સ્વામીજીને પ્રણામ પણ નહોતો કરતો અને ત્યાં એમના સત્સંગ કાર્યક્રમમાં પણ જતો નહોતો.

આમ છતાં, સ્વામીજી ખુદ એક વાર તેની પાસે સામે ચાલીને મળવા ગયા અને નામ-ઠામ પૂછ્યાં. ત્યારે જવાબમાં તેણે કહ્યું : ''ડૉક્ટર છું.'' સ્વામીજીએ પૂછ્યું : ''ક્યાં જાય છે ?'' યુવકે કહ્યું : ''અમેરિકા.'' સ્વામીજીએ પ્રશ્ન કર્યો : ''ત્યાં શું કરીશ ?'' યુવકે જવાબ આપ્યો : ''એમ.ડી. થઈશ.'' સ્વામીજીએ પૂછ્યું : ''પછી ?'' યુવકે કહ્યું : ''ઘણા બધા પૈસા કમાઈશ.'' અને બંને વચ્ચે પ્રશ્નોત્તર ચાલ્યા :

''પણ પછી ?''

''ઘર બંધાવીશ.''

''પછી ?''

''લગ્ન કરીશ.''

''પછી ?''

''બાળક થશે.''

''પછી ?''

''બાળકને ઉછેરીશ.''

''પછી ?''

''એને પણ ડૉક્ટર બનાવીશ.''

''પછી ?''

''એ પણ એની પ્રૅક્ટિસ શરૂ કરશે.''

''પછી શું ?''

''પછી હું ભારત આવીશ.''

''પછી શું ?''

''નિવૃત્ત થઈશ.''

''પછી શું ?''

યુવકે અકળાઈને કહ્યું : ''પછી શું વળી ?''

''પછી મરી જઈશ.'' સ્વામીજીએ કહ્યું : ''બસ ? મરવા માટે જ આટલું બધું કરવાનું છે ?'' અને એ યુવકની આંખ ઊઘડી ગઈ.

• • •

## મા શારદામણિદેવી

સ્વામી રામકૃષ્ણ પરમહંસનાં પત્ની મા શારદામણિદેવી બહુ ભણેલાં નહોતાં, પણ મહાન સાધક હતાં. ફૂલ પરથી જેમ ઝાકળબિંદુ ખરી પડે તેમ તેમનામાંથી સંસાર ખરી પડ્યો હતો. તેમનામાં સાચા ગુરુનો વિવેક હતો એટલે તેઓ કેટલાકને સંન્યાસની દીક્ષા આપતાં તો કેટલાકને ગૃહસ્થજીવન ગાળવાની સલાહ આપતાં.

એક વાર આકુળવ્યાકુળ થઈને એક યુવકે મા પાસે આવીને કહ્યું : ''મા, મારાં કુટુંબીજનો લગ્ન કરવાનું કહે છે પણ મારું મન કોઈ રીતે માનતું નથી.'' ત્યારે માએ તેને કહ્યું : ''દીકરા, આ વિશે હું કાંઈ અભિપ્રાય ન આપી શકું.'' લગ્ન પછી અશાંતિ ભોગવવાની થાય ત્યારે મારો જ વાંક તું ગણાવે ને ?''

બીજો એક યુવક દ્વિધામાં હતો અને વૈરાગ્યમાં તેની દૃઢતા નહોતી. તેણે માને કહ્યું : ''મા, હું લગ્ન નહિ કરું.'' ત્યારે માએ તેનું ઢીલું મન પારખીને સલાહ આપી : ''દીકરા, એ વળી શું ? સંસારમાં બધાની જોડ હોય છે. આ જોને બે આંખ, બે કાન, બે હાથ ને, બે પગ જેમ છે તે પ્રમાણે પ્રકૃતિ ને પુરુષની જોડ હોય છે. તેથી તું પરણી જા.''

બીજી એક વાર એક યુવાને તેમને કહ્યું : ''મા, આટલો બધો વખત લગ્ન કર્યા વગર રહેવાનો મેં પ્રયત્ન કર્યો, પણ લાગે છે કે હવે આ રીતે વધુ વખત રહી શકાય તેમ નથી, તો મારે શું કરવું ?'' ત્યારે તેને નિર્ભય બનાવવા માએ કહ્યું : ''જો દીકરા, બીએ છે શા માટે ? ઠાકુર (રામકૃષ્ણ પરમહંસ) ના કેટલા બધા ભક્તો ગૃહસ્થ છે ને ? તારે ડરવાની શી જરૂર ? તું લગ્ન કરી લે.''

તેમને જુદી જુદી વખતે જુદી જુદી વ્યક્તિઓને જુદી જુદી સલાહ આપતા જોઈને એમને એક કુટુંબી બહેને પૂછ્યું : ''મા, આપને મન તો બધા છોકરા સમાન છે તો યે લગ્ન કરવા માંગે છે તેની આગળ ત્યાગની વાત કરવાને બદલે તમે લગ્નની સંમતિ શા માટે આપો છો ? વળી, કોઈને તમે સંન્યાસનો ઉપદેશ આપો છો. આમ, વિવિધ વાત કરવાને બદલે ખરી રીતે જે શ્રેષ્ઠ માર્ગ છે તે જ તમારે બધાને પ્રબોધવો જોઈએ ને ?''

એના જવાબમાં ત્યારે માએ કહ્યું : ''જેનામાં ભોગ ભોગવવાની વાસના પ્રબળ છે તેને હું લગ્ન કરવાની ના પાડીશ તો તે મારી વાત સાંભળશે ને માનશે ખરો ? અને જે બહુ જન્મના પુણ્યના બળે માયાનો ખેલ સમજી શક્યો છે અને ભગવાનને જ સારવસ્તુ તરીકે જેણે ગ્રહણ કર્યા છે તેને હું સમર્થન આપી જરાક મદદ ન આપું ?''

આમ, વ્યક્તિની શક્તિ, પાત્રતા અને યોગ્યતા જોઈને મા માર્ગદર્શન અને સલાહ આપતાં હતાં. આ રીતે તેઓ સાચાં શુભચિંતક ને હિતેચ્છુ ગુરુ હતાં.

• • •

## મહાત્મા ગાંધીજી

એક વાર ગાંધીજી પાસે દર્શનાર્થે એક ધનિક શેઠ ગયા. ત્યારે બીજા પણ કેટલાક આગંતુકો ત્યાં ગાંધીજી પાસે બેઠા હતા.

બધા પોતપોતાની જિજ્ઞાસા મુજબ ગાંધીજીને પ્રશ્નો પૂછતા હતા. એટલે પેલા શેઠે પણ પ્રશ્ન પૂછ્યો : ''બાપુજી, આપના દ્વારા લોકપ્રિય બનેલી ને પ્રચારિત થયેલી સફેદ ગાંધીટોપી દેશમાં ઘણા લોકો પહેરી રહ્યાં છે, પણ આપ તે કેમ પહેરતા નથી ?''

તે સાંભળીને ગાંધીજી હસી પડ્યા. પણ ત્યાં એકઠાં થયેલાં બધાં લોકો પણ ગાંધીજીનો ઉત્તર સાંભળવા આતુર હતાં.

એવામાં ગાંધીજી બોલ્યા : ''જુઓ, શેઠજી, તમારી પાઘડી ઘણી સુંદર અને મોટી મોભાવાળી છે. આ ભરાવદાર મોટીમસ પાઘડીમાંથી તમે કહો છો તેવી ટોપી કેટલી બનાવી શકાય ?''

શેઠ બોલ્યા : ''આશરે વીસ જેટલી ટોપી તો એમાંથી સહેલાઈથી બની શકે.''

''તો જુઓ, દેશમાં દારુણ દરિદ્રતા ફેલાયેલી છે. તેનું કારણ જાણો છો ? હાલમાં ગરીબીને લીધે દર વીસમો માણસ શરીર પર પહેરવાનાં કપડાં મેળવવામાં મુશ્કેલી વેઠી રહ્યો છે અને તમે તો એક સાથે વીસ ટોપીનું કાપડ તમારી પહેરેલી પાઘડીમાં વાપરી કાઢ્યું અને છતાં એને ગાંધીટોપી નામ આપી શકાતું નથી. તમે જો પાઘડીને બદલે ગાંધીટોપી ધારણ કરો તો બીજા ઓગણીસ માણસોને ય એ ટોપી પહેરવાનું સદ્ભાગ્ય હાંસલ થાય. તમે આટલી બધી ટોપીનું કાપડ તમારી મસમોટી ભરાવદાર પાઘડીમાં વાપર્યું, એટલે મારે એ ટોપી પહેરવામાંથી વંચિત રહેવું પડ્યું.''

ગાંધીજીના આવા રમૂજી પણ તર્કબુદ્ધિપૂર્વકના જવાબથી ત્યાં એકઠાં થયેલાં લોકો નવાઈ પામીને આનંદ પૂર્વક ગાંધીજી અને શેઠ સામે જોતાં જ રહ્યાં.

બીજા એક પ્રસંગે એક વાર ગાંધીજી આરામ ને શાંતિપૂર્વક થોડા

દિવસ રહેવા માટે શાંતિનિકેતન ગયા હતા. એમના જતા પૂર્વે ગુરુદેવ કવિવર ટાગોરે તેમની વિશ્રાંતિ માટેનો ઓરડો ખાસ કલાત્મક સ્વદેશી ચીજોથી સજાવ્યો હતો અને અંગત ચીવટ રાખીને કાળજીપૂર્વક બધી રીતે સૂવા-બેસવાની ગોઠવણ સુરુચિપૂર્ણ રીતે કરી હતી.

એ થયા પછી નિયત દિવસે ગાંધીજી ત્યાં પહોંચી ગયા. ત્યારે કવિવરે ખુદ એમની સાથે ફરીને ત્યાં રહેલી બધી સગવડોનો તેમને ખ્યાલ આપ્યો હતો. ગાંધીજીએ એમને માટે ચીવટપૂર્વક સજાવેલા ઓરડાની સુરુચિપૂર્ણ સજાવટ તો ધ્યાનથી જોઈ, પણ એની એક ઉઘાડી બારી પાસે જઈને ઉપર અગાસીમાં જવાની સગવડ વિશે કવિવરને પૂછ્યું.

એટલે કવિવરે એમને ઉપર અગાસીમાં જવાના દાદરની સગવડનો ખ્યાલ આપ્યો ને તેમને ઉપર પણ એ લઈ ગયા. એ જગ્યા જોઈને ગાંધીજી તો ખૂબ જ પ્રસન્ન થઈ ગયા ને બોલી ઊઠ્યાં : ‘‘અદ્‌ભુત ! આકાશના તારા જોતો જોતો રાતના હું તો અહીં જ સૂઈશ ને સવારે ને સમી સાંજે આરામ પણ અહીં જ કરીશ.’’

ગાંધીજીનો આવો નિસર્ગપ્રેમ જોઈને કવિવર ટાગોર ખુશ થયા, પણ તેમને વિશ્રાંતિ-ઓરડાની કરાવેલી સજાવટ પાછળ થયેલી મહેનત ને ચીવટ છૂટી પડ્યાનું લાગ્યું.

ગાંધીજીએ કુદરતી સંપદાનો વિવેકસરનો ઉપયોગ કરવા માટે લોકોને અનુરોધ કર્યો છે. વળી, તેમણે સ્વરાજપ્રાપ્તિ, રાષ્ટ્ર-ઘડતર અને સમાજની રચના માટે તેમના જીવન દરમિયાન સાવ નવતર કહી શકાય તેવા કાર્યક્રમો આપ્યા હતા. તેમણે શોષણયુક્ત વ્યવસ્થામાં અંતર્ગત રહેલા અન્યાય સામે અહિંસક સત્યાગ્રહનો રાહ અપનાવ્યો ને પ્રબોધ્યો. તેમણે સત્યાગ્રહ, આશ્રમજીવન, પ્રાર્થના, ઉપવાસ, યજ્ઞ, હરિજનોદ્ધાર, અંત્યોદય ને સર્વોદય જેવા શબ્દો આપ્યા ને તેમનું મહત્ત્વ

સમજાવ્યું. તેમણે 'શ્રમ' સાથે 'યજ્ઞ' શબ્દ પ્રયોજીને 'દરિદ્ર' સાથે 'નારાયણ' શબ્દ વાપરીને તથા 'પદ' સાથે 'યાત્રા' શબ્દ યોજી તેમનો મહિમા સમજાવ્યો. તેમણે 'છેવાડામાં છેવાડાના આદમી' પર ભાર મૂકીને ગરીબો સાથે આત્મીયતા સાધી, ફેંટાની જગ્યાએ તેમણે સફેદ ખાદીની ટોપીને પ્રતિષ્ઠા આપી અને લંડનમાં બ્રિટિશ રાજાને મળવા પૂરા પોશાકમાં સજ્જ થઈ જવાને બદલે તેઓ ઉઘાડે દિલે પોતિયા જેવી ધોતી પહેરીને બકિંગહામ પેલેસમાં તથા ગોળમેજી પરિષદમાં ગયા હતા, શાંતિ માટેનું નોબેલ ઇનામ પ્રાપ્ત કરનાર જિમી કાર્ટર પણ ગાંધીકથિત જે સાત પાપોથી દૂર રહેવા જણાવે છે તે (૧) પરિશ્રમ કર્યા વિનાની સંપત્તિ (૨) અંતરાત્મા વિનાનો આનંદનો ઉપભોગ (૩) ચારિત્ર્ય વિનાનું જ્ઞાન (૪) આદાનપ્રદાન વિનાનો વેપાર (૫) માનવતા વિનાનું વિજ્ઞાન (૬) ત્યાગ વિનાની પૂજા અને (૭) સિદ્ધાંત વિનાનું રાજકારણ છે. તેમના મત મુજબ આપણું જીવન ખુલ્લી કિતાબ જેવું હોવું જોઈએ.

વળી, તેમને લગ્ન અંગેનાં ભપકાદાર જમણવાર અને તેની વિધિઓ પસંદ નહોતાં. ધાર્મિક વિધિમાં બહુ ભારે ખર્ચ કરવામાં તે માનતા નહોતા. શ્રાદ્ધની ક્રિયા માટે ય તેમના આવા વિચારો હતા અને ગરીબ લોકો દેવું કરીને એ વિધિ કરાવે તેના તરફ તેમને નફરત હતી. એટલે એક વાર ખેડૂતોની સભામાં તેમણે કહેલું : ''જુઓ, શ્રાદ્ધ અને લગ્નની વિધિ કરાવવા માટે ઝાઝાં નાણાંની જરૂર નથી. હું તમારો પુરોહિત થઈ થોડા ખર્ચે એ વિધિ કરાવીશ.''

શ્રાદ્ધ માટે તો તેઓ માનતા હતા : ''પૂર્વજોના સારા ગુણોને આપણા રોજિંદા જીવનમાં ઉતારવા એ જ એમનું સાચું શ્રાદ્ધ છે.'' જનોઈ માટે તેઓ કહેતા : ''લોકો જનોઈ માટે જે ખર્ચ કરે છે. તેનો કંઈ અર્થ નથી. આર્યો પોતાને અનાર્યોથી જુદા દેખાડવા માટે જનોઈ પહેરતા

હતા. જો તે ઊંચનીચનો ભેદભાવ બતાવવા માટે જ હોય તો તેનો ત્યાગ કરવો જોઈએ. પવિત્ર જીવન ગાળવું એ જ સૌથી સારી જનોઈ પહેરવા બરાબર છે.'' તેમણે ૧૮ ઑક્ટોબર, ૧૯૨૦માં ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપી ભાષાનો મહિમા પ્રબોધ્યો હતો.

એમણે તા. ૧૪ એપ્રિલ, ૧૯૪૬ના રોજ એચ. એન. બ્રેઇલ્સ ફોડ નામના પત્રકારે લીધેલી મુલાકાતમાં કહ્યું હતું : ''બ્રાહ્મણ એ છે જે ભૌતિક મૂલ્યો કરતાં નૈતિક મૂલ્યોને વધારે મહત્ત્વ આપે છે. બ્રિટન અને ભારતની મૈત્રી વધારે દૃઢ થાય એ જોવા માટે હું ૧૨૫ વર્ષ જીવવા માંગું છું. તકલીફો જ તો માણસને માણસ બનાવે છે.''

ગાંધીજી પોતાના આશ્રમમાં જીવનઘડતર માટે મહત્ત્વનાં અગિયાર વ્રતોના પાલન માટે આગ્રહ રાખતા હતા. એક વાર તેમના દસ વર્ષની વયના પુત્ર દેવદાસે એક માસ માટે અલૂણા વ્રત લીધું હતું. એ વ્રતનું થોડા દિવસ પાલન થયા પછી એક દિવસે આશ્રમમાં ખીચડી, કઢી ને શાકનું ભોજન થયેલું ને તે જોઈને દેવદાસને વ્રત બાજુએ મૂકી તે દિવસ પૂરતું તે ભોજન આરોગવાનું મન થઈ ગયું.

ત્યારે ગાંધીજી એ ભોજન પીરસી રહ્યા હતા. તે દેવદાસ પાસે આવ્યા ત્યારે પુત્ર દેવદાસે ગાંધીજીને કહ્યું : ''મારા વ્રતની મુદત હજુ પૂરી થઈ નથી. એને સાત દિવસ બાકી છે. પણ આજે મને ખીચડી, કઢી ને શાક ખાવાનું મન થયું છે. પછીથી અઠવાડિયું લંબાવીને મારું અલૂણાવ્રત હું પૂરું કરીશ.''

પણ ગાંધીજીએ કહ્યું : ''વ્રતની મુદત પહેલાં તું મીઠું ખાય તો તે વ્રતભંગ ગણાય. વ્રત તોડવું એ મનની નબળાઈ છે. હું મનની નબળાઈ વધારવામાં તને ઉત્તેજન નહિ આપું.'' એક કહી ગાંધીજી તેને ખીચડી-કઢી પીરસ્યા વગર પંગતમાં પીરસવા ગયા. એટલે પુત્રની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

એ જોઈ ગાંધીજીએ ફફળતા હૃદયે કહ્યું : ''દેવા, તારામાં આવી નબળાઈ ક્યાંથી આવી ? મારી નબળાઈમાંથી તે જન્મી ? તે નબળાઈ મારી છે, તારી નથી'' અને એમ બોલી તેમણે પોતાના જ ગાલ પર જોરથી તમાચો માર્યો.

એટલે વાતાવરણમાં એકદમ ગંભીરતા અને શાંતિ છવાઈ ગઈ અને પુત્ર દેવદાસને ય પોતાની નબળાઈ સમજાઈ ને તેણે સ્વસ્થ થઈ દૃઢતાથી કહ્યું : ''બાપુજી, મારી ભૂલ થઈ, મને માફ કરો. હું મારું વ્રત નહિ તોડું. હું વ્રતભંગી નહિ થાઉં.'' એટલે પછી ગાંધીજીએ તેને તેના વ્રતને ઉચિત એવો અલૂણો ખોરાક પીરસ્યો.

આમ, ભગવાન રામ મર્યાદાપુરુષોત્તમ, શ્રીકૃષ્ણ પ્રેમમૂર્તિ, મહાવીર અહિંસામૂર્તિ અને બુદ્ધ કરુણામૂર્તિ હતા તો મહાત્મા ગાંધી સત્યવ્રતમૂર્તિ હતા. તેઓ સત્યનું સૌન્દર્ય પામ્યા હતા પણ સૌન્દર્યનું સત્ય તેમને લાધ્યું નહોતું. એક વાર તેમણે કવિ ટાગોરને કહેલું : ''જ્યારે અસંખ્ય લોકોને જીવવાનાં ફાંફાં હોય ત્યારે સૂર્યાસ્તના સૌન્દર્યને માણવાનું મારે માટે શક્ય નથી.''

એક બીજા પ્રસંગે લીલાવતી મુનશીએ લાંબા વાળ કપાવીને ટૂંકા બોયકટ કરાવ્યા હતા ત્યારે ગાંધીજીએ ટકોર કરેલી : ''મારા જેવો ટકો-મૂંડો જ કરાવી નાખે તો!'' એક બીજા પ્રસંગે કવિવર ટાગોર સાથે તેઓ કોઈક સભામાં જવાના હતા. તે વખતે કવિ ટાગોર આરસી સામે ઊભા રહીને માથાના અને દાઢીના વાળ સરખા કરી રહેલા હતા. એ જોઈને ગાંધીજીએ હળવી નકારાત્મક ટકોર કરી ત્યારે ગુરુદેવે કહેલું : ''હું ગમે તેવા ચહેરે સભામાં ન જઈ શકું. ઘણાં લોકો મને, ત્યાં જોવાના છે.'' કેટલાક માને છે કે ગાંધીજીને ચાર પુત્રો હતા, પણ એકાદ દીકરી હોત તો તેમની શુષ્કતા કે અરસિકતા થોડી ઓછી થઈ હોત.

એક વાર ગાંધીજીએ યજ્ઞનો નવો અર્થ દર્શાવતાં કહેલું : ''દરેક

નાગરિકને સ્વમાનપૂર્ણ સ્થાનિક રોજી મળવી જોઈએ.'' તેમણે ખાદીકાર્યને દેશની મુક્તિનું પ્રતીક ગણેલું. કારણ કે દરેક વ્યક્તિ કાપડનો ઉપયોગ કરે છે. તેથી તે કહેતા કે સંન્યાસીએ પણ કાંતવું જોઈએ. તેમણે પરિશ્રમને યજ્ઞકાર્યરૂપ ગણાવ્યો છે. તેમાં અમુકનો નહિ, પણ તમામના સુખ અને શાંતિનો વિચાર છે.

એક વાર ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન તત્કાલીન વાઇસરૉય ડફરીનનાં પત્ની લેડી ડફરીનને ગાંધીજીનાં દર્શન કરવાની ઇચ્છા થઈ આવી. એટલે તેણે ગાંધીજીને એ મતલબનો સંદેશો સત્તાવાર રીતે પહોંચાડ્યો. ત્યારે કોઈ ખાસ અપવાદ કર્યા વગર ગાંધીજીએ જણાવ્યું કે કોઈ ખાસ કારણ વગર મને મળવાની શી જરૂર ? રાજકુમારી અમૃતકૌર મારફત મોકલેલા સંદેશામાં તેમણે લેડી ડફરીનને જણાવેલું કે બીજા આમજનતાના લોકોની જેમ સાંજની, તેમની પ્રાર્થના પહેલાં આવીને તેઓ તેમને મળી શકે છે.

ગાંધીજી માણસો દ્વારા ચાલતી રિક્ષાના વિરોધી હતા. એટલે ઈ.સ. ૧૯૩૧માં જ્યારે તેઓ સિમલા ખાતે વાઇસરૉયને મળવા ગયા હતા ત્યારે તેમને માણસ દ્વારા ચલાવાતી રિક્ષામાં બેસવાનું કહેવામાં આવ્યું હતું. એ વખતે તેમણે તે રિક્ષામાં બેસવાનો ઇન્કાર કરીને પગપાળા ચાલતાં જવાની ઇચ્છા દર્શાવી હતી.

• • •

## સંત ફ્રાન્સિસ

સંત ફ્રાન્સિસનો જન્મ ઇટલી દેશના અસિસી નગરના એક ધનાઢ્ય કુટુંબમાં ઈ.સ. ૧૧૮૧માં થયો હતો. યુવાની સુધીનું તેમનું જીવન સમૃદ્ધિની રેલમછેલ વચ્ચે પસાર થયું. તેમની સઘળી ઇચ્છાઓ સંતોષાતી. સમૃદ્ધિમાં રહેવા છતાં તેઓ ઘણા કોમળ હૃદયના હતા. કોઈ દીનદુ:ખીને જોતા ત્યારે તેમનું હૃદય દ્રવી ઊઠતું અને આર્થિક મદદ તેઓ

કરી છૂટતા.

તેમના પિતાને આ ગમતું નહિ. એટલે એક વાર ગરીબોમાં આ રીતે ધન વહેંચી દેવાની બાબતમાં પિતાપુત્ર વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ. આમ થવાથી સંપત્તિને બધા જ ઝઘડાનું મૂળ માનીને ફ્રાંસિસે વૈભવી ઘરબારનો ત્યાગ કર્યો અને સ્વેચ્છાએ ફકીરી સ્વીકારી લઈને ભગવાન ઈસુએ ચીંધેલા પ્રેમ અને માનવસેવાના માર્ગે તેઓ આગળ વધવા લાગ્યા.

ઈસુ પ્રભુની એમના ઉપર કૃપાદૃષ્ટિ અપાર થઈ અને અધ્યાત્મના માર્ગે આગળ વધવા માટે અંતરાત્માના ગેબી અવાજરૂપે તેમને માર્ગદર્શન મળવા લાગ્યું. આમ, ફ્રાંસિસ સંત બનવાના માર્ગે આગળ વધવા લાગ્યા. તેમને ગેબી અવાજ રૂપે મળતા માર્ગદર્શનમાં શ્રદ્ધા હતી ને રાત દિવસ પ્રભુસ્મરણમાં તે મગ્ન રહેતા ને પ્રભુપ્રેમનાં ગીતો ગાયા કરતા તથા અનાયાસે જે મળે તે ખાઈ-પી લેતા હતા. આવી ફકીરી અવસ્થામાં તેઓ ખૂબ આનંદથી મસ્તરામ બનીને રહેતા હતા. આવી દશામાં તેમની પાસે એક અત્યંત ગરીબ બાઈ પોતાના ભૂખ્યા બાળક સાથે આવીને બાળકને ખવડાવવા માટે તેમની પાસે કંઈ માગવા લાગી.

એ વખતે એ સંત પાસે એક બાઇબલ સિવાય આપવા જેવું બીજું કશું નહોતું. એટલે સહેજ પણ અચકાયા વિના તે બાઈના ભૂખ્યા બાળકને ખાવાનું મળી રહે તે માટે તેમણે પોતાનું અત્યંત પ્રિય બાઇબલ તેને આપી દીધું, જેથી તે વેચીને બાઈ પોતાના બાળકને ખવડાવી શકે. આમ કરી એ સંત સાચા અર્થમાં તદ્દન નિષ્કિંચન બની ગયા.

બીજી એક વાર સંત ફ્રાન્સિસ ખુલ્લા મેદાનમાં ઘોડા ઉપર સવાર થઈને જઈ રહ્યા હતા. એ વખતે તેમને એક રક્તપિત્તિયાનો રસ્તા વચ્ચે ભેટો થવા પામ્યો. શરૂમાં તેમને જરા ઘૃણા પેદા થઈ, પણ તરત જ તેમણે પોતાના 'સ્વ' ઉપર વિજય મેળવી લીધો અને પોતાના ઘોડા પરથી તેઓ

નીચે કૂદી પડ્યા અને તે રક્તપિત્તિયાને પોતાની પાસેના બધા પૈસા આપી દીધા. પછી તેમણે પોતાનો હાથ ઊંચો કર્યો ને એને ચુંબન કર્યું.

ત્યાર બાદ તે બોલી ઊઠ્યા : ''જો આપણે આપણા આવા બધા જ કથિત ભાઈઓથી વિમુખ થઈએ તો શું તે ઈશ્વરને ગમશે ? આથી ઊલટું જ્યારે ઈશ્વરનો પ્રેમ આપણને માનવજાતિને સહાય કરવા ને દિલાસો આપવા દોરે છે ત્યારે શું આપણે વધારે ઈશ્વર સન્મુખ આવીએ છીએ ?''

ગાંધીજી પોતાના જન્મદિનને 'રક્તપિત્તદિન' તરીકે ઊજવવા જણાવતા હતા અને ખુદ તેમણે રક્તપિત્તિયાની સારવાર ને સેવા ય કરી હતી.

• • •

## સંત કન્ફ્યુશિયસ

ચીનના મહાન તત્ત્વજ્ઞાની સંત કન્ફ્યુશિયસ પાસે એક વાર એક ખેડૂત મકાઈ ભરેલો ટોપલો લઈને ગયો અને એ બતાવીને કહ્યું : ''મહાત્માજી ! જુઓ તો ખરા, મારા ખેતરમાં કેવી ખરાબ મકાઈ પાકી છે ! બધી જ સડેલી છે. દાણા પણ સત્ત્વહીન ને કાચા જેવા છે. મકાઈનો સારો પાક લેવાની ઉત્તમ રીત આપ જાણો છો ?''

ખૂબ વિચાર કર્યા પછી કન્ફ્યુશિયસે કહ્યું : ''ભાઈ ! મકાઈનો સારો પાક લેવો હોય તો ધીંગી ધીરજની જરૂર પડે છે. આપણી એક કહેવત છે કે સારાં શાકભાજી ઉગાડવાં હોય તો ખેડૂતે મહિના અગાઉથી તૈયારી કરવી પડે છે. સારા ફળવાળું વૃક્ષ ઉછેરવું હોય તો પાંચ-દશ વર્ષ પહેલાં જાગવું પડે અને સારાં ચારિત્ર્યવાન સંતાન મેળવવાં હોય, તો તેની શરૂઆત સદી અગાઉ કરવી પડે.

તારે મકાઈનો સારો પાક લેવો હોય તો મહેનત કરીને સારી

જાતનાં મકાઈનાં બીજ મેળવી લે. એને પછી તું તારી જમીનમાં વાવ. જે મકાઈ થાય તેમાંથી ઉત્તમ મકાઈ જુદી તારવીને એનાં બીજ ત્રીજે વર્ષે વાવ. આટલી તકેદારી રાખીશ તો તારા ખેતરમાં સરસ મકાઈ પાકશે.'' ખેડૂતે એ સલાહ મુજબ કર્યું અને મકાઈનો સુંદર પાક થવા પામ્યો.

બીજા એક પ્રસંગે એક વાર એક સમ્રાટે તેમની પાસે જઈને પૂછ્યું : ''મને એવો કોઈ માણસ બતાવો, જે મોટો હોય.''

ત્યારે હસતાં હસતાં એ તત્ત્વજ્ઞાની સંતે કહ્યું : ''તમે મોટા માણસ છો, કેમ કે સચ્ચાઈને જાણવાની તમે ઇચ્છા રાખી છે.''

સમ્રાટે પછી કહ્યું : ''તો પછી મને મારાથી મોટો હોય એવો માણસ બતાવો.''

ત્યારે સંતે કહ્યું : ''એ તો હું છું, કારણ કે હું સચ્ચાઈને ચાહું છું.''

સમ્રાટે વળી પૂછ્યું : ''ત્યારે હવે તમે મને તમારાથી જે મહાન હોય એવા માણસ પાસે લઈ જાવ.''

જવાબમાં કન્ફ્યુશિયસે જણાવ્યું : ''ક્યાંય જવાની જરૂર નથી. આ સામે જુઓ, પેલી વૃદ્ધ ડોશી બાગમાં કોદાળી લઈને આંબાનું ઝાડ રોપી રહી છે. એણે ૧૦-૧૨ વર્ષે મોટો ફળાઉ થતો આંબો વાવવાની શી જરૂર છે ? તે હવે કેટલાં વર્ષ જીવવાની ? તે એ આંબાની કેરી ક્યાં ખાઈ શકવાની છે ? આમ છતાં, તે મહેનત કરી રહી છે. કોના માટે ? આ રીતે નિઃસ્વાર્થભાવના રાખીને બીજાને માટે જે કામ કરે છે તે સૌથી મોટો છે. સ્વાર્થ માટે તો સૌ કોઈ જીવે છે, પણ જેમાંથી પોતાને કશું ય મળવાની આશા નથી, એ જાણવા છતાં બીજાના સુખને માટે પોતાની જાતને ઘસી નાખે છે તે માણસ સાચે જ મહાન છે. તેમની મોટાઈ જીવન અને મૃત્યુની સીમા ઓળંગીને આસમાનને આંબે છે.''

બીજી એક વાર તેમની પાસે વાંગલી નામનો એક સૈનિક ગયો ને તેણે તેમને પૂછ્યું : ''આપ મને સ્વર્ગ અને નરક કોને કહેવાય તે કૃપા કરીને સમજાવો.''

કન્ફ્યુશિયસે કહ્યું : ''અરે તમે સૈનિક જેવા ક્યાં છો ? તમે તો ભિખારી જેવા લાગો છો ?''

એ સાંભળીને એ સૈનિક તો ક્રોધથી લાલચોળ થઈ ગયો ને પોતાના મ્યાનમાંથી તલવાર કાઢીને એ સંતને મારવા માટે ધસ્યો. પણ ત્યારે એ સંતે કહ્યું : ''અરે, આ તલવાર તો નકલી ને બુઠ્ઠી છે. એ શું કરી શકવાની છે ?''

એ સાંભળીને સૈનિક શાંત થઈ ગયો ને તેણે તલવાર મ્યાન કરીને સંતની માફી માંગી.

એ જોઈને કન્ફ્યુશિયસે કહ્યું : ''જોયું ? જ્યારે તમે ક્રોધને વશ થયા ત્યારે તમે નરકમાં હતા ને જ્યારે મારી વાતનો મર્મ સમજીને તરત તલવાર મ્યાન કરીને ક્ષમાના ભાવમાં આવ્યા ત્યારે તમે સ્વર્ગમાં હતા. જીવનની સાચી ને સારી સમજણ એ સ્વર્ગ છે ને એ ન હોય ત્યાં નરક છે.''

એ સંત તેમની નેવું વર્ષની વયે પણ સારી તંદુરસ્તી ધરાવતા હતા. એ સમયે એક યુવાન તેમને મળવા માટે આવ્યો અને તેમના તંદુરસ્ત જીવનનું રહસ્ય તેમને પૂછ્યું. એટલે તેમણે એ યુવાનને પોતાની પાસે બોલાવીને પોતાનું મોંઢું ઉઘાડીને કહ્યું : ''જુઓ, મારા મોંઢામાં એક પણ દાંત નથી, પણ જીભ બરાબર ને સારી સ્થિતિમાં છે. ભાઈ, જીભ તો જન્મની સાથે જ આવેલી, પણ દાંત તો પાછળથી આવ્યા હતા. એ પાછળથી આવેલા છતાં વહેલા જતા રહ્યા, પણ તેની પહેલાં આવેલી જીભ હજુ પણ રહેલી છે. દાંત કઠણ છે અને એના સંપર્કમાં આવનારને તે તોડવાની કોશિશ કરે છે. જે બીજાને તોડવાની કોશિશ કરતા હોય

છે તે પોતે જ તૂટી જાય છે એટલે એ મોડા આવ્યા છતાં વહેલા જતા રહ્યા. પણ જીભ તો નરમ છે ને નમે છે તથા વળે છે. જે નમે છે, નમ્ર રહે છે ને વળવાની વૃત્તિ રાખે છે તે લાંબું જીવતા હોય છે. આમ હોવાથી નમ્રતા ધારણ કરવી આવશ્યક છે.''

એક વાર તેઓ રાજાના નિમંત્રણથી તેને મળવા માટે રાજમહેલમાં ગયા. ત્યાં ત્રણ જુદાં જુદાં પાંજરામાં ઉંદર, બિલાડી ને બાજ પંખીને રખાયાં હતાં ને તેમની સમક્ષ તેમનું પ્રિય ભોજન ખાવા માટે રાખેલ. ઉંદર સમક્ષ મેવો, બિલાડી સમક્ષ દૂધની મલાઈ ને બાજ સમક્ષ માંસ રખાયેલ છતાં તેઓ એને ખાતા નહોતાં.

આથી રાજાએ કન્ફ્યુશિયસને એમના ન ખાવાનું કારણ પૂછ્યું : ''તેઓ બધાં ભૂખ્યાં છે ને તેમની મનપસંદ વાનગી ખાવા માટે તેમની સામે મૂકી છે, છતાં તેઓ ખાતાં કેમ નથી ?''

કન્ફ્યુશિયસે કહ્યું : ''રાજન, ઉંદરને ભૂખ તો લાગી છે. એ મેવો ખાવા ઇચ્છે છે, પણ સામેના પિંજરામાં રહેલી બિલાડીને જોઈને તે ખાતાં ડરે છે. બિલાડીની સામે દૂધની મલાઈ રાખી છે, પણ તે પોતાની બાજુના પાંજરામાં રાખેલા ઉંદરને જોઈને તેને ખાવા માટે લલચાય છે ને તેથી એ મલાઈ ખાતી નથી. વળી, બીજી તરફના પાંજરામાં રહેલા બાજ પક્ષીને જોઈને તે એ ખાતાં ગભરાય છે. વળી, બાજ પોતાની બાજુનાં પાંજરાઓમાં રખાયેલ ઉંદર ને બિલાડીને જોઈને તેમને ખાવા માટે લોલુપતા ધરાવે છે ને તેથી તેની સામે રાખેલું માંસ પોતાને ભૂખ હોવા છતાં નથી ખાતું. એને થાય છે - હું પહેલાં ઉંદરને ખાઉં, બિલાડીને ખાઉં કે માંસને ખાઉં ? આમ, તેના મનમાં ચાલતી મૂંઝવણને કારણે તે કશું ખાતું નથી. આમ, પ્રલોભન ને ડર એમને એમનો પ્રિય ખોરાક ખાતાં રોકી રાખે છે.''

• • •

# ચૈતન્ય મહાપ્રભુ

ચૈતન્ય મહાપ્રભુના જન્મસમયે કર્મકાંડના પ્રતાપે બ્રાહ્મણ ને અબ્રાહ્મણના ભેદ પડી ગયા હતા અને યવનોનું ચોગરદમ રાજ્ય ફેલાયેલું હતું. એથી મોટા ભાગનાં લોકો પથભ્રષ્ટ થઈ ગયાં હતાં ને અનાદિકાળના સનાતન ધર્મને ભૂલી ગયાં હતાં. એમણે જોયું કે મનુષ્ય પોતાના શરીરને સર્વોપરી સમજીને ઈશ્વરને ભૂલી જવાથી ચેતનાને વિસ્મરી સારાં-નરસાં કાર્યો વચ્ચેનો ભેદ ભૂલી ગયો છે ને ધનને જ સર્વસ્વ માનીને ચોરી, હત્યા ને નશા જેવાં નઠારાં કામો કરી પોતાનું મહામૂલું જીવન વેડફી નાખે છે. તે ઘોર અધર્મ આચરે છે. તેને માટે જ્ઞાન - યોગનો માર્ગ સમજવો દુષ્કર માનીને જાતિ-જ્ઞાતિનું બંધન તોડવા ને તેમને એકસૂત્રે બાંધવા માટે તેમણે સંકીર્તન આંદોલન શરૂ કર્યું અને લોકો તે તરફ આકર્ષાયા.

આ સંકીર્તન આંદોલનની વિશિષ્ટતાઓ હતી સર્વધર્મ-સમભાવ, એકતા, ભક્તિ, પ્રેમ, શાંતિ અને અહિંસાની ભાવના. તેઓ ગામે ગામ ફરતા ને હરિનામનું સંકીર્તન કરીને લોકોને સારે માર્ગે લાવવા મથતા. વળી, લોકોને કીર્તનનું મહત્ત્વ સમજાવીને તેમનું હૃદયપરિવર્તન કરતા. તેમના મતે પ્રભુભક્તિ જ જીવાત્માનું કર્તવ્ય છે અને તેથી દાસ્યસંબંધને ફરીથી ઈશ્વર સાથે જોડીને તે પોતાની આત્મોન્નતિ સાધી શકે છે. તેમના ૪૮ વર્ષના જીવન દરમિયાન તેમણે ભારતયાત્રા કરીને સામૂહિક કીર્તનના મધુર, સરળ અને અસરકારક માધ્યમથી લોકોમાં ચેતનાનો જબરજસ્ત સંચાર કર્યો અને કરોડો લોકોને હરિના દાસ બનાવ્યા.

ભગવાન શ્રીકૃષ્ણના ઉપદેશનું આચરણ એ જ એમનો ઉપદેશ. તેમણે જણાવ્યું છે : ''તે જ કર્મ સાર્થક છે, જે ઈશ્વર માટે કરવામાં આવે છે. તેના ફળરૂપે પ્રેમધન પ્રાપ્ત થાય છે, જે નિત્ય મળતું રહે છે.'' તેમનો ઉપદેશ સંપૂર્ણ પારમાર્થિક છે, જેની શરૂઆત ભગવાન શ્રીકૃષ્ણનાં

ચરણોમાં પ્રેમમયી શરણાગતિથી થાય છે.

પ્રવર્તમાન સમયમાં ચૈતન્ય મહાપ્રભુજીના પ્રેમદર્શનનો પ્રકાશ અને પ્રભાવ જગતના ઘણાખરા દેશોમાં ફેલાવા પામ્યો છે. ઈ.સ. ૧૯૬૬ના જુલાઈ માસમાં અમેરિકાના ન્યુયૉર્કમાં શ્રીલ એ.સી. ભક્તિ-વેદાંત સ્વામી પ્રભુપાદે ઇસ્કોનની સ્થાપના કરીને એ પ્રશસ્ય ભક્તિ-આંદોલન સમગ્ર વિશ્વમાં ફેલાવ્યું છે. ભારતમાં હાલ એનાં પચાસ કેન્દ્રો છે અને સમગ્ર વિશ્વમાં ૨૬૦ થી વધારે આવાં ભક્તિકેન્દ્રો છે. એ બધાં મહાપ્રભુજીનાં સંકીર્તન માધ્યમ દ્વારા તેમના પ્રેમદર્શનનો પ્રસાર અવિરત કર્યા કરે છે.

• • •

## ચીની ધર્મગુરુ લાઈ હત્ઝુ

ચીનના ધર્મચિંતક ને ધર્મગુરુ લાઇ હત્ઝુ એક વાર પોતાના પ્રવાસ દરમિયાન એક ધર્મશાળામાં રાતવાસા માટે ઊતર્યા હતા.

તે ધર્મશાળાના માલિકને એક રૂપાળી અને એક કદરૂપી એમ બે પત્નીઓ હતી. એ માલિક પોતાની કુરૂપ પત્ની સાથે માન ને મૃદુતાથી વર્તતો, પણ રૂપાળી પત્ની સાથે બેદરકારી ને ઉપેક્ષાથી વર્તતો હતો. તેનું આવું વલણ જોઈને નવાઈ પામી લાઇ હત્ઝુએ એ માલિકને પૂછ્યું : તેના જવાબમાં એ માલિકે કહ્યું : ‘‘જુઓ, મારી સુંદર સ્ત્રી મિથ્યાભિમાની હોવાથી તે મારા ગમે તેટલા સારા વ્યવહારની નોંધ સુધ્ધાં લેતી નથી, પણ કુરૂપ સ્ત્રી પોતાની જાતને ગૌણ ગણનારી ને વિનમ્ર હોવાથી મારા મૃદુ વ્યવહારનો સરસ પ્રતિભાવ કૃતજ્ઞતાપૂર્વક આપે છે ને સદાય પ્રસન્નતાથી વર્તે છે.’’

• • •

## સૂફી સંત બાયઝીદ બસ્તામી

સૂફી સંત બાયઝીદ બસ્તામીએ સતત ૨૦-૨૨ વર્ષ સુધી મનને કેળવવા અને અહંભાવને મૂળથી નષ્ટ કરવા માટે વિવિધ જાતની તપશ્ચર્યા કરીને પોતાના મનને નિર્મળ તથા વિનમ્ર બનાવીને ઈશ્વરને અર્પણ કર્યું હતું.

એક વાર કોઈએ તેમને એમના ગુરુની બાબતમાં પૂછ્યું તો તેના જવાબમાં તેમણે કહ્યું હતું : ''જુઓ, એક વૃદ્ધ સ્ત્રી મારી ગુરુ છે. એક વાર હું જંગલમાં ફરતો હતો ત્યારે એ વૃદ્ધા માથા પર લોટથી ભરેલો કોથળો ઉપાડીને આવી ને તે કોથળો એને ઘેર પહોંચાડવા જણાવ્યું. એટલે એ કોથળો એક વાઘની પીઠ પર મૂકીને મેં તેને એની સાથે જવા માટે સૂચવ્યું. મારી આ વાત સાંભળીને એ સ્ત્રીએ મને કહ્યું : ''હું ગામમાં જઈ બધાને કહીશ કે જંગલમાં મને એક ઘમંડી ને નિર્દય માણસ મળ્યો હતો.''

આવું કહેવા માટેનું કારણ પૂછતાં તેણે મને કહ્યું : ''તેં વાઘને વિના કારણ તકલીફ આપી એટલે તું નિર્દય છે અને વળી તું દુનિયાને દેખાડવા માંગે છે કે વાઘ જેવું હિંસક પ્રાણી પણ તારા કાબૂમાં છે, એટલે તું ઘમંડી છે. તારે માટે આ ભારે શરમની વાત છે.'' તેની આ વાત મારા હૃદયને તીરની જેમ વીંધી ગઈ અને હું બદલાઈ ગયો. આથી એ સ્ત્રીને મારા ગુરુસ્થાને ગણું છું.''

• • •

## સ્વામી રામકૃષ્ણ પરમહંસનાં માતુશ્રી

સ્વામી રામકૃષ્ણ પરમહંસનાં માતુશ્રી તેમની પાછલી વયમાં ગંગાતીરે રહેવાના હેતુથી દક્ષિણેશ્વરમાં કાલીઘાટ પર જઈને રહ્યાં હતાં.

એક વખત પરમહંસનાં ભક્ત રાસમણિ માતુશ્રીના ગુજરાનનો

બંદોબસ્ત કરી આપવાના ઉદ્દેશથી તેમની પાસે ગયા અને વાતવાતમાં તેમણે તેમને મદદરૂપ થવાની પોતાની ઇચ્છા દર્શાવી.

તે વખતે બોખલા મોંએ હસતાં હસતાં પરમહંસનાં માતુશ્રીએ કહ્યું : ''ના રે બાપુ ! ના, મારે તો આવું કંઈ પણ જોઈતું નથી. મારે અહીં સરસ મજાનું રહેવાનું છે. ગંગાજીમાં સ્નાન કરવાનું છે ને સવારસાંજ માતાજીનો પ્રસાદ મળી જાય છે. પછી મારે બીજું જોઈએ પણ શું ?''

માતુશ્રીની આવી વાત સાંભળીને એ ભક્ત તો નિરાશ થઈ ગયો. છતાં પોતાનો આગ્રહ એણે ન છોડ્યો. ત્યારે તેમનું માન રાખવા માતુશ્રીએ કહ્યું : ''ઠીક, ત્યારે એમ કરો. મને પાંચેક પૈસાનો ગોળ આણી આપો એટલે પત્યું.''

માતુશ્રીનો એવો જવાબ સાંભળીને ભક્ત રાસમણિ બોલી ઊઠ્યો : ''માતુશ્રી, આપનામાં આવી નિઃસ્પૃહતા છે, માટે જ આપના ઉદરમાં પરમહંસ જેવું વિરલ રત્ન પાક્યું છે. માતાના સંસ્કાર જ બાળકના જીવનમાં ઓતપ્રોત થાય છે.''

એ દૃષ્ટિએ ગોપીચંદે પણ કબૂલ કર્યું છે કે ''મારા ત્યાગ અને વૈરાગ્યનું મૂળ મારી માતા મેનાવતી છે.'' સ્વામી દયાનંદે પણ કહેલું છે : ''આપણો ધર્મ પુત્રથી નહિ, પણ પુત્રીઓથી ટક્યો છે.''

• • •

## પ્રમુખસ્વામી મહારાજ

એક વખત અમદાવાદમાં શાહીબાગ ખાતે સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રમુખસ્વામી મહારાજનો સત્સંગ કાર્યક્રમ ચાલતો હતો. એ કાર્યક્રમ પૂરો થયો ને બધા સત્સંગીઓ છૂટા પડી રહ્યા હતા.

એમ છતાં એક વડીલ સજ્જન રોકાયા ને પ્રમુખસ્વામી મહારાજ પાસે જઈને તેમનાં ચરણોમાં દંડવત્ પડીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા.

થોડી વાર પછી પોતાના ગજવામાંથી મોતની પચાસ ગોળીઓ કાઢીને સ્વામીજીને આપતા બોલ્યા : ''પૂજ્ય સ્વામીજી, સત્સંગી તરીકે નવો છું. આજે જ આવ્યો છું. આમ તો આજે આ ગોળીઓ લઈને આપઘાત કરવા જઈ રહ્યો હતો, પણ આપના અહીંના મુકામની અને સત્સંગ-પ્રવચનની વાત સાંભળીને આપના દર્શન માટે ને પ્રવચન સાંભળવા આવ્યો. એ પછી આપઘાત કરવા જવાનો હતો. પણ પરમપૂજ્ય સ્વામીજી, આપનું પ્રવચન સાંભળીને મારા ખરાબ વિચારો આથમી ગયા છે. મારા દિલનો મેલ ધોવાઈ ગયો છે ને મને સંજીવની પ્રાપ્ત થઈ છે. હવે આપઘાત કરવો નથી, પણ આપના ચીંધેલા રાહે જીવન જીવવું છે.''

આવો છે સત્સંગ ને સંતનો પ્રભાવ ને મહિમા. તેમનો બીજો એક પ્રસંગ પ્રાર્થનામાં રહેલી આધ્યાત્મિક શક્તિનો ખ્યાલ આપી જાય છે. ઈ.સ. ૧૯૮૧ના વર્ષમાં ગુજરાતમાં અનામત વિરોધી આંદોલન જોરશોરથી ચાલતું હતું. તે વખતે સ્વામીજી ભગવાન સ્વામીનારાયણનો દ્વિશતાબ્દી ઉત્સવ ઊજવવા માટેનું આયોજન કરી રહ્યા હતા. એ વખતના આંદોલનના ભારે તોફાની વાતાવરણમાં એ ઉત્સવ ન યોજવા માટે રાજદ્વારી આગેવાનોએ તેમને આર્દ્ર સાદે વિનંતી કરીને જણાવ્યું કે એવા તોફાની વાતાવરણમાં એ ઉત્સવમાં લોકો હાજર નહિ રહે ને વળી આ આંદોલન જલદી શાંત પડે તેમ પણ લાગતું નથી.

એ વિનંતીના જવાબમાં સ્વામીજીએ કહ્યું : ''જુઓ, હું રોજ પ્રભુપ્રાર્થના કરું છું ને મારે આ ઉત્સવ કરવો જ છે તથા ગુજરાતમાં શાંતિ સ્થાપવાની જ છે. પ્રાર્થનામાં પરમકૃપાળુ પ્રભુને દરેકના અંતરમાં પ્રકાશ કરવા ને શાંતિ પેદા કરવા સૌના વતી હું આર્દ્રભાવે કહી રહ્યો છું ને મને ખાત્રી છે કે આપણી આ પ્રાર્થના ભગવાન જરૂર સાંભળશે, શાંતિ સ્થપાઈ જશે ને ઉત્સવ પણ યોજી શકાશે.''

બીજે દિવસે તેમણે પ્રજાજોગ જાહેર અપીલ આકાશવાણી ને

દૂરદર્શન મારફતે કરી અને તે પછીના તા. ૧૩ માર્ચ, ૧૯૮૧ના દિવસે એ આંદોલન સમેટાઈ ગયું. પરિણામે પછીના એપ્રિલ માસમાં પ્રમુખસ્વામીજીની ઇચ્છા મુજબ એ ઉત્સવ ભવ્ય રીતે યોજી શકાયો ને લાખો લોકોએ એમાં ભાગ પણ લીધો.

ગાંધીજીએ પણ યોગ્ય રીતે જ કહ્યું છે : ''કોઈ પણ સાચી પ્રાર્થના સંભળાયા વિના વ્યર્થ જતી નથી.''

એક બીજા પ્રસંગે તેમના સ્વામીનારાયણ મંદિરની બહાર એક ગરીબ ઘરનો બાળક વેકેશનમાં માબાપને મદદરૂપ થવા બૂટપૉલિશનો સામાન લઈને આવતો. તેની સ્થિતિનો ખ્યાલ આવતાં એક સત્સંગીએ મદદરૂપ થવાની ભાવનાથી તેને કામ આપ્યું. તે બહુ જ ખુશ થયો. બીજા દિવસે તેને સંસ્થાની 'આદર્શ બાળક' અને 'નિત્યગાન' નામની નાની પુસ્તિકાઓ ભેટ આપી. બાળકને આનંદ થયોને શીખવાની જિજ્ઞાસા જાગી. પછીના દિવસે તેણે આવીને કહ્યું : ''સાહેબ, ચોપડીના પૈસા તો મેં આપ્યા નથી. મા કહેતી હતી કે કોઈનું મફતમાં ન લેવાય ! લો આ એક રૂપિયો ને આવતી કાલે બીજો આપી જઈશ અને દસ દિવસમાં બધી રકમ ચૂકતે કરી જઈશ.''

અને એ સત્સંગીની આંખો ભીની બની. ''બેટા, ખરો ખુદ્દાર નીકળ્યો તું ! તારાં મા-બાપ માટે જીવે છે, તારા માટે નહિ. એટલે જ સ્વમાનનું તેજ તારી આંખોમાં તગતગે છે!''

પ્રમુખસ્વામી મહારાજે કહ્યું છે : ''બીજાને માટે ઘસાવું એ મજબૂરી નથી, પણ એક જાતની ખુમારીનો જ ચમત્કાર છે.'' બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ પણ કહેતા : ''અડધામાંથી અડધું આપવું, તેનું નામ સુહૃદયભાવ.''

કવિ વેણીભાઈ પુરોહિતે ગાયું છે -

જિંદગાનીના લોઢ કરોડો વીંઝતો જાજે ભાઈ !
કુરબાનીમાં રાચનારાનાં ગીત તું લેજે ગાઈ !

• • •

## સ્વામીનારાયણ ભગવાન

ભગવાન સ્વામીનારાયણના સમય દરમિયાન ગઢપુરના દાદા ખાચર થઈ ગયા. તેઓ માંડ છ ગામના ધણી હતા. પણ એ ઠાકોર-સાહેબને ખ્યાલ આવ્યો કે મંદિરના બાંધકામ માટે શ્રી હરિને ભાયાતોની સહિયારી જમીન આપી શકાય તેમ નથી એટલે રીઝવવા રડતા હૃદયે તેઓ સારંગપુર પહોંચ્યા ને કહ્યું : ‘‘પ્રભુ ! મારા દરબારભવનની જમીન લો ! મારી લક્ષ્મીવાડી લો ! અને મારાં સેંકડો વીઘાંનાં ખેતરો લો ! પણ મંદિર નિર્માણ કરી લોકકલ્યાણની ગંગોત્રી વહેતી રાખો.’’ અને એ મંદિર તૈયાર થયું. આજે ગઢડામાં ઊભેલું મંદિર એ ઠાકોરસાહેબ દાદા ખાચરના સમર્પણની યશોગાથા ગાય છે.

દાનવીર કર્ણે પણ મૃત્યુની ઘડીએ યુદ્ધભૂમિમાં સૂતાં સૂતાં એક બ્રાહ્મણ યાચકને પોતાનો સોનાનો દાંત તોડવા કોઈ સાધન ન મળતાં ત્યાં રણમેદાનમાં પડેલા પથ્થરથી તેને તોડીને દાનમાં આપી દીધો હતો.

કરોડોના રાજમહેલો ને લાખો રૂપિયાના ખજાનાઓને માત્ર મોજશોખ ને સ્વ-અર્થે ખર્ચનારાં નામો ઇતિહાસમાં ભૂંસાઈ ગયાં છે. પણ કર્ણ, દધિચી, શિબિ, મયૂરધ્વજને દાદા ખાચર જેવાનાં નામો ચંદનની જેમ મઘમઘી રહીને માનવજાતને દીવાદાંડી સમાન દોરી રહ્યાં છે.

એક બીજો પ્રસંગ જોઈએ. તેમના અનેક શ્રદ્ધાળુ ભક્ત અનુયાયીઓમાં એમના જીવનકાળ દરમિયાન થયેલ પંચાળાના દરબારશ્રી ઝીણાભાઈ ન્યારા તરી આવે છે.

એક વાર એ ભક્તના આગ્રહથી તેમણે પંચાળામાં સામૈયો કર્યો.

એમાં ભાગ લેવા આસપાસનાં ગામોમાંથી ઘણાં લોકો આવ્યાં. એટલે પાદરની ખુલ્લી જગ્યામાં મંચ બંધાવ્યો હતો. એથી બધા લોકો સુગમતાથી સ્વામીજીનાં દર્શન કરી શકેલા. એ સામૈયામાં બધા ભક્તો સાથે ખુદ સ્વામીજીએ પ્રભુત્વ વિસરીને ઉમંગથી ભાગ લીધેલો ને ગુલાલ સાથે રમેલા. એથી બધાં કૃતકૃત્ય થવા પામ્યાં ને એ સ્થળ પણ સંતોના ચરણથી પવિત્ર થઈ ગયું.

આવો સુંદર ઉત્સવ થવાથી સ્વામીજી ભક્ત ઝીણાભાઈ પર ખૂબ પ્રસન્ન થઈ ગયા ને તેમણે એ ભક્તને કંઈક માગવા કહ્યું, ત્યારે ભક્ત ઝીણાભાઈએ સ્વામી મહારાજને કહ્યું : ''પ્રભુ, પહેલાં ખોટી જારનો રોટલો ખાતો હતો, તેમાંથી આપે મુક્તિ અપાવી. હવે કોઠીઓ જારથી ભરી છે, એટલે ખાધેપીધે કોઈ દુઃખ નથી, તો પછી બીજું શું માગું ? વળી હવે તો ઉંમર પણ થઈ ને મર્યા પછી આપનાથી છૂટા ન પડાય - માટે હે પ્રભુ, માગું છું કે મારા ગામમાં જે કોઈ મરે તેને યમના દૂત નહિ, પણ આપના દૂતો જ લેવા આવે.''

ઝીણાભાઈ હતા ગામના જાગીરદાર ને આગેવાન એટલે તેમણે પોતાને માટે ન માગી સંપત્તિ કે રાજગાદી, પણ માગી કેવળ પોતાની અને પોતાના ગામવાસીઓની મુક્તિ. આવી હતી એ ભક્તની નિઃસ્પૃહતા.

• • •

## આદ્ય જગદ્‌ગુરુ શંકરાચાર્ય

આદ્ય જગદ્‌ગુરુ શંકરાચાર્ય એક વાર કાશીની સાંકડી ગલીમાંથી ગંગાસ્નાન કરીને પસાર થઈ રહ્યા હતા. ત્યાં સામેથી એક ચાંડાલ આવતાં તેમણે કહ્યું : ''એય દૂર ખસ ! દૂર ખસ !''

પણ એ ચાંડાલ તો માર્ગ વચ્ચે આડો ઊભો રહીને કમરે હાથ દઈને બોલ્યો : ''આચાર્ય ! તમે કોને દૂર ખસવાનું કહો છો ? જો તમે

આ શરીરને કહેતા હો તો એ તમારા શરીરના જેવું જ હાડમાંસનું બનેલું છે. એ બંને એકસરખાં જ પવિત્ર યા અપવિત્ર છે. તેને ખસવાનું કહેવાનો કોઈ અર્થ નથી. વળી, તમે મારા આત્માને કહેતાં હો તો એ તો સદાય પવિત્ર, શુદ્ધ-બુદ્ધ ને નિરંજન છે. તેને કહેવાનો પણ શો અર્થ ? એટલે આચાર્ય, તમે દૂર ખસવાનું કોને કહો છો ? - એ જ સમજાતું નથી.''

એ સાંભળીને વિમાસણમાં પડેલા શંકરાચાર્ય બોલી ઊઠ્યા : ''ભાઈ, મારા ચિત્ત પર જે અધ્યાસ પડી ગયો છે તેને હું કહું છું.''

• • •

## સંત રંગ અવધૂતજી

ગુજરાતમાં નર્મદા કાંઠે આવેલા નારેશ્વરના સાક્ષાત્કારી સંત રંગ અવધૂતજી એમના પૂર્વાશ્રમમાં સરખેજની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક હતા. ત્યારે એમણે નભાવેલો આદર્શ હતો -

વિદ્યાર્થીરૂપ દેવોને વંદન કરીને જ સહુએ ગ્રંથ શીખવવાનો આરંભ કરવો. તેમને સંતોષો તો પરમાત્મા તમારા પર સંતુષ્ટ થશે. તેમને લેશમાત્ર પણ કચવાટ રહ્યો તો ઈશ્વરનો કોપ તમારા ઉપર ઊતર્યો માનજો.

વળી, તેઓ પોતાનું શિક્ષણકાર્ય પૂજા-ભક્તિરૂપે કરતા અને કાર્ય સમાપ્ત થતાં તેઓ એ આરાધ્ય છાત્રદેવોને અર્પણ કરવાનું ન ચૂકતા. તે અંગેનો શ્લોક છે -

**इत्येषा वाङ्मयी पूजा भक्ति नम्र चेतसा**
**अर्पिता तेन तुष्टाः स्युश्छात्र देवाः सदा मम ॥**

આ રીતે ઉપરોક્ત ભાવના આત્મસાત્ ને ચરિતાર્થ કરીને તેમણે શિક્ષણસમાજને 'પરસ્પર દેવો ભવ'નું નવતર સૂત્ર આપ્યું.

આ ઉપરાંત તેઓ વિદ્યારંભે શાંતિપાઠ કરાવતા-

**રક્ષો પ્રભુ અમોને, પોષો વળી અમોને,**
**પુરુષાર્થ સાથે કરીએ, આચાર્ય છાત્ર સૌએ.**
**તેજસ્વી હો અધીત, દિલ દોષથી રહિત,**
**દ્વિવિધ શાંતિ વરીએ, આચાર્ય છાત્ર સૌએ.**

આથી આચાર્ય - શિષ્યોના પારસ્પરિક સંબંધોને પુષ્ટિ મળતી ને મન-બુદ્ધિની અભ્યાસ માટેની તત્પરતા તથા ક્ષમતા કેળવાતી પરિણામે અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિ સુમેળભરી, સરસ ને સફળ થવા પામતી.

• • •

## સંત જ્ઞાનેશ્વર

એક વાર સંત જ્ઞાનેશ્વર સાથે મહારાષ્ટ્રની સંતમંડળી તીર્થદર્શનની યાત્રાએ નીકળી હતી. તેમાં સંત નામદેવ પણ હતા. યાત્રા પૂરી થયે તે સંતમંડળી તેર ઢોકી ગામમાં સંત ગોરાકુંભારને ત્યાં સત્સંગ માટે ઊતરી હતી.

સત્સંગના જામેલા રંગમાં ત્યાં પડેલા માટલાં ટીપવાનું ઓજાર ટપલું જોઈને સંત મુક્તાબાઈએ કહ્યું : ‘‘કાકા, માટલું પાકું છે કે કાચું, એ ટીપીને - પારખવાનું સાધન છે તો અમે પણ કાચી માટીનાં માટલાં જ છીએ. એટલે એનાથી અમને ટીપીને જરા ખાતરી કરી જુઓ કે અમારામાંથી કોણ કાચું છે કે પાકું ?’’

એટલે ગોરા કુંભારે બધા સંતોને માથે ટપલું મારીને પોતાનો નિર્ણય આપ્યો. તેમાં સંત નામદેવને માથે ટપલું મારીને કહ્યું : ‘‘આ હજી કાચો છે.’’

નામદેવે પંઢરપુર આવી આ બાબતની ભગવાનને ફરિયાદ કરી તો ભગવાને વિસોબા ખાચર પાસેથી જ્ઞાન મેળવવાનું સૂચન કર્યું. આથી

ભગવાનની આજ્ઞા માથે ચઢાવીને નામદેવ વિસોબા ખાચરને મળવા ગયા. તે વખતે વિસોબા શિવમંદિરમાં હોવાથી નામદેવ ત્યાં ગયા. ત્યારે તેમને તે ઓળખતા નહોતા. ત્યાં જઈને જોયું તો એક વૃદ્ધ માણસ શિવલિંગ પર પગ મૂકીને પડ્યો છે ! નામદેવ એ જોઈને ખિન્ન થયા ને તેને શિવલિંગ પરથી પગ ખસેડવા માટે ક્રોધથી કહ્યું. ત્યારે જવાબમાં એણે કહ્યું : ''ભાઈ, જ્યાં શિવલિંગ ન હોય ત્યાં મારો પગ ખસેડીને મૂક.''

એટલે નામદેવે એનો પગ ખસેડીને જ્યાં જ્યાં મૂક્યો ત્યાં તેને શિવલિંગ જોવા મળ્યું. આથી અચરજ પામીને એનું નામ પૂછ્યું તો તને જાણવા મળ્યું કે એ તો હતા વિસોબા ખાચર.

તરત જ નામદેવ તેમને પગે લાગ્યા. તેમના અજ્ઞાન-પડદા દૂર થયા ને તેઓ ગાઈ ઊઠ્યા -

**આતમરામ દેહધરી આયા તા મૈં હરી કૂ દેખૌં:**
**કહત નામદેવ બલિ બલિ જૈ હોં હરિ ભજી ઔર લેખૌં.**

સંત જ્ઞાનેશ્વરે પણ કહ્યું છે -

**જેં જેં ભેટે ભૂત, તેં માનિજે ભગવંત,**
**હા ભક્તિ યોગ, નિશ્ચિત, જાણ માઝા,**

ભાવાર્થ કે - ''જે જે પ્રાણી દેખાય તે તે સાક્ષાત્ પરમેશ્વર છે એમ જોવું, જાણવું ને સમજવું. એ મારો ભક્તિયોગ છે એમ નિશ્ચિત રીતે જાણો.''

• • •

## જાજલિ મુનિ

મહાભારતના કાળમાં જાજલિ નામના તપસ્વીએ ઊભા ઊભા વર્ષો સુધી અસાધારણ તપશ્ચર્યા અડગ રીતે કર્યાથી તેમને ત્રણે લોકમાં

વિહરી શકે તેવી શક્તિ પ્રાપ્ત થઈ હતી. એટલે તેમને ઘણું અભિમાન થઈ ગયું ત્યારે આકાશવાણી થઈ ને એમાં જાહેર થયું : ''હે જાજલિ ! તું ધર્મના વિષયમાં વારાણસીના તુલાધારની સમાન નથી.''

આથી ઘવાયેલા અભિમાન સાથે એ તપસ્વી તુલાધારને મળવા માટે ગયા ને તેને પૂછ્યું : ''હે મહાબુદ્ધિમાન વૈશ્ય, તું વિવિધ પદાર્થો વેચવાનો ધંધો કરે છે તો તને આવી નિષ્ઠાવાળી બુદ્ધિ ક્યાંથી મળી ? આ જ્ઞાન ક્યાંથી મળ્યું ?'' જવાબમાં તુલાધારે જણાવ્યું : ''હે તપસ્વી, અવિનાશી એવો સદ્‌વ્યવહાર - ધર્મ હું જાણું છું. એ ધર્મ છે પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીભાવથી વર્તવું. તેથી હું છળકપટ કર્યા વિના વસ્તુઓ વેચવાનો વ્યવસાય કરું છું. હું કોઈને છેતરતો નથી. મારી આજીવિકા ધર્મમય છે. હું લાભહાનિને સમાન ગણું છું. હે જાજલિ, જે પુરુષ પોતાનું કર્તવ્ય શ્રદ્ધાથી કરે છે તેને શ્રેષ્ઠ પુરુષ જાણવો. હું મારા લાભનું નથી વિચારતો, પ્રાણીમાત્રના લાભનું ચિંતન કરું છું. તેથી સદાય સત્ય બોલું છું. એટલે હું કોઈનાથી ભય પામતો નથી. હું મારું ધ્યાન સતત તુલા ઉપર રાખું છું. મારો કાંટો નિષ્પક્ષપાત છે. માટી, પથ્થર કે સુવર્ણમાં તે ભેદ જોતો નથી. મારો ગુરુ બીજો કોઈ નથી, મારો ધંધો જ મારો ગુરુ છે.''

મેં આકાશવાણી સાંભળી છે. તપસ્વી, મેં બીજું કોઈ તપ કર્યું નથી કે શાસ્ત્રોનું ય મને કંઈ મહાજ્ઞાન નથી. આખો દિવસ પ્રતિપળ મારી દૃષ્ટિ તુલા ઉપર હું રાખું છું. ત્રાજવું એક બાજુ ઝૂકી ન જાય તે સતત જોયા કરું છું. એમાંથી હું અડોલ રહેતાં શીખ્યો છું.

કઠોર તપશ્ચર્યા કર્યા છતાં તપસ્વી જાજલિને ચિત્તની સમતુલા મળી નહોતી, છતાં તે અભિમાનથી ફુલાઈ ગયા હતા. પણ બીજી બાજુ તુલાધાર તપસ્વી કે તત્ત્વજ્ઞાની નહોતો, પણ તેનું ચિત્ત અચંચળ રાખી તે સ્વધર્મ અદા કરી સમતા મેળવી શક્યો હતો. ચિત્તની સમતા જળવાય તે રીતે તે કર્મ કર્યા કરતો હતો. એની દૃષ્ટિએ એ જ મહાતપ હતું. સહજ-

પ્રાપ્ત કર્મ ચિત્તની સમતા જાળવીને કરીને તેણે ભગવદ્‌ગીતાએ પ્રબોધેલો સમત્વયોગ આચર્યો હતો.

• • •

## મુનિ સંતબાલ

સૌરાષ્ટ્રના જે વિસ્તારમાંથી ત્રણ મહાનવિભૂતિઓ - સ્વામી દયાનંદ સરસ્વતી, શ્રીમદ્ રાજચંદ્ર અને મુનિ સંતબાલ જગતને મળી તે પૈકી મુનિ સંતબાલનો જન્મ તા. ૨૬ ઑગસ્ટ, ૧૯૦૪ના રોજ ટંકારા પાસેના ટોળ ગામે થયો હતો. પિતાનું નામ નાગજીભાઈ ને માતાનું નામ મોતીબહેન. તેમનું પૂર્વ આશ્રમનું નામ તો શિવલાલ હતું. પિતાશ્રી સ્થાનકવાસી જૈન પણ માતુશ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન હતાં.

તેમણે નાનપણમાં પિતાનું છત્ર ગુમાવેલું ને અઢાર વર્ષની વયે માતુશ્રીએ તેમના વેવિશાળ માટે વચન આપી દીધેલું. પણ એવામાં માતુશ્રીનું ય અવસાન થવાથી શિવલાલ વૈરાગ્યના રંગે રંગાયા ને વેવિશાળથી બંધાયેલ કન્યાના ઘેર જઈ ને તેમણે કહ્યું : ''મેં દીક્ષા લેવાનું નક્કી કર્યું છે. તમારે સંયમમાર્ગે આવવું હોય તો મારી અનુમોદના છે અને સંસારમાં રહેવું હોય તો તમારા ભાઈ તરીકે મારા તમને આશીર્વાદ છે.'' આમ કહીને તેમણે વાગ્દતા દિવાળી નામની કન્યાને વીરપસલીની સાડી ઓઢાડી અને દિવાળીએ પણ ભાઈનું મોઢું મીઠું કરાવ્યું.

એ પછી તા. ૧૮ જાન્યુઆરી, ૧૯૨૯ના રોજ તેમણે મોરબી ખાતે સ્થાનકવાસી જૈન સંપ્રદાયના કવિશ્રી નાનચંદ્રજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરીને મુનિશ્રી સૌભાગ્યચંદ્રનું નામ ધારણ કર્યું. દીક્ષા પછી તેમની જીવનદૃષ્ટિમાં આમૂલ પરિવર્તન આવવા પામ્યું. એક વાર બેસતા વર્ષે વહેલી સવારે એક માજી તેમની આરતી ઉતારવા ગયાં હતાં. ત્યારે તેમણે કહેલું : ''માજી ! જૈન સાધુની આરતી ન ઉતારાય. માણસની આરતી ઉતારાય જ નહિ, ભગવાનની જ આરતી ઉતારાય.''

બધામાં માતાના વાત્સલ્યનું દર્શન કરતાં તેમણે ''ૐ મૈયા''ને પોતાનું જીવનસૂત્ર બનાવ્યું અને જગતનાં સઘળાં સૌન્દર્યને બાળભાવે નિહાળતા બાળક જેવા નિખાલસ ને નિર્દોષ જેવા એ સંતે 'સંતબાલ' નામ અપનાવ્યું.

તેમણે ચિંતનાત્મક ધર્મસાહિત્યવિષયક ૬૦ જેટલાં પુસ્તકો લખ્યાં છે અને પત્રકારત્વક્ષેત્રે તેમણે 'વિશ્વવાત્સલ્ય', 'પ્રયોગદર્શન' અને 'નવા માનવી' જેવાં પાક્ષિકો શરૂ કરાવ્યાં. જાહેર જીવનના કારણે તેઓ સંપ્રદાયથી જુદા થયેલા, પણ સાધુવેશ ને ગુરુ સાથેનો સંબંધ છોડ્યા નહોતા. તેમના ગુરુ તેમને 'જૈન સાધુ'ને બદલે 'જગતસાધુ' કહેતા હતા. ગાંધીજી ઢેડ ભંગીને હરિજન કહેતા, પણ મુનિ સંતબાલ તેમને 'ઋષિ' કહેતા હતા.

ભાલ નળકાંઠાના ગ્રામપ્રદેશના ખેડૂત-પીડિત લોકોની સેવા માટે તેમણે 'ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ'ની સ્થાપના ગુજરાતના મૂક લોકસેવક શ્રી રવિશંકર મહારાજના પ્રમુખપદે કરી. લોકોને જૈનધર્મના માર્ગાનુસારીના ૩૫ ગુણ જીવનમાં ઉતારવાની પ્રેરણા આપીને અંધશ્રદ્ધા છોડાવી, વ્યસન છોડાવ્યાં, શિકાર બંધ કરાવ્યા ને શોષણ-ભ્રષ્ટાચાર સામે જેહાદ જગાવી તેમણે ગામડાંને સ્વાવલંબન તરફ વાળ્યાં ને ધર્મ આધારિત સમાજનો આદર્શ આપીને રાજકારણમાં શુદ્ધિની હિમાયત કરી. આજેય 'ગુંદી આશ્રમ', 'માતૃસમાજ' 'ચીંચણી' નું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર મહાવીરનગર અને 'વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ' આદિ તેમની સ્થાપિત સંસ્થાઓ ગાંધી-વિનોબાની વિચારધારા પ્રમાણે પ્રવૃત્તિશીલ રહેલી છે. દારૂબંધી, પશુવધની બંધી, ગોવધબંધી, શાકાહારનો પ્રચાર, અસ્પૃશ્યતાબંધી ને સર્વધર્મસમભાવ - જેવા રચનાત્મક કાર્યક્રમનો પ્રચાર કરનાર આ સમાજોદ્ધારક સંત તા. ૨૬ માર્ચ, ૧૯૮૨ના રોજ કાળધર્મ પામ્યા.

• • •

## સ્વામી રામકૃષ્ણ પરમહંસ

સ્વામી રામકૃષ્ણ પરમહંસને એક વાર એક ભક્તે પૂછ્યું : ''સ્વામીજી, અમે વર્ષોથી જપતપ, પૂજાપાઠ આદિ કર્યા કરીએ છીએ તોપણ અમને પ્રભુનો સાક્ષાત્કાર કેમ થતો નથી ?''

એ સાંભળીને થોડી વાર માટે મૌન રહીને સ્વામીજીએ લાક્ષણિક રીતે જવાબ આપ્યો : ''અરે ભાઈ, તમે કદી પ્રભુ માટે વલોપાત કર્યો છે ? તેને માટે કદી રડ્યા છો ? તમે જે રીતે સ્ત્રી અને બાળકો માટે તથા સંપત્તિ તેમજ યશ પ્રાપ્તિ માટે મચો છો ને રડો છો, તેમ તમે ક્યારેય પણ પ્રભુ માટે મથામણ કરી છે કે રડ્યા છો ખરા ? જો એમ કરો તો તે તમારી સામે જ આવીને ઊભો થઈ જાય.''

• • •

## યોગી હૈડાખાની

હિમાલયના હૈડાખાની નામના એક સિદ્ધ યોગી એક વાર અલ્મોડા નજીક લશ્કરી વિભાગ તરફથી બનાવાતા એક રસ્તાના બાંધકામમાં મજદૂરીના કામમાં પથ્થર ઉપાડીને એક જગ્યાથી બીજી જગ્યાએ જઈ રહ્યા હતા.

અચાનક તેઓ એક જગ્યાએ અટકી ગયા અને હસવા લાગ્યા. એ વખતે પ્રખર પંડિત જ્વાલાદત્ત ત્યાંથી ટાંગામાં બેસી પસાર થતા હતા. એ પોતાના માન, મોભા ને હોદ્દા માટે વધારે પડતા સભાન હતા. એમને થયું કે આ મામૂલી મજૂર મારી સામે હસી રહ્યો છે ! એટલે એમણે પોતાની સાથેના ટાઇપિસ્ટને એ બાબા પાસે મોકલ્યો અને એણે બાબાને ધમકી આપી : ''ખબરદાર, સાહેબ સામે આ રીતે હસ્યો છે તો ! પોલીસને જ હવાલે કરી દઈશું તને.''

આવી ધમકી છતાં તે પછી ય બાબા તો નિર્ભય રીતે હસતા જ

રહ્યા. એમણે એ ટાઇપિસ્ટને કહ્યું : ''ભાઈ, મારું તો તમારા સાહેબ તરફ ધ્યાન પણ નથી. હું તો એટલા માટે હસી પડ્યો હતો કે બદરીનાથના મંદિરમાં સૌથી મોટો ઘંટ તૂટી પડ્યો છે. કેટલાયે મજૂરો તેને ઊંચકવાનો પ્રયત્ન કરે છે, પણ એ ઘંટ ઊંચકાતો નથી. આ જોઈ મને હસવું આવ્યું, તમારા સાહેબને જોઈને નહિ.''

આ વાત પં. જ્વાલાદત્તે જાણી તો તેમનો ગુસ્સો ઓર વધી ગયો. એમને લાગ્યું કે આ મજૂર એક તરફ મશ્કરી કરે છે ને પછી બનાવટ કરે છે.

આમ છતાં, તેમણે એ વાતની સચ્ચાઈનું પારખું કરવાનો નિર્ણય કર્યો ને ટાંગો તેમણે કાઠગોદામે લેવડાવીને ત્યાંથી ગઢવાલના ડેપ્યુટી કલેક્ટરને જવાબી તાર કરીને એ વાતની સચ્ચાઈ દર્શાવવા વિનંતી કરી. જવાબમાં ખબર પડી કે એ મજૂરે કહેલી વાત તદ્દન સાચી છે.

તો. પં. જ્વાલાદત્ત આનો પૂરો ખ્યાલ આંવતાં પછી હૈડાખાની બાબાના ભક્ત બની ગયા.

• • •

## બુલ્લાસાહેબ

સતનામી સંપ્રદાયના સ્થાપક બુલ્લાસાહેબનું મૂળ નામ બુલાકીહામ. તેઓ જાગીદાર ગુલાલસાહેબને ત્યાં તેમના ખેતરમાં નોકરી કરતા હતા.

એક વાર જાગીરદાર ગુલાલસાહેબ ખેતરનું કામકાજ જોવા ગયા. ત્યારે ખેતરમાં બળદોને હળે જોડીને ઝાડ નીચે આંખો મીંચીને બુલાકીરામ આરામ કરી રહ્યા હતા. જાગીરદારને થયું કે નોકર બુલાકી કામચોર છે. એટલે તેમણે ગુસ્સે થઈને તેની પીઠમાં જોરથી લાત મારી. એ જ પળે બુલાકીના હાથમાંથી ચારે તરફ દહીં ઊછળી પડ્યું. એ જોઈને જાગીરદાર તો આભા બની ગયા.

તે સમયે નોકર બુલાકીએ માફી માગતાં કહ્યું : ''માલિક, માફ કરજો. આજે ખેતરના કામમાં જરા વિલંબ થઈ ગયો. મેં માનસિક ભંડારો કર્યો હતો. સાધુઓને બધું જ પીરસાઈ ગયું હતું ને હું દહીં પીરસ્તો હતો ત્યાં તમે આવ્યા અને તમારી ઠોકરથી દહીંની હાંડી ફૂટી ગઈ. હવે આવી ભૂલ ફરીથી નહિ કરું, માલિક ને કામમાં ધ્યાન રાખીશ. આટલી વખત માફ કરી દો મને.''

આ સાંભળીને જાગીરદાર ગુલાલસાહેબના માલિકભાવના સંતની હાંડીની સાથે કટકા થઈ ગયા હતા. તેમણે નોકર બુલાકીના પગ પકડી લીધા ને આંસુભીની આંખે કહ્યું : ''મહારાજા, તમે જે ખેતી કરો છો તે મને શીખવો. મારા ગુનાઓ માફ કરીને મને તમારાં ચરણોમાં શિષ્ય તરીકે સ્થાન આપો.''

તે સમયે બુલાકી ઉર્ફે બુલ્લાસાહેબે જાગીરદાર ગુલાલસાહેબને ગુરુબોધ આપ્યો અને એ જાગીરદારના હૃદયમાં દીવડો ચેતી ગયો ને તે જાગ્રત થઈ ગયા.

• • •

## સ્વામી ભક્તિપ્રિય કોઠારી

સ્વામીનારાયણ સંપ્રદાયના સાત્ત્વિક સંત કોઠારી ભક્તિપ્રિય સ્વામી પાસે એક વાર મનીષ ગોહિલ નામનો એક ગરીબ છોકરો પસ્તીનાં બંડલ લઈને મળવા ગયો.

એ ગરીબ છોકરો પસ્તી વેચાતી લઈને તેને જથ્થાબંધ વેચવાનું કામ કરીને અજીવિકા કમાતો હતો. એક વાર તેણે વેચાતી લીધેલી પસ્તીના અંગ્રેજી ને હિંદી છાપાંની જુદી જુદી થપ્પી બનાવતાં અચાનક એમાંથી સો સોની નોટોનાં ચાલીસ હજાર રૂપિયાનાં બંડલો નીકળ્યાં. એટલે એ પસ્તી તથા રૂપિયાની નોટોનાં બંડલો લઈને એ સ્વામીજી પાસે માર્ગદર્શન માટે ગયો હતો.

સ્વામીજીએ વહાલથી તેને કહ્યું : ''જો ભાઈ, તું યાદ કર કે આ પસ્તી ક્યાંથી વેચાતી લઈ આવ્યો છે ને તું ત્યાં જઈને મળેલ એ રૂપિયાનાં બંડલ પાછાં આપી આવ. આપણાથી એ રૂપિયા ન રાખી શકાય.''

સ્વામીજીની સલાહ મુજબ એ ગરીબ છોકરો જ્યાંથી એ પસ્તી લીધેલી તે કિશોર ફોટો સ્ટુડિયોવાળા સિંધી વેપારીને એ રૂપિયા પાછા આપવા માટુંગા પહોંચ્યો ને એમના ચરણે એ ચાલીસ હજાર રૂપિયાની નોટોનાં બંડલ મૂક્યાં. એ વેપારી તો હરખાઈ ગયો ને એ છોકરાને મોટું ઈનામ એણે આપવા માંડ્યું. ત્યારે એ છોકરાએ નમ્રભાવે કહ્યું : ''અમારા ગુરુનો ને સંતોનો આદેશ છે કે અમારે માત્ર કર્તવ્ય બજાવવાનું હોય છે. ફળની આશા રાખવાની હોતી નથી. હરામનું કંઈ ન લેવાય.''

આપણા કવિ ઉમાશંકરે જોષીએ લખેલી પંક્તિઓ સ્મરણીય છે -

**મોટાઓની અલ્પતા જોઈ થાકયો,**
**નાનાની મોટાઈ જોઈ જીવું છું.**

એલેક્ઝાંડર ડૂમાએ પણ કહ્યું છે : ''વી.આઇ.પી. બનતાં બનતાં પોતાની, દેશની ને પરિવારની નૈતિકતાને ઊધઈની જેમ કોતરવા કરતાં સામાન્ય સ્તરે (જી.આઈ.પી.) રહીને રાષ્ટ્રની ને કુટુંબની ચરિત્ર-નિષ્ઠાને મજબૂત કરવી એ જગતની સૌથી મોટી સેવા છે.'' મોટા માણસ તો ઘણા છે, પણ તેમનામાં સાચી મોટાઈ ક્યાં હોય છે ?

• • •

## સંત એકનાથ

સંત એકનાથનો દરરોજ ગોદાવરીમાં સ્નાન કરવાનો નિયમ હતો. એક વાર તે ગોદાવરી તટે સ્નાન કરીને પાછા આવતા હતા ત્યારે રસ્તામાં જે એક દુષ્ટ પઠાણનું ઘર આવતું હતું અને જેનો સ્વભાવ હેરાન કરવાનો હતો તેણે પોતાના ઘરના માળ પરથી સ્નાન કરીને પાછા જતા સંત એકનાથ પર કોગળો કર્યો ને મેલું પાણી રેડ્યું. એટલે સંત તો બીજી

વાર સ્નાન કરવા ગયા. બીજી વાર પણ પાછા ફરતી વખતે એ પઠાણે ફરીથી એવું કર્યું. આથી એ સંત ફરીથી ગોદાવરીમાં સ્નાન કરવા ક્રોધે ભરાયા વિના ગયા. આમ, એ દુષ્ટ પઠાણે એકસો આઠ વાર કર્યું, છતાં એ સંત તો શાંતચિત્તે કંઈ પણ બોલ્યા કર્યા વગર સ્નાન માટે જતા હતા.

છેલ્લે એકસો આઠમી વાર સ્નાન કરીને સંત આવ્યા ત્યારે પેલો પઠાણ તેમના પગમાં ઝૂકી પડ્યો ને બોલ્યો : ''તમે માણસ નથી, પણ માણસના રૂપમાં દેવતા છો...''

જવાબમાં હસીને સંત બોલ્યા : ''અરે ભાઈ ! તમારે પસ્તાવાની જરૂર નથી. તમારે લીધે તો મને ૧૦૮ વાર ગોદાવરી સ્નાનનું પુણ્ય મળ્યું છે. એ તમારો ઉપકાર,'' એમ કહી સંત એ પઠાણને ભેટી પડ્યા. પઠાણની આંખમાં આંસુ ઊભરાઈ ગયા.

• • •

## ભગવાન શ્રીકૃષ્ણ

મહાભારતના ભયંકર યુદ્ધ ટાણે કુરુક્ષેત્રના સમરાંગણમાં એક બાજુએ પાંડવોની ને બીજી બાજુએ કૌરવોની સેના સામસામે લડવા માટે તત્પર થઈને ખડી છે. યુદ્ધની તૈયારીનાં દુંદુભી વાગી રહ્યાં છે ને લાખો લોકો પરસ્પરને મારવાને તૈયાર થઈને ઊભા છે.

એમાં કોણ બચશે ને કોણ મરશે તેનો ખ્યાલ આવી શકે તેમ નહોતું. તેવા ભીષણ ધમસાણવાળા યુદ્ધક્ષેત્રમાં એક ટીટોડીએ માળો કર્યો હતો. એમાં એનાં બચ્ચાં હતાં. જમીન પરનો એ માળો એ યુદ્ધના ધમસાણમાં ઘડીમાં રોળાઈ જાય એવી સ્થિતિ સર્જાઈ હતી. કેમ કે એ યુદ્ધમાં કોઈ હાથી; ઘોડા કે યોદ્ધાની પગની ઠેસ વાગે ને એ માળો ખેદાનમેદાન થઈ જાય ને એનાં બચ્ચાં જાન ગુમાવી દે.

આમ છતાં, એ ટીટોડીને ભગવાનમાં શ્રદ્ધા હતી કે ભલે મોટું યુદ્ધ થાય, શસ્ત્રો ખખડે ને હજારો હાથી, ઘોડા ને યોદ્ધાઓ યુદ્ધમાં રોળાઈ

જાય, પણ કરુણાસાગર ભગવાન મારું ને મારાં બચ્ચાંઓનું અવશ્ય રક્ષણ કરશે જ.

આવી એની અડગ શ્રદ્ધા હતી. એટલે યુદ્ધમાં એક અદ્‌ભુત ઘટના બની. યુદ્ધ માટે ઉન્મત્ત બનેલો એક હાથી રણમેદાનમાં દોડી રહ્યો હતો. તેના ગળામાં એક મોટો ઘંટ એને શૂરાતન-પાનો ચઢાવવા માટે બાંધેલો હતો. કંઈક એવું અકળ બન્યું કે એ ઘંટ દોડતા હાથીના ગળામાંથી તૂટી પડ્યો ને તે પણ એ ટીટોડીના માળા ઉપર જ એવી રીતે પડ્યો કે ન તો માળો છૂંદાયો કે ન તો ટીટોડી કે તેનાં બચ્ચાં કચડાયાં. એ મોટો ઘંટ તો જાણે માળાનું બખ્તર બનીને જ પડ્યો ને તેથી એ ટીટોડી ને બચ્ચાં સહીસલામત થઈ ગયાં.

મહાભારતના એ યુદ્ધમાં પાંડવો જીત્યા. સૈન્યો, હાથી, ઘોડા ને રથોનો ભારે કચ્ચરઘાણ નીકળી ગયો હતો ને કેવળ પાંચ પાંડવો ને ભગવાન શ્રીકૃષ્ણ જ બચ્યા હતા. અર્જુનને થયેલું કે મારે લીધે આ થવા પામ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણને અર્જુનના આ અભિમાનનો ખ્યાલ આવી ગયો, કેમ કે તે તો અંતર્યામી હતાં.

એટલે એના અહંભાવનું નિરસન કરવા ભગવાન શ્રીકૃષ્ણ એને રણમેદાનમાં ટીટોડીના માળા પાસે લઈ ગયા અને એ માળો તથા ટીટોડી બચ્ચાં સાથે બચી ગયેલાં જોઈને ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું : ‘‘જો અર્જુન, આ ટીટોડી ને એનાં બચ્ચાંને મારામાંની એની શ્રદ્ધાએ બચાવ્યાં છે. બાકી આ ભીષણ યુદ્ધમાં કોણ કોને મારી કે બચાવી શકે ? માનવી ફોગટ ફુલાય છે કે મેં આ કર્યું ને મારા વગર આ થાત નહિ. સાચી વાત એ છે કે પ્રભુ જ સર્વ કંઈ કરે છે, પણ ફક્ત કોઈને એનું નિમિત્ત બનાવે છે એટલું જ.’’ આ સાંભળી અર્જુનનું અભિમાન ઓગળી ગયું ને એ શરમાઈ ગયો.

• • •

# ભગવાન શ્રીરામ

ભગવાન શ્રીરામ ચૌદ વર્ષના વનવાસ પછી રાવણવધ બાદ આયોધ્યા પાછા ફર્યા અને એમનો રાજ્યાભિષેક થઈ ગયો એ પછી તેઓ મંથરા પાસે ગયા.

તેમને આવેલા જોઈને મંથરા તો કંપી ઊઠી. તેને થયું : ચૌદ વર્ષનો વનવાસ આપી શ્રી રામચંદ્રજી અને રાજા દશરથના પરિવારને તેમજ સમગ્ર રાજ્યને અનહદ મુસીબતો આપનાર મારા જેવી પાપી સ્ત્રીને તેઓ જરૂર મૃત્યુદંડ જ આપશે. મારી હવે કોઈ સલામતી નથી. રઘુકુળને કલંક લગાડનારી મને હવે અવશ્ય ભારે સજા થશે.

બધે રામરાજ્યની સ્થાપનાનું પર્વ ધામધૂમથી ઉજવાઈ રહ્યું છે. બ્રાહ્મણો વેદમંત્રો ઉચ્ચારી રહ્યા છે. એના રંગમાં ભંગ પાડનાર દુષ્ટ મંથરા જ શરૂઆતના અવસરે હતી.

એવામાં ભગવાન રામચંદ્રજી મંથરાની નજીક આવ્યા ને બોલ્યા : ''મંથરા ! તમે આ નાનકડી ઝૂંપડીમાં કેમ રહો છો ? ચાલો, રાજમહેલમાં ચાલો. અમે તો તમારા ખોળામાં રમ્યા છીએ. શું તમે અમને ભૂલી ગયાં ? અમારાથી દૂર કેમ રહો છો ?''

આ સાંભળીને મંથરા તો ચકિત જ થઈ ગઈ. તેને વિશ્વાસ ન બેઠો. જેમને મેં કૈકેયીને ચઢાવીને વચન મંગાવી વનમાં મોકલ્યા એ રામ શું મને કહી રહ્યા છે - ''અમે તમારા ખોળામાં રમ્યા છીએ. અમારા રાજમહેલમાં તમે રહેવા આવો.''

પણ ખરેખર તેવું જ થયું. અપકાર પર ઉપકાર કરનાર ભગવાન રામચંદ્રજી હતા.

• • •

# સંત હઝરત અબ્દુલ કાદિર

જાણીતા સૂફી સંત હઝરત અબ્દુલ કાદિર જીલાની 'પીરાને પીર' એટલે કે પીરના યાને પીર યો સંત શિરોમણિ ગણાય છે. એમને મહીયુદ્દીન એટલે કે ધર્મને જીવંત રાખનારની ઉપાધિ અપાયેલી. પયગંબર સાહેબના કુળમાંથી આવેલા એમના પિતાનું નામ અબુ સાલેહ મુસા જંગી દોસ્ત ને માતાનું નામ ફાતિમા. એમની માતાની ૬૦ વર્ષની વયે તેમનો જન્મ હિજરા ૪૭૦માં ઈરાનના જિલાન નામના સ્થળે થયો હતો. એમનાં પ્રવચનો સાંભળીને લાખો લોકો અસત્યનો માર્ગ છોડીને સત્યના માર્ગે ચાલવા માંડ્યા હતા. એમને "ગૌસે આઝમ"ના નામથી ઓળખવામાં આવે છે. એમનો સંદેશો સરળ હતો - "દરેક ક્ષણે ખુદાથી ડરતા રહો. દિલમાં કપટ, લુચ્ચાઈ ન રાખો અને સચ્ચાઈનો રસ્તો ન છોડો."

કદાચ ગૃહસ્થજીવનની સાંકળો તેમની સાધનામાં બાધક બને એ દૃષ્ટિએ તેમણે મોડાં લગ્ન કર્યાં હતાં.

થોડા મોટા થયા પછી એમણે ધર્મનું જ્ઞાન મેળવવા મા પાસે બગદાદ જવાની પરવાનગી માંગી, ત્યારે માતાએ શિખામણ આપી હતી - "કોઈ પણ હાલતમાં સાચું બોલવાનું છોડતો નહિ. ગમે તે સંજોગોમાં સાચું જ બોલજે." આવા આશીર્વાદ સાથે તે બગદાદ જવા નીકળ્યા. રસ્તામાં એક જગ્યાએ ડાકુઓનો તેમને ભેટો થયો. ડાકુઓએ એમના કાફલાના ઘણા લોકોને મારી નાખ્યા ને લૂંટી લીધા. એવામાં એક ડાકુ અબ્દુલ કાદિર પાસે આવ્યો ને એમની પાસે જે માલ હોય તે જણાવી દેવા તેમને તાકીદ કરી.

એટલે માતાની સાચું બોલવાની શિખામણ મુજબ એણે સાચે-સાચું કહી દીધું : "મારી પાસે ચાલીસ દીનાર છે." બીજા લોકો પોતાની

પાસેના માલની વાત છુપાવતા હતા ત્યારે અબ્દુલ કાદિરે સાચી વાત કહી, એ જોઈ નવાઈ પામી તે ડાકુ તેને પોતાના સરદાર પાસે લઈ ગયો.

સરદારે ચાલીસ દીનાર બતાવવા જણાવ્યું. એટલે એણે માએ જેમાં તે સંતાડીને રાખ્યા હતા તે ગોદડી તેણે સરદારને આપી. એમાંથી ચાલીસ દીનાર નીકળતાં સરદારે તેને સાચું બોલવાનું કારણ પૂછ્યું. ત્યારે તેણે કહ્યું : ''મારી માએ મને હંમેશા સાચું બોલવાની શિખામણ આપી છે. તમે દીનાર લઈ શકો છો. મને દીનાર કે માલ પર નહિ પણ માર રબ (ખુદા) પર ભરોસો છે.'' ડાકુઓએ ખુશ થઈ તેને છોડી મૂક્યો.

હઝરત ગૌસે આઝમની કબર બગદાદમાં આવી છે. પણ અમદાવાદના જમાલપુરમાં એમના વંશજની કબર આવેલી છે.

• • •

## સંત રાબિયા

એક વાર જંગલમાં જંગલી જાનવરો ને પક્ષીઓની વચ્ચે રહેતી સૂફી સંત રાબિયાને હસન બસરી નામના ધર્મોપદેશક મળવા માટે ગયા હતા. તેમને જોઈને તરત ત્યાં વિહાર કરતાં પશુપક્ષીઓ ભયભીત થઈને ભાગી ગયાં. આ બાબતમાં તેમણે ફરિયાદ કરતાં રાબિયાએ તેમને કહ્યું : ''જુઓ, તમે આ પશુપક્ષીઓને મારીને તેમનું માંસ ખાવ છો એટલે તેઓ તમારાથી ડરે ને ભાગી જાય તે સ્વાભાવિક જ છે. જ્યારે હું માંસ આરોગતી નથી, એટલે મારી આસપાસ તેઓ નિર્ભય રીતે વિહરતા હોય છે.''

બીજી એક વાર રાબિયાએ કહેલું : ''જુઓ, ખુદાના પ્રેમનું મારા પર એવું ને એટલું બધું પ્રભુત્વ છે કે તેના સિવાય મારા દિલમાં બીજા કોઈની દોસ્તી કે દુશ્મની માટે જગ્યા જ નથી.'' આવી હતી તેની એકનિષ્ઠ ઈશ્વરભક્તિ.

એક વાર રાબિયાએ એક સંતને મીણબત્તી, સોય અને વાળ મોકલીને કહ્યું : ‘‘જુઓ, મીણબત્તી જેમ જાતને બાળીને અન્યને પ્રકાશ આપે છે, સોય જેમ પોતે નગ્ન રહીને કપડાં સીવી બીજાનાં શરીર ઢાંકે છે - તે પ્રમાણે તમે પણ નિ:સ્વાર્થભાવે લોકોની સેવા કરો તો તમે પણ વાળની જેમ લચીલા ને નિર્ભય થઈ જશો.’’

એક વાર એક વૃદ્ધ સંતે રાબિયાનાં ફાટેલાં-તૂટેલાં કપડાં જોઈને શિષ્યો પાસેથી સારાં કપડાં મેળવી લેવા તેને કહ્યું ત્યારે તેણે કહેલું : ‘‘દુનિયાનો જે માલિક છે તે જ બધાને આપે છે તો હું શા માટે બીજા પાસે ચીજો માંગુ ? જે તકલીફ ખુદાએ આપી છે તે માટે હું શા માટે ફરિયાદ કરું ? માલિકની મરજી વગર પોતાની મરજીથી કંઈ કરવું એ નાસ્તિકતા છે.’’

એક વાર બિન-દીનાર નામના શ્રીમંત રાબિયાને મળવા આવેલા, તેમણે તેની પાસે વાપરવા માટે, પાણી પીવા માટે તૂટેલું પાત્ર, બેસવા માટે જૂનું કંતાન ને ઓશીકા માટે ઈંટ જોઈને તે શ્રીમંતે અમીર મિત્રો પાસે એને વાપરવા માટે સારી ચીજો મેળવી આપવા જણાવ્યું. ત્યારે રાબિયાએ એનો અસ્વીકાર કરતાં કહેલું : ‘‘શું મને, તમને અને અમીરોને આપનારો એક નથી ? શું તે આપણને ભૂલી ગયો છે અને અમીરોને યાદ રાખે છે ?’’

બીજા એક પ્રસંગે ઈલ્મી તરીકે પ્રખ્યાત એવા સંત હસન બસરી રાબિયાને મળવા આવ્યા, તે ગૂઢવિદ્યાના જાણકાર હતા. રાબિયાની પરીક્ષા કરવાની ઇચ્છાથી કે ગમે તે કારણે તેમણે વહેતી નદી ઉપર નમાજી ચાદર બિછાવીને રાબિયાને કહ્યું : ‘‘આવો રાબિયા, આપણે આ ચટાઇ પર બેસી નમાજ પઢીએ.’’

રાબિયાને એ ઇલ્મી સંતની યુક્તિનો ખ્યાલ આવી ગયો. એટલે તેમનું અભિમાન દૂર કરવા માટે તેણે પોતાની ચટાઈ હવામાં ઉછાળીને

સ્થિર કરી બિછાવી દીધી ને એમને કહ્યું : ''આવો હસન, આપણે આકાશમાં ઊંચે રહેલી ચટાઈ પર નમાજ પઢીએ, જેથી તેને કોઈ જોઈ ન શકે.''

એ સાંભળી હસનનો ગર્વ ઊતરી ગયો. એટલે તેને હતાશ થયેલો જોઈને રાબિયાએ કહ્યું : ''જુઓ હસન ! તમે જે કર્યું એ તો એક માછલી-એ કરી શકે છે અને મેં જે કર્યું એ તો એક માખી પણ કરી શકે છે. મૂળ વાત તો એ બંનેથી ક્યાંયે ઊંચી છે અને તે છે કશી ય સિદ્ધિના દાવા કે પ્રસિદ્ધિના મોહ વગર સાચા દિલથી કરેલી પ્રાર્થના. એવી પ્રાર્થના સાતે સ્વર્ગ ભેદીને સીધી જ ઈશ્વરના દરબારમાં પહોંચી જાય છે, કેમ કે

સચ્ચી પુકાર હૈ તો બેડા પાર હૈ.

• • •

## સંત મેઈજી

જાપાનના સંત મેઇજીને મળવા માટે એક વખત ત્યાંના ક્યોટોના રાજ્યપાલ કિટાગાકી ગયા હતા.

તેમણે એ સંતના નિવાસે જઈને સંતના શિષ્ય કેઉચી દ્વારા પોતાનો રાજ્યપાલ તરીકેનો પરિચયપત્ર સંત પાસે મોકલ્યો ને તેમને મળવાની ઇચ્છા દર્શાવી.

સંતે એ પરિચયપત્ર જોઈને એ બાજુમાં મૂકી દીધો ને શિષ્ય દ્વારા કહેવડાવ્યું : ''જુઓ, કહી દો એમને કે હું એમને મળવા નથી ઇચ્છતો અને મારી પાસે સમય નથી.''

એ સાંભળીને રાજ્યપાલને આઘાત લાગ્યો. પણ તરત જ તેમને ખ્યાલ આવ્યો ને પછી એક સાદા કાગળ પર પોતાનું માત્ર નામ લખ્યું ને હોદ્દો તથા ડિગ્રીઓ ન લખ્યા અને એ મોકલીને પોતાની દર્શન કરવાની ઇચ્છા સંતને દર્શાવી.

સંતે તરત જ કહ્યું : ''અરે ! એમને તો હું મળવા આતુર છું. મળવા બોલાવો.''

પછી તો રાજ્યપાલ સંતને મળવા ગયા ને સંતે એમની સાથે કલાક સુધી સત્સંગ-વાર્તાલાપ કર્યો.

આ રીતે રાજ્યપાલ નમ્રતા ને શ્રદ્ધાનો ધર્મપાઠ સંત પાસેથી ત્યારે શીખ્યા.

• • •

## ઈસુખ્રિસ્ત

એક વાર ઈસુખ્રિસ્તે એક જિજ્ઞાસુના પ્રશ્નના ઉત્તરમાં કહ્યું : ''જુઓ, જો એક જ ઘરમાં રહેતા બે જણ શાંતિપૂર્વક જીવે તો એવું બને કે તેઓ પર્વતને ખસવાનું કહે અને પર્વત ખસે. જે ઘરમાં સરળતાનો દુકાળ છે, તે ઘર ગરીબ છે. જે ઘરમાં અહંકારની આણ છે તે ઘર રોગી છે. જે ઘરમાં હરામનો પૈસો દાખલ પડી જાય છે તે ઘર 'માલદાર તબાહી' માણે છે.''

• • •

## મહાત્મા રામાનુજાચાર્ય

એક વાર સંત રામાનુજાચાર્ય ભગવાનની સેવાપૂજા કરતી વખતે ભગવાનના શ્રીવિગ્રહને સ્નાનાદિ કરાવીને લૂછતા હતા. એમ લૂછતાં લૂછતાં તેમને આભાસ થયો કે ભગવાનની પીઠ ઉપર ઘા વાગ્યો છે.

તે જાણીને તેઓ તો થરથર ધ્રૂજવા લાગ્યા અને બોલી ઊઠ્યા - ''પ્રભુ ! પ્રભુ ! આ શું ? આપની પીઠ ઉપર ઘા ?''

ભગવાને ત્યારે કહ્યું : ''હા, મને ઘા વાગ્યો છે ને તેં જ એ માર્યો છે.''

સંતે કહ્યું : 'અરે શું ? હું આપને કઈ રીતે મળી શકું ?''

ભગવાને કહ્યું : ''તેં જ મારી પીઠ ઉપર ઘા કર્યો છે.''

સંતે પૂછ્યું : ''પ્રભુ ! મારાથી આવો ઘોર અપરાધ કેવી રીતે થઈ ગયો ?''

ભગવાને કહ્યું : ''જો, તું જ્યારે ખંડન-મંડન કરે છે ત્યારે ભક્તિ વગેરેનું મંડન કરે છે અને બીજાનું ખંડન કરે છે. બીજાના રૂપમાં પણ હું તો છું જ. સમગ્ર બ્રહ્માંડ જ્યારે મારું જ સ્વરૂપ છે તો બીજાનું ખંડન એ મારું જ ખંડન થયું. એટલે જ મારી પીઠ ઉપર આ ઘા વાગ્યો છે.''

એ પછી પંડિત શ્રી રામાનુજાચાર્યે ક્યારેય ખંડન કરી કોઈને દોષિત ઠરાવ્યા નહોતા.

• • •

# સાહિત્ય

## માર્ક ટ્વેન

એક વાર સુપ્રસિદ્ધ લેખક માર્ક ટ્વેન પોતાના ભાષણના કાર્યક્રમ અંગે એક શહેરમાં ગયા હતા. સંજોગોવશાત્ તેમને દાઢી કરાવવા માટે ત્યાંની એક સલૂનમાં જવાનું થયું.

સલૂન-દુકાનના બોલકણા નાઈએ દાઢી કરતાં તેમને કહ્યું : ''સાહેબ, આપ જાણો છો ? આજે અહીં શહેરમાં માર્ક ટ્વેન નામના વિદ્વાનનું સાંજના ભાષણ છે, તમે જરૂર જજો, પણ અગાઉથી ટિકિટ ખરીદી લેજો. નહિ તો જગ્યા નહિ મળે ને તમારે ભારે ભીડ વચ્ચે ઊભા ઊભા ભાષણ સાંભળવું પડશે. તમે ટિકિટ ખરીદી છે કે નહિ ?''

''ના ભાઈ, મેં હજુ ટિકિટ નથી ખરીદી.''

એ સાંભળી નાઊ બોલ્યો : ''તો તો તમારે ઊભા જ રહેવું પડશે.''

''ભાઈ, મારે તો માર્ક ટ્વેનના ભાષણમાં ઊભા જ રહેવું પડે છે,

એ મારી કમનસીબી છે.''

નાઈ તો જોતો જ રહ્યો. પણ પાછળથી એ જ વ્યક્તિ માર્ક ટ્વેન હોવાની ખબર પડી ત્યારે તો તે શરમિંદો થઈ ગયો. અને થયેલાં ગતકડાં બદલ હસી પડ્યો.

એક બીજા પ્રસંગે એ સાહિત્યકાર તેમના એક મિત્રને એક વાર મળવા ગયા. તે મિત્રની એક આંખ સાચી ને અસલી હતી, પણ બીજી આંખ નકલી એટલે કે કાચની હતી.

ત્યાં બીજાય મિત્રો એકઠા થયા હતા. એમની વચ્ચે એક શરત બકવાની વાત થઈ કે મિત્રની કયી આંખ નકલી છે ને કઈ આંખ અસલી છે - તે જે સાચી રીતે કહી આપે તેને બસો પાઉન્ડનું ઇનામ આપવાનું નક્કી થયું.

એ શરતમાં માર્ક ટ્વેઇનની જીત થઈ, કેમ કે તેણે તે મિત્રની નકલી આંખ અને અસલી આંખ બરાબર કહી બતાવી ને એ માટે એણે જે કસોટી રાખી હતી તે એ હતી કે જે આંખ બીજાનું દુઃખ જોઈને ભીની થાય ને આંસુ સારે તે અસલી ને સાચી આંખ ને જે એ રીતે અશ્રુભીની ન થાય તે નકલી આંખ.

ત્યારે માર્ક ટ્વેઇને તો વળી એમ પણ કહ્યું કે જે માણસની સાચી આંખ પણ પરદુઃખે અશ્રુભીની ન થાય તે માનવ નામને લાયક જ નથી.

વળી, એક વાર હાસ્યલેખક એક દેવળમાં 'દાન' પરનું પ્રવચન સાંભલવા ગયા હતા. પાદરીના ભાષણથી પ્રભાવિત થઈને તેમણે પોતાના ખિસ્સામાંના દસ ડૉલર દાનમાં આપવા વિચાર્યું. પણ પ્રવચન દરમિયાન તેમને થયું કે દસ ડૉલરને બદલે પાંચ ડૉલર દાનમાં આપવાથી ચાલી શકશે, કેમ કે દસ ડૉલર આપવાની વાત કોઈની સાથે થઈ જ નથી.

થોડી વાર પછી તેને થયું કે પાંચ ડૉલરને બદલે અઢી ડૉલર દાનમાં આપવા બસ થઈ પડશે. પણ વ્યાખ્યાન પૂરું થયે તેને લાગ્યું કે બીજા બધા તો કદાચ અડધો જ ડૉલર દાનમાં આપશે, એટલે પોતે એક ડૉલરનું દાન કરે તો ય પૂરતું થઈ પડશે. ને એ બીજા કરતાં વધારે હશે.

છેવટે જ્યારે ખરેખર દાનપાત્ર તેની સમક્ષ આવ્યું ત્યારે તેને થયું : ''અરે, આ પાદરીએ તો પ્રવચનમાં મારો એક કલાક બગાડ્યો છે, તેનું શું ?''

આમ વિચારીને તેણે કંઈપણ દાનમાં આપવાને બદલે દાનપાત્રમાંથી એક ડૉલર ઉપાડી લીધો ને બોલ્યા : ''કોણ જુએ છે ?''

• • •

## રેહાના તૈયબજી

પ્રખર દેશભક્ત ને રાષ્ટ્રીય કૉંગ્રેસના માજી પ્રમુખ અબ્બાસ તૈયબજીને ત્યાં વર્તમાન સમયના અનોખા કૃષ્ણભક્ત, સૂફીસંત ને ગાંધીજીની આશ્રમપ્રણાલીની સાદાઈને વરેલા એવાં દીકરી રેહાનાનો જન્મ તા. ૨૬ જાન્યુઆરી, ૧૯૦૧ના રોજ થયાં હતાં અને તા. ૨૭ મે ૧૯૭૫ના રોજ દિલ્હીમાં શ્રીકૃષ્ણ શરણ થયો હતો. તેમના મનમાં કોઈ કોમી ભેદભાવ નહોતો. જન્મથી જ તેમનામાં સંગીતના અનોખા સંસ્કાર એવા હતા કે જન્મ ટાણે તેમનું રુદન પણ સંગીતમય હતું ને બે વર્ષની તેમની વયે તો તેઓ ગીતકવિતા સંગીતલય રીતે ગાતાં હતાં. એ પછી તો ગાંધીજીને ય તેઓ ભજનો સંભળાવતાં. તેમના મધુર કંઠે ગવાયેલાં ભજનો કવિવર ટાગોરને ય ઘણાં ગમ્યાં હતાં. તેઓ, વાંસળી પણ સરસ રીતે વગાડી શકતાં, ભગવાન શ્રીકૃષ્ણની ભગવદ્‌ગીતા ને વાંસળી તેમને અત્યંત પ્રિય હતાં. તેમણે વાંસળીના સૂર સાથે ગાયેલું ભક્ત કવિ નરસિંહ મહેતાનું પદ -

**આ રૂડી ને રઢિયાળી રે વહાલા તારી વાંસળી રે**

**આ મીઠી ને મધુરી રે વહાલા તારી મોરલી રે.**

ગાંધીજી તથા કવિવર ટાગોરનેય ઘણું પ્રિય થઈ પડેલું. વળી, 'મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઈ' ભજન પણ તેઓ દર્દીલા કંઠે ગાતાં હતાં. શ્રીકૃષ્ણમય એવાં તેમની પાસે ભગવાન શ્રીકૃષ્ણનો ફોટો સદાય રહેતો હતો. લોકો તેમને ''આધુનિક મીરાંબાઈ'' કહેતા હતા. તેમને મન ભગવાન શ્રીકૃષ્ણ ને ખુદા એક જ હતા. ને ગીતા તથા કુરાનમાં તે ભેદ ન જોતાં, ત્યારે તેઓ વડોદરામાં રહેતાં ને 'મીરાંબાઈ વડોદરા'નું સરનામું માત્ર કરેલું હોય તોય તે પત્રો તેમને મળી જતાં. તેમણે અંગ્રેજીમાં પોતાની ૨૪ વર્ષની વયે લખેલ 'Heart of Gopi' નામક કાવ્યગ્રંથનો ગુજરાતી અનુવાદ સાક્ષરવર્ય બ.ક.ઠાકોરે ''ગોપીહૃદય'' નામથી કર્યો છે. તેઓ આજીવન અપરિણિત રહ્યાં હતાં. ઈ.સ. ૧૯૨૧માં ભરાયેલ કૉંગ્રેસ અધિવેશનમાં તેમણે ગાયેલ ભજનગીતો સાંભળીને લોકો મુગ્ધ થયેલાં. તેઓ નમ્રભાવે કહેતાં : ''મારામાં મીરાં જેટલું સમર્પણ, ત્યાગ ને ભક્તિ ક્યાં છે ? ભજનો જ મારા ગુરુરૂપે છે. તે જ્યારે શબ્દરૂપે પ્રગટે છે ત્યારે હું લખું છું ખરી, પણ તેનો ભાવાર્થ હું પોતે પણ સમજતી નથી. કોઈ અશરીરી શક્તિ યા વ્યક્તિ મને માધ્યમ બનાવીને મારી પાસે લખાવી જાય છે. મારે મન સંગીત એ જ શ્રીકૃષ્ણ છે.''

• • •

## રાષ્ટ્રપ્રમુખ કવિ હોમીચિહ્ન

એક વાર વિયેતનામના માજી રાષ્ટ્રપતિ ને ક્રાંતિકારી કવિ હોમીચિહ્ન ભારતની મુલાકાતે પધાર્યા હતા. તેઓ રાષ્ટ્રપતિ બન્યા. પછી ય મોટા મહેલમાં રહેવાને બદલે નાની જર્જરિત ઝૂંપડીમાં રહેતા હતા. એવા તેઓ સેવાભાવી ને સાદાઈના ચાહક હતા. તેઓ તાડછામાંથી બનાવેલી હેટ અને ટાયરનાં ચંપલ પહેરતા હતા.

ગાંધીજીની વિચારધારામાં તેમને અનન્ય શ્રદ્ધા હતી. તેમના સન્માન-સમારંભમાં વક્તાઓએ તેમને ગાંધીજી સાથે સરખાવ્યા ત્યારે તે તેમને ન રુચતાં તેમણે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું : ''અહીં મહાત્મા ગાંધી સાથે મારી સરખામણી થઈ છે. પણ મને તે યોગ્ય લાગતું નથી, ક્યાં મહાત્મા ગાંધીજીનું ભવ્ય વ્યક્તિત્વ અને ક્યાં હું ? હા, હું ક્રાંતિકારી જરૂર છું. અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગાંધીજીનો શિષ્ય પણ છું, પણ તેથી મારી સરખામણી ગાંધીજી સાથે કરી શકાય નહિ.''

આવી તેમની ઉમદા નમ્રતા હતી.

• • •

## વિખ્યાત સર્જક મુલ્કરાજ આનંદ

માર્ક્સવાદીમાંથી ગાંધીવાદી બનેલા વિખ્યાત સાહિત્યસર્જક મુલ્કરાજ આનંદ હૈદ્રાબાદના નિઝામે ભેટ આપેલ મુંબઈ-પૂના એક્ષપ્રેસ હાઈવે પર ખંડાલાના પંદર નંબરના ફાર્મહાઉસમાં જીવનની આખરી અવસ્થામાં રહેતા હતા. તે ફાર્મહાઉસનું નામ 'સર્વોદયસભા'ને 'ખેડે તેની જમીન' ના સિદ્ધાંત મુજબ ત્યાં દસેક માળીઓને કુટુંબસહિત તેઓ રાખતા હતા.

તેમણે તેમની પ્રખ્યાત ને કીર્તિદા ''અનટચેબલ' નામની અંગ્રેજી નવલકથા સાબરમતીને કિનારે ગાંધીઆશ્રમમાં લખી હતી અને એની પ્રસ્તાવના વિશ્વવિખ્યાત સાહિત્યકાર ઇ.એમ. ફોસ્ટરે લખેલી હતી. એ નવલકથા એમણે ગાંધીજીને વંચાવી હતી અને ૨૭૫ પાનાંના એ પુસ્તકને મઠારી આપીને ગાંધીજીએ જરૂરી કાપકૂપ કરી અડધું કરી આપેલું. હરિજનઉદ્ધાર પર લખાયેલી એ નવલકથા ગાંધીજીને ખૂબ પ્રિય હતી. એનો ગુજરાતી અનુવાદ 'અછૂત' નામે થયેલો છે.

એ નવલકથા ગાંધીજીને વાંચી સંભળાવવા લેખક આનંદ ખુદ લંડનથી અમદાવાદ આવ્યા હતા અને એ જૂના દિવસોમાં બળદગાડામાં

બેસીને ગાંધીઆશ્રમે તે ગયા હતા. એ લાલઘૂમ ઉનાળાના દિવસો હતા અને લેખકે લાલ કોટ પહેર્યો હતો.

એ જોઈને ગાંધીજી ચિડાઈને બોલ્યા હતા. ''આ લાલ વાંદરા જેવાં કપડાં તમે કેમ પહેરો છો ? અરે મહાદેવ, આ મર્કટને માણસ બનાવીને મારી પાસે લઈ આવ.'' આમ, પોતાને વર્જિનિયા વુલ્ફ અને બર્ટ્રાન્ડ રસેલ જેવા પ્રભાવિત દેખાવાનો પ્રયત્ન કરવા ઇચ્છતા એ લેખકનો ગાંધીજીએ તો સાવ કચરો કરી નાખ્યો હતો.

પછી ખાદીનાં સફેદ કપડાંમાં સજ્જ થઈ એ લેખક જ્યારે હાજર થયા ત્યારે જ ગાંધીજીએ તેમની સાથે વાત કરી. એ પછી તો મુલ્કરાજ આનંદ ગાંધીઆશ્રમમાં બે માસ રોકાઈ પડ્યા હતા. એમણે ગાંધીજીના પોતાના પરના પ્રભાવ વિશે ઉદ્‌ગાર કાઢ્યા છે : ''વિચિત્ર લાગતા એ માણસની આંખમાં ગજબની મોહિની છે. તેમની આંખમાં આંખ નાંખીને જોયા બાદ ગાંધીવાદી ન બનવું અશક્ય જ છે. તેમણે મારા જેવા માર્ક્સવાદી વિચારધારા ધરાવનારને પણ ગાંધીવાદી બનાવી દીધો. મારી 'અનટચેબલ' નવલકથાએ ગાંધીજીને આપેલ મારી અંજલિ છે. એ રીતે મને એ પુસ્તક અત્યંત પ્રિય છે. સાબરમતી મને હંમેશ ગાંધી-આશ્રમનું સ્મરણ કરાવે છે. હું માનું છું કે આજના ભારતના બધા જ પ્રશ્નોનું મૂળ કારણ ગાંધીવિચારની અવહેલના છે. આપણે ગાંધીને ભુલાવી દીધો છે. આઇન્સ્ટાઇન જેવા મહાન વિજ્ઞાની પણ જેમને એક ચમત્કારરૂપ માનતા હતા તે ગાંધીને આપણે ભારતીઓ ભુલાવી દઈએ તે ખરેખર શરમજનક છે.''

• • •

## કાકાસાહેબ કાલેલકર

ઈ.સ. ૧૯૬૫માં એંસી વર્ષની વયે પહોંચેલા ગાંધીવાદી સાહિત્યકાર ને ચિંતક કાકાસાહેબ કાલેલકરને કોઈકે એમના પ્રવર્તમાન

ઉત્સાહ તથા દીર્ઘાયુષ્યના રહસ્ય વિશે પ્રશ્ન પૂછ્યો ત્યારે તેમણે કહેલું : ''મને આશ્રમજીવન પ્રિય છે. સ્વાદિષ્ટ મસાલેદાર ભોજનનો રસ હું જાણું છું.' પણ તેના તરફ ખાસ આકર્ષણ ક્યારેય ન હતું.

''હું કૉલેજમાં હતો અને લાલા લજપતરાયના દેશનિકાલની વાત મેં સાંભળી ત્યારે મેં છ વર્ષ સુધી ખાંડ ન ખાવાનું વ્રત લીધું અને તેનું પાલન ઉત્તમ રીતે કર્યું. ત્યાર પછી ખાંડ ન ખાવાનું વ્રત તો નથી લીધું, છતાં કહી શકું કે ત્યારથી માંડીને તે આજ સુધી મેં ખાંડ ખાધી જ નથી.

''આહારનું પ્રમાણ હદથી વધારે ન હોવું જોઈએ. આખો દિવસ ખા ખા કરવું કેટલું હીણું છે તેનો ખ્યાલ હોવો જોઈએ. ખાસ ભૂખ ન લાગી હોય છતાં કેવળ સ્વાદ ખાતર ખાવું એ અસંસ્કારિતાની નિશાની છે તે ધ્યાનમાં રાખવું. નિષિધ્ધ આહાર લેવો નહિ વગેરે સાદા નિયમો પાળવા એ પૂરતું છે.

''સ્વાદથી ખાવામાં રસિકતા છે, પણ ઠાંસીને ખાવું તે ખાઉધરાપણું છે. નાનપણથી આ અંગે હું સજાગ છું. જમતી વખતે મારું ધ્યાન હમેશાં આહારના પ્રમાણ તરફ હોય છે. વાનગી સ્વાદિષ્ટ છે માટે હદથી વધારે ખાવા મંડું તો મારી જ દૃષ્ટિએ હું મારી પ્રતિષ્ઠા ગુમાવી બેસું.

''તાજો, સ્વચ્છ, પૌષ્ટિક મિતાહાર, અનુકૂળ શરીરશ્રમ, ખુલ્લી હવાનું જીવન અને પ્રસન્ન મન-એટલું ભાથું હોય તો મનુષ્ય જરૂર દીર્ઘાયુ થાય.

''બચપણમાં શરીર એટલું દુર્બળ હતું કે ગરદન પણ ટટ્ટાર રહેતી ન હતી, પરંતુ મેં ઘણી કાળજી રાખી. ખૂબ પ્રયાસ કર્યો. જીવનનો રસ શુદ્ધ અને તાજો રાખ્યો. ક્યારેય વધારે પડતી ચિંતા ન કરી. ઉત્સાહ અને સંતોષનો સમન્વય કર્યો. એથી વિશેષ તો ઈશ્વરની કૃપા જ થઈ એમ કહી શકું. સૃષ્ટિ અનાથ નથી. એનો સંચાલક છે જ. તે સૃષ્ટિની અંદર રહીને

જ પોતાના નિયમો મુજબ બધું કરવા ઇચ્છે છે. તેની રચના અને યોજના આપણે પૂરેપૂરી સમજી શકતા નથી, પરંતુ એવી રચના અને યોજનાનું અસ્તિત્વ છે એવા વિશ્વાસથી શાંતિ અને બળ મળે છે. આને સર્વ નિરામય દીર્ઘાયુ તથા મોટી વયે રહેલ ઉત્સાહનું રહસ્ય ગણી શકાય.''

• • •

## જ્યૉર્જ બર્નાર્ડ શૉ

વિશ્વવિખ્યાત સાહિત્યકાર જ્યૉર્જ બર્નાર્ડ શૉને તેમની ૭૪ વર્ષની વયે એક મુલાકાત લઈને પત્રકાર હેડન ચર્ચે પ્રશ્ન પૂછ્યો હતો : ''તમે જો ઇંગ્લૅંડના સરમુખત્યાર બની જાવ તો શું કરો ?''

જવાબમાં તેમણે કહ્યું હતું : ''કદાચ પાગલ બની જાઉં. નીરોની જેમ. પણ તમે આવા બેવકૂફીભર્યા પ્રશ્નો કેમ પૂછો છો ?''

એ પત્રકારે પછી પૂછ્યું : ''તમે જ્યારે પાછળ ફરીને તમારી જિંદગી જુઓ ત્યારે તમને શું લાગે છે, સફળ થયા છો કે નિષ્ફળ ગયા છો?''

જવાબરૂપે શૉએ કહેલું : ''હું હજી મરણપથારી પર નથી. બાકી, આમ તો આપણે બધા જ મરણપથારી પર જ પડ્યા હોઈએ છીએ. ઉપર તારાઓ ઊગી ગયા હોય ત્યારે એક ખાડામાં ગબડીને મરી જવાનું હું પસંદ કરું. હું સફળ થયો નથી. પણ લોકોએ નક્કી કરી લીધું છે કે હું સફળ થઈ ગયો છું. જિંદગી બધા માણસોને એક જ લેવલ પર મૂકી દે છે. ફક્ત મૃત્યુ જ મહાન વ્યક્તિઓને જુદા પાડે છે. હું તો હજી ૭/૮ જ મૃત્યુ પામ્યો છું, પૂરો મરી ગયો નથી.

વળી એક પ્રશ્નનો ઉત્તર આપતાં તેમણે કહ્યું : ''ગઈ કાલે કેટલીક સ્ત્રીઓએ બાળકોને જન્મ આપ્યો, મશીનોની કોઈ સહાય વિના ! તમે મને સાબિત કરીને બતાવો કે પુરુષ આવી આશ્ચર્યજનક સિદ્ધિ પ્રાપ્ત

કરી શકે ? એટલે આજકાલ દરેક ક્ષેત્રમાં સ્ત્રીઓ પુરુષોને હરાવી નાખે છે. એ વિશે શું કહેવાનું હોય ?''

• • •

## અર્નેસ્ટ હેમિંગ્વે

ઈ.સ. ૧૯૫૮માં મિલ્ટ મેચલીન નામના અખબારનવેશે શરાબ, બંદૂક, શિકાર, અકસ્માત અને પ્રેમિકાઓ માટે મશહૂર એવા અમેરિકન લેખક અર્નેસ્ટ હેમિંગ્વેને ક્યૂબામાં બનાવેલા તેના પંદર એકરના વિશાળ એસ્ટેટમાંના 'વ્હાઇટહાઉસ' નામના રહેઠાણની એકાંત જગ્યા વિશે પ્રશ્ન પૂછ્યો હતો ત્યારે તેમણે જવાબમાં કહેલું : ''તારા જેવા વર્ણસંકર માણસોથી દૂર રહેવા માટે મેં આવી એકાંત જગ્યા રહેઠાણ માટે પસંદ કરી છે.''

એ વેળા ફોટોગ્રાફર તેનો ફોટો પાડવા માટે કૅમેરા કાઢીને સામે ઊભો રહ્યો ત્યારે કૅમેરા પ્રત્યેની તેની ચીડ વ્યક્ત કરતાં તેમણે કહ્યું : ''તમે કૅમેરામેન, દરેક માણસને હંમેશા મૂર્ખ બનાવો છો. મારું મોઢું ફડાવીને ફોટો પાડવો છે ? હું કંઈ ફિલ્મસ્ટાર નથી. મૂકી દો બાજુ પર કૅમેરા.''

''અમેરિકન સરકારે તમને રશિયા મોકલવા વિચાર્યું છે, તો ત્યાં તમે શું કરશો ?'' એવા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું : ''What the hell would I do? શું કરીશ ત્યાં ? ફોટા પડાવીશ. ઓટોગ્રાફ આપીશ. લેક્ચરો ઠોકીશ ? એમની ભાષા તો મને આવડતી નથી.''

• • •

## જ્યોતીન્દ્ર દવે

ગુજરાતી સાહિત્યના આંગળીને વેઢે ગણાય તેટલા નોંધપાત્ર હાસ્યલેખકોમાં જ્યોતીન્દ્ર દવે પાતળા સૂકલકડી, બકુલ ત્રિપાઠી ઠીંગણા બેઠી દડીના તો વિનોદ ભટ્ટ કદાવર સ્થૂળ શરીરના. એક વાર તે પૈકીના

નિર્દોષ હાસ્યલેખક જ્યોતીન્દ્ર દવે નડિયાદની મહિલા કૉલેજમાં વ્યાખ્યાન માટે ગયા હતા. તે વખતે કોઈકે તેમને પૂછ્યું : ''સાહેબ, તમે આટલું બધું બધાને હસાવો છો ને બધાને આરોગ્ય બક્ષી વજન વધારી આપો છો, છતાંય આપનું વજન માત્ર ૩૦-૩૫ કિલો જેટલું જ કેમ ઓછું છે ? બધાનું લોહી વધારો છો પણ તમારું કેમ વધારતા નથી ને દુબળા થતા જાવ છો ?''

જવાબમાં એમણે હસતાં હસતાં કહ્યું : ''જુઓ, મારી હસતી-રમતી આનંદી ને ઘરમાં કિલ્લોલ કરતી છોકરીને લોકો લઈ જાય, મારું ઘર તજી સાસરે જાય તો મને તો રડવું જ આવે ને ? પછી હું દુબળો જ થઈ જાઉં ને ?''

એટલે જ વિનોબાજીએ કહ્યું છે : ''હવા, પાણી ને ખોરાક સાથે હાસ્યની પણ જીવનમાં જરૂર છે. એ જીવનને ચેતનવંતુ બનાવે છે, લાંબું આયુષ્ય આપે તેવું એ ઔષધ છે ને તેનાથી શારીરિક, માનસિક ને આધ્યાત્મિક બળ મળે છે. પૈસા ખર્ચીને કદી આનંદ મેળવી શકાતો નથી. હાસ્ય માનવીને પ્રફુલ્લિત રાખે, સૌન્દર્ય આપે, ઉદાર ને પ્રેમાળ બનાવે ને સુખ-આનંદમાં રાખે છે. એ સામી વ્યક્તિને મહાત કરી દે છે ને વળી ચપળતા તથા બુદ્ધિય વિકસાવે છે.''

• • •

## વીર નર્મદ

ગુજરાતી સાહિત્યના અર્વાચીન યુગના સુધારકકાળમાં થયેલા કવિ વીર નર્મદ ને શાણા દલપતરામ વચ્ચે સાહિત્ય ને સમાજસુધારાની બાબતમાં અવનવી સ્પર્ધા થતી હતી ને એ બંનેના પ્રશંસકો એકબીજાની ટીકા-નિંદા કર્યા કરતા હતા. એક વાર નર્મદે કવિ દલપતરામને 'અમદાવાદી હજામ' પણ કહેલા અને ત્યારના એક ઠઠ્ઠાચિત્રમાં તો એ બંનેને એકબીજાની ચોટલી પકડીને કુસ્તી કરતાય દર્શાવવામાં

આવ્યા હતા.

પણ એમની એ સ્પર્ધા તંદુરસ્ત હતી અને તેથી તેમના દુન્યવી વ્યવહારમાં સહેજે કટુતા આવતી નહોતી. ઈ.સ. ૧૮૭૩ના અરસામાં કવિ નર્મદે પોતાના મકાન ‘સરસ્વતી-મંદિર’નો વાસ્તુવિધિ સમારંભ યોજેલો ત્યારે અમદાવાદથી ખાસ સુરત જઈ કવિ દલપતરામ તેમાં હાજર રહ્યા હતા અને ત્યારે મિત્ર કવિ નર્મદને આશીર્વાદ આપતું કાવ્ય પણ તેમણે રચીને ત્યાં ગાયું હતું. એ જ રીતે અમદાવાદમાં રહેતા કવિ દલપતરામના પુત્રનાં લગ્ન કવિ નર્મદના વતન સુરતમાં યોજાયાં હતાં ત્યારે કવિ નર્મદ એ લગ્નના વરઘોડામાં અગ્રણી થઈને મહાલ્યા હતા અને કવિ દલપતરામના વેવાઈએ કરેલી પહેરામણીમાં વરપિતાની પહેલી પાઘડી કવિ નર્મદને બંધાવી હતી.

આમ, સાહિત્યક્ષેત્રમાં તીવ્ર સ્પર્ધા પ્રવર્તતી હોવા છતાં એ બંને કવિઓમાં ખેલદિલી ને ભાઈચારાનો મીઠો ભાવ રહેલો હતો.

• • •

## આલ્બેર કામુ

વિખ્યાત અસ્તિત્વવાદી અને મહાન ચિંતક આલ્બેર કામુએ એક વાર નિખાલસપણે કહેલું : ‘‘ગાંધીજીની અહિંસા મને અસરકારક લાગે છે. અહિંસક માર્ગ જ પ્રશસ્ય માર્ગ છે. એ જ આ સમયનો સાચો ઉપદેશ છે. પરંતુ એ માટે જે મહાનતા જોઈએ તેનો મારામાં અભાવ છે.’’

ગાંધીજી પોતાનાં પત્ની કસ્તૂરબાને ‘બા’ કહેતા હતા તો આલ્બેર કામુ પોતાની પત્ની ફ્રાન્સિસને ‘‘સિસ્ટર’’ કહેતા. કામુની નિખાલતા ગાંધીજીને ગમી જાત.

• • •

## હરિવંશરાય બચ્ચન

સુપ્રસિદ્ધ 'મધુશાલા' કાવ્યગ્રંથના કવિ અને લોકપ્રિય ફિલ્મ-અભિનેતા અમિતાભ બચ્ચનના પિતા હરિવંશરાય બચ્ચનને તા. ૧૦ ઑક્ટોબર, ૧૯૪૨ના રોજ સ્વપ્નમાં તેમના સદ્‌ગત પિતાશ્રી રામચરિત-માનસનો મનુની તપસ્યા ને વિષ્ણુ ભગવાનનો વરદાન આપવાનો પ્રસંગ વાંચતા દેખાયા હતા અને તેને બીજે જ દિવસે તા. ૧૧ ઑક્ટોબર, ૧૯૪૨ના રોજ તેમની સગર્ભા પત્ની તેજી બચ્ચને જે પુત્રનો જન્મ આપ્યો તેનું નામ કવિમિત્ર સુમિત્રાનંદન પંતે અમિતાભ પાડ્યું હતું. એમના સ્વપ્નમાં દેખાયેલા પિતા જ પુત્ર અમિતાભરૂપે આવ્યાનું કવિ હરિવંશરાયે માન્યું. એની કવિતા ય ત્યારે તેમણે લખેલી.

શરૂમાં કવિ અલાહાબાદમાં અંગ્રેજી સાહિત્યના પ્રાધ્યાપક હતા. તે યુદ્ધકાળમાં સરકારે વિદ્યાર્થીઓને લશ્કરી શિક્ષણ આપવાનો આગ્રહ કર્યાથી એ કવિ મહુમાં સૈનિકોને તાલીમ આપી રહ્યા હતા એ વખતે અચાનક પુત્ર અમિતાભ ગંભીર તાવની માંદગીમાં પટકાઈ પડ્યો હતો. ઘણી દવા ને સારવાર છતાં તે તાવ ઊતર્યો નહિ ત્યારે કવિને બાદશાહ બાબરે હુમાયુની ગંભીર માંદગી ટાણે બંદગી કરી તેના પ્રાણ બચાવ્યાનો કિસ્સો યાદ આવ્યો. એટલે તે ઘટનાથી પ્રેરાઈને કવિએ માંદા પુત્રની પથારી પાસે તેના સાજા થવા માટે દારૂ ન લેવાની પ્રતિજ્ઞા લીધી. એ પછી પુત્ર સાજો થવા માંડ્યો, છતાં કવિએ એ લીધેલી પોતાની પ્રતિજ્ઞા પોતાની જિંદગી સુધી નભાવી રાખી હતી.

• • •

## કવિ રાજેન્દ્ર શાહ

કવિ ઉમાશંકર જોશી અને નવલકથાકાર પન્નાલાલ પટેલ પછી ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત કરનાર ગુજરાતના ત્રીજા સાહિત્યકાર કવિ રાજેન્દ્ર શાહનો જન્મ ઈ.સ. ૧૯૧૩માં થયો છે.

પોતાની ૯૧ વર્ષની વયે પુરસ્કાર સ્વીકારતાં એમણે કહેલું : ''હું આ ભૂમિનો એક યાત્રી છું. મારી યાત્રામાં જે કોઈ મળ્યું છે તેની સાથે મેં તાલ મિલાવ્યા છે. પશુપક્ષીઓના હુંકારા સાંભળતો જાઉં છું અને એમાં મારો ટહુકો ઉમેરતો જાઉં છું. યાત્રામાં પ્રસાદ પણ મળે.''

પ્રસ્તુત પુરસ્કારની ચયનસમિતિના અધ્યક્ષ ડૉ. લક્ષ્મીમલ્લ સંઘવીએ ગુજરાતના આ મૂર્ધન્ય કવિના સાહિત્યસર્જન વિશે કહ્યું છે - ''સૌન્દર્ય એમની કવિતાઓ પર મુગ્ધ છે.''

• • •

# શિક્ષણ અને સમાજ

## શિક્ષણશાસ્ત્રી મહર્ષિ રાનડે

પ્રખર શિક્ષણશાસ્ત્રી મહર્ષિ રાનડે એક વાર તેમના ઘરની ઓસરીમાં બેસીને વાંચી રહ્યા હતા. ત્યાં એમનાં પત્નીએ કેરીની ટોપલી તેમની પાસે લાવીને મૂકી. એટલે રાનડેએ એમાંથી એક કેરી ખાધી અને કહ્યું : ''ખરેખર, કેરી અમૃત જેવી મીઠી છે.'' એમ કહીને તેઓ ફરીથી વાચનમાં તલ્લીન થઈ ગયા.

આમ, પ્રસન્ન થયેલા પતિને બીજી કેરી ન લેતા જોઈને પત્નીએ અકળાઈને પૂછ્યું : ''આટલાં બધાં વખાણ કેરીનાં કરો છો તો બીજી વધારે કેમ નથી લેતા ?''

જવાબમાં રાનડેએ કહ્યું : ''કેરી ઉત્તમ છે એ ખરું, પણ એટલા ખાતર જીભને એની પાછળ ગાંડીઘેલી લોલુપ બનાવી દઈએ તો એના પરનો આપણો કાબૂ ચાલ્યો જાય. સ્વાદની ગુલામ બનનાર વ્યક્તિ ઇન્દ્રિય પરનો કાબૂ એક પછી એક ગુમાવતો જઈ છેવટે અધઃ પતનને જ પામે છે.''

• • •

## વિદ્વાન અધ્યાપક ધર્માનંદ કોસામ્બી

બૌદ્ધધર્મના પ્રકાંડ વિદ્વાન ને ગાંધીવાદી અધ્યાપક ધર્માનંદ કોસામ્બી બૌદ્ધગ્રંથોનો અભ્યાસ કરવા માટે એક વાર બ્રહ્મદેશમાં આચાર્ય ત્રિલોકાચાર્યજીના મઠમાં ગયા હતા.

ત્યાં મોડા ઊઠતા વિદ્યાર્થીઓની કુટેવ દૂર કરવા માટે આચાર્યશ્રીએ એવો નિયમ કર્યો હતો કે જે વિદ્યાર્થી સવારે મોડો ઊઠે તેણે દૂરની નદીએથી અમુક ઘડા ભરીને પાણી લાવવું અને તે મઠના ઝાડને પાવું.

એક દિવસ ખુદ આચાર્યશ્રીને તરુઓને એ રીતે પાણી પાતા જોઈને કોસામ્બીએ નવાઈ પામીને તેમને એનું કારણ પૂછ્યું ત્યારે જવાબરૂપે આચાર્યશ્રી બોલ્યા : ''આજે મારાથી મોડા ઉઠાયું છે અને મઠનો નિયમ તો બધાને જ લાગુ પડે છે, માત્ર વિદ્યાર્થીઓને જ નહિ. વળી, નિયમ ઘડનારાએ તો બધા કરતાં પહેલા એ નિયમને માન આપીને તેનું પાલન કરવું જોઈએ. માટે હું નદીએથી ઘડા ભરીને પાણી લાવીને તરુઓને પાઈ રહ્યો છું.'' તેમનો જન્મ તા. ૯ ઑક્ટોબર, ૧૮૭૬ના રોજ ગોવા પાસે સાખવળ ગામે થયેલ ને નિધન તા. ૪ જૂન, ૧૯૪૭ના રોજ થયેલું.

• • •

## મહામના પં. મદનમોહન માલવિયાજી

બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના સ્થાપક એવા પ્રખર દૃષ્ટિમંત શિક્ષણશાસ્ત્રી પં. મદનમોહન માલવિયાજીને એક વાર પંડિત રમાપતિ મિશ્ર સાથે 'ક્રોધ'ના વિષય પર ચર્ચા થવા પામી હતી. તે વખતે પં. મિત્રે કહ્યું : ''માલવિયાજી, તમે મને સો ગાળો આપી જુઓ. મને જરાય ક્રોધ નહિ ઊપજે.''

એ સાંભળીને પં. માલવિયાજી હસીને બોલ્યા : ''મારે એ પ્રયોગ

અજમાવી તમારી સાથે હરીફાઈમાં નથી ઊતરવું કેમ કે તમારી સહનશીલતાની પરીક્ષા તો એકસો ગાળો સાંભળ્યા પછી થાય, પણ એકસો ગાળો દેવાથી મારું મોઢું તો કુસંસ્કારની દુર્ગંધથી કેવું ગંદું બની જાય ! ના, મારે એમ નથી કરવું.''

• • •

## શિક્ષણશાસ્ત્રી નાનાભાઈ ભટ્ટ

ભારત સ્વતંત્ર થતાં સૌરાષ્ટ્રનું અલગ એકમ થયાથી તેનું આગવું રાજ્ય નિર્માણ કરાયું ને ઢેબરભાઈ તેના મુખ્ય પ્રધાન થયા. સરદારશ્રી વલ્લભભાઈ પટેલના આગ્રહથી ચુસ્ત ગાંધીવાદી ને સિદ્ધાંતનિષ્ઠ શિક્ષણશાસ્ત્રી શ્રી નાનાભાઈ ભટ્ટ તે રાજ્યના શિક્ષણ અને આરોગ્યખાતાના પ્રધાન થયા.

એ દિવસે સરકારી કચેરીમાંથી શ્રી નાનાભાઈ ઉર્ફે નૃસિંહપ્રસાદ એમને રહેઠાણે ગયા ત્યારે તેના બારણા આગળ બે સિપાઈઓને ઊભેલા તેમણે દીઠા. એથી નવાઈ પામી તેમણે તેમને ત્યાં ઊભા રહેવાનું કારણ પૂછ્યું. ત્યારે સિપાઈઓએ જણાવ્યું : ''તમે પ્રધાન થયા એટલે તમારી સલામતી માટે રક્ષકો તરીકે રોજ અમે અહીં આવીને તમારે રહેઠાણ ઊભા રહીશું.''

એ સાંભળી નાનાભાઈએ સાફ સાફ કહી દીધું : ''મારે તમારી જરૂર નથી. તમે ચાલ્યા જાવ.''

આથી માનપૂર્વક સિપાઈઓએ તેમને જણાવ્યું : ''તમારાથી અમને રજા ન અપાય. મુખ્ય પ્રધાન ઢેબરભાઈ સાહેબે અમને મોકલ્યા છે. તમે એમની રજા મેળવો.''

એટલે બીજે દિવસે નાનાભાઈ ઢેબરભાઈ પાસે ગયા અને તેમણે કહ્યું : ''મારે મારી સલામતી માટે રક્ષકો તરીકે સિપાઈઓની જરૂર નથી.

તમે એમને પાછા બોલાવી લો.''

ત્યારે મુખ્ય પ્રધાન શ્રી ઢેબરભાઈએ જણાવ્યું : ''મારાથી પણ એમને પાછા ન બોલાવી શકાય. કેમ કે પ્રધાનો માટે ચાલી આવેલી એ બંધારણીય સલામતી પરંપરા છે.''

આવી વાત સાંભળીને નાનાભાઈ સમજી ગયા કે સ્વતંત્ર ભારતમાં કંઈ ગાંધીબાપુનું આદર્શ સ્વરાજ નથી દેખાતું. આવી સરકારમાં પ્રધાન તરીકે રહીને હું પ્રજાનું શું કલ્યાણ કરી શકવાનો છું ?''

આમ વિચારી તેમણે પ્રધાનપદ તજી દીધું ને ફરી પાછા શિક્ષક થઈ ગયા.

બીજી એક વાર ભાવનગરની શામળદાસ કૉલેજમાં મળેલો પ્રોફેસરનો હોદ્દો ય છોડીને તેમણે ત્યાંના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં મામૂલી પગારથી શિક્ષકનું સેવાકાર્ય સ્વીકાર્યું હતું. ત્યારે કેટલાક શુભેચ્છકોએ તેમના પરિવાર-નિર્વાહ બાબતમાં ચિંતા દર્શાવતા તેમને પૂછપરછ કરી હતી. એ વખતે તેમણે બેધડક જવાબ આપતાં કહેલું : ''ભાઈ ! મારે ઘેર દૂઝણાં હતાં ક્યાં અને દૂધે વાળું કરતા હતા ક્યાં ? હું લોટમાગું બ્રાહ્મણને છોકરો. કાલ સવારે કૉલેજમાં પેઠો તેથી શું ? મારી વિદ્યા હું સમાજમાં ગરીબ એવા વિદ્યાર્થીને ન આપી શકું તો એ વિદ્યા મારે શા કામની ?''

એ પછીય દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની જૂની પ્રતિષ્ઠિત ને પાંગરેલી વિદ્યાસંસ્થા છોડીને તેઓ આંબલા ગામની શિક્ષણસંસ્થામાં ગ્રામસેવા કરવાના આશયથી જોડાયા ને સ્વેચ્છા પૂર્વકની ગરીબાઈ ગૌરવથી તેમણે અપનાવી. તે વખતે કોઈએ પૂછતાં તેમણે ઉદ્‌ગાર કાઢ્યા હતા : ''જુઓ, સાદું અને સંસ્કારી બ્રાહ્મણજીવન જીવવાના મને કોડ. મને ગરીબાઈથી કોઈ પણ દિવસ હીણપત લાગતી નથી. હજી તો

કાલ સવારે મારા પિતા કેટલી ગરીબાઈથી અમારા ઘરનો કારભાર ચલાવતા હતા. એવા ગરીબ છતાં સંસ્કારી જીવનમાં મને વધારે રસ.''

એવી સ્વેચ્છાપૂર્વકની ગરીબાઈમાં ગૌરવ માની જીવન વ્યતીત કરવાનું વલણ તો એમને વારસામાં મળ્યું હતું. એમના પ્રપિતામહ ત્રિકમબાપા સમર્થ પુરુષ ને રાજવૈદ્ય હતા ને લોકસેવાને વરેલા હતા. શ્રીમંત વેપારીથી માંડીને ગરીબ માણસ સુધી સૌની સેવા તેઓ રાતી પાઈ પણ લીધા વિના સેવાભાવે કરતા હતા.

એક વાર એમને ભાવનગરના શ્રાવક શેઠિયાઓ તેમના કોઈ પૂજ્ય મુનિની દવા કરવા માટે પરગામ લઈ ગયા હતા. એમની અક્સીર દવાથી એ મુનિ સાજા ને સારા થઈ ગયા. એટલે એ ભક્ત-શેઠિયાઓએ એમની આનાકાની છતાં તેમનાં હાથમાં સોનાનાં બે કડાં પહેરાવ્યાં. એટલે પરગામથી ભાવનગર પાછા આવીને તેઓ ઘેર જવાને બદલે બારોબાર નીલકંઠ મહાદેવના મંદિરે ગયા ને પોતાને પહેરાવેલાં એ સુવર્ણ કડાં મહાદેવજીનાં ચરણોમાં ભેટ તરીકે તેમણે મૂકી દીધાં.

એ જ રીતે બીજી એક વાર તેમની સેવા ભાવનગરના રાજકુટુંબે લીધી હતી. દવા માટે એ કશું ય લેતા નથી એમ જાણવા છતાં ભાવનગર નરેશે તેમનો જીવનવ્યવહાર સદા સુખમય ચાલે એ હેતુથી થોડાં ખેતરોનું તેમને દાન આપતો દસ્તાવેજ તેમને મોકલાવ્યો. ત્યારે તે પાછો સોંપ્યો ને કહ્યું : ''તમારે મારાં છોકરાંને બ્રાહ્મણ નથી રહેવા દેવાં ? મારે વળી ખેતર શાં ને પાદર શાં ? તમે મને વટલાવવા માંગો છો ?'' આમ કહી આંખમાં આંસુ સાથે તેમણે તે દસ્તાવેજ મહારાજાને પાછો સોંપી દીધો.

આવા ઉત્તમ નીતિમય જીવનમૂલ્યો વારસામાં મેળવનાર નાનાભાઈના જીવનનાં આખરી મુશ્કેલ વર્ષોમાં ભાવનગરના મહારાજા તેમને રૂબરૂ મળવા ગયા હતા અને તેમની ગૌશાળાને મદદરૂપ થવાની

ભાવના દર્શાવતાં તેમણે કહેલું : ''જુઓ, નાનાભાઈ, આપની જે ઇચ્છા હોય તે કહો, મારે તે પૂરી કરવી છે. મારો એ ધર્મ. એટલે જ ખાસ તમને મળવા આવ્યો છું. કહો, ગૌશાળાનું કાંઈ વિશેષ કરવાનું છે ?''

ત્યારે ઘડીભર મહારાજા તરફ જોઈને નાનાભાઈ બોલ્યા હતા : ''મહારાજા સાહેબ, હું ગરીબ બ્રાહ્મણનો પુત્ર, આપના રાજ્યમાં જિંદગી આખી ગાળી સુખી થયો છું. એ ને આટલી લીલી વાડીઓ થઈ. આથી વધુ શું મળે તેમ ઇચ્છું ? આપના રાજ્યમાં મારા જેવા એકેએક ગરીબને આવું સુખ પ્રાપ્ત થાય એવા આશીર્વાદ આપો, મહારાજ ! એ જ મારી ઇચ્છા.'' એટલું કહેતાં તો તેમની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. આવા સાત્ત્વિક વૃત્તિના નર્યા શિક્ષણધર્મી ચુસ્ત ગાંધીવાદી આદર્શવાળા નાનાભાઈની ઉચ્ચ ભાવના જોઈ મહારાજાની આંખમાં ય આંસુ છલકાયાં ને તેઓ તેમને વંદન કરી રહ્યા.

• • •

## ડૉ. ગુણવંત શાહ

ગુજરાતના જાણીતા શિક્ષણવિદ ને ચિંતક પ્રો. ડૉ. ગુણવંત શાહના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. થયેલ એક વિદ્યાર્થીએ તેમનું એ પરિણામ આવ્યું. ત્યારે તેમને પોતાને ઘેર ભોજન માટે નિમંત્રણ આપ્યું. એ વખતે તે નિમંત્રણનો અસ્વીકાર કરતાં તેમણે કહેલું : ''આ રીતે વિદ્યાર્થીનું ભોજન સ્વીકારવું એ પણ સૂક્ષ્મ પ્રકારનો ભ્રષ્ટાચાર છે. પણ તું આજે મારી સાથે મારે ઘેર ભોજન લેજે. તને આ ડિગ્રી મળી તે પ્રસંગની ઉજવણી કરવાનો એ ઉત્તમ માર્ગ છે.''

એ રીતે ભોજન લેતી વખતે તેમણે એ વિદ્યાર્થીને કહેલું : ''તું કદી ભ્રષ્ટાચાર નહિ કરે એવું મને વચન આપ. એ જ મારી ગુરુદક્ષિણા.'' અને એ વિદ્યાર્થીએ એમ કર્યું ને એ ગુરુદક્ષિણાનું બરાબર પાલન પણ કર્યું.

એમની કૃતનિશ્ચયી નીડરતા એવી હતી કે જ્યારે યુનિવર્સિટીએ બધા વિદ્યાર્થીઓને ''માસ પ્રમોશન'' આપવાનો નિર્ણય લીધો ત્યારે એમણે યુનિવર્સિટીની સિન્ડિકેટના સભ્યપદેથી રાજીનામું આપી દીધું હતું. એવી હતી તેમની આદર્શ તથા સિદ્ધાંત પ્રત્યેની ઉત્કટ નિષ્ઠા.

એમનામાં નિયમિતતા ને શિસ્તપાલનની ભાવના પણ એટલી તીવ્ર ને ઉત્કટ પ્રમાણમાં છે કે એક વાર સવાસો કિલોમીટર દૂરથી મોટર-મુસાફરી કરીને આવ્યા છતાં તેઓ પોતાના સમયપત્રક અનુસારનો પોતાનો પિરિયડ લેવા એ સીધા વર્ગમાં ગયા હતા અને બરાબર દોઢ કલાક સુધી સરસ અધ્યાપનકાર્ય તેમણે ત્યારે કર્યું હતું.

• • •

## માનસશાસ્ત્રી ફ્રૉઈડ

જગપ્રસિદ્ધ માનસશાસ્ત્રી સિગમંડ ફ્રૉઈડે ઈ.સ. ૧૯૩૦માં જ્યૉર્જ વિયેરેક નામના મુલાકાતીના એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું : ''ઈશ્વરની આપણા પર કૃપા છે કે જેમ જેમ આપણે વૃદ્ધ થતા જઈએ છીએ એમ એમ જિંદગી વધારે પ્રતિકૂળ બનતી જાય છે.'' જિંદગીની સાદીસીધી પ્રજાઓને કલુષિત કરે એવા કોઈ દાર્શનિક ચિંતનને હું આવવા દેતો નથી... પણ જે જીવે છે તેનો નાશ થવાનો જ છે. જીવને અસ્તિત્વની સાઇકલ પૂરી કરવી જ જોઈએ. નદી સમુદ્રને મળે છે ત્યારે નદીનું મૃત્યુ થતું હોય છે. ફૂલો મને બહુ પ્રિય છે. ફૂલોને સદ્ભાગ્યે ચારિત્ર્ય કે પ્રશ્ન-સમસ્યા હોતી નથી. મને મારાં ફૂલો ગમે છે અને હું અ-સુખી નથી. કમથી કમ બીજાઓ જેટલો અ-સુખી નથી.''

• • •

## આચાર્ય એન. એમ. શાહ

અઠ્ઠાવીસ વર્ષની નાની વયે કેમ્બ્રિજના સ્ટાર રેંગ્લર થનાર પહેલા ગુજરાતી આચાર્ય એન. એમ. શાહ એટલે નગીનદાસ એમ.

શાહનો જન્મ સુરત ખાતે ઈ.સ. ૧૮૯૪માં સાધારણ સ્થિતિના મધ્યમવર્ગના કુટુંબમાં થયો હતો. એમના પિતા વડોદરા રાજ્યમાં સામાન્ય નોકરી કરતા હતા, પણ ભણવામાં તેજસ્વી હોવાથી તેમને શિષ્યવૃત્તિ મળવાથી એમની બધી જ પરીક્ષાઓમાં પ્રથમ વર્ગમાં પ્રથમ કક્ષા આવી હતી. ઈ.સ. ૧૯૨૦માં સ્ટાર રેંગ્લર થનાર તેઓ કેમ્બ્રિજ યુનિ.ના પ્રથમ ગુજરાતી હતા.

માત્ર અઠ્ઠાવીસ વર્ષની નાની વયે તેઓ પૂનાની ન્યુ પૂના કૉલેજમાં આચાર્યપદે નિમાયા હતા ને પછી સુરત તથા વલ્લભ-વિદ્યાનગરની કૉલેજોમાં આચાર્યપદે રહી તેમણે નિપુણ રીતે ચીવટથી-દક્ષતાથી વહીવટ કરી બતાવ્યો હતો.

ચીવટની જેમ નીડરતા પણ તેમનામાં ભારોભાર હતી. ઈ.સ. ૧૯૪૨ના અરસામાં દેશભરમાં ચાલેલા 'ભારત છોડો'ના આઝાદી સંગ્રામ વખતે તેઓ સુરતની કૉલેજના આચાર્યપદે હતા, ત્યારે બ્રિટિશ સત્તાધીશોએ સુરતની એમ.ટી.બી. કૉલેજનાં મેદાનો, છાત્રાલયો આદિ સરકારને સોંપી દેવાનું ફરમાન કાઢ્યું હતું, કેમ કે ત્યાં લશ્કરી તાલીમકેન્દ્ર ખોલવાનો અંગ્રેજ સરકારનો ઈરાદો હતો. એ ફરમાન મળતાં એ વખતના તે કૉલેજના આચાર્ય શ્રી એન. એમ. શાહ તો ક્રોધથી રાતાપીળા થઈ ગયા. અને એમણે સરકાર સામે સર કીકાભાઈ પ્રેમચંદ તથા ચુનીલાલ ગાંધીનો સાથ લઈને લડત ઉપાડી. તેમણે કાયદાનો ઝીણવટથી અભ્યાસ કર્યો ને અનેક જાતના કાનૂની કાગળો જાતે ટાઈપ કર્યા ને રાત-દિવસ ભૂખ્યા-તરસ્યા રહીને એ અવિચારી હુકમ સામે લડત આપી સરકારની એ બાજી ધૂળમાં મેળવી. છેવટે સરકારે એ ફરમાન પાછું ખેંચ્યું હતું. શિક્ષણક્ષેત્રના એ તેજસ્વી સિંહપુરુષનું ઑક્ટોબર ૧૯૫૭ માં દુઃખદ નિધન થવા પામ્યું.

• • •

## આશાદેવી આર્યનાયકમ્

અખિલ ભારતીય નઈ તાલીમસંઘના માજી મંત્રી, વિનમ્ર શિક્ષણ-શાસ્ત્રી ને ચુસ્ત ગાંધીવાદી આશાદેવી આર્યનાયકમ્‌ની તેમની વ્યાપક દેશસેવાની કદરરૂપે પદ્મવિભૂષણનો ખિતાબ એનાયત કરવાનું ભારત સરકારે જાહેર કર્યું. એ સન્માન તેમણે નમ્રતાથી ન સ્વીકાર્યું ને રાષ્ટ્રપ્રમુખને પાછું મોકલતાં જણાવ્યું હતું : ''સેવા એ અમારા જેવા સેવકોને મન સાધના છે, ધર્મ જ છે, ફરજ છે.''

આ જાતનું પગલું ભરનાર તેઓ ત્યારે પહેલાં જ હતાં. તેમણે એમ કહીને એક સાચા ગાંધીવાદી સેવકનો આદર્શ રજૂ કર્યો.

• • •

# રાજા-મહારાજા

## મહારાજા રણજિતસિંગ

મહારાજા રણજિતસિંહનો એક કિસ્સો બોધક છે. એક વાર એક મુસ્લિમ યુવકે પોતાના સુંદર અક્ષરોમાં કુરાન લખ્યું. આ રીતે મહિનાઓના પરિશ્રમ પછી લખાયેલ એ કુરાનની પ્રત બતાવવા તે ઘણા મૌલવીઓ પાસે ગયો. એ બધાએ તેનાં વખાણ કર્યાં, પણ કોઈએ તે ખરીદ્યું નહિ. એટલે નિરાશ થઈને તે લાહોરના મંત્રી અન્નમુદીન પાસે ગયો. ત્યાં પણ તેમણે તેને ખૂબ શાબાશી આપી, પણ એ કુરાન ખરીદ્યું નહિ.

આમ, બધેથી હતાશ થઈને પાછા જતા એ યુવકની વાત મહારાજા રણજિતસિંહના જાણવામાં આવી. તેમણે તેને બોલાવ્યો અને તેના હાથમાંથી સુંદર મોતીના દાણા જેવા અક્ષરોમાં લખાયેલ એ કુરાનની પ્રત લઈને ખૂબ આદર સાથે પોતાની આંખે લગાડી તથા તેને પગે લાગીને પોતે મોટી કિંમત આપીને એ ખરીદી લીધી અને તે નકલ

તેમણે પોતાના અંગત સંગ્રહાલયમાં રાખી.

આ રીતે એ ખરીદ કરવાનું કારણ કોઈએ તેમને પૂછ્યું, તો તેમણે જવાબ આપ્યો : ''જુઓ, ભગવાને મને એક જ આંખ આપી છે. એથી બધા ધર્મોમાં એક જ તત્ત્વ જોઈ શકું છું. એટલે તો મારી બીજી આંખની રોશની જેવા કુરાનને મેં ખરીદી લીધું છે.''

• • •

## રાજા ભર્તૃહરિ

રાજા ભર્તૃહરિ પ્રિય રાણી પિંગલાનું દુઃખદ નિધન થયાથી ખૂબ વ્યથિત થઈને રાજકાજ તથા રાજમહેલ તજીને સ્મશાનમાં રહેવા ગયા હતા. એમને એમના કર્તવ્યનું ભાન કરાવવાની જ્યારે કોઈનામાં હિંમત નહોતી ત્યારે ગુરુ ગોરખનાથ એમની પાસે એક સાધારણ માટીનું વાસણ લઈને મળવા ગયા.

રાજા ભર્તૃહરિ પાસે જઈને એમણે માટીનું એ પાત્ર એમના હાથમાં એવી રીતે આપ્યું કે એ ભર્તૃહરિ બરાબર પકડી ન શક્યા ને તેમના હાથમાંથી એ છટકી જઈને નીચે પડીને ભાંગી જવા પામ્યું.

એ તૂટેલા પાત્રને જોઈને ગુરુ ગોરખનાથ જોરજોરથી હૈયાફાટ રુદન કરવા લાગ્યા. તેમને છાના રાખવાના ઘણા પ્રયત્નો છતાંય તે છાના ન જ રહ્યા.

એટલે ભર્તૃહરિએ એમને કહ્યું : ''ગુરુજી, આ તો સાધારણ માટીનું વાસણ છે. એના તૂટી જવા પર તમારે આટલા બધા દુઃખી થઈને રડવું ન જોઈએ. એ ગમે ત્યારે તૂટી જવાનું જ હતું.'' એ સાંભળીને ગુરુ ગોરખનાથજી બોલ્યા : ''રાજા ભતૃહરિ, એ જ મારે તમને સમજાવવાનું છે. માનવશરીર ક્ષણભંગુર છે ને મૃત્યુ અનિવાર્ય છે. એને ટાળી શકાય તેમ નથી. એટલે રાણી પિંગળાના મૃત્યુ પર અનહદ શોક કરીને

કર્તવ્યથી વિમુખ થવું યોગ્ય નથી. તમારો રાજકારભાર તમે સંભાળી લો હવે.''

તરત જ ગુરુજીની વાતનો મર્મ પામી જઈ રાજા ભર્તૃહરિ રાજમહેલમાં પાછા પહોંચી ગયા ને રાજ્યકર્તવ્યમાં ધ્યાન આપવા લાગ્યા.

• • •

## સમ્રાટ સિકંદર

મહાન સમ્રાટ સિકંદરે પોતાના રાજ્યની રાજધાનીમાં એક સુંદર બગીચો બનાવડાવ્યો હતો. એમાં એણે જુદા જુદા પરાક્રમી પુરુષોની પ્રતિમાઓ બનાવીને ગોઠવી હતી. દેશવિદેશનાં ઘણાં લોકો એ બગીચામાં પરાક્રમી વ્યક્તિઓની મૂર્તિઓ જોવા આવતાં હતાં.

એક વાર એક પ્રતિષ્ઠિત શાહી મહેમાન તેના રાજ્યમાં આવી ચડ્યો. તેને શાહી અતિથિનિવાસમાં મુકામ અપાયો.

સાંજના સમયે તે મહેમાન એ બગીચાની મુલાકાતે ગયો. તેને એ બતાવવા માટે સમ્રાટ સિકંદર પણ સાથે ગયો હતો. તે એ મહેમાનને બગીચાની પ્રતિમાઓ બતાવતો ને તે દરેકની માહિતી પણ આપતો.

એ બગીચાની બધી પ્રતિમાઓ જોયા પછી તે મહેમાને સિકંદરને પૂછ્યું : ''સમ્રાટ, આ બધી પ્રતિમાઓ તો જોઈ, તે બધી યોગ્ય ને સાર્થક પણ છે, પરંતુ અહીં આપની પ્રતિમા કેમ રાખવામાં આવી નથી ?''

જવાબમાં સિકંદરે ત્યારે કહ્યું : ''મારી પ્રતિમા અહીં રાખવામાં આવે ને પછી આવનારી ભાવિ પેઢી પૂછે કે આ કોની પ્રતિમા છે ને શાથી છે તેના કરતાં મને એ ઇષ્ટ લાગ્યું કે મારી પ્રતિમા અહીં ન રખાય અને તેથી આવનારી ભાવિ પેઢી પૂછે કે આ બધી પ્રતિમાઓમાં સમ્રાટ સિકંદરની પ્રતિમા શા માટે રાખવામાં આવી નથી ?''

• • •

# સમ્રાટ અશોક

સમ્રાટ અશોકના રાજ્યમાં એક વાર મોટો દુકાળ પડ્યો અને લોકો અન્ન વિના ટપોટપ મરવા લાગ્યા. એટલે પ્રજાપ્રેમી એ સમ્રાટનું હૈયું વલોવાઈ ગયું ને તેમણે રૈયત માટે રાજ્યમાંના અનાજના ભંડાર ખોલી દીધા ને પ્રજાને અન્ન વહેંચવા અમલદારોને આદેશ આપ્યો. પરિણામે અનાજ લેવા માટે લોકોની કતારો થવા લાગી. એ જોઈ સમ્રાટ અશોકને સંતોષ થવા લાગ્યો.

એક દિવસ એવી જ લાંબી કતારમાં ઊભેલા લોકોને અનાજ વહેચતાં સંધ્યા થઈ ગઈ અને અનાજભંડારનાં દ્વારો બંધ કરી કર્મચારીઓ પોતપોતાને ઘેર જવાની તૈયારી કરવા લાગ્યા. તે વખતે છૂપાવેશે ખુદ સમ્રાટ બાજુમાં ઊભા રહીને બધું નિહાળી રહ્યા હતા.

અન્નભંડાર બંધ થઈ જતાં એ કતારમાં પાછળ ઊભેલો એક કૃશકાય વૃદ્ધ અનાજ વગરનો રહી ગયેલો. તેની આંખોમાં આંસુ આવી ગયાં. તેણે કર્મચારીઓને કાકલૂદી કરી - ''મારે માટે નહિ તો મારા નાના પૌત્ર-પૌત્રી માટે અનાજ આપો. અનાજ નહિ મળે તો તેઓ કદાચ ભૂખે ટળવળીને મરી જશે.''

એટલે કર્મચારીઓએ તો તેમને જેટલું જોઈએ તેટલું અનાજ લઈ જવાની છૂટ આપી. આથી તે વૃદ્ધે અનાજનું મોટું પોટલું બાંધ્યું, પણ તે ઊંચકવા માટે એ ફાંફાં મારવા લાગ્યો.

છૂપાવેશે એક બાજુ પર ઊભેલા સમ્રાટ અશોક તરત તે વૃદ્ધ પાસે ગયા ને તેણે એ અનાજનું પોટલું પોતાને માથે ઊંચકીને તે વૃદ્ધની સાથે ચાલવા માંડ્યું. કલાકેક પછી એ વૃદ્ધનું ઘર આવ્યું ને તે વૃદ્ધે આશીર્વાદ આપ્યા : ''બેટા ! મારા તને આશીર્વાદ છે.'' પણ તેણે મદદ કરનાર એ માણસ તરફ જોયું તો સમ્રાટને ઓળખીને તે રડી પડ્યો - ''અરે,

અન્નદાતા તમે... ?''

સમ્રાટે ત્યારે કહ્યું : ''ભાઈ, આ કાયાને પવિત્ર કરવાની તમે મને તક આપી, હું તો તમારો ઋણી છું. તમારા દીકરા જેવો જ ને ?'' એમ કહી તે પાછા જવા લાગ્યા. ત્યારે વૃદ્ધ બોલી ઊઠ્યો - '' આ પહેલાંના રાજાઓ અમારા શરીર પર રાજ કરતા હતા, પણ તમે તો અમારાં હૈયાં પર રાજ કરો છો.''

• • •

## મહારાણી મેરી

ઇંગ્લૅંડનાં મહારાણી મેરીનાં માતુશ્રી એમનાં સંતાનોના સંસ્કાર માટે ખૂબ કાળજી રાખતાં. તેથી પોતાના રાજમહેલમાં તેઓ સંત બુલોક અને પુરોહિત-પાદરીઓને બાળકી મેરીને ધર્મ-શિક્ષણ આપવા બોલાવતા, કેમ કે તે માનતા હતા કે સંસ્કાર પુસ્તકોથી નહિ, પણ વ્યવહારુ જીવનદૃષ્ટાંતોથી આવતા હોય છે. આ દૃષ્ટિએ જ તેઓ કિશોરી મેરીને ગરીબોએ કરેલી અરજીઓ પણ વંચાવતા હતા અને એમને કઈ કઈ રીતે મદદરૂપ થઈ શકાય તે પૂછતા ને સમજાવતા ય ખરા. કેટલીક વાર તો એમને મદદ આપવા માટેની ચીજો ખરીદવા માટેય મેરીને સાથે લઈ જતા. ગરીબોનાં દુઃખોથી માહિતગાર બનાવવા માટે તેઓ આવું કરતા હતા.

એક વાર તો તેઓ કુમારી મેરીને પાટનગરના રીચમંડ બાગમાં ફરવા લઈ ગયેલા. ત્યાં એક ઘરડી ડોશી સૂકાં લાકડાં વીણતી હતી, પણ ત્યારે ખૂબ ઠંડી પડતી હોવાથી એ કંટાળી ગઈ હતી. તેને કંટાળેલી જોઈને મેરીની માતા તેને મદદ કરવા દોડી ગયાં હતાં. ત્યારે સૂકી લાકડીઓ ભાંગી આપવામાં મેરીએ પણ મદદ કરી હતી. એ રીતે બંને મા-દીકરીએ તે ડોશીને લાકડીનો ભારો તૈયાર કરી આપ્યો હતો. તેથી એ ડોશી ખૂબ રાજી થઈ ગઈ હતી.

બીજા કોઈ એક પ્રસંગે મેરી તેની માતા સાથે ફરવા ગઈ હતી. તે વખતે એક નાની બાળાની ઠેલણગાડી કાદવમાં ખૂંપી ગઈ હતી. એની ફસાઈ ગયેલી એ ઠેલણગાડીને મેરીની માતાએ બહાર કાઢી આપી હતી. એ વખતે મેરીએ પણ માતાને એ પરગજુ કામમાં મદદ કરી હતી.

• • •

## બાદશાહ બહાદુરશાહ ઝફર

જ્યારે છેલ્લા મોગલ બાદશાહ બહાદુરશાહ ઝફરને રંગુન ખાતે અંગ્રેજોએ ઈ.સ. ૧૮૫૭ના સશસ્ત્ર સ્વાતંત્ર્યસંગ્રામ બાદ કેદમાં રાખ્યા હતા તે વખતે તેમની તહેનાતમાં એક અંગ્રેજ પાદરી રાખવામાં આવ્યો હતો. તે ફારસી ને ઉર્દૂનો જાણકાર હતો.

બહાદુરશાહને દમનો વ્યાધિ હતો. તે વખતે એક વેળાએ તેને વ્યંગમાં ટોણો મારતો એક શેર તે પાદરીએ કહ્યો હતો -

**દમ દમ મેં દમ નહીં, અબ ખૈર માંગો જાનકી ઐ ઝફર !**
**અબ મ્યાન હો ચૂકી હૈ, સમશેર હિંદુસ્તાન કી.**

તેના જવાબમાં અડગ બહાદુરશાહે ખુમારીથી કહ્યું હતું -

**હિંદીઓમેં બૂ રહેગી જબ તલપ ઈમાન કી,**
**તખ્તે લંડન તક ચલેગી તેગ હિંદુસ્તાન કી,**

ભાવાર્થ કે હિંદુસ્તાની પ્રજામાં જ્યાં સુધી ઈમાન (ચારિત્ર્ય) જેવી કાંઈ ચીજ હશે ત્યાં સુધીના સમય પર્યંત લંડનના શાહી તખ્ત સુધી હિંદુસ્તાનની સમશેરની આણ ફરતી હશે.

• • •

## સુલતાનપુરના નવાબ

એક વાર સુલતાનપુરના નવાબે ગુરુનાનકને બોલાવીને કહ્યું : ‘‘તમે મુસલમાન ધર્મની મહત્તાની વાત કરો છો તો આજે મારી સાથે

નમાજ પઢો.''

તરત ગુરુનાનક એ માટે સંમત થયા. એટલે નવાબે નમાજ પઢવા માંડી. તે વખતે એક તરફ ઊભા રહેલા ગુરુનાનકને જોઈને નવાબે કહ્યું : ''અરે, તમે તો ઊભા જ રહ્યા છો. નમાજ કેમ ન પઢ્યા ?''

જવાબમાં ગુરુનાનકે કહ્યું : ''અરે નવાબસાહેબ, હું તમારી સાથે નમાજ કેવી રીતે પઢી શકું ? તમે તો ત્યારે કાબુલમાં ઘોડા ખરીદવા માટે મનથી ફરતા હતા અને નમાજ પઢાવનાર કાજીના મનમાં ચિંતા હતી કે મારું વાછરડું કંઈ કૂવામાં ન પડી જાય તો સારું.''

ગુરુનાનકની આ સાફ સાફ પણ સાચી વાત સાંભળીને નવાબ તથા કાજી તો સડક થઈ શરમિંદા જ બની નીચું જોવા લાગ્યા.

• • •

## બાદશાહ ઈબ્રાહીમ

તેજ મિજાજી ને તીખા સ્વભાવનો બલ્ખનો બાદશાહ ઈબ્રાહીમ એક વાર પોતાના આલિશાન મહેલમાં રાતના સમયે સૂતો હતો ત્યારે તેના મહેલના છાપરા પર મધરાતટાણે કોઈના પગરવનો અવાજ તેને સંભળાયો.

કોઈના ચાલવાના અવાજનો ખ્યાલ આવતાં તેમણે ''કોણ, કોણ ?'' કરીને બૂમ પાડી, છતાં જવાબ ન મળ્યાથી તેણે રાડ પાડીને પૂછ્યું : ''કોણ હરામખોર મારા મહેલના છાપરા પર મધરાતે ચાલી રહ્યો છે ? કોણ બદમાશ છે તે ?''

જવાબમાં અવાજ આવ્યો : ''બાદશાહ, હું નથી હરામખોર કે નથી બદમાશ. પણ ગરીબ ઊંટવાળો છું. મારું એકનું એક ઊંટ ખોવાઈ ગયું છે ને આખા બલ્ખ નગરમાં એ ન મળ્યાથી અહીં તે ઢૂંઢી રહ્યો છું.''

એટલે બાદશાહ ફરી બરાડ્યા : ''અરે પાગલ, ખોવાઈ ગયેલું

ઊંટ નગરમાં ન મળે, એટલે કંઈ તે બાદશાહના મહેલના છાપરા પર મળે ખરું ?''

જવાબરૂપે અવાજ આવ્યો : ''માફી ચાહું છું, બાદશાહ, પણ બીજાને પાગલ, બદમાશ કે બેવકૂફ કહેતા પહેલાં જરા ખુદની સામે તો જુઓ. જરા આત્મચિંતન કરો. જો તમને સુરા, સુંદરી, ઐશ્વર્ય, સત્તા, સંગીત ને સંપત્તિમાં વિશુદ્ધ સુખ સાંપડી શકતું હોય તો મારું ખોવાયેલું ઊંટ પણ તમારા વૈભવશાળી મહેલના છાપરા પર અચૂક મળી આવશે.''

એ સાંભળીને બાદશાહની મોહનિદ્રા ઊડી ગઈ ને તેનો મર્મ સમજાયાથી તેની આંખ ઊઘડી ગઈ. પછી તેણે છાપરા પર તપાસ કરાવડાવી તો ત્યાં કોઈ પણ વ્યક્તિ નહોતી. તરત જ બાદશાહને લાગ્યું કે દિવ્યવાણીએ તેને અજ્ઞાનનિદ્રામાંથી ઉઠાડ્યો છે.

• • •

## મંત્રીશ્વર વસ્તુપાલ

જૂના વખતમાં થયેલા ગુજરાતના મંત્રીશ્વર વસ્તુપાલ સત્તા અને સંપત્તિની જેમ સરસ્વતીમાતાનાય કૃપાપાત્ર હતા. લોકો જ્યારે તેમની કુશળતાની ખબરઅંતર પૂછતા ત્યારે તેઓ વિદ્વત્તાપૂર્ણ વિનોદ સાથે ધર્મચિંતનયુક્ત જવાબરૂપે એક સંસ્કૃત શ્લોક કહેતા -

**लोकः पृच्छति मे वार्ता शरीरे कुशलं तव ?**

**कृतः कुशलमस्माकं आयुर्याति दिने दिने ?**

ભાવાર્થ કે લોકો મારી કાયાની કુશળતાની બાબતમાં ખબરઅંતર પૂછતા હોય છે, પણ આ કાયા તો કુશળ ક્યાંથી રહી શકે ? કેમ કે દિવસે દિવસે આયુષ્યમાં ઘટાડો થતો રહેતો હોય ત્યાં કાયાની કુશળતા ક્યાંથી ટકી શકે ?

• • •

# રાજા જનક વિદેહી

મિથિલા રાજ્યના જનક રાજા રાજ્યનાં સઘળાં કામ સવારથી રાત સુધી ઈશ્વરસમર્પણ બુદ્ધિથી કરતા હતા. એક વાર તેમને ત્યાં અષ્ટાવક્ર ઋષિ આવેલા ને ત્યાં દરરોજ જ્ઞાનવાર્તા કરતા હતા. તે સાંભળવા માટે સાધુ-સંન્યાસીઓ ને ઋષિ-મુનિઓ જતા ને વળી ખુદ જનકરાજા પણ જતા હતા.

પણ અષ્ટાવક્ર ઋષિ જનકરાજાને બહુ માન આપતા ને તેમના આવ્યા પછી જ પ્રવચન શરૂ કરતા તે સાધુ-સંન્યાસી ને ઋષિમુનિઓને ગમતું નહોતું. તેમને થતું કે પ્રવચનકાર ઋષિએ ગૃહસ્થાશ્રમી જનકરાજાને માન આપવાને બદલે સાધુ-સંન્યાસી ને ઋષિ-મુનિઓનો ખરી રીતે આદર કરવો જોઈએ. કેમ કે ગૃહસ્થાશ્રમી કરતાં સંન્યાસી વધારે ચડિયાતો છે. એમણે આ અંગે ઋષિ અષ્ટાવક્રને ફરિયાદ પણ કરી હતી.

પ્રવચનમાં આવનાર સાધુ-સંન્યાસીઓ જનકરાજાના મહેલની આસપાસની એક હજાર પર્ણકુટિઓમાં રહેતા હતા. પ્રવચન દરમિયાન એક વાર બહારથી 'દોડો દોડો'ની બૂમ પડી, કેમ કે રાજમહેલમાં આગ લાગી હતી. ને તે આસપાસની પર્ણકુટિઓમાં ફેલાઈ રહી હતી. એ સાંભળીને સાધુ-સંન્યાસીઓ તરત પોતાની પર્ણકુટિઓ તરફ દોડ્યા, પણ જનકરાજા ને અષ્ટાવક્ર ઋષિ તો ત્યાં જ સ્થિતપ્રજ્ઞ દશામાં બેસી રહ્યા. અષ્ટાવક્ર ઋષિએ જનકરાજાને કહ્યું : ''મહારાજ, આપના મહેલમાં આગ લાગી છે. આપ જાવ. આજે કથા બંધ રાખીએ.'' પણ જનકરાજાએ જવાબ આપ્યો : ''મહારાજ, કથા ચાલુ રાખો. મહેલ સળગતો હોય તો ભલે સળગે.''

થોડી વાર પછી વધુ ખબર મળતાં અષ્ટાવક્ર ઋષિએ રાજાને કહ્યું : ''રાજન, હવે તો આગ વધારે ફેલાવા પામી છે ને મિથિલા નગરી સળગી રહી છે.''

એનો શાંત ચિત્તે રાજાએ જવાબ આપ્યો : ''કોની મિથિલા ? મિથિલા મારી નથી. મિથિલા તો મેં જગતના નાથને સોંપી છે. આપ કથા આગળ ચલાવો.''

થોડી વાર પછી આગ શાંત થતાં સાધુ-સંન્યાસીઓ પાછા આવ્યા. ત્યારે ઋષિ અષ્ટાવક્રે તેમને કહ્યું : જોયુંને જનકરાજાને માયા ન સ્પર્શી. તેઓ અનાસક્ત રહ્યા ને તમે સાધુ બન્યા છતાં માયામાં ફસાયેલા છો. એટલે અનાસક્ત ગૃહસ્થ આસક્ત સંન્યાસી કરતાં ચડિયાતો છે.''

• • •

## કાશીનરેશ

કાશીનરેશ ઘણા ધર્માત્મા, સત્યપ્રિય ને ન્યાયપ્રિય રાજા હતા. વિદ્વાન, પંડિતોને ય તેમના દરબારમાં સારું માન ને સ્થાન હતું.

એક વાર એમની પટરાણી ગંગાસ્નાન માટે ગઈ હતી. એટલે તેને માટે ઘણો બંદોબસ્ત રાજ્ય તરફથી કરાયો હતો. ગંગાતટની આસપાસના ઝૂંપડામાં રહેતા લોકોને ભગાડી મૂકવામાં આવ્યા હતા.

ગંગાસ્નાન કર્યા પછી પટરાણીને ભારે ઠંડી લાગી. એટલે તેણે પોતાની દાસીને તટ પરની ઝૂંપડીને સળગાવી દેવાનો હુકમ કર્યો, જેથી તેને ગરમાટો મળી રહે. પણ ધર્મજ્ઞાની દાસીએ કહ્યું : ''મહારાણીજી, આપને જેમ આપનો મહેલ વહાલો છે, તેમ ગરીબોને પોતાની ઝૂંપડી વહાલી હોય છે. એટલે ઝૂંપડી ન સળગાવી શકાય. બીજાની પીડાનો ખ્યાલ રાખીને તમે થોડી ઠંડી સહન કરી લો. આપને આટલી ઠંડી લાગે છે. તો વસ્ત્રહીન બિચારા ગરીબોનું શું ?''

મહારાણીનું નામ તો કરુણા હતું, પણ તેનામાં કરુણા જરાય નહોતી. એટલે આવી સલાહ આપનાર દાસીને તેણે તો તમાચો મારી

દીધો અને બીજી કહ્યાગરી દાસીને ઝૂંપડું સળગાવવાની આજ્ઞા આપી. એટલે તે દાસીએ તો ઝૂંપડું સળગાવી દીધું. પણ એકની સાથે પાસે-પાસેનાં બધાં ઝૂંપડાં સળગીને નાશ પામ્યાં ને મહારાણીને ગરમાટો મળી ગયો.

આમ થવાથી નિરાધાર થયેલા એ ગરીબ ઝૂંપડાવાસી લોકો કાશીનરેશ પાસે ફરિયાદ કરવા ગયા. ફરિયાદ સાંભળીને રાજાએ મહારાણીને બોલાવીને પૂછ્યું તો એમણે પોતાની આજ્ઞાથી એ થયેલાનું કબૂલ કર્યું.

રાજાએ કહ્યું : "જે વ્યક્તિ હમેશાં સુખો વચ્ચે જ ઊછરી હોય એને બીજાનાં દુઃખોની ખબર નથી પડતી. જે મહેલોમાં રહે છે એને ઝૂંપડાંવાળાઓનાં આંસુઓનો ખ્યાલ નથી રહેતો. પણ આ ન ચાલે."

એમ કહી તેણે દાસીઓને આદેશ આપ્યો : "આ મહારાણીનાં વસ્ત્ર-અલંકારો ઉતારો ને તેને ઝૂંપડાવાસી સ્ત્રીનાં ફાટેલાં વસ્ત્રો પહેરાવો. જુઓ, આ રાણીએ જેમનાં ઝૂંપડાં સળગાવ્યાં છે એમને એ મહેનત-મજૂરી કરીને કે ભીખ માંગીને એ ગરીબો માટે નવાં ઝૂંપડાં ન બનાવડાવી આપે ત્યાં સુધી એને રાજમહેલમાં રહેવા નહિ દેવાય."

આ ન્યાય મળ્યાથી મહારાણીએ એ મુજબ કરવું પડ્યું. આવી હતી કાશીનરેશની ન્યાયપ્રિયતા.

• • •

## રા'ખેંગાર

જૂનાગઢના રાજા રા'ખેંગાર શિકારના ઘણા શોખીન હતા. એક વાર શિકાર કરીને તેઓ જંગલમાંથી પાછા ફરી રહ્યા હતા અને રસ્તો ભૂલી ગયા.

એટલે વાંસળી વગાડી રહેલા એક ગોવાળને તેમણે રસ્તો પૂછ્યો

- "આ માર્ગ ક્યાં જાય છે ?"

ગોવાળે કહ્યું : "જુઓ, માર્ગ તો બે જ છે. એક સ્વર્ગ તરફનો ને બીજો નરક તરફનો. જીવોની ને સસલાં જેવાં પ્રાણીઓની હત્યા કરીને તેમનું માંસ ખાનાર માટે નરકનો માર્ગ છે અને પ્રાણીમાત્ર પ્રત્યે દયા રાખીને તેમને પોષનાર માટે સ્વર્ગનો માર્ગ છે. તમારે કયો માર્ગ જોઈએ છે, રાજા ખેંગાર ?"

અભણ ગોવાળના આ શબ્દોની રાજાના મન પર ઘેરી અસર થઈ અને શિકાર કરીને પકડી લાવેલાં સસલાં તેમણે તરત જ ત્યાં ને ત્યાં જ છોડી મૂક્યાં અને ગોવાળને પૂછ્યું : "ભાઈ, જૂનાગઢની આ ગિરિગુફામાં કોઈ સાધુ-સંત હોય તો બતાવ - હવે હું ત્યાં જ જઈશ."

આમ, રા'ખેંગારનું તરત જ હૃદયપરિવર્તન થઈ ગયું.

• • •

## સમ્રાટ નેપોલિયન

વીર નેપોલિયન બોનાપાર્ટ સમયપાલનમાં બહુ ચુસ્ત હતા અને ચીવટ રાખતા. એક વાર તેમણે સેનાના ઉચ્ચ અધિકારીઓને સહભોજન માટે નિમંત્ર્યા હતા. પણ નિયત ચોક્કસ સમયે તે અધિકારીઓ ન પહોંચ્યા. એટલે નેપોલિયને તો નિયત સમયે જમવાનું શરૂ કર્યું. જ્યારે તેમનું ભોજન થયું ત્યારે પેલા અધિકારીઓ તેની પાસે હાજર થયા. તે વખતે જ નેપોલિયન જમીને ઊઠી રહ્યો હતો. એટલે આવેલા સેનાઅધિકારીઓને તેણે કહ્યું : "જુઓ, સજ્જનો, જમવાનો નિયત સમય પૂરો થઈ ગયો છે. એટલે હવે આપણે કામની વાત પર વિચારણા કરવા માંડીએ."

ભોજન માટે આવેલા એ અધિકારીઓ તો છોભીલા પડી ગયા. પણ મહાન વીર નેપોલિયનને તેઓ શું કહી શકે ?

• • •

# રાજા જાનશ્રુતિ

અગાઉ થઈ ગયેલ જાનશ્રુતિ નામનો રાજા તેની દાનશીલતાને લીધે વખણાતો હતો. કોઈ તેને ત્યાંથી ભૂખ્યું કે દુઃખ્યું પાછું સંતુષ્ટ થયા વિના ન જતું. એક વાર એ રાજા મહેલની અગાશીમાં બેઠો હતો ત્યારે માથા પર ઊડતા બે હંસો પૈકી એકે બીજાને કહ્યું : ''આ જાનશ્રુતિ રાજાનું દાનવીરતાને કારણે સૂર્ય જેવું પ્રખર તેજ છે. તું જરા દૂરથી ઊડજે, નહિતર બળીને ભસ્મ થઈ જશે.'' ત્યારે બીજા હંસે કહ્યું :''આ રાજા ગમે તેટલો મોટો દાનવીર હોય, પણ ખરું તેજ તો ગાડાવાળા રૈકવનું છે. તેઓ માનવજાતિનાં બધાં સત્કર્મનું ફળ મળે તેવા જ્ઞાની છે.''

આ સાંભળી રાજા જાનશ્રુતિને રૈકવને મળવાની ઉત્કંઠા થઈ. તપાસ કરાવી તો જણાયું કે એ ગાડાવાળો તે નિર્જન ગ્રામપ્રદેશમાં ગાડા નીચે ખસ ખજવાળતી દશામાં બેઠો છે. તરત જ એ રાજા તેને ભેટરૂપે આપવા માટે છસો ગાયો, સુવર્ણ હાર ને સુંદર રથ લઈને તેના દર્શને ગયો. ત્યાં જઈ વંદન કરી તેને વિનંતી કરી : ''આ બધી વસ્તુઓ સ્વીકારીને મને ઉપદેશ આપો.''

એ સાંભળ્યા છતાં જરાય ઊંચું જોયા વિના એણે કહ્યું : ''આ બધી સામગ્રીની મને જરૂર નથી. આ ગાડું પૂરતું છે.'' રાજાને લાગ્યું કે કદાચ એને વસ્તુઓ ઓછી લાગી હશે. એટલે તે તો પાછો બીજે દિવસે એક હજાર ગાયો, સુવર્ણ હાર, રથ અને સુંદર કન્યા લઈ તેને ભેટ આપવા ગયો અને કહ્યું : ''જુઓ, હું ખાલી હાથે ઉપદેશ લેવા આવ્યો નથી. આ બધું આપ સ્વીકારો ને મને ઉપદેશ આપો.''

ત્યારે રૈકવે ઊંચું જોયું અને સામગ્રી પર નજર નાખીને કહ્યું : ''તું ખાલી હાથે નહિ, પણ ખાલી હૃદયે ઉપદેશ લેવા આવ્યો છે. શું તું ઈશ્વરી જ્ઞાનને ભેટ વસ્તુઓની સંખ્યા વધારીને ખરીદવા માગે છે. આખા

જગતનું રાજ્ય મારે ચરણે મૂકે તોપણ જ્ઞાન માટે એ મૂલ્ય પૂરતું નથી. તારો હેતુ શુભ છે તેથી તને શાપ નથી આપતો. સાધન-સંપત્તિ અર્પણ કરવાથી નહિ, પણ જાતને અર્પણ કરવાથી જ્ઞાન મળે. તારું હૃદય સાધન-સામગ્રીના અભિમાનથી ભરેલું છે ત્યાં સુધી તેમાં જ્ઞાન ઊગી શકશે નહિ. અભિમાન ઓગળે તો તેમાં પ્રભુનો વાસ થાય. માટે તારે જ્ઞાન મેળવવું હોય તો ભેટની સામગ્રી પાછી મોકલીને તારી જાત અર્પણ કરી દે. જાત બચાવીને ઈશ્વરીય જ્ઞાન મેળવી નહિ શકાય.''

રૈકવની આવી વાણી સાંભળીને રાજાની આંખ ઊઘડી ગઈ ને તેને સાચી દૃષ્ટિ સાંપડી. તે એ મુનિના પગમાં ઝૂકી પડ્યો ને પોતાની જાતનું સમર્પણ કર્યું. તેમનો શિષ્ય થયો અને જ્ઞાન પામીને કૃતાર્થ થયો.

• • •

# વિજ્ઞાન-તબીબીશાસ્ત્ર

## સર હંફ્રી ડેવી

વિજ્ઞાની સર હંફ્રી ડેવીનો જન્મ ઈ.સ. ૧૭૭૮માં ઇંગ્લૅંડના નાનકડા ગામમાં થવા પામ્યો હતો. તેમની વિશિષ્ટ રુચિ રસાયણશાસ્ત્રમાં હતી અને સત્તર વર્ષની વયે એક દવા બનાવનાર રસાયણશાસ્ત્રીને ત્યાં નોકરીએ જતા હતા. તેમણે વાયુના ગુણધર્મોનો અભ્યાસ કરી દર્દીને બેભાન કરવા ડૉક્ટર જે ઝેરી વાયુનો ઉપયોગ કરે છે તે નાઇટ્રેસ ઑક્સાઇડ શોધી કાઢ્યો. તદુપરાંત પાણીનું વીજ પૃથક્કરણ કરી તેમણે હાઇડ્રોજન અને ઑક્સિજન વાયુ છૂટો પાડ્યા.

તેમની મહત્ત્વની શોધ તો છે ડેવીનો અભય દીવો. તેમના વખતમાં ખાણમાં કામ કરતા મજૂરો જે દીવા વાપરતા તેમાંથી વાતાવરણમાં ગરમી વધતી અને તેથી મિથેન જેવો ગૅસ ધડાકા સાથે સળગી ઊઠતો અને તેથી હજારો મજૂરો જાન ગુમાવતા હતા. પણ તેમણે શોધેલા હંફ્રી ડેવીના દીવાની ફરતે ધાતુની જાળી રખાયેલી હોવાથી

દીવાની ગરમી ઓછી થતી અને બાહ્ય વાતાવરણ ગરમ થતું અટકતું. વળી, વાતાવરણમાં મિથેન ગૅસની હાજરી હોય તો તે દીવો વાદળી રંગની જ્યોતથી પ્રકાશવા માંડતો. એટલે મિથેન ગૅસની હાજરીની ખબર પડી જતી અને તેથી ખાણિયાઓ સલામત રીતે ખાણની બહાર તરત નીકળી જતા. આમ, ખાણિયાઓના જીવનને તેમની આ શોધથી સલામતી મળી.

આમ, અકિંચન લોકોના કલ્યાણ માટે કામ કરી જનાર આ વૈજ્ઞાનિકના શરીર પર અનેક અજાણ્યાં રસાયણોને ચાખવા ને સૂંઘવાને કારણ માઠી અસર થવા પામી અને માત્ર ૩૩ વર્ષની યુવાન વયે તે લકવાના રોગમાં સપડાયા અને પછી તેઓ લાંબું ન જીવી શક્યા ને ઈ.સ. ૧૮૨૯માં દુઃખદ નિધન પામ્યા. પોતાના ટૂંકા જીવનકાળ દરમિયાન તેમણે અનેક લોકોનું કલ્યાણ કર્યું ને તેમને જીવતદાન આપ્યું. સરકારે તેમની સેવાની કદર કરીને 'સર'નો ખિતાબ તેમને આપ્યો હતો.

• • •

## વિજ્ઞાનવિદ્ એન્જિનિયર ફ્રાન્સિસ

ઇજનેરી વિદ્યાક્ષેત્રે ફ્રાન્સિસ એક સિદ્ધાંતનિષ્ઠ ખુમારી ધરાવતી વ્યક્તિ તરીકે નામાંકિત છે. એક વાર અમેરિકાના લૉવેલ શહેરમાં પાણીસંગ્રહ માટે બંધ બાંધવાની જરૂર ઊભી થઈ. તે જૂના વખતમાં અમેરિકામાં કુશળ ને સાહસિક એન્જિનિયરોની અછત હોવાથી કુશળ એન્જિનિયર તરીકે ઇંગ્લૅંડના પ્રખ્યાત એવા ફ્રાંસિસને મોટો પગાર ને સરસ સગવડો આપીને બોલાવવામાં આવેલો.

તેણે ત્યાં જઈને કામ તપાસ્યું. તેને જાણ થઈ કે નદીના ખીણ-પ્રદેશમાં ૬૦ વર્ષ પહેલાં મોટું અભૂતપૂર્વ પૂર આવેલું. તેથી મનોમન નક્કી કરીને કોઈનીય શેહશરમ રાખ્યા વગર તે તો કંપનીના ડાયરેક્ટર પાસે પહોંચી ગયો ને તેણે કહ્યું : ''જુઓ, સાહેબ, તમારે લૉવેલ શહેર

ફરીથી બાંધવું પડશે, કેમ કે નહિ તો તેમાંનાં કેટલાંક કામો જોખમવાળાં છે.''

જવાબમાં ડાયરેક્ટરે એમ કરવાની ના પાડી ને કહ્યું : ''આ શહેર માટે અમે ઘણો ખર્ચ કર્યો છે એટલે હવે વધુ ખર્ચ કરવો અમને પરવડે તેમ નથી. અને આટલાં બધાં નાણાં વેડફવાનું જોખમ અમે કરી શકીએ તેમ નથી.''

આવો જવાબ મળતાં એન્જિનિયર ફ્રાંસિસે ઠંડે કલેજે કહ્યું : ''તો સાહેબ, અધકચરાં કામોમાં મારી જાતને જોડીને હું મારું નામ ખરાબ કરવા માંગતો નથી. તેથી તમે મારું રાજીનામું સ્વીકારી લઈને મને જવાબદારીમાંથી મુક્ત કરો.''

આવી મક્કમ મનોવૃત્તિનું કારણ હતું એ વિજ્ઞાનીની અપૂર્વ જ્ઞાનસંપત્તિ ને કુશળતા. એટલે એ સિદ્ધાંતનિષ્ઠ અડગ ઈજનેરી-વૈજ્ઞાનિક સમક્ષ ડાયરેક્ટરે નમતું જોખ્યું અને એ પ્રખર વિજ્ઞાનીની યોજના મુજબ બધી બાબત અમલમાં મૂકી. એ થયા પછી વર્ષો બાદ લૉવેલ નગરમાં ભારે પૂર આવવા પામ્યું, પણ એ આખું નગર એ વિજ્ઞાનીની યોજના અમલમાં મુકાયાથી બચી જવા પામ્યું. પરંતુ જો જૂની યોજના અમલી થઈ હોત તો એ આખું નગર પૂરમાં ડૂબી જાત. આવી દીર્ઘદૃષ્ટિ હતી એ નિપૂણ ઈજનેરી-વૈજ્ઞાનિક ફ્રાન્સિસની.

• • •

## આલ્બર્ટ આઈન્સ્ટાઈન

બીજી ઑક્ટોબર, ૧૮૬૯ના રોજ જન્મેલા, ઈ.સ. ૧૮૯૧ની તા. ૧૦ જૂને બેરિસ્ટરની પરીક્ષા પાસ થઈ બેરિસ્ટર થયેલા, રસ્કિનના ‘અન ટુ ધ લાસ્ટ’ (સર્વોદય) પુસ્તક વાંચીને ક્રાંતિકારી પરિવર્તન પામેલા ૧૯૧૫માં ગોંડલના માનપત્રમાં સર્વપ્રથમ વાર ‘મહાત્મા’નું બિરુદ પામેલા ને ૧૯૧૮માં રેંટિયાનો પુનરુદ્ધાર કરી ૧૯૨૦માં

અમદાવાદ ખાતે ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપનાર ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી માટે જગવિખ્યાત વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઇને ઉદ્ગાર કાઢ્યા છે - ''હાડમાંસનો બનેલો આવો કોઈ માનવી ખરેખર આ પૃથ્વી પર વિહર્યો હશે એવું આવનારી પેઢીઓ ભાગ્યે જ માનશે.'' સાપેક્ષવાદનો સિદ્ધાંત શોધનાર એ શાળામાં એક વર્ષ નાપાસ થયેલા હતા ને વર્ષ બગાડ્યું હતું. ફ્રેંચ, ચિત્રકળા ને જીવશાસ્ત્ર વિષયોમાં તે નાપાસ થયેલા.

એક બીજા પ્રસંગે ઈ.સ. ૧૯૪૮માં ઇઝરાયલની સ્થાપના થઈ ત્યારે ત્યાંના વડાપ્રધાન ડેવિડ ગુરિયોએ આ વીસમી સદીના જગપ્રસિદ્ધ શ્રેષ્ઠ વૈજ્ઞાનિકને એ યહૂદી હોવાની રૂએ ઇઝરાયલના પહેલા રાષ્ટ્રપ્રમુખના સ્થાને બિરાજવા માટે વિનંતી કરી હતી. કેમ કે તેમના જેવા વિજ્ઞાનના સર્વકાલીન મહાન વૈજ્ઞાનિકોમાં ગણાતા યહૂદી એ સર્વોચ્ચ પદ શોભાવે તો ઇઝરાયલનું ઘણું ગૌરવ વધે.

એ વિનંતીનો અસ્વીકાર કરતાં તે જવાબરૂપે એ વિજ્ઞાનીએ વિનમ્રતાથી ત્યારે કહેલું : ''હું વૈજ્ઞાનિક છું અને વિજ્ઞાન મારો વિષય છે. રાજકારણ મારું ક્ષેત્ર નથી અને એ મારો વિષય નથી. એટલે મને માફ કરો. આપની વિનંતી લોભામણી હોવા છતાં હું સ્વીકારી શકતો નથી.''

બીજી એક વાર તેમને કોઈ કે સામાન્ય માણસ અને તેમની વચ્ચે કેવો તફાવત રહેલો હોવાની બાબતમાં પૂછ્યું હતું, ત્યારે જવાબમાં કહેલું : ''જુઓ, તમે જો સામાન્ય માણસને ઘાસની ગંજીમાં પડી ગયેલી સોય શોધવાનું કહેશો તો તે એક સોય જડી આવ્યા પછી આગળ શોધ નહિ કરે. ત્યારે હું તો એમ નહિ કરું, પણ એક સોય મળ્યા પછી પણ ઘાસની ગંજીને ફંફોળતો ને ફેંદતો રહીશ ને શક્ય તેટલી વધારેમાં વધારે સોય શોધવાનું ચાલુ રાખીશ ને એ શોધી જ આપીશ.''

## સર સી. વી. રામન

જગવિખ્યાત ભારતીય વૈજ્ઞાનિક સર સી.વી. રામનને ઈ.સ. ૧૯૫૫ના વર્ષમાં ભારત સરકાર તરફથી ''ભારતરત્ન'' ખિતાબ એનાયત થનાર હતો, ત્યારે તત્કાલીન સર્વપ્રથમ રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદે તેમને તા. ૧૪ જાન્યુઆરી, ૧૯૫૫ના રોજ તાર દ્વારા વિનંતીરૂપે જણાવ્યું : ''ભારતરત્નનો ખિતાબ સ્વીકારવા આપ નવી દિલ્હી પધારો ત્યારે મારા મહેમાન તરીકે મારી સાથે રહેશો તો મને ઘણો આનંદ થશે. આમ ક્યારે અને કેવી રીતે પધારનાર છો તેની જાણ કરશો, જેથી આપના સત્કારની ગોઠવણ કરી શકાય.''

એના જવાબરૂપે એ મશહૂર વૈજ્ઞાનિકે તારથી જણાવ્યું : ''આપના મહેમાન તરીકે રહેવા માટેનું ભાવભર્યું નિમંત્રણ મળ્યું. એ માટે આપનો હૃદયપૂર્વક આભાર માનું છું.'' પણ અત્યારે હું ઘણા કાર્યમાં વ્યસ્ત છું, કેમ કે મારા એક વિદ્યાર્થીની ડૉક્ટરેટની થિસિસ યુનિવર્સિટીના નિયમ મુજબ જાન્યુઆરીના અંત સુધીમાં સોંપવાની છે. હું સમજું છું કે વિદ્યાર્થી પ્રત્યેની મારી ફરજ સર્વપ્રથમ છે અને પછી બીજી અંગત બાબતો હોય, આ સંજોગોમાં હાલ મારાથી બૅંગ્લોર છોડીને દિલ્હી આવી શકાય તેમ નથી. મને પૂરો વિશ્વાસ છે કે મારા સંજોગો સમજીને આપ ઉદાર બનશો.''

અને સર રામન ભારતરત્ન ખિતાબ લેવા દિલ્હી ન ગયા.

• • •

## સત્યેન્દ્રનાથ બોઝ

વિખ્યાત આંતરરાષ્ટ્રીય વિજ્ઞાની શ્રી સત્યેન્દ્રનાથ બોઝનો જન્મ ઈ.સ. ૧૮૯૪માં કલકત્તામાં થયો હતો. એમના પિતા સુરેન્દ્રનાથ રેલ્વેમાં ઊંચા સ્થાને અધિકારીપદે હતા.

તેમણે કલકત્તાની હિંદુ કૉલેજમાં માધ્યમિક ને ઉચ્ચ શિક્ષણ લીધું હતું. ત્યાં એમના શિક્ષકે એ મહાન ગણિતજ્ઞ બનશે એવું ભવિષ્ય ભાખ્યું હતું. એક પરીક્ષામાં એમણે ગણિતના વિષયના પ્રશ્નપત્રમાં પુછાયેલ બધા જ દાખલા જેટલી રીતે થઈ શકે તેટલી બધી રીતે સાચા ગણ્યા હોવાથી પરીક્ષકે તેમને ૧૦૦ માંથી ૧૧૦ માર્ક આપ્યા હતા.

ઈ.સ. ૧૯૧૫માં તેઓ એમ.એસ.સી. થયા બાદ કલકત્તા યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા હતા. તે વખતના ત્યાંના ઉપકુલપતિ આશુતોષ મુકરજી તેમની બુદ્ધિ-પ્રતિભા ને હિંમતની ઘણી ને ભારે પ્રશંસા કરતા હતા.

શાળાના અભ્યાસકાળ દરમિયાન તેમણે ટેલિસ્કોપ બનાવીને શાળાને ભેટ આપ્યો હતો. ત્યારે તેમણે કૉલગૅસ પણ બનાવ્યો હતો. ભારત સરકારે તેમની ઉચ્ચ પ્રકારની વૈજ્ઞાનિક સિદ્ધિ બદલ ઈ.સ. ૧૯૫૮માં પદ્મવિભૂષણનો ખિતાબ એનાયત કર્યો હતો. તેમણે કરેલી શોધ મુજબ વિશ્વના બધા કણો પૈકીના પૂર્ણ ગુણાંક પ્રચકણ (Spin) ધરાવનાર કણોને તેમના નામ પરથી ''બ્રોઝોન''ના નામે ઓળખવામાં આવે છે. એમનું દુઃખદ નિધન ઈ.સ. ૧૯૭૪માં થવા પામ્યું હતું.

• • •

## ડૉ. વિશ્વેશ્વરૈયા

ભારતના ઈજનેરી-વિજ્ઞાનના મહાન તજ્જ્ઞ ડૉ. વિશ્વેશ્વરૈયા એક વાર એક નાનકડા ગામમાંથી પોતાના પ્રવાસ દરમિયાન પસાર થઈ રહ્યા હતા. તે વખતે એ ગામની કૉલેજના આચાર્યને એની જાણ થવાથી એમને પોતાની કૉલેજમાં વ્યાખ્યાનનો લાભ આપવા વિનંતી કરી.

ડૉ. વિશ્વેશ્વરૈયા સામાન્ય રીતે પૂર્વતૈયારી વિના વ્યાખ્યાન આપતા નથી, પણ સૌજન્ય ને શિષ્ટાચાર ખાતર તેમણે એ વિનંતી સ્વીકારીને એ કૉલેજમાં નાનકડું સંક્ષિપ્ત વ્યાખ્યાન આપ્યું.

એ પછી તેઓ પોતાને નિવાસસ્થાને પહોંચ્યા ને તેમણે એ કૉલેજમાં આપેલા વ્યાખ્યાનના વિષય પર સંગીન તૈયારી કરવા માંડી. એ તૈયારી થઈ ગયા પછી તેઓ તો એ કૉલેજમાં અચાનક જ પહોંચી ગયા.

એમને એ રીતે અગાઉથી સૂચવ્યા વગર આવેલા જોઈને આચાર્ય ને અધ્યાપકો તો અચંબામાં પડી ગયા. એટલે તેમણે ત્યારે કહ્યું : ''મિત્રો, તમે ભલે દુનિયાદારીથી અજાણ ને જીવનને સમજવામાં પરિપક્વ ન હો, પણ મારાથી એમ ન થાય. તે દિવસે તમારી વિનંતીથી શિષ્ટાચાર ખાતર મેં પૂર્વતૈયારી વિના વ્યાખ્યાન આપવાની ભૂલ કરી હતી. એ ભૂલ સુધારવા માટે હું એ વિષય પરની સંપૂર્ણ તૈયારી સાથે તમારી સમક્ષ વિષયની સાંગોપાંગ રજૂઆત કરવા આવ્યો છું અને તે સાંભળવાની તક આપવા તમને વિનંતી કરું છું.''

આવો હતો ડૉ. વિશ્વેશ્વરૈયાનો શિક્ષણ-પ્રવચનનો આદર્શ.

• • •

## ડૉ. જૉસેફ ગોલ્ડ બર્ગર

ઈ.સ. ૧૮૭૪ થી ઈ.સ. ૧૯૨૯ દરમિયાન જીવન ગાળનાર અમેરિકામાં તબીબી વિષયક સંશોધન કરનાર ડૉ. જૉસેફ ગોલ્ડ બર્ગર સદાય શોધ-પ્રયોગ પોતાના પર કરવામાં માનતા ને તેમ જ કરતા હતા. તેઓ ડિફ્થેરિયા, ડૅગ્યુ તાવ, ટાઇફૉઇડ આદિ ઘણા ચેપી રોગોની દવાની શોધ પોતાના પર અખતરા કરીને કરતા હતા.

એક વાર તેમને એવી શોધ કરતી વેળાએ એ રોગનો ચેપ લાગવા પામ્યો ને તેથી એ રોગગ્રસ્ત થઈ ગયા. ત્યારે તેમના સ્નેહી, શુભેચ્છકો, આપ્તજનો ને મિત્રોએ આવી રીતે પોતાની જાત પર પ્રયોગ કરવા માટે તેમને ચેતવ્યા ને એમ ન કરવાની સલાહ તેમને આપી. એના જવાબમાં તેમણે કહેલું : ''જુઓ, મારા પર પ્રયોગ કરવો જ ઇષ્ટ. બીજા પર એવો

અખતરો કરી તેનું જીવન જોખમમાં મૂકવાનો મને શો અધિકાર ? વળી, મારા એકના જીવનબલિદાનથી આખી માનવજાતને એ ચેપી રોગમાંથી ઊગરવાનો ઉપાય મળતો હોય તો એથી વધુ રૂડી આપણા જીવનની કૃતાર્થતા શી હોઈ શકે ?''

અને ખરેખર એ ચેપી રોગમાંથી બચવાના ઉપાયો શોધવા માટે પોતાની જાત પર અખતરો કર્યાથી એ રોગમાં તે સપડાયા બાદ એમનો જીવનદીપ તા. ૧૬ જાન્યુઆરી, ૧૯૨૯ના રોજ બુઝાઈ જવા પામ્યો. એમણે આ રીતે માનવજાતના કલ્યાણ માટે પોતાના જીવનનો ભોગ આપ્યો. આવા વિરલા બહુ ઓછા હોય છે.

• • •

## થોમસ આલ્વા એડિસન

જાણીતા જગવિખ્યાત વિજ્ઞાની થોમસ આલ્વા એડિસન એક વાર ત્રણ-ત્રણ વર્ષ સુધી સતત ઘણા પ્રયોગો કર્યા છતાં સફળ થઈ નહોતા શક્યા. ત્યારે તેમના સાથીદારો ભારે નિરાશ થઈ ગયા હતા. કેમ કે સાત સો જેટલા પ્રયોગો કર્યા છતાં ઉત્સાહજનક પરિણામ મળવા પામ્યું નહોતું, એટલે તેમને થયું કે એ વિષય છોડીને હવે બીજા વિષય પર કામ શરૂ કરવું જોઈએ. કેમ કે નહિ તો આખી જિંદગી વીતવા છતાં સફળતા મળી શકશે નહિ.

આમ છતાં, વૈજ્ઞાનિક એડિસન તો નિષ્ફળતા કે નિરાશાથી થાક્યા વિના સતત અવનવા પ્રયોગો કર્યા જ કરતા હતા. રોજ રોજ અવનવા ઉત્સાહથી તેઓ પ્રયોગો કરતા રહ્યા હતા.

એ જોઈ એમના સાથીઓએ એમને એ વિષય છોડીને નવા વિષય પર કામ કરવા વિનંતી કરી. ત્યારે એ વિજ્ઞાનીએ કહ્યું : ''જુઓ, આપણા આ વિષયના સાત સો પ્રયોગો એ કંઈ સાત સો નિષ્ફળતાઓ નથી, પણ સાત સો સંભવિત શક્યતાઓ વિશે આપણે જોઈ લીધું ને એ

સિવાયની જ હવે આપણે જોવા-તપાસવાની રહી છે. એ દૃષ્ટિએ આપણે સફળતાની ઘણી નજીક પહોંચી ગયા છીએ. એક પ્રયોગની શક્યતાના હજાર જેટલા માર્ગો હોય અને તે પૈકી આપણે સાત સો જેટલા તો જોઈ લીધા. એટલે હવે બાકીના જૂજ માર્ગો જ તપાસવાના બાકી હતા. કેટલીક વાર ૯૯૯ માર્ગો ખોટા હોય ને છેલ્લો હજારમો જ માર્ગ સાચો હોઈ શકે છે. એટલે છેવટ સુધી આશા છોડવી ન જોઈએ ને કામ કરતા રહેવું જોઈએ. એમ કરવાથી જ સફળતા હાંસલ થઈ શકે છે.''

આ સાંભળીને એડિસનના સાથીદારો એમનો જબરજસ્ત આશાવાદ જોઈને સ્તબ્ધ જ થઈ ગયા ને તેઓ પોતાની નિરાશા ખંખેરીને ફરીથી એ બધા વૈજ્ઞાનિક એડિસન સાથે પ્રયોગ કરવામાં ઉત્સાહપૂર્વક સાથ આપવા લાગ્યા.

બીજા એક પ્રસંગે એ ભુલકણા વૈજ્ઞાનિક ટ્રેનના પ્રવાસે નીકળ્યા હતા. મુસાફરી દમિયાન ટિકિટચેકરે તેમની પાસે ટિકિટ માંગી. એ વખતે તેમણે પોતાનાં ખિસ્સાં ફંફોસ્યાં પણ ટિકિટ ન મળી. પછી સૂટકેસ જોઈ વળ્યા. છતાં ય ટિકિટ ન મળી. એટલે તે તો ગભરાટમાં પડ્યા, પણ સદ્‌ભાગ્યે એ ટિકિટચેકર એમનો જ જૂનો વિદ્યાર્થી હતો. એટલે એણે કહ્યું : ''સાહેબ, હવે શોધવાની જરૂર નથી. ચાલશે.''

એ વખતે એડિસને કહ્યું : ''એ ભલે તમે ચલાવો, પણ મારે તો બરાબર શોધવી જ પડશે. તમારે માટે નહિ, પણ મારે માટેય એ મારે શોધવી પડશે. કેમ કે મને જ ખબર નથી કે મારે કયા સ્ટેશને ઊતરી જવાનું છે.''

• • •

## માઈકલ ફેરેડે

સુપ્રસિદ્ધ મહાન વૈજ્ઞાનિક માઇકલ ફેરડેએ ઈ.સ. ૧૮૨૧માં

વિદ્યુતપ્રવાહની ચુંબકીય અસર ને વિદ્યુતમોટરની શોધ કરી હતી ને ઈ.સ. ૧૮૨૫માં વિદ્યુતની રાસાયણિક અસર ને તેના પૃથક્કરણના નિયમો પ્રસ્થાપિત કર્યા હતા. વળી, ઈ.સ. ૧૮૩૧માં વિદ્યુતચુંબકીય ઉત્પાદન ને ઈ.સ. ૧૮૪૦માં એમણે 'ફેરડે-હોટેશન ઈફેક્ટ' ને ધ્રુવીભૂત પ્રકાશની શોધ કરી હતી.

પણ તા. ૨૨ સપ્ટેમ્બર, ૧૭૯૧માં ઇંગ્લૅન્ડના લંડન પાસેના ન્યુ ઇંગ્ટન પરગણામાં સાધારણ લુહાર પિતાને ત્યાં જન્મેલ નવ ભાઈ-બહેનોવાળા આ વૈજ્ઞાનિક વિધિસર રીતે બહુ ભણી શક્યા નહોતા. એટલે શરૂમાં એમણે પુસ્તકવિક્રેતાની દુકાનમાં નોકરી કરેલી ને અખબારો વહેંચવાનું કામ તથા બુકબાઈન્ડિંગ કરનારને ત્યાં પણ સાધારણ નોકરી કરી હતી. ત્યાં વિજ્ઞાનનાં પુસ્તકો, બ્રિટનિકા વિશ્વકોશ ને પ્રસિદ્ધ લેવોઝિયે નામના વિજ્ઞાનીનું રસાયણશાસ્ત્રનું પુસ્તક તેમણે રાતના જાગીને વાંચી લીધાં હતાં.

એ પછી પ્રસિદ્ધ વિજ્ઞાની હમ્ફ્રી ડેવીને ત્યાં ચપરાસીની નોકરી તેમણે કરેલી. ત્યાં તેમનો વિજ્ઞાનરસ ને બુદ્ધિ-સૂઝ પોષાવાથી તેમને ઈ.સ. ૧૮૨૪માં રૉયલ સોસાયટીનું સભ્યપદ ને પછી ઈ.સ. ૧૮૫૭માં તેના વડાનું સ્થાન મળવા પામેલું.

કૉલેજમાં જરાય અભ્યાસ ન કરનાર આ વૈજ્ઞાનિકની અનન્ય સિદ્ધિઓ બદલ ઇંગ્લૅન્ડનાં રાણી તરફથી તેમને 'નાઇટનો ગૌરવપ્રદ ખિતાબ આપવાની જ્યારે જાહેરાત થઈ, ત્યારે આ મહાન પણ વિનમ્ર વિજ્ઞાનીએ એનો અસ્વીકાર કરતાં કહેલું : "હું એક સીધોસાદો વૈજ્ઞાનિક છું ને માત્ર "મિ. ફેરેડે" તરીકે જ ઓળખાતો રહેવાની ઇચ્છા ધરાવું છું."

આવી હતી તેમની નમ્રતા ને મહત્તા. આ મહામાનવે તા. ૨૫ ઑગસ્ટ, ૧૮૬૭ના રોજ દુનિયાની ચિરવિદાય લીધી. અત્યંત ગરીબ

કુટુંબમાં જન્મનાર આ વૈજ્ઞાનિકે ઉદાત્ત ધ્યેય રાખી નિષ્ઠાપૂર્વક સતત પરિશ્રમ કરી ઉચ્ચ સિદ્ધિનાં શિખર આંબ્યાં હતાં.

• • •

## ડૉ. મેઘનાદ જગન્નાથ સહા

કોલકાતામાં ''ઇન્સ્ટિટ્યૂટ ઑફ ન્યુક્લિયર ફિઝિક્સ''ની સ્થાપના કરનાર ભૌતિકશાસ્ત્રી અને ન્યુક્લિયર ભૌતિકશાસ્ત્રના તજજ્ઞ ડૉ. મેઘનાદનો જન્મ તા. ૬ ઑક્ટોબર, ૧૮૬૩ના રોજ બંગાળના ઢાકા પ્રાંતના શિવરાતલી ગામમાં થયેલો. તેમણે કોલકાતા યુનિ.ની એમ.એસ.સી.ની તથા ગણિતમાં ડી.એસસી.ની ડિગ્રી મેળવી હતી. ઈ.સ. ૧૯૧૬માં તે જ યુનિ. માં તે વ્યાખ્યાતા તરીકે જોડાયા. એ ઇમ્પિરિયલ સાયન્સ કૉલેજમાં જોડાયા પછી બર્લિન ગયા ને ત્યાંની બર્લિન સાયન્સ કૉલેજમાં જોડાઈને વિજ્ઞાની આઇન્સ્ટાઇનના સંપર્કમાં આવ્યા.

ઈ.સ. ૧૯૨૧માં ત્યાંથી ભારત પાછા આવ્યા ને એક પછી એક વિજ્ઞાનપ્રયોગોમાં તેમને સફળતા મળતી ગઈ. તેમણે પ્રકાશના કિરણના દબાણના માપને લગતો એક શોધપ્રબંધ લખ્યો. એમને ફ્રાન્સના પ્રખ્યાત ઍસ્ટ્રોનોમિકલ સોસાયટીએ માનદ આજીવન સદસ્ય બનાવેલા. ઈ.સ. ૧૯૩૦માં ઇટલીના મહાન વિદ્યુતશાસ્ત્રી વોલ્ટાની શતાબ્દીની ઉજવણીમાં ભારતીય પ્રતિનિધિ તરીકે તેમણે હાજરી આપેલી. ઈ.સ. ૧૯૩૪માં ભારતીય વિજ્ઞાન કૉંગ્રેસના પ્રમુખ તરીકે તેઓ ચૂંટાયા હતા.

તેમનું યશસ્વી પ્રદાન તો ખગોળશાસ્ત્રમાં ઊંડા અભ્યાસ પછી તારાઓના વર્ગીકરણ દ્વારા તેમણે કરેલી શોધ કે ''ઓ'' વર્ગના તારા વધારે ગરમ અને 'એમ' વર્ગના તારા વધારે ઠંડા હોય છે. ઈ.સ. ૧૯૪૫માં તેઓ મૉસ્કો ગયા હતા ને ૧૯૫૨માં ભારતીય લોકસભામાં

તેઓ ચૂંટાયા હતા.

તેમણે કૅલેન્ડરમાં સૂચવેલા કેટલાક મહત્ત્વના સુધારા એ તેમનું બીજું નોંધપાત્ર પ્રદાન છે. ઈ.સ. ૧૯૬૨માં ભારત સરકારે એમના પ્રમુખપદે તદ્દવિષયક સુધારા સૂચવવાની નીમેલી સમિતિએ એ અંગે ઘણું ગહન સંશોધન કરીને કૅલેન્ડરમાં સુધારા સૂચવ્યા હતા. સમગ્ર વિશ્વમાં વિજ્ઞાનક્ષેત્રે મોટી નામના મેળવનાર એમનું તા. ૧૬ ફેબ્રુઆરી, ૧૯૫૬ના રોજ ૬૩ વર્ષની વયે દુઃખદ નિધન થયેલું. એમના જીવનમંત્ર અને સફળતાના રહસ્ય વિશે પૂછવામાં આવતાં એમણે જણાવેલું કે "પરિશ્રમ ને સાચી નિષ્ઠા એ જ સફળતાને ખેંચી આણે છે."

• • •

## અણુવિજ્ઞાની રાજા રામન્ના

ભારતના સમર્થ અણુવિજ્ઞાની રાજા રામન્નાનો જન્મ તા. ૨૮ જાન્યુઆરી, ૧૯૨૫ના રોજ કર્ણાટક રાજ્યના મૈસુર ખાતે થયેલો. ત્યાં જ પ્રાથમિક ને માધ્યમિક શિક્ષણ લીધેલું અને બૅંગ્લોર તથા તાંબારામની મદ્રાસ ક્રિશ્ચિયન કૉલેજમાંથી ભૌતિકશાસ્ત્ર સાથે તેઓ બી.એસસી. (ઑનર્સ) થયા.

શરૂથી જ તેઓ સંગીતના ભારે શોખીન ને તેમાં વળી મૈસુર રાજ્યના આશ્રિત જર્મન સંગીતજ્ઞ ઑટોસ્મિટ તથા અન્ય ભારતીય સંગીતજ્ઞોના સાંનિધ્યમાં તેમણે સંગીતની સાધના કરી હતી અને ત્યાંના મહારાજા પણ તેમને પ્રોત્સાહન ને સહાય આપતા.

તેમના અભ્યાસકાળ દરમિયાન તેમના ઘર આગળ જ આઝાદી સંગ્રામ ટાણે બ્રિટિશ માલની હોળી કરાતી. એટલે ત્યારથી તેમનું માનસ રાષ્ટ્રીય ભાવનાથી સભર હતું. એથી આઝાદીટાણે ભારતના ભાગલા પડ્યા ને ત્યારે વકરેલી કોમવાદી આગને શાંત કરવા જ્યારે ગાંધીજી આમરણ ઉપવાસ પર ઊતર્યા હતા ત્યારે આ વિજ્ઞાનીએ પણ ઉપવાસ

કરેલા હતા. પછી તેમને સામ્યવાદી રંગે રંગવાના ઘણા પ્રયાસો થયેલા, પણ તે ગાંધીચીંધ્યા માર્ગમાંથી જરાય ડગ્યા નહોતા. ન્યુક્લિયર ફિઝિક્સ સામયિકના સંપાદક પણ તે હતા.

ઈ.સ. ૧૯૪૫માં તાતાની શિષ્યવૃત્તિ મળ્યાથી તે લંડન યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રના અભ્યાસ માટે ગયેલા ને અસંખ્ય પ્રતિકૂળતાઓ છતાં તેમણે સંશોધન કરીને ઈ.સ. ૧૯૪૮માં ડૉક્ટરની ઉપાધિ મેળવી હતી. ઈ.સ. ૧૯૭૫માં ભાભા અણુસંશોધનકેન્દ્રના નિયામકપદે તેઓ નિમાયા પણ પછી ઇટાલીના ટ્રયેસ્ટી કેન્દ્રના નિયામકપદની ઑફર મળવા છતાં તેઓ દેશભક્તિને કારણે ત્યાં ન ગયા. ઈ.સ. ૧૯૭૩માં વડાપ્રધાન ઇંદિરા ગાંધીના કહેવાથી તેમણે ઈ.સ. ૧૯૭૪માં સફળતાપૂર્વક પરમાણુંવિસ્ફોટ કર્યો હતો. એ પછી ઇરાકે તેમને ઑફર કરતા મોટા હોદ્દાનો તેમણે અસ્વીકાર કર્યો. તેમણે ભારત સરકારના સંરક્ષણખાતાના રાજ્યકક્ષાના પ્રધાન તરીકે ય સફળ રીતે કામગીરી બજાવેલી. વળી, તેમણે ભાભા પરમાણુંકેન્દ્ર, આઇ.આઇ.ટી. મુંબઈ તથા પરમાણુ ઊર્જાપંચના અધ્યક્ષ તરીકે ય સેવા આપી છે. ૧૯૬૮માં તેમને પદ્મશ્રી ને ૧૯૭૩માં પદ્મભૂષણના ખિતાબો ભારત સરકારે આપ્યા છે. ભારતના પ્રથમ રિએક્ટર અપ્સરાના નિર્માણ ઉપરાંત ન્યુક્લિયર વિડંબનની ઘટના તથા ન્યુટ્રૉન તાપીયન ક્ષેત્રે તેમનો ફાળો મહત્ત્વનો છે. દેશવિદેશના અનેક માન-અકરામ મેળવનાર તેમનું દુઃખદ નિધન તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૦૪ના રોજ ૭૯ વર્ષની વયે થયું છે.

• • •

## જયકૃષ્ણ ઇન્દ્રજી

ગુજરાતના પ્રખર વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇન્દ્રજીનો જન્મ કચ્છના લખપત ગામે થયેલો ને તેમનું બચપણ અડબંગ દશામાં વીતેલું.

પણ પાછળથી પ્રખર પુરાતત્ત્વવેત્તા ભગવાનલાલ ઇન્દ્રજીના સંપર્કમાં આવ્યાથી તેમને વનસ્પતિની ઓળખનો શોખ જન્મવા પામેલો.

એ શોખને પરિણામે તેમણે સૌરાષ્ટ્ર ને કચ્છ વિસ્તારમાં ને ખાસ કરીને પોરબંદરના બરડા ડુંગર પર ભ્રમણ કરીને દુઃસાધ્ય રોગ મટાડે તેવી વનસ્પતિઓમાંથી ઔષધોની શોધ કરી હતી. એનો 'વનસ્પતિશાસ્ત્ર' નામનો અદ્ભુત ગ્રંથ ગુજરાતીમાં તેમણે છસોથી પણ વધુ વનસ્પતિનાં વર્ણન ને ઉપયોગ આલેખીને લખ્યો. એ ગ્રંથ અંગ્રેજી ભાષામાં લખ્યો હોત તો તેમને અઢળક પૈસા ને કીર્તિ મળ્યાં હોત, પણ તેમણે પોતાની માતૃભાષાપ્રીતિને લીધે એ ગ્રંથ પોતાના દેશવાસીઓના લાભાર્થે ગુજરાતીમાં જ લખ્યો.

એક વાર કચ્છના મહારાવને દરિયાકાંઠે મહેલ બાંધવાની ઇચ્છા થઈ. તેમણે એ માટે યુરોપિયન ઇજનેરોની સલાહ લીધી ત્યારે તેમણે પાયો તૈયાર કરવામાં લાખો રૂપિયાના ખર્ચની યોજના બતાવી, પણ પછી જયકૃષ્ણ ઇન્દ્રજીની સલાહ લેવામાં આવી. તે વખતે તેમણે દરિયાકાંઠા પર ઊગે એવી વનસ્પતિ વાવીને જમીન મજબૂત બનાવવાનું ને તે પછી તેના પર મહેલ બાંધવાનું સૂચન કર્યું. આ મૌલિક અકસીર પણ સસ્તું સૂચન સ્વીકારીને તેમ કર્યું ને પછી ત્યાં મહેલ બંધાવ્યો હતો.

પોતાની નિવૃત્તિ બાદ તેમણે પોતાના અનુભવોનું જ્ઞાન જિજ્ઞાસુ લોકોને મફત આપવાની ઑફર કરતી જાહેરાત કચ્છ રાજ્યના ગૅઝેટમાં છપાવી હતી.

આવા ઉમદા નિરભિમાની ને જ્ઞાની હતા વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇન્દ્રજી.

• • •

## સર ઍલેક્ઝાંડર ફ્લેમિંગ

પેનિસિલિનની મહત્ત્વની શોધ કરી કરોડો રોગી લોકોના જીવ

બચાવનાર સર ઍલેક્ઝાંડર ફ્લેમિંગો મૂળ રીતે ખેતરમાં વૈતરાં કરનાર એક ખેડૂતનો દીકરો હતો.

એક વાર એના પિતા પોતાના કૂતરાને ભસતો સાંભળીને તેની દિશામાં જાય છે ને જુએ છે તો ત્યાં એક શિયાળે એક બાળકને પોતાના જડબાંમાં પકડ્યું હતું. એ જોઈ તે પેલા બાળકને શિયાળનો શિકાર થતો બચાવે છે. બીજે દિવસે રેડોલ્ફ ચર્ચિલ નામનો ઉમરાવ એ ખેડૂતની ઝૂંપડી પાસે આવીને પોતાના દીકરાને ઉગારવા બદલ આભાર માનતાં કહે છે : ''હે દયાળુ માણસ, તારો ઉપકાર કરવાની એક તક મને આપ, કાલે તેં મારા દીકરાને શિયાળનો શિકાર થતાં બચાવ્યો છે, તો તારો દીકરો તું મને આપ. હું તેને ભણાવીશ. એ જો તારા દયાળુ લોહીથી સીંચાયેલો હશે તો ભણીગણીને જ્યારે એ મોટો માણસ થશે ત્યારે એની દયા-માયાથી આ દુનિયા પવિત્ર થશે.''

એટલે પેલા ખેડૂતે પોતાના પુત્રને ભણાવવા માટે એ ઉમરાવને સોંપ્યો. થોડાં વર્ષો પછી એ સેંટ મેરીની મેડિકલ કૉલેજમાંથી ડૉક્ટર થઈને બહાર પડ્યો અને એણે પેનિસિલનની અદ્‌ભુત શોધ કરી.

એને ઉછેરી ઘડનાર ને તૈયાર કરનાર ઉમરાવ રેડોલ્ફ ચર્ચિલ તે બીજું વિશ્વયુદ્ધ જીતનાર બ્રિટનના વડાપ્રધાન વિખ્યાત વિન્સ્ટન ચર્ચિલના પિતાજી હતા.

• • •

# રાજકારણ

## લોકમાન્ય તિલક

ભારત પરાધીન હતો ત્યારે એક વાર લોકમાન્ય તિલકના એક દેશભક્ત સહાધ્યાયીએ ક્રોધમાં આવીને તત્કાલીન શાસનકર્તા મહારાણી વિક્ટોરિયાનું ચિત્ર ફાડી નાખ્યું.

એ જોઈને તિલક બોલી ઊઠ્યા : ''અરે ભાઈ, એ બિચારા જડ કાગળે તારું શું બગાડ્યું હતું કે તેને ફાડી નાખ્યો ? જો એ લોકોએ આપણને પરાધીન બનાવ્યાનું સાચું દુઃખ તને લાગતું હોય તો આવો નપુંસક ક્રોધ કરવાને બદલે પ્રતિજ્ઞા લે કે આ ગુલામીની બેડી અને જુલ્મી અંગ્રેજોનું રાજ્ય ખતમ કરવા માટે હું જીવનભર મથીશ.''

• • •

## વિન્સ્ટન ચર્ચિલ

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટનના વડાપ્રધાન બનેલા વિન્સ્ટન ચર્ચિલ ખૂબ આનંદી સ્વભાવના હતા. એક વખત તેમને કોઈકે પૂછ્યું : ''સાહેબ, સફળ નેતા બનવા માટે તમારા મતે શી લાયકાત જોઈએ?''

એના જવાબમાં તેમણે કહ્યું : ''જુઓ, જેનામાં આવતી કાલે, મહિના પછી અને એક વર્ષ બાદ શું થશે તે કલ્પવાની અને ત્યાર પછી તે કેમ ન બન્યું તેનાં કારણો આપવાની શક્તિ હોય તે જ સફળ નેતા થઈ શકે.''

આવા બાહોશ ચર્ચિલ તેમની મિલિટરી શાળાકીય પરીક્ષામાં ત્રણ વાર નાપાસ થયા હતા અને પ્રવેસપરીક્ષામાં ય બે વાર નાપાસ થયા.

• • •

## જનરલ લી

અમેરિકન આંતરવિગ્રહ ટાણે તે વખતના ત્યાંના રાષ્ટ્રપ્રમુખે જનરલ લીને અમુક જગ્યાએ અમુક એક અમલદારને મૂકવો કે નહિ તે અંગેનો તેમનો અભિપ્રાય પૂછ્યો, ત્યારે જનરલ લીએ તે અમલદારનાં વખાણ કર્યાં.

એમની એવી ભલામણથી નવાઈ પામી એ જનરલના મદદનીશે

જનરલને પૂછ્યું : ''સાહેબ, તમારે માટે ભૂંડું બોલનાર તે અમલદાર માટે તમે સારી ભલામણ કરી ?''

જવાબમાં ત્યારે જનરલ લીએ કહ્યું : ''ભાઈ, રાષ્ટ્રપ્રમુખે મારો એ અમલદાર વિશેનો અભિપ્રાય પૂછેલો. તે અમલદારનો મારા વિશેનો અભિપ્રાય નહોતો પૂછ્યો. એ અમલદાર મારા વિશે ભૂંડું બોલે છે, તેની મને જાણ છે, પણ એ તો અમારી અંગત બાબત ગણાય.''

• • •

## લાલબહાદુર શાસ્ત્રી

ઈ.સ. ૧૯૦૪માં ગાંધીજયંતીના દિવસે તા. ૨ ઑક્ટોબરના રોજ જન્મેલા અને ''જય કિસાન, જય જવાન''નું સૂત્ર આપનાર ભારતના લાડીલા ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીને એક વાર રાષ્ટ્રસંઘનાં રાષ્ટ્રોની પરિષદમાં હાજરી આપવા માટે વિદેશમાં જવાનું હતું.

તે વખતે તેમના વિદેશપ્રવાસની તૈયારી ટાણે લંડનની એ વખતની ઠંડીની ઋતુમાં ગરમ પોષાક લઈ જવાની વાત નીકળી. તેમની પાસે ત્યારે માત્ર બે જ ગરમ કોટ હતા. એમાં યે વળી એક કોટમાં તો મોટું કાણું પડેલું હતું. તેથી તે પહેરવામાં આવે તો ખરાબ લાગે તેમ હોવાથી નવો ગરમ કોટ તૈયાર કરાવવાની તેમને સૂચના કરવામાં આવી, કેમ કે એક જ સારો કોટ એ રાષ્ટ્રસંઘ પરિષદના દિવસોમાં નભી ન શકે.

એ સૂચનાના જવાબમાં શાસ્ત્રીજીએ કહ્યું : ''આ કાણાંવાળો કોટ પણ ચાલી શકે. કાણું પડેલા કોટને રફૂ કરાવી લઈને ચલાવી શકાય. ગરીબ ભારતના પ્રતિનિધિને તો આવો જ કોટ શોભે. ખેતરમાં તનતોડ મજૂરી કરતા આપણા કિસાન ભાઈઓ પાસે શરીરને ઢાંકવા માટે બે સુતરાઉ કપડાં પણ હોતાં નથી. તેમનાં શરીર હું પૂરાં ઢાંકી ન શકું ને

મારો રોફ મારવા ને બતાવવા નવો કોટ સીવડાવું એ તેમની ક્રૂર મશ્કરી નહિ તો બીજું શું ? આ બીજા કોટને દુરસ્ત કરાવીને પહેરવા લાયક બનાવી શકાય. નવા કોટની જરૂર નથી.''

અને એમણે એ કાણાંવાળો કોટ રફૂ કરાવીને પહેરવા લાયક બનાવ્યો, પણ નવો ગરમ કોટ તૈયાર ન જ કરાવ્યો. આવી હતી આપણા લાડીલા વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની સાદાઈ, ગાંધીજીના તે સાચાં ને ચુસ્ત અનુયાયી હતા.

બીજા એક પ્રસંગે ભારતના પ. નહેરુ પછીના દ્વિતીય છતાં અદ્વિતીય અને કદમાં વામન છતાં મનોબળમાં વિરાટ એવા એમણે જ્યારે તેઓ પં. નહેરુના પ્રધાનમંડળમાં રેલવે પ્રધાન હતા ત્યારે દક્ષિણ ભારતમાં થયેલ એક રેલવે અકસ્માતની જવાબદારી પ્રધાન તરીકે પોતાને માથે લઈને સત્તાલાલસુ થઈને ચીટકી રહેવાને બદલે પ્રધાન તરીકેના હોદ્દાનું રાજીનામું તરત આપી દીધું. એમ કરીને ઘેર જઈ પુત્રને ઉદાસ જોઈ તે બોલેલા : ''હું હવે રેલવેપ્રધાન નથી એથી તને ખરાબ લાગી રહ્યું છે કે ?'' પણ પુત્રે ના પાડ્યાથી તેઓ તેને વહાલ કરીને બીજા ખંડમાં જતા રહ્યા. એ પછી તેઓ દેશના રચનાત્મક સેવાકાર્યમાં વધુ સમય આપવા લાગેલા.

તેમનામાં સાદગી અને નમ્રતાના ગુણો ભારોભાર હતા. વળી, તેઓ સ્પષ્ટવક્તા પણ હતા. વડાપ્રધાન બન્યા પછી એક વાર એક અખબારી પરિષદમાં એક અમેરિકન પત્રકારે તેમને પૂછેલું : ''શાસ્ત્રીજી, તમારાં બાળકો ફૅશનેબલ વસ્ત્રો પહેરે છે અને ખુદ તમે સાદા ઝભ્ભો-ધોતી પહેરો છો, એવું કેમ ?'' તરત જ તેમણે જવાબ આપ્યો હતો : ''ભાઈ, હું એક ગરીબ શિક્ષકનો પુત્ર છું, જ્યારે મારાં બાળકોના પિતા ભારતના વડાપ્રધાન છે.''

ઈ.સ. ૧૯૬૫ના પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમિયાન ભારતમાં

એક વાર રાત્રે સૂવાના ખંડમાં પુત્રને કહ્યું હતું : ''હું તને કંઈક કહેવા ઇચ્છું છું. જો મેં એવું જોયું છે, અનિલ, કે તમને વડીલોનાં ચરણ સ્પર્શીને પ્રણામ કરવાનું આવડતું નથી. હું ઉંમરમાં તમારાથી મોટો છું અને તમારો પિતા છું એટલે વડીલોને કઈ રીતે પ્રણામ કરાય તે હું તમને બતાવવા માગું છું.'' આમ બોલીને તેમણે તરત જ નીચા નમીને પોતાના બેઉ હાથોથી પુત્ર અનિલનો ચરણસ્પર્શ કર્યો અને બહુ આદરપૂર્વક પ્રણામ કર્યા અને એટલું જ કહ્યું : ''જો તમારી આવી રીત હોય તો મારી ભૂલ સ્વીકારું છું.'' પણ તમને તમારી ભૂલ દેખાય તો તે સુધારી લઈને મેં બતાવેલી રીત અપનાવવાની કોશિશ કરજો.'' આ સાંભળીને પુત્રની આંખો આંસુથી ભરાઈ ગઈ અને તેણે પોતાની ભૂલ બદલ પિતાજીની માફી માગી તેમજ ભવિષ્યમાં એવી રીતે પ્રણામ કરવાનું તેમને વચન આપ્યું.

તા. ૩ જાન્યુઆરી, ૧૯૬૬ની સવારે તેઓ ભારત-પાકિસ્તાન મંત્રણા માટે તાશ્કંદ (રશિયા) જવા રવાના થયા ને ત્યાં મંત્રણા દરમિયાન તેમનું આકસ્મિક નિધન થયું. ઈ.સ. ૧૯૬૬માં એમને મરણોત્તર ''ભારતરત્ન''નો ખિતાબ અપાયો.

• • •

## પં. જવાહરલાલ નહેરુ

અમેરિકાના કનેક્ટીકટની સ્ટોર્સની શાળામાં બાળકોમાં આંતરરાષ્ટ્રીય સદ્ભાવ જાગે તે હેતુથી એક વાર એક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. એમાં ભારતનાં આદિવાસી વસ્ત્રહીન બાળકોની દયાજનક

દશા દર્શાવતાં ચિત્રો મુકાયાં હતાં. એ જોઈને ત્યાંની બાર તેર વર્ષની વેન્ડી નામની એક કિશોરીના હૈયામાં પેલાં બાળકો માટે સહાનુભૂતિ ને અનુકંપા પેદા થઈ. એટલે તેણે ત્યાં થોડા દિવસ માટે નાનાં બાળકોને રાખવા ને સાચવવાનું કામ કરીને સો જેટલા ડૉલરની પોતાની ખરી કમાણી કરીને તે રકમ ઓરિસ્સામાંનાં પીડિત વસ્ત્રવિહોણાં આદિવાસી ભાઈ બહેનોને મદદ માટે પોતાના તરફથી ભેટરૂપે ત્યાંના ભારતીય એલચી ખાતા દ્વારા તે વખતના ભારતના વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુને મોકલી આપી.

એનો આ કૌટુંબિક સદ્‌ભાવ સ્પર્શી જવાથી પં. નહેરુએ તેને પત્ર લખ્યો - વહાલી વેન્ડી,

દુનિયાના દેશોમાં તારા જેવી વેન્ડીઓ પેદા થશે તો વિશ્વશાંતિના રાહમાં કોઈ અંતરાય રહેશે નહિ. તને મારું ઘણું ઘણું વહાલ.''

તારો સ્નેહાળ, જવાહરલાલ નહેરુ,

• • •

## નીલમાધવ બંદોપાધ્યાય

બંગાળમાં નીલમાધવ બંદોપાધ્યાય નામના એક સત્યપ્રેમી ને પ્રામાણિક મુનસફ થઈ ગયા.

એક વાર તેમણે પોતાની જિંદગીનો વીમો ઉતરાવ્યો, પણ તે ઉતરાવ્યા પછી છ માસની અંદર તેમને મધુપ્રમેહનો રોગ થયેલો જણાવા પામ્યો. વીમો ઉતરાવતી વખતે તબીબોએ તેમના શરીરની ખાસ રીતે પૂરેપૂરી તપાસ-ચકાસણી કરી હતી ને તબીબે એમને સંપૂર્ણ રીતે નીરોગી ઠરાવ્યા હતા.

આમ છતાં, એ મધુપ્રમેહ રોગનો આરંભ તો અવશ્ય વીમો ઉતરાવતા પહેલાં થવા પામ્યો હતો એટલે એ સમયે પોતાને નીરોગી

ગણાવવા માટે પોતાની જાતને દોષિત ગણીને તેમણે વીમો ઉતારનાર કંપ્નીને પોતાની સઘળી વિગત જણાવીને લખ્યું હતું : ''વીમાકંપનીએ મારા મૃત્યુ પછી વીમાની રકમના રૂપિયા ચૂકવવાની જરૂર નથી.''

• • •

## બેન્જામિન ફ્રેન્કલિન

પિતાના દસમા સંતાન એવા પ્રસિદ્ધ બેન્જામિન ફ્રેંકલિનનું બાળપણ ગરીબીમાં વીતેલું. એમના પિતા સાબુ ને મીણબત્તી બનાવીને વેચવાનો નાનો-શો ધંધો કરતા હતા. એમને સત્તર સંતાનો હતાં.

બેન્જામિન બહુ ભણી નહોતા શક્યા, એટલે તેમણે નાની સાધારણ નોકરી ને ધંધા કર્યા હતા. તેમણે 'પેન્સિલવેનિયા ગૅઝેટ' નામનું દૈનિક શરૂ કરેલું ને પંચાંગ પણ છાપીને વેચવા માંડેલું.

એક વાર મુશ્કેલીના દિવસોમાં તેમણે પાછા આપવાની શરતે એક મિત્ર પાસેથી ૨૦ ડૉલર ઉછીના લીધેલા. પણ પછી એ રકમ ભેગી થયાથી તેઓ એ પાછી આપવા માટે મિત્રની પાસે ગયા.

એમના મિત્રે એ રકમ પાછી લેવાની ના પાડતાં કહ્યું : ''તમને ખરે વખતે આ વીસ ડૉલરની મદદ જે મેં કરી હતી એ જ રીતે તમે પણ આટલી રકમથી કોઈ જરૂરિયાતવાળાને મદદરૂપ થજો અને એ વ્યક્તિ જ્યારે એ રકમ પાછી આપવા આવે ત્યારે તે ન લેતાં, પણ મારી જેમ જ તેમને કહેજો. મારી વાતનો મર્મ એ છે કે આ રીતે મારી આ રકમ જરૂરતમંદોને મળતી રહે અને એ વ્યક્તિ સમય જતાં એ રકમથી બીજાને અણીને સમયે સહાયરૂપ થાય.''

એ સાંભળીને બેન્જામિન ફ્રેન્કલિને મિત્રની વાતનો મર્મ સમજી લીધો ને એમ કરીને તે સમાજના જરૂરિયાતમંદોને મદદરૂપ થતા રહ્યા.

• • •

## અમેરિકન રાષ્ટ્રપ્રમુખ વિલ્સન

અમેરિકાના માજી રાષ્ટ્રપ્રમુખ વિલ્સન નાનપણમાં અતિશય ગરીબ હતા. પોતાની માતાની અત્યંત ગરીબાઈ જોઈ ન શકવાથી માત્ર દસ વર્ષની વયે તેમણે ઘર છોડીને કામની શોધ માટે માઈલોના માઈલો સુધી પગપાળા રખડપટ્ટી કરી હતી. વર્ષો સુધી તેમણે ગાયો ચરાવવાનું કામ કર્યું હતું, લાકડાં ફાડવાની મજૂરી કરી હતી. એમની એકવીસ વર્ષની વય સુધીમાં તો તેમણે હજારો પુસ્તકો વાંચી કાઢ્યાં હતાં અને અથાક પરિશ્રમ કર્યો હતો, કેમ કે તેઓ પરિશ્રમને જ સાચું ધન માનતા હતા.

પોતાનાં સંતાનો પરિશ્રમનું મૂલ્ય ને મહત્ત્વ સમજે એટલા માટે અમેરિકામાં તો કરોડપતિ લોકો કારખાનામાં તેમને કામ કરવા ને તે શીખવા મોકલતા હોય છે.

• • •

## સર પ્રભાશંકર પટ્ટણી

આઝાદી પહેલાંના ગુજરાતમાંના દેશી રાજ્ય ભાવનગરમાં સર પ્રભાશંકર પટ્ટણી દીવાન હતા. તે સમયે ભાવસિંહજી ભાવનગરના મહારાજા હતા.

એક વાર મહારાજા ભાવસિંહજી ધરમપુર ગયા હતા અને ત્યાં ઘોડા પરથી પડી જવાથી બેભાન થઈ ગયાના સમાચાર તારથી મળ્યાથી તરત જ દીવાન પ્રભાશંકર પટ્ટણી ત્રણ હજાર રૂપિયા થેલીઓમાં ભરીને ધરમપુર ગયા ને ત્યાં ગામમાં દાખલ થઈ દરબારગઢ પહોંચતા સુધીમાં જે જે મળે તેને દાન આપતા ગયા. એ રીતે બે હજાર રૂપિયા દાન કરી બચેલા હજાર મહારાજા પર ઓળઘોળ કરીને વેરવાનો વિચાર તેમણે રાખેલો હતો.

દરબારગઢના દરવાજામાં પેસતાં તેમણે મળેલા અંધ ફકીરનો ખોબો રૂપિયાથી છલકાવી દીધો. ફકીરને મહારાજા માટે દુઆ આપવા વિનંતી કરી. ફકીરે કહ્યું : ''જાવ ખુશીથી, તમારા ગયા પછી અર્ધા કલાકમાં વાત કરશે. પણ જરાક બેસ.'' પણ બેઠા વગર તે તો આગળ વધ્યા ને મહારાજા પાસે ગયા. ત્યારે ફકીરે આપેલી દુઆ મુજબ મહારાજા અડધા કલાકમાં વાતચીત કરવા માંડ્યા.

પછી પાછા ફરતી વખતે પેલા ફકીરે દીવાનને રોક્યા ને કહ્યું : ''ભાઈ, આ બધા પૈસા મારે શું કરવાના ? લઈ જા અને જરૂર હોય તેને આપજે.'' પણ પ્રભાસંકરે કહ્યું : ''એ આપ્યા પછી પાછા ન લેવાય પણ હું અહીં બેઠો છું ને લોકોને બોલાવું છું. તમે તમારા હાથે દાન આપો.''

છેવટે રૂપિયો બચ્યો ને ફકીરે રાખી લીધો ને તે બોલ્યો : ''કમાલ હૈ, ફકીર કો ફકીર મિલા.'' બીજી એક વાર સર પટ્ટણી પત્ની સાથે દિલ્હીમાં ફરવા નીકળ્યા હતા ત્યારે એક જાત્રાળુ વૃદ્ધ દંપતી ઝાડ નીચે બેઠેલું, તે પૈકી વૃદ્ધ પુરુષ બીમાર હતો. એમની દુર્દશા જોઈ શ્રીમતી રમાબહેન પટ્ટણીએ તેમને રૂ. ૨૫૦ આપવા માંડ્યા. પણ દંપતીએ ન લીધા ને કહ્યું : ''પ્રભુ નિયંતા સંભાળશે. આપની લાગણી એ જ સહાય છે.''

એક બીજો પ્રસંગ. રાજ્યના તેઓ દીવાનના હોદ્દા પર હતા અને વળી તે બ્રિટિશ સરકારની ઇન્ડિયા કાઉન્સિલના સભ્ય પણ હતા અને તે રીતે એક વાર તેઓ બ્રિટનમાં ગયા હતા. તે વખતે ભાવનગરના રાજા તરીકે ભાવસિંહજી હતા.

એ જ વખતે ઈ.સ. ૧૯૧૯માં ભાવનગરના રાજા ભાવસિંહજી દેવલોક પામ્યા. ત્યારે સર પ્રભાશંકર પટ્ટણી બ્રિટનમાં ઇંડિયા કાઉન્સિલની મિટિંગ માટે ગયા હતા. અને બ્રિટિશ સરકાર તેમને હિંદુસ્તાનના કોઈ પ્રાંતના ગવર્નર તરીકે નીમવા માંગતી હતી.

બીજી બાજુ રાજા ભાવસિંહજી દેવલોક પામ્યાથી સગીર બાળરાજાની દેખભાળ કરવા માટે ભાવનગર રાજ્યના સત્તાધીશોએ સર પટ્ટણીને તાર કર્યા હતા.

આમ, બાળરાજાની દેખભાળનું કામ ને હિંદના કોઈ પ્રાંતના ગવર્નરનો ઉચ્ચ હોદ્દો - એ બેની વચ્ચે પસંદગી કરવાનું કામ સર પટ્ટણી સમક્ષ આવી પડ્યું. ને બ્રિટિશ સરકાર માનતી હતી કે સર પટ્ટણી ગવર્નરનું ઉચ્ચ મોભાવાળું પદ છોડવાનું પસંદ નહિ કરે.

પણ સર પટ્ટણીએ ગવર્નરનો ઉચ્ચ હોદ્દો પસંદ કરવાને બદલે પોતાના રાજ્યના વહીવટદારનો હોદ્દો પસંદ કરી માતૃભૂમિની સેવાની જગ્યા સ્વીકારી. તે માનતા હતા - ‘‘રાજા માત્ર સત્તાધીશ નથી, પણ પ્રજાના પિતારૂપ છે.’’

• • •

## સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ

ભારતમાં બ્રિટિશ રાજ્યના આરંભમાં ‘ઈસ્ટ ઇંડિયા કંપની’ રેલવેતંત્ર સંભાળતી હતી અને બ્રિટિશ સરકાર એના પર પોતાનો કાબૂ જમાવવા ઇચ્છતી હતી. એ માટે બ્રિટિશ સરકારે એક સમિતિ નીમીને એ અંગેનો નિર્ણય કરવાની સત્તા તેને આપવામાં આવી હતી.

એ સમિતિના સભ્યો સરખેસરખા વહેંચાઈ જવાથી એના એક સભ્ય સર પુરુષોત્તમ ઠાકુરદાસનો મત નિર્ણાયક બનવાનો હતો. એટલે બ્રિટિશ સરકારના એક ઉચ્ચ અધિકારી તેમને મળવા ગયા અને એમનો મત બ્રિટિશ સરકારની તરફેણમાં આપવા માટે વિનંતી કરીને જણાવ્યું : ‘‘જુઓ, તમે અમારી તરફેણમાં મત આપશો તો તમને પુષ્કળ આર્થિક લાભ સરકાર આપશે. તમે અમને એ રીતે સાથ આપશો તો અમે તમને સતત ત્રણ વર્ષ સુધી સાત સાત લાખ રૂપિયા આપીશું.’’

આમ કહ્યાં છતાં સર પુરુષોત્તમદાસે પોતાનું મન ન કળવા દીધું, એટલે એ અધિકારીએ વધુમાં કહ્યું : "વળી, સાહેબ, અમે તમને જીવનભરને માટે રેલવેની મૅનેજિંગ એજન્સી આપીશું અને તેથી તમારે ઘેર ધનનો વરસાદ વરસશે."

એ સાંભળીને ન રહી શકવાથી સર પુરુષોત્તમદાસ તાડૂકી ઊઠ્યા : "બસ, આ રીતે પૈસા આપીને તમે મારો મત ખરીદી લેવા ઇચ્છો છો ને ? સાંભળો, હું મારી જાત સાથે છેતરપિંડી કરતો નથી. મારે તમારી સરકાર કે કંપની સાથે કશી લેવાદેવા નથી. મારો મત મારે માટે અઢળક સંપત્તિ કરતાંય વધારે મૂલ્યવાન છે. તે આ રીતે વેચી ન શકાય."

આ રીતે રેલવેતંત્ર પર કાબૂ મેળવવાની બ્રિટિશ સરકારની મુરાદ બર ન આવી.

• • •

## શહીદ ભગતસિંહ

બ્રિટિશ સરકારના ક્રૂર જુલ્મો ને જંગલી યાતનાઓ વેઠવા છતાં અડગ મનોબળ રાખી દૃઢ સંકલ્પથી ભારતની આઝાદી માટે શહીદ થનાર વીર સરદાર ભગતસિંહ હૃદયથી ઘણા કોમળ ને મમતા-વાત્સલ્યથી સભર હતા.

બચપણમાં એક વાર તેમને એમના પિતાજીએ કોઈ દોષ બદલ મારપીટ કરી હતી. એ વખતે તે રોઈ પડેલા. તેમને રડતા જોઈને તેમની બહેન અમરોએ તેમને પૂછ્યું હતું : "ભાઈ, બહુ વાગ્યું, એટલે રડે છે ? ચાલ, છાનો રહી જા."

પિતા તરફ ઘણો આદરભાવ ધરાવતા તેમણે ત્યારે બહેનને કહેલું : "વહાલી બહેન અમરો, મને પિતાજીએ માર્યો તેનું મને દુઃખ નથી, પણ પિતાજીને મને મારવાના કારણે તેમના હાથને ઈજા થઈ હશે

ને તેમણે પણ વ્યથિત થઈને મને મારા હિત માટે માર્યો હશે, તેનું મને અપાર દુઃખ છે. ને તેથી રડી પડાયું છે. એમાં પિતાજીનો વાંક જરાય નથી.''

• • •

## રાષ્ટ્રપ્રમુખ વિજ્ઞાની ડૉ.એ.પી.જે.અબ્દુલકલામ

ભારતના રાષ્ટ્રપ્રમુખ અને વિજ્ઞાની ડૉ.એ.પી.જે. અબ્દુલકલામના મત મુજબ નબળો વિદ્યાર્થી કુશળ શિક્ષક પાસેથી જે શીખે છે તેના કરતાં હોંશિયાર વિદ્યાર્થી નબળા શિક્ષક પાસેથી વધારે શીખી શકે છે.

તેમના એક વખતના શિક્ષક ઈયાદુરાઈ સોલોમને એમને આ બાબત ઠસાવી હતી. એ શિક્ષકે તેમને એ પણ સમજાવ્યું હતું : ''જીવનમાં સફળ થવા અને ઉચ્ચ પરિણામો મેળવવા માટે ત્રણ પ્રબળ શક્તિશાળી પરિબળોને સમજવા ને નિયંત્રિત કરવાનાં છે. તે છે ઈચ્છા, માન્યતા અને અપેક્ષા. તું જે ઈચ્છે તે બને તે પહેલાં તારે તેની તીવ્ર ઈચ્છા ઊભી કરવાની અને પૂર્ણ તથા નિશ્ચિતપણે માનવાનું કે તે થશે જ. શ્રદ્ધાની મદદથી તું તારું નસીબ પણ બદલી શકે.''

એક વાર તેમના ગણિતના શિક્ષક શ્રી રામકૃષ્ણ આયર શાળાના બીજા કોઈ વર્ગમાં ભણાવતા હતા ત્યારે ભૂલથી વિદ્યાર્થી કલામ તેમના વર્ગખંડમાં દાખલ થઈ ગયેલ. એટલે શિક્ષકે તેમને બોચીમાંથી પકડીને સોટીથી માર માર્યો. પણ તે પછી થોડા દિવસો બાદ કલામને ગણિતમાં ઘણા ગુણ મળ્યા ત્યારે એ શિક્ષકે એમને શાળાની પ્રાર્થનાસભામાં બધા વચ્ચે શાબાશી આપીને કહ્યું : ''જેમને હું સોટીથી મારું છું તે આગળ ઉપર મહાન વ્યક્તિ બને છે. મારા શબ્દો યાદ રાખજો કે આ છોકરો કલામ શાળા ને શિક્ષકો માટે ગૌરવનું કારણ બનવાનો છે.''

આવા ઉદ્‌ગાર સાંભળીને વિદ્યાર્થી કલામ પહેલાં થયેલું અપમાન તરત ભૂલી ગયેલ.

વિજ્ઞાનક્ષેત્રે ભવ્ય સિદ્ધિ મેળવ્યા પછી આ બાબત સાચી પડી ને કલામ ભારતના રાષ્ટ્રપ્રમુખ બન્યા. ત્યાર બાદ ડૉ. કલામ મદુરાઈ ખાતે કામરાજ યુનિવર્સિટીમાં પદવીદાન પ્રવચન આપવા ગયા ત્યારે તેમણે સૌપ્રથમ પોતાના ભૂતપૂર્વ શિક્ષક સોલોમનને શોધી કાઢ્યા. એ શિક્ષક ત્યારે ૮૦ વર્ષના થયેલા ને પાદરી તરીકેની કામગીરી બજાવતા હતા. ડૉ. કલામ પોતાના એ શિક્ષકને ઘેર પહોંચી ગયા ને શિક્ષકને પોતાની સાથે પદવીદાન-સમારંભમાં લઈ આવ્યા ને પોતાની સાથે મંચ પર તેમને બેસાડ્યા.

તે સમારંભના પ્રમુખ હતા ત્યારના તમિલનાડુના રાજ્યપાલ ડૉ. ઍલેક્ઝાંડર. એ તો ગુરુશિષ્યનું આવું અદ્‌ભુત મિલન જોઈને ગદગદિત થઈ ગયા.

એ વખતે ડૉ. કલામ પોતાનું પદવીદાન પ્રવચન આપ્યા બાદ મંચ પર પોતાની સાથે બેસાડેલા પોતાના શિક્ષક સોલોમનને પગે લાગ્યા અને બોલ્યા : ‘‘મહાન સ્વપ્નદ્રષ્ટાઓનાં સ્વપ્નો હમેશાં પ્રભાવશાળી હોય છે.’’

તે વખતે ગુરુ સોલોમાન ગદ્‌ગદ્ કંઠે પોતાના શિષ્ય કલામને ભેટ્યા ને બોલ્યા : ‘‘કલામ, મેં તને આપેલ ધ્યેયોને તેં પૂર્ણ કર્યાં છે. એટલું જ નહિ, પણ તું તો એનાથી પણ આગળ વધી ગયો છે. તને અનેક શાબાશી ઘટે. તેં શાળાનું નામ ઉજાળ્યું છે.’’

• • •

## અમેરિકાના પ્રમુખ ગ્રાન્ટ

અમેરિકાના પ્રમુખ ગ્રાન્ટ ઘણા ધર્મિષ્ઠ હતા અને દર રવિવારે પ્રાર્થના કરવા માટે તેઓ દેવળમાં અચૂક નિયમિતપણે જતા. એક વાર તેઓ પોતાનાં કુટુંબીજનો અને થોડા પ્રધાનો સાથે દેવળમાં પ્રાર્થના કરવા ગયા હતા.

પ્રાર્થના શરૂ થઈ અને થોડી વાર પછી ગ્રાન્ટના ચારેક વર્ષના બાળકે કોઈની સાથે વાતો કરવા માંડી. ગ્રાન્ટને એ ન ગમ્યું ને તેમણે ગુસ્સામાં આવી જઈને તેને એક તમાચો જોરથી મારી દીધો. એટલે બાળક રડવા માંડ્યું. તે જોઈને સાથે આવેલી ગ્રાન્ટની વયોવૃદ્ધ માતાએ ગ્રાન્ટને તરત જ તમાચો માર્યો.

આ જોઈને ત્યાં હાજર રહેલા બધા ડઘાઈ જ ગયા. પ્રાર્થના પૂરી થયા પછી એક પ્રધાને ગ્રાન્ટની માતાને કહ્યું : ''તમે આ ઠીક ન કર્યું. બધા પ્રધાનોની હાજરીમાં તમે પ્રમુખસાહેબને તમાચો માર્યો તે યોગ્ય ન ગણાય.''

જવાબમાં ગ્રાન્ટની માતાએ કહ્યું : ''આવી નાની-શી બાબત માટે એણે નાસમજ ને નાદાન ફૂલ જેવા બાળકને ઈશ્વરની સામે ગુસ્સે થઈને તમાચો જે માર્યો તે શું યોગ્ય છે ? એવી સાદી ભૂલ માટે એ એના બાળકને જો મારી શકે તો હું એની આટલી મોટી ભૂલ માટે મારા બાળકને ન મારી શકું ?''

આ ઘટના બન્યા પછી પ્રમુખ ગ્રાન્ટ કદીય બાળક પર ગુસ્સે થયા નહોતા.

• • •

# તત્ત્વજ્ઞાન

## તત્ત્વચિંતક સૉક્રેટિસ

સત્યનિષ્ઠ મહાત્મા સૉક્રેટિસ સ્થિતપ્રજ્ઞ હતા. સત્યને અનુસરવા બદલ તેમના પર ખટલો ચલાવવામાં આવ્યો અને ઝેરનો પ્યાલો પીવા માટે અપાયો ત્યારે સત્યને ખાતર સર્વસ્વનું બલિદાન આપનાર એ વીર મહાત્માએ કહેલું : ''મને મોતની સજા કરીને તમે મને કંઈ હાનિ કરતા નથી. મૃત્યુનો લેશ પણ ભય રાખવાનું મારે માટે કારણ નથી. સત્યની

શોધ ને તેના પાલન માટે અનેક વાર મૃત્યુને ભેટવું પડે તો ય હું આવકારવું છું. મૃત્યુને ભેટવું અઘરું નથી, પણ અધર્મથી દૂર રહેવું અઘરું છે, તમે મને મૌન રહેવાનું કહો છો, પણ તેમ કરું તો ઈશ્વરનો ગુનેગાર ઠરું. તમારી પાસે મારી એક જ માગણી છે - મારા પુત્રો મોટા થાય ત્યારે નીતિને છોડીને, સત્યને છોડીને જો ધનદોલત પાછળ પડે તો તેમને જંપવા દેશો નહિ. શરીર નહિ, પણ આત્મા જ અમર છે. ભલે સત્ય ખાતર ઝેરનો પ્યાલો પીવો પડે.''

મહાન તત્ત્વચિંતક પ્લેટોએ એના સમયના સર્વે માનવીઓમાં સૉક્રેટિસને સૌથી શાણો ન્યાયી અને ઉત્તમ માનવી કહ્યો છે.

ગ્રીસના ધર્મગુરુએ એક વાર જાહેર કરી લોકોને જણાવ્યું કે સૉક્રેટિસ સૌથી વધુ જ્ઞાની વ્યક્તિ છે. આ સાંભળીને લોકોના ટોળેટોળાં સૉક્રેટિસને હાર્દિક અભિનંદન આપવા માટે એમની પાસે ગયાં.

લોકોની વાત સાંભળીને સૉક્રેટિસે હસીને કહ્યું : ''ધર્મગુરુએ આ વાત ઘણા સમય પૂર્વે કરવી જોઈતી હતી, એવું થયું હોત તો મને ઘણી ખુશી થાત. હવે તો ઘણું મોડું થઈ ગયું છે. જ્યારે હું નાનો હતો અને અભિમાન-ઘમંડથી ભરેલો હતો ત્યારે હું આ ધર્મગુરુની જેમ જ માનતો હતો કે હું બહુ જ્ઞાની છું. ત્યારે મારો અહંકાર એટલો પ્રચંડ હતો કે વધુ જાણવાની કે રહસ્ય પારખવાની જરૂર જ મને લાગતી નહોતી અને મારા અજ્ઞાનીપણા વિશે જરા ય મને માહિતી નહોતી. પણ જેમજેમ મારું જ્ઞાન ને સમજ વધતાં ગયાં તેમ તેમ મને મારા અજ્ઞાનનો ખ્યાલ આવવા માંડ્યો, એટલે હવે તમે બધા એ ધર્મગુરુ પાસે જાવ અને જણાવો કે સૉક્રેટિસ ખુદ કહે છે કે મારા જેવો અજ્ઞાની વિશ્વમાં કોઈ નથી.''

આવું થતાં એ લોકો તો તે ધર્મગુરુ પાસે ગયા અને જણાવ્યું કે સૉક્રેટિસ તમારી વાત માનવા ને સ્વીકારવા તૈયાર નથી ને તે પોતાની જાતને મહાન અજ્ઞાની માને છે.

લોકોની વાત સાંભળીને એ ધર્મગુરુ હસીને બોલ્યા : ''એટલે તો મેં તેમના વિશે આવી જાહેરાત કરી છે. કેમ કે જે મહત્ત્વની હોય તે જ પોતાના અજ્ઞાનની બાબતમાં જાણી શકે છે.''

બીજી એક વાર મોહક વક્તૃત્વ છટા ધરાવનાર તેમની પાસે ગ્રીસમાં એક વાર એક યુવક વક્તૃત્વકલા શીખવા ને વિકસાવવા માટે આવ્યો.

એ યુવકે પોતાની વક્તૃત્વકલા શીખવાની ઇચ્છા સૉક્રેટિસને દર્શાવી ને નીડર વિચારક એવા સૉક્રેટિસે તેની ઇચ્છાનો સ્વીકાર કરવાની સંમતિ આપી.

એ સંમતિથી યુવકનું હૈયું આનંદથી નાચી ઊઠ્યું ને તેણે એક લાંબુંલચક ભાષણ સૉક્રેટિસ સમક્ષ કર્યું. એમાં જરૂર કરતા બિનજરૂરી એવા ઘણા વિચારો તથા મુદ્દાઓનો સમાવેશ થયો હતો.

એ વિસ્તૃત ને અપ્રસ્તુત ભાષણ સાંભળીને સૉક્રેટિસે તે યુવાનને કહ્યું : ''જો ભાઈ, તને વક્તૃત્વકલા શીખવીશ ખરો, પણ એ માટે તારે મને બીજાઓ કરતાં બમણી ફી ચૂકવવી પડશે. કારણ કે મારે તને બે વાત શીખવવી પડશે. એક તો વક્તૃત્વ-ભાષણ કરવાની કલા અને બીજી જરૂર કરતાં વધારે નહિ પણ મુદ્દાસર બોલવાની કલા. આ દૃષ્ટિએ તારે મને બમણી ફી આપવી પડશે.''

સૉક્રેટિસની વાત તે યુવક સમજી ગયો અને તેણે બમણી ફી સાથે વક્તૃત્વકલા શીખવા માંડી.

એક વાર એક શહેરમાં ફરતા ફરતા એક વૃદ્ધ પાસે તે તત્ત્વજ્ઞાની જઈ પહોંચ્યો ને તેને તેના જીવનની બધી વાતો જાણી લીધા પછી તેમણે ઘડપણના જીવનની બાબતમાં તેને પૂછ્યું.

જવાબમાં એ વૃદ્ધે કહ્યું : ''જીવનભર જે કંઈ સંપત્તિ-મિલકત

પ્રાપ્ત થયેલ તે સઘળું છોકરાને આપી દીધું છે. હવે છોકરો રાખે તેમ રહું છું. બેસાડે ત્યાં બેસું છું. ને ખવડાવે તે ખાઉં છું. મારા છોકરાના છોકરાને રમાડું છું ને છોકરો સોંપે તે કામ કરું છું. એના કામમાં જરાય અડચણ કરતો નથી. એ ભૂલ કરે તોય કંઈ કહેતો નથી, પણ સલાહ-સૂચના માંગે તો મારા જીવનના અનુભવોનો સાર કહું છું. પણ એ પછી એ મારી સલાહ પ્રમાણે ચાલે છે કે નહિ એની ભાંજગડમાં પડતો નથી. અને એ પ્રમાણે જ એ કરે એવો હઠાગ્રહ પણ રાખતો નથી. ફરીથી જો એ ભૂલ કરી બેસે તોપણ એને ઠપકો આપતો નથી, પણ ફરીથી સલાહ પૂછવા આવે તો એની એ જીવન અનુભવની વાતોનો સાર સમજાવું છું.''

એ સાંભળીને ચિંતક સૉક્રેટિસે ઉદ્‌ગાર કાઢ્યા : ''સરસ, ઘડપણમાં કેમ જીવવું એ તમને આવડે છે. તમારી પાસેથી એ શીખવા જેવી બાબત છે.''

વળી, એક પ્રસંગે તેમની ઝેન્થિપી નામની ઘણી કજિયાખોર પત્નીની બાબતમાં એમના મિત્રે પ્રશ્ન કર્યો કે તેવી છૂટ્ટી જીભની ઝઘડાખોર પત્ની ઘરમાં રાખવાનું કારણ શું ?

તેના જવાબમાં ત્યારે સૉક્રેટિસે કહેલું : ''એને સમજણપૂર્વક લાવ્યો છું અને ઘરમાં સાચવું પણ છું. તમે જાણો છો કે જેણે ઘોડા કેળવવાનો ધંધો કરવો હોય તેણે પોતે તો તોફાનીમાં તોફાની ઘોડો રાખવો પડે છે. એથી તેને બીજા ઘોડાને કાબૂમાં રાખવાનું સહેલું થઈ પડે છે. મારો ધંધો કે શોખ વાદવિવાદનો હોવાની વાતથી તમે વાકેફ છો. તેથી મેં મારા ઘરમાં સૌથી વધુ વાદીલી સ્ત્રી રાખી છે. કારણ કે ઘરમાં એને હું શાંતિપૂર્વક વાદમાં જીતી શકું તો જ પછી બીજા લોકો ને જીતી શકું ને ? મારી વાદવિવાદની જે કુશળતા છે તે મારી પત્ની ઝેન્થિપીને આભારી છે.''

જવાબ સાંભળીને એ મિત્ર તેનો મર્મ સમજી ગયો.

તેઓ આમ છતાં તેમના લગ્નજીવનમાં ઝઘડાખોર કંકાસી પત્નીના કારણે દુ:ખી હતા. એક વખત તેમના પર તેમની પત્નીએ ચાની કીટલી ફેંકી હતી અને તેનાથી તે દાઝી ગયા હતા.

એવા દુ:ખી સૉક્રેટિસની પાસે એક યુવક લગ્ન કરવાં કે નહિ તે બાબતમાં સલાહ લેવા આવ્યો. ત્યારે તેણે તેને લગ્ન કરવા અંગે સલાહ આપી. એ વખતે તે યુવકે તેના દુ:ખી લગ્નજીવનની વાત કરી ને કહ્યું : "તેમ હોવા છતાં લગ્ન કરવાની સલાહ કેમ તમે આપો છો તે સમજાતું નથી."

સૉક્રેટિસે ત્યારે જવાબમાં કહ્યું : "મારા લગ્નજીવનના અનુભવ પરથી જ તને લગ્ન કરવા માટે જણાવું છું. એવું નથી કે તને મારા જેવી જ પત્ની મળે. જો તને સારી-સુશીલ પત્ની મળે તો હંમેશાં સુખી આનંદી જીવનનો લાભ મળશે. ને આનંદ પ્રાપ્તિ થયેથી જીવનમાં ઘણો વિકાસ તું કરી શકશે. પણ કદાચ દુર્ભાગ્યે તને ખરાબ પત્ની મળે તો અનાસક્તિ ને ત્યાગની ભાવના તારામાં ખીલવા પામશે અને મારી જેમ તું પણ મહાન તત્ત્વજ્ઞાની બની શકશે. આમ, બંને સ્થિતિમાં તને ફાયદો જ થવા પામશે. માટે હું લગ્ન કરવાની સલાહ તને આપી રહ્યો છું."

• • •

## વિલિયમ એલટી ચેનિંગ

વિલિયમ એલટી ચેનિંગ નામના એક ખ્યાતનામ તત્ત્વજ્ઞાની ચિંતકને તેના એક મિત્રે પ્રશ્ન પૂછ્યો : "નેપોલિયન જેવો એક સમર્થ પુરુષ તૈયાર કરવો હોય તો તે થઈ શકે ખરો ?"

જવાબરૂપે એમણે કહ્યું : "અરે નેપોલિયન શું, નેપોલિયનથીય વધુ શક્તિશાળી માનવ તૈયાર કરવો હોય તોય થઈ શકે. એક ચારિત્ર્યશીલ દંપતી પોતાના સંતાનમાં ધર્મનીતિ પ્રત્યે પ્રેમનો આદર્શ સ્થાપિત કરે, પ્રલોભનની સામે થવા તેનામાં તાકાત ઊભી કરે, જીવનની

અનેક મુશ્કેલીઓમાંથી જ્ઞાન અને અનુભવ પ્રાપ્ત કરી શકે તેવો તૈયાર કરીને તેને જીવનના સમરાંગણમાં પ્રવેશ કરાવે તો તે સંતાન નેપોલિયન કરતાં ય વધુ પ્રભાવશાળી બને. એમાં ય દંપતી કરતાંય માત્ર માતા પર વધારે આધાર રહેલો છે. આ માટે માતાએ પિતા કરતાં વધુ બલિદાન આપવાં પડે છે.

ખુદ નેપોલિયને પણ કહેલું છે -

**કહે નેપોલિયન દેશને કરવા આબાદાન,**
**સરસ રીત તો એ જ છે દો માતાને જ્ઞાન.**

• • •

## હેરિગલ

જર્મન વિચારક ને ચિંતક હેરિગલ વર્ષો સુધી પોતાના ઝેન ગુરુ પાસે રહ્યા. એક વાર જાપાનના એક મકાનના ત્રીજે મજલે એણે વિદાય-સમારંભ યોજ્યો હતો. એમાં એણે ગુરુ ઉપરાંત સગાંવહાલાં મિત્રોને ય બોલાવ્યાં હતાં. તે વખતે ભોજન લેવાતું હતું ત્યારે અચાનક સંજોગવશાત ધરતીકંપ થવા પામ્યો ને એ લાકડાનું મકાન હાલકડોલક થવા માંડ્યું. તેથી સમારંભમાં એકઠાં થયેલ લોકો ને ખુદ હેરિગલ પણ ભાગવા માંડ્યો.

પણ ત્યારે હેરિગલે ગુરુજીને આંખ બંધ કરીને એમના સ્થાન પર ધ્યાનમગ્ન દશામાં બની બેઠેલા જોયા ને તેથી તે પણ હિંમત કરીને ગુરુની બાજુમાં બેસી ગયો. પણ તેના હાથપણ કંપી રહ્યા હતા.

એવામાં ધરતીકંપ બંધ થયો. એટલે ગુરુજીએ આંખો ખોલીને પોતાની અધૂરી વાત આગળ કહેવા માંડી. જાણે કંઈ થયું નથી ! હેરિગલે ગુરુજીને પૂછેલા આવા વર્તન અંગેના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું : “જુઓ, ધરતીકંપ હંમેશા બહાર જ થાય છે. તે અંદર સુધી પ્રવેશતો નથી, તેથી તેનું મૂલ્ય મર્યાદિત છે. બહાર બધું કંપિત થઈ રહ્યું હતું ત્યારે

હું અંદર સરકી ગયો, જ્યાં કોઈ કંપન ક્યારેય પહોંચતું નથી. આ જ સમગ્ર આત્મજ્ઞાનની કળા છે. તમે તેમને પરિધિ સમજો છો એટલે ઉદ્વિગ્ન થઈ જાવ છો.''

• • •

## એકહાર્ટ

પ્રખ્યાત ચિંતક એકહાર્ટની નજર એક વાર એક ચીંથરેહાલ ગરીબ પર પડી. તદ્દન તંદુરસ્ત એવા એ ગરીબને એ ચિંતકે પૂછ્યું : ''ભાઈ, તું પવિત્ર જણાય છે. તારી પવિત્રતાનું રહસ્ય શું છે ?''

એ ચીંથરેહાલ ગરીબ માણસે જવાબમાં કહ્યું : ''જુઓ, હું સ્થિર બેસું છું, ઊંચા વિચારોને વાગોળું છું ને પ્રભુ સાથે એકકાર થઈ જાઉં છું.''

આ પ્રત્યુત્તરથી ચિંતકને થયું - ''ખરેખર એ ગરીબ છે કે હું ?''

• • •

## નાનૂસીજી

ચીનના સુપ્રસિદ્ધ તત્ત્વજ્ઞાની નાનૂસીજી પાસે એક વાર ત્યાંનો સેનાપતિ મુલાકાતે આવ્યો અને એણે પૂછ્યું : ''સ્વર્ગ અને નરક એટલે શું તે મને કહો.''

અજબ જેવા એ સેનાપતિને એ તત્ત્વજ્ઞાનીએ પૂછ્યું : ''તમે શું સેનાપતિ છો ?'' સેનાપતિએ જવાબ આપ્યો : ''તમે શું એ જોઈ શકતા નથી ?'' તત્ત્વજ્ઞાનીએ કહ્યું : ''જોઈ તો શકાય છે, પણ તમારો ચહેરો ભિખારી જેવો લાગે છે.'' એ સાંભળીને સેનાપતિ ઊકળી ઊઠ્યો ને બોલ્યો : ''જોતા નથી, મારા હાથમાં તલવાર છે તે ?'' તત્ત્વજ્ઞાની બોલ્યા : ''એમ, ત્યારે તમે તલવાર પણ રાખો છો ?'' પણ એ ધારદાર અણિયાળી છે કે બુઠ્ઠી છે ?'' એ સાંભળીને સેનાપતિએ તરત જ મ્યાનમાંથી તલવાર બહાર કાઢીને તેની અણિયાળી ધાર બતાવી.....

એ જોઈને તત્ત્વજ્ઞાનીએ કહ્યું : ''હા, ધાર તો સરસ છે. તમ મારુ શિર એનાથી કાપી શકો ખરા ?'' એ સાંભળીને સેનાપતિ તો ખૂબ ગુસ્સે ભરાયો ને લાલપીળો થઈ ગયો.

એ જોઈને તત્ત્વજ્ઞાનીએ કહ્યું : ''જુઓ, આ નરક છે. તમારા પ્રશ્નનો જવાબ મળી ગયો ને ?'' આ સાંભળીને સેનાપતિ શાંત થઈને એ તત્ત્વજ્ઞાનીને પગે પડ્યો. એટલે તત્ત્વજ્ઞાનીએ કહ્યું : ''જુઓ, આ સ્વર્ગ છે. સ્વર્ગ અને નરક આપણી અંદર જ છે. એ કંઈ બહાર દૂરસુદૂર નથી હોતાં.''

• • •

## શૉપનહૉવર

તત્ત્વજ્ઞાની શોપનહૉવર જેવા મહાન ચિંતક-વિચારકને એક વાર ભારે વિચાર-ચકડોળે ચડી જવાથી રાતના મોડે સુધી ઊંઘ ન આવી. રાતના ત્રણ વાગ્યા છતાં ઊંઘ હરામ થઈ જવાથી તેને થયું કે ચાલ, જરા મારા બાગમાં આંટો મારી આવું તો પછી ઊંઘ આવી શકે.

એમ વિચારીને તે તો પોતાના બાગમાં વિહરવા નીકળ્યો. તે વખતે બાગનો માળી બાગના રક્ષણનું ધ્યાન રાખવાના હેતુથી દંડો લઈને ચોકી કરવા નીકળ્યો હતો. તેણે દૂરથી બાગમાં કોઈ માણસનો પડછાયો જોયો. એને થયું કે જરૂર કોઈ પાગલ આટલી મોડે રાતે બાગમાં આવ્યો લાગે છે.

શોપનહૉવર પોતાની ધૂનમાં કંઈ ને કંઈ ગણગણતો હતો અને બાગમાં વિહરતો હતો. માળી તેને ઓળખી ન શક્યો ને તેને થયું કે જરૂર આ પાગલ માણસ કંઈક બબડી રહ્યો છે. તેણે દંડો જોરથી પછાડીને મોટેથી બૂમ પાડીને શૉપનહૉવરને પૂછ્યું : ''અરે, તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? અહીં કેમ આવ્યા છો ?''

શૉપનહૉવર માળીની બૂમ સાંભળીને પોતાની વિચારતંદ્રામાંથી જાગી ગયો ને જોરથી હસીને બોલ્યો : ''અરે, ભાઈ, એ જ મુસીબત છે. જીવનભર ક્યારનો હું વિચારી રહ્યો છું કે હું કોણ છું ? જગતમાં શા માટે આવ્યો છું ને ક્યાંથી આવેલો છું ? ભાઈ, આ પ્રશ્નોના જવાબ જ મને જડતા નથી ને એ મને વર્ષોથી મૂંઝવી રહ્યા છે એટલે તને શું કહું ?''

માળી પણ સ્તબ્ધ થઈ એ તત્ત્વજ્ઞાનીને જોઈ જ રહ્યો.

• • •

## તત્ત્વજ્ઞાની જિનો

સુપ્રસિદ્ધગ્રીક તત્ત્વજ્ઞાની જિનો પાસે યુવાન એરિસ્ટ્રાયસ નામનો શિષ્ય અભ્યાસ કરવા જે આવેલો તે અભ્યાસબાદ એને ઘેર પાછો ફર્યો ત્યારે એના પિતાએ એના અભ્યાસ જ્ઞાન અંગે જાણવાની ઈચ્છાથી એને કેટલાક પ્રશ્નો પૂછ્યા. પણ એણે એના પિતાની ઈચ્છા મુજબ જવાબ ન આપ્યા.

આથી ક્રોધે ભરાઈને પિતાએ પુત્રને જોરથી તમાચો માર્યો. છતાં પુત્ર એરિસ્ટ્રાયસ જરા પણ અકળાયો નહિ. એ તો શાંતિ ને સ્વસ્થતાથી પિતા સમક્ષ અદબ જાળવીને ઊભો જ રહ્યો.

થોડી વાર પછી પિતાનો ગુસ્સો શમી જતાં તેમણે તત્ત્વચિંતક જિનેના પટ્ટશિષ્ય ગણાયેલા પોતાના પુત્રને તેની શાંતિ ને સ્વસ્થતાનું કારણ પૂછ્યું ત્યારે એરિસ્ટ્રાયસે પિતા તરફ અદબ જાળવીને કહ્યું : ''પિતાજી, મારા ગુરુએ મને ઉપદેશ આપ્યો છે કે ક્રોધ સામે અક્રોધ રાખવો, કોઈ દ્વેષ યા રોષ દાખવે તોપણ પ્રેમ જ દાખવવો. એમના એ ઉપદેશને સાર્થક કરવાની તક તમે કરેલા ક્રોધ અને મારેલા જોરદાર તમાચાથી સાંપડી. ગુરુના ઉપદેશનો અમલ મારાથી એ વખતે થઈ શક્યો તેનો મને આનંદ છે.''

પિતા પણ આવો ઉમદા પુત્ર મળવા બદલ પોતાની જાતને ધન્ય માની આનંદિત થઈ ગયા.

• • •

## ચિંતક કાકુઆ

જાપાનના કાકુઆ નામના ચિંતકે ચીનમાં જઈને ઝેન ધર્મનો ગહન અભ્યાસ કર્યો ને તેની દીક્ષા લીધા બાદ તે જાપાનમાં પાછા ફર્યા.

એટલે જાપાનના રાજાએ એમને પોતાના દરબારમાં ઉપદેશ આપવા માટે બોલાવ્યા. ઝેન ધર્મગુરુ કાકુઆએ રાજાની વિનંતી સ્વીકારીને તેઓ રાજાના દરબારમાં ગયા.

રાજાનો દરબાર એમનો ધર્મોપદેશ સાંભળવા માટે ભરચક થઈ ગયો હતો. બધા જ તેમના ઉપદેશની અમૃતવાણી સાંભળવા ઉત્સુક થઈને બેઠા હતા ને અધીરા બન્યા હતા.

ઝેન ગુરુ કાકુઆએ દરબારમાં પહોંચીને તરત જ તેમની ઝોળીમાંથી વાંસળી કાઢીને હોઠ પર મૂકીને સાવ નાનકડો સૂર ફૂંક્યો. એ પછી રાજા તરફ આદરદષ્ટિથી મસ્તક નમાવીને તેઓ રાજદરબારમાંથી નીકળી ગયા. દરબારીએ તો સ્તબ્ધ જ થઈ ગયા.

આમ, ઝેન ધર્મગુરુએ મૌનનો ધર્મ-ઉપદેંશ ગૌતમ બુદ્ધની જેમ જ આપ્યો. જ્યારે ભગવાન બુદ્ધને 'પરમાત્મા છે કે નહિ' નો પ્રશ્ન પુછાયો હતો ત્યારે તેમણે મૌનમાં જ જવાબ આપ્યો હતો.

• • •

## શેખ સાદી

જાણીતા ચિંતક શેખશાદી એક વાર ગ્રીષ્મઋતુમાં બપોરની નમાજ અદા કરીને મસ્જિદમાંથી બહાર નીકળ્યા ને પગરખાં પહેર્યાં વગર ચાલવા લાગ્યા. ગરમ જમીનથી દાઝી ગયાથી ત્યારે તે બોલી

ઊઠ્યા : ''યા ખુદા, તેં મને પગરખાં આપ્યાં હોત તો મારા પગને આ કષ્ટ ભોગવવું ન પડત.''

એ પછી થોડાં ડગલાં આગળ ચાલ્યા બાદ તેમની નજરે એક ભિખારી ભીખ માગતાં જોયો, એ બિચારાને બંને પગ નહોતા.

એ જોઈને શેખ સાદી ઉપકારવશ થઈને ખુદાને કહેવા લાગ્યા : ''હે ખુદા, તારો મારા પર ઘણો મોટો ઉપકાર છે, કેમ કે તેં મને સાજા ને તાકાતવાળા મજબૂત બે પગ સરસ આપ્યા છે. એટલે હું સારી રીતે ચાલીને એક સ્થળેથી બીજે સ્થળે મુશ્કેલી વિના જઈ શકું છું. હું એ માટે તારો ઘણો એહસાનમંદ છું.''

• • •

## મેરી જેમ્સ બ્રૂક

જાણીતા વિચારક સિસ્ટર મેરી જેમ્સ બ્રૂકને કોઈકે પૂછ્યું : ''તમે ઘડપણને કઈ રીતે મૂલવો છો ?'' એના જવાબમાં તેમણે કહ્યું : ''જૂના ઘરડા સફરજનના ઝાડ પર જ સૌથી મીઠાં સફરજન આવતાં હોય છે ! સૌથી જૂના રેડવૂડનાં વૃક્ષો જ ગૌરવપૂર્ણ ઊંચાઈએ પહોંચે છે ! જૂના વાયોલિનમાંથી જ સૌથી સુંદર અને ઉચ્ચકક્ષાના સૂરો નીકળે છે ! મદીરા પણ જેમ જૂની થાય તેમ તેનો સ્વાદ વધતો હોય છે. પુરાણા સિક્કા, ટિકિટ કે પુરાણા રાચરચીલાને અમૂલ્ય ગણવામાં આવે છે. જૂના મિત્રોને જ આપણે સૌથી વધારે પ્રેમ કરતા હોઈએ છીએ. તે જ રીતે વૃદ્ધાવસ્થામાં જિંદગીને સમજવાનો મોકો મળે છે ત્યારે ધૈર્ય અને ડહાપણનો અનુભવ થાય છે ને શારીરિક તકલીફો છતાં નિઃસ્વાર્થ સ્મિત કરવાની શક્તિ મળે છે. ખરેખર વૃદ્ધાવસ્થા અદ્દ્ભુત છે. સુંદર લોકો એ કુદરતનાં કાર્યો છે ને સુંદર વૃદ્ધ લોકો એ કલાના નમૂના છે. સુંદર યુવાન કે યુવતીઓ એ કુદરતની કલા છે ને સુંદર વૃદ્ધ લોકો એ માનવની કલાનું પરિણામ છે.''

• • •

# સોલન

એક વાર ગ્રીક તત્ત્વજ્ઞાની સોલન પાસે એક દુઃખી માણસ ગયો અને તેણે સુખની માગણી કરી. એના જવાબમાં એ તત્ત્વજ્ઞાનીએ કહ્યું : ‘‘ભાઈ, મારી પાસે સુખ નથી, પણ તને રસ્તો બતાવું. જા, તને કોઈ સુખી લાગે તેવા માણસનું પહેરણ લઈ આવ.''

પેલો માણસ તો રાજી થઈને બોલ્યો : ‘‘ઓહો ! એમાં શું ? ઘણાંય સુખી માણસ છે. હમણાં જ પહેરણ લઈ આવું છું.'' એમ કહીને તે તરત દોડ્યો ને ગયો એક શહેરમાં. ત્યાં જઈને એક ખૂબ ધનાઢ્ય માણસનું ઘર શોધી કાઢ્યું, પણ ત્યાં તેણે શું જોયું ? સુખ નહોતું, પણ ક્લેશ ને કંકાસ હતાં. પોતાની જ પત્ની સાથે ત્યાં ઝઘડો ચાલતો હતો. તેને તરત થયું : ‘‘આ સુખી ક્યાં છે ?''

એમ કહેવાની સાથે તે બીજે સ્થાને ગયો, પણ ત્યાં શારીરિક બીમારી ને મુશ્કેલીઓ હતી. એટલે તે ત્રીજી જગ્યાએ ગયો તો ત્યાં માનસિક ઉપાધિઓમાં ગ્રસ્ત લોકો હતા.

આમ તેને ક્યાંય સુખિયો માણસ ન મળ્યો. એવામાં કોઈકે તેને કહ્યું : ‘‘ભાઈ, તું પેલા માણસ પાસે જા. એ સુખી છે.'' એટલે એ દુઃખિયો તેની પાસે ગયો. પણ તેણે ત્યાં જોયું તો એ માણસના શરીર પર ડગલો જ નહોતો, એટલે તે શી રીતે પહેરણ માંગે ?''

આમ, નિરાશ થઈને છેવટે તે દુઃખી માણસ કોઈ યોગી પાસે ગયો ને હકીકત જણાવી. ત્યારે યોગીએ તેને કહ્યું : ‘‘ભાઈ, જગતમાં એમ જ છે. જ્યાં પરિગ્રહ છે ત્યાં સુખ છે જ નહિ. સુખ માંગ્યું મળતું નથી. કોઈ વસ્તુથી તે મળતું નથી, પણ આપણે જાતે એ ઊભું કરવું પડે છે. એનું રહેઠાણ આપણા અંતરમાં જ છે. એને બહાર શોધવાની જરૂર નથી.''

એક વાર એ લોકપ્રિય, સમજી-વિચારીને બોલનાર એવા મહામનીષીનો લોકાદર જોઈને ત્યાંના સમ્રાટે પોતાના વૈભવશાળી મહેલની પ્રશંસા માટે એમને પોતાના મહેલનો અપાર વૈભવ જોવા બોલાવ્યા. સોલનની પ્રશંસાથી પોતાનું જગતમાં માન વધે એવી એમની ગણતરી હતી.

સમ્રાટના નિમંત્રણ મુજબ સોલન તો રાજમહેલ જોવા માટે ગયા. પણ બધું જોવા છતાં એ કંઈ ન બોલ્યા પણ મૌન જ રહ્યા ત્યારે બેબાકળા બનેલા સમ્રાટે એમને પૂછ્યું : ‘‘શું આપને નથી લાગતું કે સુખની ચરમસીમાં પર હું બિરાજેલો છું.’’

એના જવાબમાં ચિંતક સોલન બોલ્યા : ‘‘હું ક્ષણભંગુરને સુખ માનતો નથી. જે શાશ્વત નથી તે સુખ ન હોઈ શકે. મહારાજા, આ બધું તો દુઃખ છે, પણ છે ઘણું ચમકદાર. એટલે તમારા જેવા મૂઢ એને સુખ સમજી બેસે છે.’’

આ સાંભળીને સમ્રાટ તો સ્તબ્ધ થઈ ગયા અને તેમણે સૈનિકોને સોલનનો શિરચ્છેદ કરવાનો આદેશ આપ્યો.

એમ થયા પછી વર્ષો બાદ આક્રાંતા પ્રદેશના રાજાએ એ સમ્રાટને યુદ્ધમાં પરાજિત કર્યો અને પોતાના સૈનિકોને આદેશ આપ્યો. ‘‘આ પરાજિત સમ્રાટના ટુકડા ટુકડા કરીને મારી નાખો.’’

એ વખતે એ સમ્રાટને સોલનના ઉદ્‌ગારની સચ્ચાઈ સમજાઈ અને તે બોલી ઊઠ્યા : ‘‘સોલન, મને ક્ષમા કરો. તમે સાચા હતા.’’

• • •

## તત્ત્વજ્ઞાની ચુઆંગ-ઝુ

ચીનના પ્રખ્યાત તત્ત્વજ્ઞાની ચુઆંગ-ઝુ એક વાર તે દેશની નદીના કિનારે બેઠા હતા અને નદીમાં તરતા અને પૂંછડી હલાવતા

મજાના નિજાનંદી કાચબાને આનંદથી નિહાળી રહ્યા હતા.

એવામાં ત્યાંના રાજ્યના બે મોટા અમલદાર આવ્યા ને ઝૂકી-ઝૂકીને પ્રણામ કરીને તેમને કહ્યું કે રાજાએ તેમને મુખ્ય પ્રધાનપદે નીમવાનું નક્કી કર્યું છે અને દરબારમાં પધારવા નિમંત્રણ પાઠવ્યું છે.

તે સાંભળીને એ તત્ત્વચિંતકે કહ્યું : ‘‘ભાઈઓ, મેં સાંભળ્યું છે કે રાજાને ત્યાં એક મરેલો કાચબો ત્રણ હજાર વર્ષથી મસાલા ભરીને રાખવામાં આવ્યો છે ને તેને રાજા ખૂબ માન આપે છે તથા તેની પૂજા ભક્તિભાવથી કરે છે. આ વાત ખરી છે ને ?’’ જવાબમાં અમલદારો બોલ્યા : હા જી, એ વાત સાચી છે. એ કાચબો બહુ પવિત્ર મનાય છે.’’

ત્યારે તત્ત્વચિંતકે કહ્યું : ‘‘એ મરેલો કાચબો આવું માન-પાન ને પૂજા પામે, પણ કાચની પેટીમાં પુરાઈ રહે એના કરતાં આ નદીમાં જીવતો રહી આમ તેમ નિજાનંદથી તરે ને મોજ કરે, એ સારું કે નહિ ?’’

અમલદારોએ જવાબ આપ્યો : ‘‘એ જીવતો હોય ને મોજથી નદીમાં પોતાની મરજી મુજબ તરે ને આનંદ કરે એ જ સારું કહેવાય.’’

એટલે ચિંતકે કહી દીધું : ‘‘તો જાવ ભાઈઓ, તમારા રાજાને કહી દો કે મારે પણ કાચબાની જેમ મોજથી જીવતા રહી મનગમતી રીતે જીવન જીવવું છે. મારે તેમનો મુખ્યપ્રધાનનો હોદ્દો જોઈતો નથી. કેમ કે જે સત્તામાં પ્રજાના પ્રતિનિધિઓનો અવાજ હોય નહિ, જે રાજા પોતાની સત્તાના મદમાં પ્રજાકલ્યાણની પરવા કરતો ન હોય અને સદા યે રાજકર્તવ્યની અવગણના કરતો હોય તેની સાથે મારાથી રહી ન શકાય અને કોઈ પણ સારું કામ કરી શકાય નહિ. માટે હું તમારી સાથે આવી શકું નહિ. તમે પાછા જાવ અને તમારા રાજાને મારી આ વાત કહો.’’

• • •

## એમર્સન

જગવિખ્યાત તત્ત્વચિંતક એમર્સન એક વાર ભારે મૂંઝવણના કારણે આત્મહત્યા કરવા જતા હતા. એ વખતે કોઈકે તેમને શ્રીમદ્ ભગવદ્ગીતા આપી. એમણે એ વાંચી અને તેના પ્રભાવના કારણે તેમણે આત્મહત્યા કરવાનો વિચાર પડતો મૂક્યો.

• • •

## એરિસ્ટોટલ

જગપ્રસિદ્ધ તત્ત્વચિંતક એરિસ્ટોટલને કોઈક જિજ્ઞાસુએ કોઈ પણ પ્રકારના અતિરેકની બાબતમાં અભિપ્રાય પૂછ્યો ત્યારે તેમણે ઉદ્ગાર કાઢ્યા હતા : ''કોઈ પણ પ્રકારના અતિરેકથી સમાજ-જીવન સુખી નથી થતું. વિજ્ઞાનનો અતિરેક પણ સારો નથી અને ધર્મવેડાનો અતિરેક પણ સુખ આપતો નથી.''

અગાઉ એ એક વિદ્વાન અને વિલક્ષણ પ્રાધ્યાપક હતા ત્યારે તે વિદ્યાર્થીઓમાં પ્રિય હતા, પણ એ જ્યારે ભણાવતા ત્યારે એક અટકચાળો વિદ્યાર્થી એમને ખૂબ પજવતો હતો.

એરિસ્ટોટલ જે કોઈ મુદ્દો કે વિષય ચર્ચે ત્યારે એમાંથી અનેક પ્રશ્નો પેદા કરીને તે વિદ્યાર્થી એમના અધ્યાપનકાર્યમાં ખલેલ કર્યા કરતો હતો. દરેક વખતે તે વિદ્યાર્થી એમના વ્યાખ્યાનટાણે વચ્ચે ઊભો થઈને કહેતો - ''સાહેબ, તમે આમ કહો છો, પણ તમારા ગુરુ પ્લેટોએ તો જુદી જ વાત કહી છે. આમ કેમ ?''

વળી, ક્યારેક એ વિદ્યાર્થી તેમને પૂછતો - ''સાહેબ ! આપના અને પ્લેટોના વિચારો વચ્ચે વિરોધ કેમ છે ? પ્લેટો તો આપના ગુરુ હતા ને ? પછી આમ કેમ ?''

આમ વારંવાર થયાથી એક વાર એરિસ્ટોટલે એ વિદ્યાર્થીને

શાંતિથી જવાબ આપ્યો : "ભાઈ, મારા ગુરુ પ્લેટો તો ખૂબ મહાન તત્ત્વચિંતક હતા. એની મને ખબર છે. પ્લેટો ખરેખર ખૂબ મહાન હતા, પરંતુ સત્ય તો પ્લેટો કરતાં ય મહાન છે, ભાઈ."

એ સાંભળી તે અટકચાળો વિદ્યાર્થી કાયમ માટે ચૂપ થઈ ગયો ને એરિસ્ટોટલનો ભક્ત બની ગયો.

• • •

## ગિલ્બર્ટ મરે

ગ્રીક ચિંતક ગિલ્બર્ટ મરેના મત મુજબ ધર્મો બે પ્રકારના હોય છે. એક વિપત્તિ વખતે કામના ને બીજા સંપત્તિ વખતે કામના. પણ બંને પરિસ્થિતિમાં કામના હોય તેવા ધર્મો દેખાતા નથી. પણ સ્ટૉઇક વિચારણા બંને માટે કામની છે. તેનો પહેલો સિદ્ધાંત એ છે કે Nothing but goodness is good. ભાવાર્થ કે સારાપણું એ જ સારું છે, બીજું કંઈ નહિ.

એટલે સંપત્તિ, કીર્તિ, સત્તા ને યૌવન એ 'ગુડનેસ' નથી. એથી તે જતાં રહે તો ચિંતા ન કરવી, પણ ગુડનેસ જતી રહે તો ચિંતા કરવી. વિપત્તિ વખતે એ મદદ કરે છે ને તેનું બીજું જ પરિણામ, તે આવતાં ફુલાઈ ન જવું, તે થાય છે.

આ ગુડનેસનો અર્થ સ્ટૉઇક લોકોએ એવો કર્યો છે કે માણસે પોતાના સ્વભાવસિદ્ધ કર્મો કરવાં. જેને સારા બૂટ બનાવતાં આવડે તેમણે તે કામ ઉત્તમ રીતે કરવું. તેનો સ્વાભાવિક વિકાસ તેની મારફત સાધવો. ગુલાબ ઉત્તમ ગુલાબ થાય, તે જ પ્રકૃતિ કે ઈશ્વરની યોજના છે. ગીતામાં ય આવું જ છે. ગીતાનો બીજો વિચાર આંતરિક નિસ્પૃહતા પણ સ્ટૉઇક વિચારણામાં છે. જગતનો સામાન્ય વિકાસ થવાનો જ. ઈશ્વર એ તો Friend behind phenomena અર્થાત્ દૃશ્યજગતની પછવાડે રહેલો ઈશ્વર તે તો મિત્ર છે.

એક વાર એ દરિયાકિનારે સ્વૈરવિહાર કરતો હતો ત્યારે તેણે એક માણસને નાના સરખા ખોદેલા ખાડામાં વારંવાર લોટો ભરેલું દરિયાનું પાણી ઠાલવતાં જોયો.

એનું આ હાસ્યાસ્પદ કાર્ય જોઈ તેને રમૂજ સાથે જિજ્ઞાસા પણ થવા પામી. એથી તેની પાસે જઈને તેણે એમ કરવાનું કારણ તેને પૂછ્યું.

જવાબમાં એ માણસે કહ્યું : ''આ રીતે ખાડામાં પાણી રેડીને હું દરિયો ખાલી કરવા ઇચ્છું છું.''

એ સાંભળી એરિસ્ટોટલે કહ્યું : ''ભલા, તું મને એક નંબરનો મૂર્ખ લાગે છે. આ રીતે નાના લોટામાં દરિયાનું પાણી ભરીને નાના ખાડામાં રેડ્યા કરવાથી કંઈ દરિયો ખાલી થઈ શકે ખરો ?''

એરિસ્ટોટલની આ વાત સાંભળીને પેલો માણસ ખડખડાટ હસવા લાગ્યો. એ હાસ્ય સાથે તે બોલ્યો : ''સાહેબ, આપનો આ બાબતમાં શો ખ્યાલ છે ? આપ પણ મારા જેવું જ કરો છો ને ? શું તમારું મગજ મારા આ લોટા કરતાં મોટું છે ? છતાં એના વડે અજય પરમાત્માને માપવા ઇચ્છો છો. જો હું એક નંબરનો મૂર્ખ છું તો તમે આવું કરનાર કેવા છો ? મને તો મારા કરતાં આપ વધારે નાસમજ લાગો છો. આખરે સમુદ્ર ભલે વિશાળ હોય, છતાં તેનો છેડો તો હોય જ છે, એટલે લાંબા સમયે પણ હું એને ખાલી કરી શકીશ, પણ આપ જેને માપવા નીકળ્યા છો તે તો ખરેખર અનંત અને અસીમ છે. એને માપવાનું કામ અનંતકાળે પણ નહિ પૂરું થઈ શકે.''

આ સાંભળી એરિસ્ટોટલ આભો જ થઈ ગયો.

• • •

## પ્લેટો

વિશ્વના મહાન તત્ત્વચિંતક પ્લેટોએ પોતાના જીવનના અંતકાળ

ટાણે પોતાના શિષ્યોને પાસે બોલાવીને કહ્યું : "જુઓ, મેં જીવનભર તમને જે કંઈ કહ્યું છે એ બધું ભૂલી જજો, પણ અંતે તમને હું બે વાત જે કહું છું તે સદાય યાદ રાખજો અને બીજી બધી વાતો સદાય ભૂલી જજો.

"પ્રથમ ભૂલવા જેવી બે વાત એ કે તમે બીજાનું ગમે તેટલું હિત કર્યું હોય એ ભૂલી જજો અને બીજાએ તમારું ગમે તેટલું અહિત કર્યું હોય એય ભૂલી જજો. હવે યાદ રાખવા જેવી બે બાબતો આ - જે કંઈ બને છે એ ઈશ્વરની મરજીથી થાય છે અને દરેકનું મૃત્યુ તો નિશ્ચિત જ છે!"

આ છે જગતના મહાન ચિંતકનો જીવનસંદેશ.

એક વાર એમની પાસે આવી કોઈકે તેમને પૂછ્યું : "ઘણા લોકો તમારી ટીકા કરે છે, તેનો તમારે જવાબ નથી આપવો ?"

ત્યારે તેમણે કહેલું : "ના, હું એવું જીવન જીવીશ કે લોકો ટીકા કરનારાની વાત જ નહિ સાંભળે. તેમની ટીકાનો જવાબ મારા જીવનમાંથી જ મળી જશે. મારું જીવન એ જ તેમને માટેનો સારો જવાબ."

• • •

## ગ્રીક ફિલસૂફ ડેમોસ્થેનીસ

જગવિખ્યાત ગ્રીક ફિલસૂફ ડેમોસ્થેનીસને ગ્રીસના સમ્રાટે પોતાના રાજગુરુના દુઃખદ નિધન પછી પોતાના રાજદૂત મારફતે રાજગુરુનું પદ ગ્રહણ કરવા નિમંત્રણ આપ્યું ત્યારે એ માનવંતું પદ તેણે નકારી કાઢ્યું.

એટલે ગ્રીકરાજાએ એ પદ પર બીજાની નિમણૂક કરી. એ નવો રાજગુરુ એક વાર તત્ત્વચિંતક ડેમોસ્થેનીસને ઘેર પોતાના દોરદમામ સાથે મળવા ગયો. એ વખતે ડેમોસ્થેનીસ ઘરમાં વાસણ માંજી રહ્યો હતો.

નવા રાજગુરુએ તે જોઈને કહ્યું : "જો તમે રાજગુરુનો હોદ્દો

રાજાની વિનંતીને માન આપીને લીધો હોત તો તમારી આવી દયાજનક કરુણ દશા ન થાત અને તમારાં વસ્ત્રો આટલાં મેલાં પણ ન થાત.''

એના જવાબમાં એ સ્પષ્ટ વક્તા મહાન ચિંતકે કહેલું : ''મારાં વસ્ત્રો ભલે મેલાં રહ્યાં, પણ સમ્રાટની સતત ખોટી પ્રશંસા કરીને તમારું મોઢું સાવ મેલું થઈ ગયું છે, તે જુઓ તમે.''

એ સાંભળીને પેલો નવો રાજગુરુ ચૂપ જ થઈ ગયો અને પછી ઉદાસ ચહેરે વિદાય થઈ ગયો.

• • •

# વેપાર-ઉદ્યોગ

## ઉદ્યોગપતિ જમશેદજી તાતા

વિખ્યાત ઉદ્યોગપતિ જમશેદજી તાતાએ ઈ.સ. ૧૮૯૮ના નવેંબરમાં પોતાની માત્ર ચાલીસ વર્ષની વયે સ્વામી વિવેકાનંદને પત્ર લખી જણાવ્યું હતું : ''પ્રજામાં સાધુતાનાં લક્ષણો ખીલી ઊઠે એવું શિક્ષણ આપવા માટેનું સાહિત્ય લખીને આપ પ્રજાને જાગૃત કરશો તો તેનો બધો ખર્ચ ભોગવવા હું તૈયાર છું.''

• • •

## એન્ડ્રુ કાર્નેગી

એક વાર અમેરિકન અબજપતિ એવા ઉદ્યોગવીર એન્ડ્રુ કાર્નેગીને કોઈકે પૂછ્યું હતું : ''જીવનની મહાનતમ સફળતા શી ?''

જવાબમાં એમણે જણાવેલું : ''પુરુષના જીવનની સફળતા એ કે તે એટલું કમાય કે તેની પત્ની એ ખર્ચી ન શકે. સ્ત્રીના જીવનની સફળતા એ કે તે એવો કમાતો પુરુષ શોધી લે.''

બીજા એક પ્રસંગે એ ઉદ્યોગપતિએ રેડિયો પરથી મહાન

માનવતાવાદી અમેરિકન પ્રમુખ અબ્રાહમ લિંકન વિશે વાર્તાલાપ આપ્યો હતો. તેમાં સરતચૂકથી ભૂલમાં લિંકનના જીવનની કોઈ ઘટનાની તારીખ તેમણે ખોટી દર્શાવી હતી.

એટલે એ વાર્તાલાપ સાંભળીને એક અમેરિકન મહિલાએ એમની આ ભૂલ બદલ ભારે ઝાટકણી કાઢતો, ક્રોધાવિષ્ટ થઈને નિંદા કરતો પત્ર તેમને લખ્યો. એક સામાન્ય કક્ષાની મહિલાના આવા નિંદનીય અશિષ્ટ પત્રથી કાર્નેગી તો ઘણા ગુસ્સે થઈ ગયા ને તેમણેય સણસણતો જવાબ લખી પોતાની એવી સામાન્ય ભૂલ બદલ એવો ખરાબ ને અભદ્ર પત્ર લખવા બદલ તે મહિલાનો ઊધડો લીધો.

એવામાં કોઈ અગત્યનું કામ આવ્યાથી તે પત્ર ટપાલ કરવો રહી ગયો. પછી તો તેમને ખુદને એવો પત્ર લખવો યોગ્ય ન લાગતાં તે તેમણે ફાડી નાખ્યો ને બીજો થોડી હળવી રીતે ઠપકો આપતો પત્ર લખ્યો. એય પાછળથી ઠીક ન લાગતાં તેમણે ફાડી નાખ્યો અને એમ તેમણે એવા છ-સાત પત્રો લખ્યા, પણ છેવટે લખેલા પત્રમાં તેમણે એ મહિલાનો પોતાની ભૂલ દર્શાવવા બદલ આભાર માન્યો ને યથાવકાશ પોતાના મહેમાન તરીકે પધારવાનું નિમંત્રણ તેને આપ્યું.

એ નિમંત્રણની રૂએ એ મહિલા કાર્નેગીને રહેઠાણે મહેમાન થઈને આવી ત્યારે એ બંનેએ પરસ્પર એકમેકને ખૂબ આદર આપ્યો ને પછી તો બંને વચ્ચે લાગણીભર્યો સંબંધ બંધાવા પામ્યો.

• • •

## રૉકફેલર

અમેરિકાના અતિશય ધનવાન એવા રૉકફેલરે પોતાની તેલ-કંપની સ્થાપી હતી. તે કરકસર કરી ચીવટથી કંપનીને સમૃદ્ધ ને સ્થાયી બનાવવામાં માનતા હતા.

કંપનીના શરૂઆતના દિવસો હતા. એટલે કંપનીનાં યંત્રોનું કામ તેઓ ખુદ જોતા હતા. એક વાર તેમણે જોયું કે ટિનના ડબ્બામાં ૩૯ ટીપાં તેલનાં પડ્યાં પછી તે પૅક કરાતો હતો. પણ તેમના ધ્યાનમાં આવ્યું કે ૩૯ ને બદલે ૩૮ તેલનાં ટીપાંથી તે ડબ્બો પૂરતો બરાબર રીતે ભરાઈ જાય છે ને તેથી એ ત્યારે પૅક કરવો જોઈએ.

એમણે તરત જ કંપનીના કામદારોને એમ કરવા સૂચવ્યું. એમ કરવાથી વર્ષના અંતે હિસાબ થતાં માલૂમ પડ્યું કે આવી બચતથી કંપનીને વર્ષના સાડા સાત લાખ ડૉલરની વધારાની આવક થવા પામી હતી. આવી હતી તેમની ચીવટ ને દીર્ઘદૃષ્ટિ.

• • •

## ઉદ્યોગપતિ ફૉર્ડ

જગપ્રસિદ્ધ અમેરિકન ઉદ્યોગપતિ હેન્રી ફૉર્ડ એક વાર ઇંગ્લૅંડના પ્રવાસે ધંધાના કામ માટે ગયા હતા. તે વખતે સ્ટેશનની પૂછપરછ ઑફિસમાં તેમણે પૂછ્યું : ''લંડનમાં સસ્તામાં સસ્તી હોટલ કઈ છે ?''

પૂછપરછ ઑફિસનો કર્મચારી એમને ઓળખી ગયો ને તેથી આશ્ચર્ય સાથે તેણે પૂછ્યું : ''સાહેબ, આપ સસ્તામાં સસ્તી હોટલ વિશે માહિતી પૂછો છો, પણ આપનો પુત્ર જ્યારે અહીં આવે છે ત્યારે તે તો મોંઘામાં મોંઘી સંપૂર્ણ અદ્યતન સગવડવાળી હોટલની માહિતી માગતો હોય છે. આ નવાઈ જેવી વાત છે.''

તેના જવાબમાં ફૉર્ડે જણાવ્યું : ''ભાઈ, એ તો મોટા ઉદ્યોગપતિ હેન્રી ફોર્ડનો દીકરો છે. એટલે એને એ પોષાય, પણ હું તો ગરીબ બાપનો દીકરો છું, એટલે મારે તો મારી રીતે જ રહેવાનું હોય ને ?''

આવો જવાબ સાંભળીને એ કર્મચારી આભો જ થઈ ગયો.

બીજા એક પ્રસંગે એ ઉદ્યોગપતિને એમના જીવનની સંધ્યાટાણે

કોઈ પત્રકારે પૂછ્યું હતું : ''સાહેબ, આપને જીવનમાં અઢળક ધન, યશ અને સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે. આપ બધી વાતે ખૂબ સુખી હોવા છતાં આપના જીવનમાં કંઈક ખૂટતું હોય એમ લાગે છે કે ? આપને એમ લાગે છે ખરું કે અમુક વસ્તુ આપ મેળવી શકો તેમ છો, છતાં મેળવી શક્યા નથી ?''

તેના જવાબમાં તેમણે કહ્યું હતું : ''હા, હું સાચો મિત્ર મેળવી શક્યો નથી. જો મારે જીવનની ફરીથી શરૂઆત કરવાની આવે તો હું મિત્રની શોધમાં રહું. મારા અઢળક ધને મને જનતા સાથે હૃદયપૂર્વક મળવા દીધો નથી. આજે હું સાચા મિત્રોના બદલામાં મારી સઘળી સંપત્તિ અને કીર્તિ આપી દેવા તત્પર છું. સાચા મિત્રને પ્રાપ્ત કરવા કરતાં આ ધરતી પર એકેય ચડિયાતું સુખ નથી. ધન આપીને મિત્રો મેળવી શકાતા નથી. મિત્રો તો મેળવી શકાય છે પોતાનું હૃદય આપીને. હું તેમ કરી શક્યો નહિ. કેમ કે મારા ઉદ્યોગે અને મારા પૈસાએ મારી ચારે તરફ એક દીવાલ ચણી દીધી હતી. આજે જિંદગીને આરે હું ઊભો છું ત્યારે મને સમજાય છે કે મારી એ મોટી ભૂલ હતી. જો યુવાવસ્થામાં જ આ સત્ય સમજાયું હોત તો ઘડપણના મારા આ દિવસો કેટલા બધા સુખી હોત ?''

જેમનો જન્મ તા. ૩૦ જુલાઈ, ૧૮૬૩ના રોજ થયેલો એવા ઔદ્યોગિક ક્રાંતિના આ સર્જકનો વળી એક પ્રસંગ. તેઓ પોતાની કંપનીમાંથી પાછા ફરતી વેળાએ દરરોજ પોતાની પત્ની માટે સરસ ફૂલનો કલગો ઘેર લઈ જતા હતા.

એક વાર તેમણે ફૂલના એ દુકાનદારને કહ્યું : ''તમારે ત્યાં સુંદર, તાજાં ને સુગંધીદાર ફૂલો મળે છે. આવી દુકાનની બીજી શાખા તમે ઉઘાડો તો ઘણી કમાણી થાય.''

ફૂલવાળાએ પૂછ્યું : ''વાત સાચી છે. પણ પછી શું, સાહેબ ?''

ફૉર્ડે કહ્યું : ''પછી આખા રાજ્યનાં બધાં ગામો ને શહેરોમાં તમારી શાખાઓ ઉઘાડો તો ઓર કમાણી વધવા પામે.''

''પણ પછી શું ?'' દુકાનદારે પૂછ્યું.

ફૉર્ડે ઉત્સાહમાં આવીને કહ્યું : ''પછી આખા અમેરિકાનાં સઘળાં રાજ્યોમાં તમારી દુકાનો ખોલો તો ધનનો ઢગલો કમાશો.''

''એ બરાબર, પણ પછી શું સાહેબ ?'' દુકાનદારે વળી પૂછ્યું. ફૉર્ડે કહ્યું : ''બસ પછી તો લીલા લહેર કરીને આરામથી રહેવાનું.''

એ વૃદ્ધ દુકાનદારે શાંતિથી નમ્ર રીતે નિશ્ચિંતભાવે કહ્યું : ''સાહેબ, લીલાલહેર તો હું અત્યારે પણ કરું જ છું. એ માટે વળી તમે કહી તે જાતની ઘણીબધી વ્યર્થ ઉપાધિઓ વહોરવાની શી જરૂર ?''

આવો શાણો જવાબ સાંભળીને ફૉર્ડ શરમિંદો થઈ શાંત જ થઈ ગયો.

• • •

# કલા

## સંગીતસામ્રાજ્ઞી લતા મંગેશકર

વિશિષ્ટ નૈસર્ગિક પ્રતિભા ધરાવનાર સંગીતસામ્રાજ્ઞી લતા મંગેશકરનો જન્મ તા. ૨૮ સપ્ટેંબર, ૧૯૨૯ના રોજ સવારના દસ વાગ્યાના સુમારે થયેલો ત્યારે તેમનું વજન માત્ર ચાર પાઉન્ડ હતું.

તેમના પિતા દિનાનાથ મંગેશકર ત્યારે નાટકમંડળી ચલાવતા અને ગામેગામ ફરીને લોકોને નાટકો ભજવીને રીઝવતા. તે જમાનામાં સ્ત્રીઓનું પાત્ર પુરુષો ભજવતા હોવાથી તેમણે એક નાટકમાં લતિકા નામની સ્ત્રીનું પાત્ર જે સરસ રીતે ભજવેલું અને તેમને ગમી ગયેલું તેથી તેમણે એનું નામ લતા રાખ્યું હતું.

પિતા દિનાનાથ રોજ સવારે પાંચ વાગ્યે ઊઠીને સંગીતનો રિયાઝ કરતા હતા અને ત્યારે નાનકડી લતા પણ પાંચ વર્ષની હતી તોપણ પિતા સાથે ઊઠી જતી ને રિયાઝમાં બેસતી. આમ, સંગીતના સંસ્કાર તેમને ગળથૂથીમાંથી વારસારૂપે મળ્યા હતા.

પિતા દિનાનાથના દુ:ખદ નિધન ટાણે લતાની વય માત્ર તેર વર્ષની હતી અને સમગ્ર પરિવારનો બોજો તેમના શિરે આવ્યો હતો. ત્યારે ઘરમાં માત્ર ચાર જ દિવસનું અન્ન હતું. છતાં નાની વયે તીવ્ર સંઘર્ષનો સામનો કરીને તેમણે કુટુંબનો ભાર ઉપાડ્યો ને સાથે સાથે સંગીતની સાધના પણ કરી.

તેમણે સંગીતના ક્ષેત્રે પ્રવેશ કર્યો ત્યારે સંગીતકંપનીઓ ગાનારને રૉયલ્ટી આપતી નહોતી અને બોલપટ નિર્માતા પણ રૉયલ્ટી આપતા નહોતા. એ વખતે પોતાના પ્રભાવથી તેઓ આ અન્યાય સામે ઝઝૂમ્યાં અને તે દૂર કરાવ્યો, તેથી ગાયકોને ન્યાય મળવા પામ્યો.

તેમના અદ્‌ભુત સંગીતના પ્રભાવે અસંખ્ય સામાન્ય માણસોના જીવનમાં ઊર્જા ને આશાનો ભાવ જગાડ્યો છે. અનેકો જીવનનાં અંધારા કૂવામાંથી બહાર આવ્યાં છે. તેમના મધુર અવાજે અનેકને પ્રેમ કરાવ્યો છે, લગ્નો કરાવ્યાં છે અને અનેક રીતે ઉગાર્યાં પણ છે. તેઓ અશ્લિલતાનો આભાસ આપતાં ગીતો ગાવાની સાફ સાફ ના પાડી દે છે. પરિણામે અનેક ફિલ્મોનાં ગીતોના શબ્દો બદલવા પડ્યા છે.

તેમના સંગીતની એવી અજબ પ્રકારની અસર છે કે એક વાર 'મધર ઇન્ડિયા' નામના વિશ્વવિખ્યાત બોલપટના નિર્માતા મહેબૂબખાન ગંભીર માંદગીમાં સપડાયાથી લંડનની હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા અને યાતના તથા એકલતાના ઓથાર હેઠળ વ્યથિત અવસ્થામાં હતા ત્યારે તેમણે લતાજીને ''ચોરી ચોરી'' ફિલ્મનું પ્રખ્યાત ગીત ''રસિક બલમાં કાહેકો નેહા લગાએ'' ફોન પર ગાઈ સંભળાવવા

આગ્રહભરી વિનંતી કરી હતી. એમની એ વિનંતીને માન્ય રાખી લતાજીએ એ ગીત ફોન પર તેમને ગાઈ સંભળાવ્યા પછી મહેબૂબખાનના સ્વાસ્થ્યમાં સુધારો થવા પામ્યો હતો. આમ, લતાજીનું ગીત-સંગીત અનેરા ઔષધ સમાન પણ પુરવાર થયેલું છે.

• • •

## સંગીતકાર પં. જસરાજ

પ્રખ્યાત સંગીતકાર પં. જસરાજને એક વાર મુંબઈની પાંચ વર્ષની ગંભીર મગજના તાવમાં સપડાયેલી બાળાનાં સ્વજનો રૂબરૂ મળવા આવ્યાં. એ બાળા બેભાન થઈ ગઈ હતી. એનું નામ કિંજલ હતું.

એનાં માબાપે પંડિતજી પાસે આવીને કહ્યું : ''પંડિતજી, ડૉક્ટરોએ તો અમારી દીકરીના સાજા થવાની બાબતમાં હાથ ઊંચા કરી દીધા છે, પણ અમે સાંભળ્યું છે કે સંગીતના પ્રભાવથી માંદો માણસ ગંભીર માંદગીમાંથી સાજો થઈ જાય છે. એટલે અમે હાથ જોડીને અમારી દીકરીને આપના મધુર અમૃત સમાન સંગીતના પ્રભાવથી સાજી કરી દેવા માટે વિનંતી કરીએ છીએ.''

એટલે પંડિતજી એ બાળાને મુંબઈ ખાતે જે હૉસ્પિટલમાં રાખી હતી ત્યાં ગયા અને તેમણે દરબારી કાનડા રાગ તાનપુરા સાથે એ બાળાના ખાટલા પાસે બેસીને સળંગ પાંચ દિવસ સુધી કલાકો સુધી, અમુક વિશ્રાંતિનો સમય બાદ કરીને, ગાયો.

અંતે જાણે ચમત્કાર થયો હોય તેમ એ કિંજલ નામની માંદી બાળાનું સ્વાસ્થ્ય સંગીતશ્રવણના પ્રભાવથી સુધરીને રાબેતા મુજબનું થઈ ગયું અને જેની બચવાની આશા તબીબોએ છોડી દીધી હતી તેને સંગીતની અસરથી જીવતદાન મળવા પામ્યું.

એક બીજા પ્રસંગે એક વાર પં. જસરાજ દક્ષિણ આફ્રિકાના

ભારતીય એલચી કચેરીના સેક્રેટરીને ત્યાં મહેમાન તરીકે ગયા હતા. એ સેક્રેટરીનો પુત્ર માનસિક રીતે અસ્વસ્થ હોવાથી જેને એ જોતો તેને તે મારતો ને ભારે તોફાન કરતો હોવાનું જાણીને પંડિતજીએ તેની સમક્ષ સંગીત ગાવાનો પ્રયોગ કરવાની ઇચ્છા યજમાનને કહી બતાવી.

યજમાને એ અંગે આનાકાની કરતાં કહેલું કે છોકરો અસ્થિર મનનો હોવાથી તે મારશે ને તોફાન કરશે તથા તમે અમારા મહેમાન છો તો એવી હેરાનગતિ તમારી થાય તો અમને એ ના ગમે અને અમને શોભે પણ નહિ. એ છોકરાનો અમને કોઈ ભરોસો નથી.

આમ છતાં, પંડિતજીએ તો પોતાને જોખમે સંગીત ગાવાનો પ્રયોગ કરવાની હઠીલી ઇચ્છા દર્શાવીને એમણે તો તરત જ સંગીતનો સૂર આલાપવા માંડ્યો અને જાણે ચમત્કાર થયો હોય તેમ થોડી જ મિનિટોમાં એ બાળકની મનોવૃત્તિ બદલાઈને શાંત પડવા માંડી અને તેનાં તોફાનો પછી તો એવાં શમી ગયાં કે પછી ક્યારેય ઉદ્ભવવા પામ્યાં જ નહિ.

સંગીતનો આવો અનહદ બેનમૂન પ્રભાવ છે. તાનસેને સમ્રાટ અકબરની કબર પાસે જીદ કરીને દીપક રાગ ગાયો હતો અને તે ગાવાથી એના આખા શરીરે જે ભારે અસહ્ય બળતરા પેદા થવા પામી હતી તે આખરે વડનગરની પ્રસિદ્ધ તાના-રીરી નામની બે સંગીતનિપુણ નાગર કન્યાઓએ મેઘ મલ્હાર રાગ ગાઈને વરસાદ વરસાવ્યાથી શાંત થવા પામ્યાનો ઐતિહાસિક કિસ્સો પણ સંગીતના દિવ્ય અનેરા પ્રભાવનો ખ્યાલ આપી જાય છે.

• • •

## નાટ્ય-અભિનેતા જયશંકર 'સુંદરી'

ગુજરાતના ગૌરવરૂપ વિખ્યાત નાટ્ય-અભિનેતા પદ્મભૂષણ જયશંકર 'સુંદરી'ની અટક તો હતી ભોજક. તે મહાન નટ અને દિગ્દર્શક

હતા. ઈ.સ. ૧૯૦૧માં મુંબઈ ગુજરાતી નાટકમંડળીમાં તેઓ જોડાયા હતા ને બાપુલાલ નાયક પાસે તાલીમ લઈ ''સૌભાગ્યસુંદરી'' નામના નાટકમાં 'સુંદરી'નું સ્ત્રીપાત્ર એટલી આબેહૂબ રીતે ભજવ્યું હતું કે ત્યારથી તે 'સુંદરી' ના બિરુદથી ઓળખાવા માંડેલા. એ જમાનામાં એ 'સુંદરી' પર સમગ્ર ગુજરાત ફીદા ફીદા થઈ ગયેલું ને ત્યારે શ્રીમંત કુટુંબની મહિલાઓ પહેરવેશ, રીતભાત, ટાપટીપ, હાવભાવ, લટકો, લહેકો વગેરે સઘળી બાબતમાં એ 'સુંદરી'ની નકલ જ કરતી હતી. એમણે ત્યારે સુપ્રસિદ્ધ 'સરસ્વતીચંદ્ર' નવલકથા વારંવાર વાંચીને તેમાં સ્ત્રી-પાત્રોને આત્મસાત્ કરી લઈ પોતાનાં નાટકોમાં તેમનું અનુકરણ કરેલું હતું. તે એકલા એક ખંડમાં એકાંતમાં અરીસા સામે ઊભા રહેતા ને સ્ત્રીનું પાત્ર ભજવવાની પ્રૅક્ટિસ કરતા હતા. વળી, તેમણે મોરબી સુબોધ નાટકમંડળી અને લક્ષ્મીકાંત નાટકકંપનીમાં ય મળીને કુલ ૩૫ વર્ષ પર્યંત અદાકારી સફળ રીતે કરી હતી.

નિવૃત્તિ પછી તેમણે ગુજરાત વિદ્યાસભાએ સ્થાપેલા નાટ્યવિદ્યામંડળમાં માનાર્હ નિયામક તરીકે સુંદર સેવા આપીને ગુજરાતના નાટ્યજીવનને સમૃદ્ધિ આપી છે. તેમણે દિગ્દર્શિત કરેલાં ને ભજવેલાં નિવૃત્તિકાળનાં નાટકોમાં 'ઉરુભંગ', 'સાગરઘેલી', 'સાહેબ આવે છે' અને 'મેનાગુર્જરી' મુખ્યત્વે નોંધપાત્ર છે. તેમની સેવાની કદરરૂપે તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક', શ્રેષ્ઠ નાટ્યનિર્દેશન માટે સુવર્ણચંદ્રક, 'ગુજરાત ગૌરવ' પુરસ્કાર અને પદ્મભૂષણ ખિતાબ એનાયત થયા છે.

તેમની કિશોર-અવસ્થામાં એક વાર તે 'હરિશ્ચન્દ્ર સત્યવાદી' નાટક જોવા માટે તેમના દાદા સાથે ગયા હતા. તેમાં હરિશ્ચન્દ્ર રાજાના પુત્ર રોહિતના મરણનું દશ્ય જોઈ તેઓ તો ધ્રુસકે ધ્રુસકે થિયેટરમાં બધા પ્રેક્ષકોની વચ્ચે રડવા લાગ્યા હતા. એ જોઈને આભા બની જઈ તેમના

દાદા તેમને સ્ટેજની અંદરના ભાગમા લઇ ગયા હતા ને 'રોહિત'ના પાત્રને જીવતું બતાવ્યું હતું. એ જોયા પછી જ તેઓ રડતા બંધ થયા હતા. આવા સંવેદનશીલ એ નાનપણથી જ હતા.

એ પછી તેમણે નાટ્યકાર બનવાનો નિર્ણય કર્યો ને નવ વર્ષની વયે દાદાભાઈ થુથીની નાટકકંપનીમાં કલકત્તામાં સૌપ્રથમ કામ કર્યું હતું. ત્યાં તે વખતે નાટકો ઉર્દૂ ભાષામાં ભજવાતાં હોવાથી તેમણે ઉર્દૂ ભાષા શીખી લીધી હતી. વળી, તે સમયે સ્ત્રીઓ નાટકમાં ભાગ લેતી ન હોવાથી સ્ત્રીનું પાત્ર પણ પુરુષોને જ ભજવવું પડતું. તેથી તેમણે સ્ત્રીઓની ભૂમિકા ત્યારનાં ધંધાદારી નાટકોમાં ભજવી હતી.

એમણે એક સન્માન-સમારંભમાં કહ્યું હતું : ''ગુજરાતે મને ઘણું આપ્યું છે. હવે માત્ર એક જ વસ્તુ માગું છું. તે છે રંગભૂમિને સજીવન કરવાનું કામ. નટના વ્યવસાયને માનભરી નજરે જુઓ અને નટ સ્વમાનથી જીવે એવી વ્યવસ્થા કરો.''

• • •

## શરણાઈવાદક પં. બિસ્મિલ્લા ખાં

જગપ્રસિદ્ધ શરણાઈવાદક કલાકાર પં. બિસ્મિલ્લા ખાંએ પોતાની જાતને સંગીતને સમર્પિત કરી છે. સમગ્ર દેશમાં તેમની કલા માટે સૌથી વધુ મહેનતાણું ચૂકવાય છે ને તેમની કલાની કદરરૂપે તેમને ચાર-પાંચ ઍવૉર્ડ પ્રાપ્ત થયા છે. તેઓ પાંચ વાર નિયમિત રીતે ખુદાની બંદગી કરે છે. પોતાનાં કપડાં જાતે ધૂએ છે. તેઓ સદાય સંગીતની દુનિયામાં ખોવાયેલા રહે છે.

સંગીત અને બનારસને તેઓ ખૂબ ચાહે છે. એક વાર તેઓ અમેરિકા સંગીતનો કાર્યક્રમ આપવા માટે ગયા પછી ત્યાંના આયોજક લોકોએ તેમને ત્યાં કાયમ માટે સ્થાયી થવા માટે વિનંતી કરી અને તેમના પરિવારની બધી સંપૂર્ણ જવાબદારી ને સુવિધા તથા બીજી એમની જે

કોઈ શરતો હોય તે બધી કબૂલ કરવાની તત્પરતાય તેમણે દાખવી. અને પોતાની વિનંતી સ્વીકારવા આગ્રહ કર્યો.

તેના જવાબમાં પંડિતજીએ કહ્યું : ''એ બધું ખરું, પણ શું તમે ગંગાનદી ને તેના ઘાટને અહીં લાવી શકશો ? બનારસની ધરતીની સુગંધ લીધા વિના હું કેવી રીતે શરણાઈ વગાડી શકું ? હું સાત વર્ષનો હતો ત્યારથી શરણાઈ હાથમાં લીધેલી છે ને ત્યારથી આજ સુધી સંગીત મારા અસ્તિત્વ પર છવાઈ ગયું છે. બનારસ ને ગંગાનદીનું પણ એવું જ. એટલે તમારી ઇચ્છા શી રીતે સંતોષી શકું ?''

ભારતના ગૌરવસમા આ જગવિખ્યાત કલાકાર તેમની બનારસ ખાતેની જૂની હવેલીમાં રહે છે. તેમને ત્રણ શોખ - ફૂટબૉલ રમવાનો, પહેલવાનીનો ને પતંગબાજીનો. વળી મિઠાઈ ખાવાનોય અતિશય શોખ. પરોઠા ને ભીંડાનું શાક વળી તેમને અતિશય પ્રિય. તેમના ત્રણ પુત્રો પૈકી નૈયર હુસેન ને ઝામીન શરણાઈ વગાડે છે ને નઝીમ તબલા વગાડવામાં બાહોશ છે. હજુય પોતાની નેવું વર્ષની વયે પં. બિસ્મિલ્લાખાં કલાની સતત સાધના કરી રહ્યા છે.

• • •

## અભિનેત્રી રેખા

લોકપ્રિય અભિનેત્રી રેખાએ પોતાની પચાસમી વર્ષગાંઠે એક પ્રશ્નના ઉત્તરરૂપે કહેલું - 'જીવનમાં તકલીફદાયક તબક્કો જ આપણને ઘડે છે. દર્દ સાથે મૈત્રી કરી લો તો જીવન આસાન બની જશે. ફિલ્મ ''અનારકલી'' માં એક સંવાદ છે કે કાંટોં કો મુરઝાને કા ખૌફ નહિ હોતા. આ સંવાદ મારા જીવનમાં દર્દનું મહત્ત્વ દર્શાવે છે. મેં મારું જીવન બનાવ્યું નથી. જીવન જેવું આવ્યું તેવું મેં જીવ્યું છે. અંદરથી જ શક્તિ મેળવવાની ક્ષમતા મારામાં છે. જીવનને વહેતું રાખવાની અને આગળ વધવાની પ્રેરણા મને કોઈ બાહ્ય પરિબળે નહિ, પણ મારી જાતે જ પૂરી

પાડી છે. જીવનમાં હજુ તો ઘણું કરવા જેવું છે. જાદુની તો હજી તો શરૂઆત પણ થવાની બાકી છે. પચાસ વર્ષ થયાં એટલે જીવન પર પડદો પડશે એવું માનવાની જરૂર નથી. આ પડાવ મારા માટે એક શરૂઆત છે.''

• • •

## અવિનાશ વ્યાસ

ગરવી ગુજરાતના પ્રખ્યાત સંગીતકાર, ગીતકવિ અને સુગમસંગીતના પર્યાયરૂપ અવિનાશ વ્યાસે પ્રભાતિયાંથી લઈને હાલરડાં સુધીની એક એકથી ચડિયાતી રચનાઓ આપી છે. એમાં ''માંડી તારું કંકુ ખર્યું ને'', ''હવે મંદિરનાં બારણાં ઉઘાડો મોરી મા'', ''રાખનાં રમકડાં મારા રામે રમતાં રાખ્યાં'', ''છાનું રે છપનું કંઈ થાય નહિ'', ''તારી બાંકી રે પાઘલડીનું....'', ''તમે થોડાં થોડાં થાઓ વરણાગી ભાભી તમે.... '' આદિ જેવી ઘણી રચનાઓ છે. તેમણે ૧૭૫ ગુજરાતી સહિત ૨૫૦ બોલપટોમાં સંગીત પીરસેલું છે. ગીત, ગરબા, રાસ, ફિલ્મસંગીત, ગઝલ અને ભજન આદિ સર્વે ક્ષેત્રોમાં તેમનું પ્રદાન અવિસ્મરણીય રહે તેવું છે.

એમણે એક વાર કહેલું કે મારાં બધાં ગીતોમાં ''રાખનાં રમકડાં'' ગીત મને ગમે છે, પણ એ ગીતે મને એક સમયે પચીસ હજાર રૂપિયા અપાવેલા. એટલે એ ''રાખનાં રમકડાં'' ગીત મારે માટે તો ''લાખનાં રમકડાં'' જેવું નીવડ્યું.

તેમણે ફિલ્મી જગતમાં પહેલવહેલી વાર 'મહાસતી અનસૂયા' બોલપટમાં સંગીત પીરસ્યું હતું. પણ થયું એવું કે એ ફિલ્મ વિતરકો લેવા માટે તત્પર ન બન્યા. એટલે અવિનાશભાઈ તો ઉદાસ ને સાવ નિરાશ થઈને અમદાવાદ ખાતે જઈ બેસી ગયા. ત્યાં તેમનું બાળપણ વીતેલું. એમના બાળમિત્ર અંબાલાલભાઈ એમને અંબામાતાના દર્શને અંબાજી

લઈ ગયા ને ગર્ભદ્વારમાં જઈને બાળક જે રીતે માને વિનવે તેમ અંબામાતાજી સમક્ષ તે બાળમિત્રે કાકલૂદીભરી રીતે પોતાના મિત્ર માટે માતાજીને કહ્યું : ''એની ટોપી જો. એનો કોટ જો - બહુ મોટી જગતની મા કહેવડાવે છે તો તારા આ દીકરાને નવા કોટ-ટોપી અપાવવાનાં છે કે નહિ ?''

કાલી કાલી બોલીમાં પોતાના બાળમિત્રે કહેલી અંબામાતાની પ્રાર્થના જોઈને કવિ અવિનાશભાઈ તો સડક જ થઈ ગયા. એ હતો ભાઈબીજનો દિવસ.

ત્યાં કવિ અવિનાશભાઈ વ્યાસે પણ સાચા અંતરથી અંબામાતાને પ્રાર્થના કરી અને દર ભાઈબીજે અંબામાના ચરણે આવી દર્શન કરવાની તેમણે પ્રતિજ્ઞા કરી.

એ પછી અનંત શ્રદ્ધા સાથે તેઓ મુંબઈ ગયા ને જાણે ચમત્કાર થયો હોય તેમ એ 'મહાસતી અનસૂયા' ફિલ્મ ખરીદાઈ ગઈ. એના હક પણ વેચાઈ ગયા અને તે હિટ પણ ગઈ. ત્યાર પછી કવિનું નામ ચમકી ગયું ફિલ્મજગતમાં.

• • •

## ગાયક સાયગલ

આદિ શંકરાચાર્ય તથા કવિ કલાપી, કીટ્સ ને શેલીની માફક ઓછું આયુષ્ય ભોગવનાર ચલચિત્ર જગતના સ્વરસમ્રાટ સમા કુંદનલાલ સાયગલનો જન્મ જમ્મુના નવા શહેરમાં તા. ૧૧ એપ્રિલ, ૧૯૦૪ના રોજ થયો હતો. એમના પિતા અમરચંદ સહગલ જમ્મુ રાજ્યમાં તહસિલદાર હતા ને માતા કેસર કૌર ધાર્મિક આસ્થાવાળાં હતાં. તેમને ત્રણ ભાઈને એક બહેન હતાં. તેઓ પોતાની અટક સહગલ ને બદલે સેગલ - સાયગલ (Saigal) લખતા.

માતા પાસેથી સંગીતના સંસ્કારો મળ્યા અને ભરવાડ તથા ભટકતી જાત પાસે પંજાબી ને કાશ્મીરી લોકસંગીત સાંભળીને તે પોષાયા. તેમણે રીતસર સંગીતની તાલીમ કોઈ વિદ્યાલયમાં લીધી નહોતી, પણ જન્મજાત બક્ષીસરૂપ તેમને તે પ્રાપ્ત થયેલું. નાનપણમાં એક સૂફી સંતે તેમનું ભવિષ્ય ભાખી કહેલું...... ''બાળક મોટો થઈ ખૂબ નામના કમાશે.''

રેલવે તથા ટાઈપરાઈટર કંપનીમાં થોડો સમય નોકરી કર્યા પછી ૧૯૩૦માં તે કોલકાતા ખાતે ન્યુ થિયેટર્સ ફિલ્મકંપનીમાં બનાવટી નામ 'સાયગલ કાશ્મીરી' લઈને જોડાયા. તેમણે ૧૧૦ હિંદી ફિલ્મી ગીતો, ૩૭ બિનહિંદી ને ઉર્દૂ ગીતો તેમજ ૩૮ પ્રાદેશિક ભાષામાં ગીતોમાં સ્વર આપ્યો અને ૨૮ હિંદી ફિલ્મોમાં અભિનય આપ્યો. તેમનો પ્રિય રાગ ભૈરવી હતો અને તે માનતા કે એ રાગ સમજી લેવાથી બધા રાગોની સમજ આવી જાય છે. એ રાગોમાં ટોડી, કાફી, આશાવરી અને ભીમપલાસી રાગોની મહેક અને મીઠાશ પણ છે. તેમના બંગાળી ઉચ્ચારો શુદ્ધ હોવાથી કવિવર ટાગોરે તેમને પોતાનાં ગીતો ગાવાની પરવાનગી આપી હતી.

તેમણે ગાયેલાં ગીતોમાં 'ઈક બંગલા બને ન્યારા', 'પિયા બિન નાહીં આવત ચૈન', 'બાબુલ મોરા નૈહર છૂટો હી જાએ', 'ઈક રાજકા બેટા', 'યે કૈસા અન્યાય', 'જબ દિલ હી તૂટ ગયા', 'મૈં સોતે ભાગ જગા દૂંગા' આદિ ઘણાં લોકપ્રિય હજુ પણ રહ્યાં છે, તેમણે ગાયેલું 'હરિ બિન કોઈ કામ ન આયો' ભજન પણ યાદગાર છે.

તેઓ અંતર્મુખ હતા. પ્રસિદ્ધિ ને પ્રશંસામાં એ રાચતા નહિ. કોઈ તેમની પ્રશંસા કરે તો કહી દેતા : ''જુઓ, મેં માત્ર ગીતો જ ગાયાં છે ને ! કોઈ સિંહવાઘનો શિકાર તો નથી કર્યો ને?'' તે જરૂરતમંદોને છાની રીતે મદદ કરતા. તા. ૧૮ જાન્યુ., ૧૯૪૭ના રોજ તેમનું નિધન ૪૨

વર્ષની વયે થયું. સંગીતકાર નૌશાદે તેમને અંજલિરૂપે ગાયું છે -

**સહગલ કો ફરામોશ કોઈ કર નહીં સકતા.**
**વો ઐસા અમર હૈ કિ કભી મર નહિ સકતા.**

તેમના જીવન પર દસ્તાવેજી ફિલ્મ 'અમર સહગલ, બી. એન સરકારે બનાવી છે. સિલોન રેડિયો દરરોજ સવારે તેનું એક ગીત વગાડી હજુય તેમને અંજલિ અર્પે છે.

• • •

## ચિત્રકાર ખોડીદાસ પરમાર

ગુજરાતના જાણીતા લોકસાહિત્યવિદ્, લોકશૈલીના સમર્થ ચિત્રકાર તથા લોકસંસ્કૃતિ, લોકસાહિત્ય ને લોકકળાના મૂર્ધન્ય સંશોધક, અભ્યાસી તેમજ લેખક સદ્ગત ખોડીદાસ પરમારને તેમની લોકસાહિત્યકળાની સેવા બદલ લોકકલા કેન્દ્ર, ત્રિવેણી, લલિત કલા અકાદમી વગેરે તરફથી ગૌરવ કલાશ્રી અને જીવરાજ મહેતા આદિ ઘણા ઍવૉર્ડ ને પુરસ્કાર પ્રાપ્ત થયા છે ને ભાવનગર યુનિ. ના લોકસાહિત્યના અભ્યાસક્રમમાં એમનાં પુસ્તકો અભ્યાસાર્થે સ્થાન પણ પામ્યાં છે.

એમને નાનપણથી ચિત્રકલાનો શોખ હતો. પણ કુટુંબની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી એમના કથન મુજબ ધૂળ-રજોટીવાળી ધરતી એમને માટે પ્રથમ આલેખનો કૅન્વાસ બની હતી. ધૂળ ઉપરથી કાંકરા વીણી આંગળી તેમજ જાડાં-પાતળાં સાંઠીકડાંથી ફૂલ, ઝાડ, આંબો, ઘર અને માણસ વગેરે તેઓ ત્યારે દોરતા હતા.

ચિત્રકલાકાર સોમાલાલ શાહ એમના કલાગુરુ હતા. એમનામાં ગુરુભક્તિ એટલી પ્રબળ હતી કે ગુજરાત સરકાર તરફથી લાખ રૂપિયાના પુરસ્કાર માટે જ્યારે એમની પાસે એમનો બાયો-ડેટા માંગવામાં આવ્યો ત્યારે એમણે સ્પષ્ટ કહી દીધું હતું : ''આ ઍવૉર્ડ

પ્રથમ મારા ગુરુવર્ય સોમાલાલ શાહને મળવો જોઈએ. એમના પહેલાં હું તે ન સ્વીકારી શકું.''

ગુરુ તરફના આવા આદરને કારણે એમણે ''ચિત્રકાર શ્રી સોમાલાલ શાહ'નાં જીવન અને ચિત્રકાર્ય પર અભ્યાસગ્રંથ લખીને ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા પ્રગટ કરાવ્યો અને ગુરુના અવસાન પછી ભાવનગરમાં તેમનાં કલાચિત્રોનું પ્રદર્શન યોજીને ત્યાં જે ચિત્રો વેચાયાં તેની તમામ રકમ ગુરુપત્ની શાંતાબહેન શાહને રૂબરૂ જઈને હાથોહાથ આપી આવ્યા અને ગુરુની પ્રસાદીરૂપે એક ચિત્ર એમના પોતાના સંગ્રહ માટે માંગી લીધું હતું.

વહાણનો વિષય લઈને જેમણે વિશ્વનાં શ્રેષ્ઠ ચિત્રોમાં મુકાય તેવાં લોકશૈલીનાં ૨૫ જેટલાં ચિત્રો દોર્યાં છે તેવા આ કલાકારની ટાઈમ્સ ઑફ ઇંડિયાના પત્રકારે મુલાકાત લીધેલી ત્યારે તેમણે પોતાની સિદ્ધિનાં બણગાં ફૂક્યાં ન હોવાથી એ પત્રકારે નોંધ્યું : ''બીજા ચિત્રકારો ધરતીથી વેંત ઊંચા ચાલે ને પોતાનું મહત્ત્વ હોય તેનાથી વધુ બતાવે, પણ આ માણસ એટલો તો વિનમ્ર છે કે તેમણે પોતાના પ્રદાન માટે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહીં. તેથી એ પત્રકારે એમની સિદ્ધિની વિગતો બીજેથી મેળવવી પડી હતી.

એમની ગુરુભક્તિની જેમ એમનો શિષ્યપ્રેમ પણ ઉત્કટ હતો. ઉજ્જૈનમાં દર વર્ષે કવિ કાલિદાસ જયંતી સમારોહ પ્રસંગે રાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધા યોજાતી હતી. તેમાં કાલિદાસની નાટ્યકૃતિઓને સ્પર્શનાં ચિત્રો રજૂ કરી શકાતાં ને તેમને પારિતોષિક અપાતાં હતાં. એ સ્પર્ધામાં તેઓ કવિ કાલિદાસનાં સંસ્કૃત નાટ્યગ્રંથોનું વિષયવસ્તુ લઈને સૌરાષ્ટ્રની તળપદી શૈલીમાં તૈયાર કરીને પોતાનાં ચિત્રો મોકલતાં હતાં. એમનાં એવાં ઉત્તમ ચિત્રોને લાગલગાટ સાત વર્ષ સુધી ઉત્તમ ચિત્રો તરીકે પારિતોષિક પ્રાપ્ત થતાં રહ્યાં, એ પછી એમને થયું કે, ''આ રીતે જ્યાં

સુધી હું ચિત્રો મોકલ્યાં કરીશ ને ઇનામો પ્રાપ્ત કરતો રહીશ તો પછી મારા શિષ્યોનાં ચિત્રોની ક્યારે કદર થશે ને તેમને ઇનામો ક્યારે મળી શકશે ?'' બસ, એ પછી એમણે એ રાષ્ટ્રીય ચિત્રકલા સ્પર્ધામાં પોતાનાં ચિત્રો મોકલવાનાં જ બંધ કર્યાં હતાં.

આવો હતો એમનો શિષ્યપ્રેમ, ગુજરાતના ખ્યાતનામ ચિત્રકાર સોમાલાલ શાહને ગુરુપદે સ્થાપીને એમણે એકલવ્યની જેમ ચિત્રકલાની સાધના કરી હતી. કોઈ પણ ફાઇન આર્ટ્સ કૉલેજમાં ભણ્યા વગર તેઓ ચિત્રકલાજગતમાં પોતાનું આગવું સ્થાન ને માનપાન પામ્યા હતા.

અજબ યોગાનુયોગ રીતે તા. ૩૧ જુલાઈ, ૧૯૪૨ના રોજ જન્મેલા આ ચિત્રકારને ૩૧ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ હૃદયરોગનો હુમલો આવ્યો ને પછી ૩૧ માર્ચે બીજી વાર આવ્યો ને છેલ્લે પણ ૩૧ માર્ચ, ૨૦૦૪ના રોજ આખરી હુમલો થયે એમણે ચિરવિદાય લઈ લીધી.

• • •

## ચિત્રકાર વ્હિસલર

અમેરિકન ચિત્રકાર જેમ્સ વ્હિસલર કાયમ માટે દરિયાનાં જ ચિત્રો દોરતો હતો. એટલે કોઈકે તેને એક વાર પૂછ્યું : ''તમે માણસનાં ચિત્રો કેમ ચીતરતા નથી ?''

જવાબમાં તેમણે કહેલું : ''આદમકદ (Life size) ના સાચા માણસો જ ક્યાં છે ? કોઈક ડૉક્ટર છે. કોઈક વકીલ છે, કોઈક કલાકાર છે, કોઈક શિક્ષક છે, કોઈક વેપારી છે ને કોઈક રાજકારણી આગેવાન કે સમાજસેવક યા વૈજ્ઞાનિક છે પણ પૂરેપૂરો માણસ, આખેઆખો માણસ ક્યાં મળે છે ? ખંડખંડ માણસ મળે છે - માણસની અખિલાઈ તૂટતી જાય છે. એટલે મને તો આખો માણસ દેખાતો જ નથી. પૂરા કદના માણસ જોવાનું મારું સ્વપ્નું અધૂરું રહે છે, તો શી રીતે માણસનાં ચિત્રો

દોરી શકું ?''

• • •

## પાર્શ્વગાયક - મૂકેશ

પાર્શ્વગાયક મૂકેશ જ્યારે લાખો લોકોનો માનીતો ને લોકપ્રિય ગાયક નહોતો, પણ ગાતાં સારું આવડતું હતું અને તે શક્તિ સારી રીતે એણે વિકસાવી હતી, ત્યારની આ વાત છે.

તે વખતે તેને સાયગલ જેવા ગાયક થવાનું મન હતું. એટલે તે સાયગલ પાસે ગયો. કેમ કે તે ગાવાની બાબતમાં સાયગલની નકલ કરતો હતો અને તેણે સાયગલની જેમ ગાવા માંડ્યું હતું. એણે વળી સાયગલે ગાયેલાં ગીતોય કંઠસ્થ કરેલાં હતાં. એણે સાયગલની પાસે જઈને એમની ઢબે ગાવા માંડ્યું ને પોતાની શક્તિ દેખાડી.

તેને હતું કે સાયગલ તેનાં વખાણ કરશે. પણ સાયગલે તેના મધુર કંઠની પ્રશંસા કરી, અને એની શક્તિય બિરદાવી, પણ સલાહરૂપે તેને ત્યારે કહ્યું : ''તું આવું સરસ ગાઈ શકે છે.... તો મારી નકલ શું કામ કરે છે ? તું તારી શક્તિ તારી પોતાની રીતે વિકસાવ, તારી પોતાની 'ઈમેજ' ને 'આઈડેન્ટિટી' તું ઊભી કર. તે રીતે જ તું જીવનમાં કંઈક સિદ્ધ કરી શકશે.''

એ સલાહ મૂકેશને ગળે ઊતરી ગઈ અને તેણે સાયગલ થવાનું છોડી દીધું અને 'મૂકેશ' બની પોતાની આગવી છબી કંડારી.

• • •

# ખેલકૂદ

## મશહૂર ક્રિકેટર સચિન તેંડુલકર

વિખ્યાત ક્રિકેટર સચિન તેંડુલકરનું નામ તેમના દાદાએ પોતાના માનીતા સંગીતકાર સચિનદેવ બર્મનના નામ પરથી પાડેલું, પણ 'લિટલ

માસ્ટર' ગણાતા આ ક્રિકેટપટુને સંગીત પ્રત્યે અનહદ પ્રીતિ હોવા છતાં કોઈ વાજિંત્ર વગાડતાં આવડતું નથી. આ બાબતમાં તેમણે કહેલું : ''મારી પાસે સમય હોય ત્યારે હું વાચન કરું છું, ફિલ્મો નિહાળું છું અને ગીતો સાંભળું છું. પણ મને કોઈ વાજિંત્ર વગાડતા આવડતું નથી. નવરાશની પળોમાં હું શૉપિંગ કરું છું. મને કિશોરકુમાર, લતા મંગેશકર વગેરેનાં ગીતો સાંભળવાં ગમે છે અને નાના પાટેકર, અમિતાભ બચ્ચન અને માધુરી દીક્ષિત મારા માનીતા ફિલ્મ-નાટક ક્ષેત્રના કલાકારો છે. હું ખાસ કરીને બહાર ફરતો નથી. હું પરિવાર સાથે રહેવાનું વધારે પસંદ કરું છું. મારી પત્ની, માતા અને બાળકો સાથે હું વધુ ને વધુ સમય વિતાવવાનું પસંદ કરું છું. મને સી ફૂડ તથા ઝડપી કાર ડ્રાઈવિંગનો શોખ છે.'' આટલો મોટો ક્રિકેટર હોવા છતાં એનામાં ઘમંડનો જરાય છાંટો નથી.

• • •

## કુસ્તીબાજ દારાસિંહ

ભારતનો મહાન કુસ્તીબાજ દારાસિંહ 'ટાયગર' કહેવાતો. એણે ચેમ્પિયન કિંગકોંગને હરાવ્યા બાદ મલેશિયાના વિશ્વચેમ્પિયન સોદાગરસિંહને ય હરાવ્યો હતો. એ ભારતમાતાના વીરપુત્રે ભારતનું ગૌરવ વધાર્યું હતું. એ તો હિંદુસ્તાની પહેલવાનીનું પ્રતીક, ભારતની વિજયકામના અને ભારતીય અસ્મિતાનો ઝંડાધારી. સદીઓ સુધી ગુલામ રહ્યા છતાં ભારતે દારાસિંહ દ્વારા યુરોપને કુસ્તીમાં હરાવ્યું અને અમેરિકાનેય પરાસ્ત કર્યું હતું. પહેલવાન દારાસિંહનો ખોરાક જબરજસ્ત હતો.

• • •

## અંજુ બોબી જ્યૉર્જ

ઈ.સ. ૨૦૦૩માં યોજાયેલ વિશ્વ ખેલકૂદ સ્પર્ધામાં લાંબા

કૂદકાની હરીફાઈમાં ૬.૭૦ મીટરનો લાંબો વિક્રમસર્જક કૂદકો મારી બ્રોન્ઝ મેડલ મેળવનાર સર્વપ્રથમ ભારતીય મહિલા અંજુ બોબી જ્યૉર્જનો જન્મ કેરળના ચાંગાનસેરી ખાતે તા. ૧૯ એપ્રિલ, ૧૯૭૭ ના રોજ થવા પામ્યો છે. પિતાનું નામ કે.ટી. માર્કોસ ને માતાનું નામ ગ્રેસી. ઈ.સ. ૧૯૯૯માં બૅંગલોર ફેડરેશન કેમ્પમાં ત્રિવિધ કૂદકા-સ્પર્ધામાં તેણે રાષ્ટ્રીય વિક્રમ સ્થાપ્યો ને ઈ.સ. ૨૦૦૪માં નેપાળમાં યોજાયેલ દક્ષિણ એશિયન ફેડરેશનમાં તેણે રૌપ્યચંદ્રક હાંસલ કર્યો છે. વળી ઈ.સ. ૨૦૦૨માં માન્ચેસ્ટર ખાતે યોજાયેલ રાષ્ટ્રસંઘ ખેલકૂદ સ્પર્ધામાં ૬.૪૯ મીટરનો કૂદકો લગાવી ‘બ્રોન્ઝ મેડલ’ પ્રાપ્ત કરનાર તે પ્રથમ ભારતીય મહિલા છે. તદુપરાંત બુસાન એશિયન રમતગમત સ્પર્ધામાં તેણે સુવર્ણ-ચંદ્રક અને વિશ્વ ખેલકૂદ હરીફાઇમાં સર્વોચ્ચ કાર્ય દાખવવા બદલ ભારત સરકાર તરફથી રમતગમત માટેનો સર્વોચ્ચ એવો રાજીવ ગાંધી ખેલરત્ન ઍવૉર્ડ પણ પ્રાપ્ત કર્યો છે. અને જાપાન ખાતે રમાયેલી યોકો-હામા, ગ્રાન્ડ પિક્સ સ્પર્ધામાં તેને સુવર્ણ ચંદ્રક એનાયત થયો છે. વિશ્વમાં લાંબો કૂદકો મારનાર મોખરાની પાંચ મહિલાઓમાં તેણે ગૌરવભર્યું સ્થાન મેળવીને ભારતનું ગૌરવ વધાર્યું છે. આ બધાનો યશ તે પોતાના પતિ અને તાલીમ આપનાર કોચ બોબી જ્યૉર્જને આપે છે.

• • •

## લાન્સ આર્મસ્ટ્રૉંગ

રમતગમતના સ્પર્ધક તરીકે લાન્સ આર્મસ્ટ્રૉંગે ૨૫ વર્ષની વય સુધીમાં અનેક માન-અકરામ-ઍવૉર્ડ પ્રાપ્ત કર્યા પછી અચાનક તે કૅન્સરની જીવલેણ બીમારીમાં સપડાઈ ગયો હતો. તે એ રોગના નાજુક તબક્કામાં હતો અને તે રોગ ફેફસાં, છાતી ને શરીરના બીજા ભાગમાં પ્રસરતાં તેની તબિયત કથળવા માંડી હતી. છતાં દૃઢનિશ્ચય ને મનોબળ

સાથે તે તેની સામે ઝઝૂમી રહ્યો ને તે રોગને નાથવા બે સર્જરી પણ તેણે કરાવી ને પછી કિમોથેરપી અને VIP કિમોથેરપી પણ કરાવી હતી. છતાં ફેફસાં ને મગજના કૅન્સરનો ભોગ બનતાં તેણે વધારાની પીડાદાયક સારવાર પણ કરાવી હતી.

છેવટે દૃઢ મનોબળને લીધે તેના તબીબી ઈલાજ સફળ થયા ને તે કૅન્સર રોગમાંથી મુક્ત બન્યો. આ માટે તેનો પ્રબળ આત્મવિશ્વાસ પણ કારણભૂત હતો. એ પછી પણ એના ટકેલા અદમ્ય જુસ્સાને કારણે તેમણે 'ટૂર દી ફ્રાન્સ રેસ'માં ભાગ લીધો ને તેઓ વિજયી બન્યા. એમાં વળી સતત અટક્યા વગર છ વાર વિજયી બની તેમણે વિશ્વવિક્રમ પણ તોડ્યો. આમ, ગંભીર બીમારીથી ડર્યા વગર તે આત્મશક્તિ ને દૃઢ મનોબળથી ઝઝૂમ્યા ખેલકૂદની દુનિયામાં નામાંકિત બન્યા. તેમણે હાર ન માની તેથી અન્ય ખેલવીરો માટે ઉદાહરણરૂપ બની ગયા.

• • •

હું વ્રત, એકટાણાં, ઉપવાસ કરું
અને મારા મનમાંથી ગુસ્સો ઈર્ષ્યા ડંખ નિર્મૂળ ન થાય,
તો મારું એ તપ મિથ્યા છે.

હું મંદિરે જાઉં, ફૂલ ચડાવું, માળા ગણું
અને મારાં કર્મમાંથી સ્વાર્થ લોભ મોહ નિર્મૂળ ન થાય,
તો મારી એ પૂજા મિથ્યા છે.

હું જપ કરું, સત્સંગ કરું, ધ્યાન કરું
અને મારા ચિત્તમાંથી અહંકાર અભિમાન મોટાઈનો ભાવ
નિર્મૂળ ન થાય, તો મારી એ ઉપાસના મિથ્યા છે.

હું એકાંતમાં જાઉં, વૈરાગ્ય ગ્રહું, મૌન પાળું
અને મારી ઈચ્છાઓ-વૃત્તિઓનું શમન ન થાય,
મારો દેહભાવ ઢીલો ન પડે,
તો મારી એ સાધના મિથ્યા છે.

હે પરમાત્મા, હું પ્રાર્થના કરું ને તમારું નામ લઉં
અને મારા જીવનમાં પ્રેમ કરુણા મૈત્રી આનંદ પ્રગટ ન થાય,
તો મારો તમારી સાથેનો સંબંધ મિથ્યા છે.

**- 'પરમ સમીપે'માંથી**